Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ જાન્યુઆરી : ૨૦૨૬ અંક : ૭ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




greenfibre

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora •Gandhidham • Gandhinagar
Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad •
Palanpur • Patan •Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ જાન્યુઆરી : ૨૦૨૬ અંક : ૭

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ**
ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- ♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** – ૨૫ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **પ્રમુખીય સંબોધન : ‘સાબરમતીથી નાવલી’** - હર્ષદ ત્રિવેદી, ૮

◈ **કવિતા :**

● **ઝૂર** - પ્રફુલ્લ રાવલ, ૨૧ ● **ગઝલ** – જિતેન્દ્ર પ્રજાપતિ, ૨૧ ● **બે સૉનેટ** – રામચન્દ્ર પટેલ, ૨૨ ● **સુખના પગમાં...** – ભગીરથ બ્રહ્મભટ્ટ, ૨૩ ● **નાભિચક્ર** – આકાશ નાયક, ૨૩ ● **આંખથી ચાખો** – શિવજી રૂખડા, ૨૪ ● **સૉનેટ** – રૂડાભાઈ બોચિયા, ૨૪ ● **બે કાવ્યો** – હાર્દી ભટ્ટ, ૨૫ ● **બે ગઝલ** – ડૉ. માર્ગી દોશી, ૨૭ ● **ખંડકાવ્ય** – હરીશ શાહ, ૨૮ ● **ગઝલ** – રીના વી. પરીખ, ૨૯ ● **ક્લિનો મારીઓ** – પ્રવીણ પંડ્યા, ૩૦.

◈ **ટૂંકી વાર્તા :**

● **પ્રતિકાર** – સંજય ચૌધરી, ૩૩,

● **ભૂખ** – રાજુલ ભાનુશાલી, ૩૯

◈ **અનૂદિત ટૂંકી વાર્તા :**

● **વિષાદ ઉપનિષદ** – મૂળ અંગ્રેજી લેખક : ભારતી મુખરજી અનુવાદ : નીતા શૈલેશ, ૪૪

◈ **ચરિત્રનિબંધ :**

● **અમથો હલકારો** – પંકજ ત્રિવેદી, ૬૨

◈ **હાસ્યનિબંધ :**

● **હૉર્ન વગાડવાની ‘ટૉપ-ટેન’ રીતો** – પરાગ ત્રિવેદી, ૬૬

◈ **અભ્યાસ :**

● **વેલકમ વામનરાવ** – હરીશ ખત્રી, ૬૯

● Greed Against Honour : **એક મહત્ત્વનો અનુવાદ** – સંજય સ્વાતિ ભાવે, ૭૩

◈ **રસદર્શન : વીજળીના ચમકારે–૧૨** – દર્શના ધોળકિયા, ૮૭

◈ **સંપાદકીય :**

● **..... બડે ઝોરો સે મનવાયા ગયા હૂં!** – કિરીટ દૂધાત – ૮૯

● **ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો** - ૯૩

● **સાભાર સ્વીકાર** – ૯૭

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૯૮

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૦

● **આ અંકના લેખકો** – ૧૦૩


◈ **આવરણ ચિત્ર:** **Haku Shah - Satya - Serigraph on Handmade Paper - 34 x 28 inches - 2014**

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

# મથામણ – ૨૫

હર્ષદ ત્રિવેદી

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વપ્નદ્રષ્ટા સ્થાપક રણજિતરામ વાવાભાઈ મહેતા ફક્ત પાંત્રીસ વર્ષના આયુમાં તો અવસાન પામ્યા હતા. (જ. તા. ૨૫-૧૦-૧૮૮૧, અવસાન તા. ૪-૬-૧૯૧૦) મુંબઈના જૂહુ કિનારે નહાવા ગયેલા રણજિતરામ ડૂબી ગયા અને જીવતા પાછા ન ફર્યા તે કારણ હતું આ મેધાવી પ્રતિભાના વિલયનું. પરંતુ જતાંજતાં કેટલાં ય ભગીરથકાર્યો કરતા ગયા અને કેટલું બધું દિશાસૂચન પણ કરી ગયા! પહેલીવાર, ગુજરાતને 'અસ્મિતા' શબ્દ આપનાર રણજિતરામ હતા. મુખ્યત્વે એમની પ્રતિભા સંશોધકની, વિચારકની અને લેખકની હતી. પિતા વાવાભાઈ સુરતના કાયસ્થ હતા. રેવન્યુ ખાતામાં એમની નોકરી હોવાને કારણે ભરૂચ અને સુરત જિલ્લાનાં ગામોમાં ફરવાનું થતું. એને લીધે રણજિતરામને પણ ગામડાનો પરિચય થતો રહ્યો. પ્રારંભે તેઓ સુરતના નારણ મહેતાની ધૂળી નિશાળમાં ભણ્યા અને પછી અભ્યાસ માટે પિતા સાથે અમદાવાદમાં રહ્યા ને ગુજરાત કૉલેજમાંથી ૧૯૦૩માં બી.એ. થયા. એમની ઊગતી પ્રતિભાને એક વર્ષ માટે ફેલોશિપ પણ પ્રાપ્ત થઇ હતી. એમણે નાનીમોટી અનેક પ્રકારની નોકરીઓ કરી હતી. રણજિતરામ સ્વભાવે શાંત, સરળ, મર્યાદાવાળા અને મૃદુભાષી હતા. કનૈયાલાલ મુનશી લખે છે કે – 'મિત્ર તરીકે એ અપૂર્વ હતા. તે ધાઈને ભેટતા નહીં; વધારે પડતો સ્નેહ-સંબંધ બાંધતા નહીં કે બીજા પાસે તેવી આશા રાખતા નહિ; અને છતાં, જ્યારે જોઈએ ત્યારે સ્નેહભર્યા હાસ્ય, સહાનુભૂતિથી ને સલાહથી – બનતી મદદથી – મિત્રની વહારે ધાવા તત્પર રહેતા. કદી એવું બનતું નહિ કે એને મળતાં કોઈને કચવાટ થતો કે તેમને કચવાટ થાય છે એવો ભાસ થતો.' (રણજિતરામ ગદ્યસંચય-૧, ઉપોદ્‌ઘાત.)

રણજિતરામ કર્મવીર હતા. એકલી વૈચારિક ભૂમિકા એમને સ્વીકાર્ય નહોતી. ચરિતાર્થ કરવામાં માનતા હતા. ઇતિહાસ અને સાહિત્યનો શોખ એમને વળગણની કક્ષાનો હતો. સર્વગ્રાહી કહેવાય એવી એમની આગવી દૃષ્ટિ હતી. લોકગીત, લોકવાર્તા, વિવેચન, સમાજશાસ્ત્ર, નવલકથા, નિબંધ, નાટક વગેરેમાં એમની ગતિ ઘણી વિશાળ હતી. સંકીર્ણતા એમના સ્વભાવમાં ન હતી. પોતે ધારેલા આદર્શો અને સ્વપ્નો કઈ રીતે મૂર્તિમંત થાય એની સતત કામના કરતા રહેતા. ગુજરાતનો ઇતિહાસ રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી લખાય એ પણ એમનું સ્વપ્ન હતું. ભાષા અને સાહિત્ય સતત ઉત્કર્ષ પામે અને કેળવણી માતૃભાષામાં અપાય એ એમનો આગ્રહ હતો. આ માટે એમણે લેખો લખ્યા. જરૂર પડી ત્યાં સંસ્થાઓ ઊભી કરવામાં પણ પાછા ન પડ્યા. તે વખતના સારસ્વતો સમક્ષ જઈને, સંવાદ સાધીને પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કર્યો. સંસ્થાઓને મજબૂત કરવામાં સહયોગ આપ્યો. પરિણામે,

‘ધી સોશ્યલ એન્ડ લિટરરી’ સભા, ‘સંસાર સુધારા સમાજ’, ‘ગૂર્જર સાક્ષર જયન્તી’ની યોજનાઓમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ‘ગુજરાત કેળવણી પરિષદ’ સ્થાપવાની યોજના પણ તેમણે ઘડી હતી. એમણે ૧૯૦૪માં ‘ગુજરાત સાહિત્ય સભા’ને પુનર્જન્મ આપ્યો. એનું ઝળહળતું શિખર તે ગોવર્ધનરામના પ્રમુખપદે મળેલી ૧૯૦૫ની ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’. અવસાન સુધી આ પરિષદ સાથે એમનો ભાવનાત્મક અને રચનાત્મક સંબંધ જીવંત રહ્યો. કહો કે એમનો આત્મા ગુજરાતી સાહિત્ય પરિષદમાં વસતો હતો. આપણને થાય કે આયુષ્યના આટલાં ટૂંકાગાળામાં આ માણસે કેટકેટલું જોયું, વિચાર્યું અને સાર્થક કર્યું! યાદ રહે કે મુનશીની ઐતિહાસિક નવલકથાઓના સંદર્ભદાતા રણજિતરામ હતા.

આ બધી પ્રવૃત્તિઓની વચ્ચે પણ એમનું લેખનકાર્ય ચાલુ જ હતું. ‘સાહેબરામ’ નામની નવલકથા જે બૃહદ્ બનવાની હતી તે અધૂરી રહી. તે સિવાય, ‘સહિયરો’, ‘કાળીઘાટ પર’, ‘મદારી’, ‘હીરા’, ‘શ્રદ્ધા’, ‘સમીસાંઝની સહેલગાહ’, ‘સુપર્ણા’, ‘દોલત’, ‘મંગળા’, ‘આમદ અને રૂપાંદે’, ‘માસ્તર નંદનપ્રસાદ’, ‘ખવાસણ’, ‘તોળલ અથવા તોળીરાણી’, ‘તેજસિંહ’ અને ‘રિપુ’ જેવી વાર્તાઓ અને પચાસથી વધુ અભ્યાસલેખો એમણે આપણને આપ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદે વર્ષો પૂર્વે એટલે કે ૧૯૮૨માં ‘રણજિતરામ ગદ્યસંચય ભાગ ૧-૨’ નામે એમનાં સમગ્ર સાહિત્યનું પ્રકાશન કરીને યોગ્ય તર્પણ કર્યું હતું, જે આજે પણ પ્રાપ્ય છે. રણજિતરામ ગુજરી ગયા ત્યારે કનૈયાલાલ મુનશીએ ‘વીસમી સદી’માં એક લેખ લખ્યો હતો એનો એક ફકરો, જે રણજિતરામનો સાંગોપાંગ પરિચય આપે છે તે વાંચવા જેવો છે :

‘રણજિતરામ માણસ નહોતા – એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતા (Self consciousness)ના એ અવતાર હતા. તેને જ માટે તે જીવતા, તેને જ માટે તેણે ત્યાગવૃત્તિ ધારી, તેને જ માટે તે નવા નવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા, તેને જ માટે ગમે તે વેઠી એ બધાને એ ભાવનાએ પ્રેરવા મથતા. તેના હૃદયમાં એક જ વિચાર હતો; બંગાળની માફક આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય – આપણી કળા ક્યારે વ્યક્તિત્વ પામે – આપણો ઇતિહાસ ક્યારે સજીવન થાય – આપણી રાષ્ટ્રીય અને સામાજિક અનુકૂળતા ક્યારે સંધાય – આપણી સંસ્કૃતિ ક્યારે વિજય પામે અને આ બધાંને પરિણામે નવીન ગુજરાત ક્યારે અવતરે. એમની નજર આગળ નવીન ગુજરાત સ્વપ્નું નહોતું. જીવંત વ્યક્તિ હતી. એ બધાને પ્રેરતા તો એક લક્ષ તરફ – ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા, વિવિધતાથી ભરપૂર ગામેગામના લેખકોનાં, એ – આ ભાવનાના અવતાર – કેન્દ્રસ્થાને હતા. આ ભાવના પ્રસારવી એ જ એનો જીવનમંત્ર હતો.’

આપણે ગુજરાતી સાહિત્ય પરિષદને જોમવંતી, મજબૂત, સક્રિય અને ઉદાહરણરૂપ સંસ્થા તો બનાવીએ જ, પણ સાથોસાથ ગુજરાતગૌરવના જીવનમંત્ર સમા રણજિતરામ પ્રત્યે પણ આપણી કોઈ કૃતજ્ઞતા અને કર્તવ્યપરાયણતા હોવી જોઈએ તે વ્યક્ત કરીએ. આવું આવું હું વિચારતો હતો, ત્યાં સાવરકુંડલામાં રતિલાલ બોરીસાગરે મને કહ્યું કે એક કામ તો કરો જ. મેં કહ્યું કે - ‘ક્યું ?’ તો કહે, ‘પરિષદભવનમાં રણજિતરામની પ્રતિમા સ્થપાવી જોઈએ.’ આ તો આપણાં સહુનાં મનની વાત. પરિષદભવનમાં રણજિતરામની અરુણપ્રતિમાનું સ્વપ્ન દેખાય છે. એને ગૌરવભરી રીતે સાર્થક કરવાની જવાબદારી સમગ્ર ગુજરાતના સાહિત્યરસિક વર્ગની, શ્રેષ્ઠીઓની છે. એ માટે અહીં, આ સ્થળે ટહેલ નાંખું છું. આશા છે કે ઝડપથી યોગ્ય પ્રતિસાદ મળી રહેશે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

# સાબરમતીથી નાવલી

(તા. ૧૯ થી ૨૧ ડિસે. ૨૦૨૫ દરમ્યાન સાવરકુંડલા ખાતે યોજાલેયા ૩૫મા જ્ઞાનસત્રનું પ્રમુખીય સંબોધન)

હર્ષદ ત્રિવેદી

અમરેલી જિલ્લાના આ સાવર અને કુંડલાની વચ્ચે વહેતી નદી, નાવલી જેનું નામ. આ નાવલીના નસીબમાં સમુદ્રમિલન તો નથી લખાયું, પણ સાબરમિલન તો લખાયું જ હતું. વળી એના બેય કાંઠે સાગરપેટા માણસોનો તોટો નથી. એક જમાનામાં પ્રાકૃતિક સૌન્દર્ય ઘણું હતું. મગરવાહિની મા ખોડિયારે ભરી દીધેલી નાવલીનું સરિતતત્ત્વ કાળના તાપે ભલે લઈ લીધું, પણ ઇતિહાસકારોને નાવલીના બેય કાંઠે, કોતરોમાં ને ધૂળિયે રસ્તે તડામાર દોડતા ઘોડાના ડાબલા આજેય સંભળાય છે. હજીયે ક્યાંક – 'ભલે ઊગા ભાણ, ભાણ તિહારા ભામણા; મરણ જીયણ લગ માણ, રાખજો કશ્યપરાઉત!' કહીને, સૂરજનારાયણને નાવલીના જળથી ખોબો ભરીને અંજલિ અર્પતો ખુમાણડાયરો દેખાય છે. એક કાળે અલગ અલગ કહેવાતાં આ બે ગામો વચ્ચે હમણાં તો નાવલીની લકીર સિવાય કોઈ જુદાગરો નથી. આજે તો એકબીજાંના પ્રેમાલિંગનમાં મસ્ત છે આ સાવર ને આ કુંડલા.

આઝાદી પહેલાં આ બંને, ભાવનગર રાજ્યનાં ગામો હતાં. કુંડલા માટે તો જોગીદાસ ખુમાણે જંગ છેડેલો. પણ ભાવનગરના મહારાજા અને જોગીદાસની વચ્ચે માનવીય વશેકાઈ ને મોટાઈ તો એવી કે, બહારવટું મુકાવતી વખતે ઉદારદિલે આપવા બેઠેલા મહારાજાએ કહ્યું કે – 'લ્યો, ત્યારે પહેલું કુંડલા!' ને જોગીદાસનું માખણ હૃદય, ભાવનગરનરેશના ઉદારભાવને આધારે, સમર્પણના શિખરસમું વેણ કાઢે છે, 'બાપુ! હવે કુંડલા ન ખપે!' કહેવતની કક્ષાએ પહોંચી ગયેલું આ વાક્ય આજે પણ શૌર્ય, દાતારી, લાગણીભીના સંબંધોની, કહો કે મનુષ્યની આંતરિક ઊંચાઈ, વીરતા, વચનનું મૂલ્ય, ખાનદાની અને આદરપ્રેમની આરતવાણી ઉચ્ચારે છે. સીંગ, કપાસ તેમ જ ઘઉંની ખેતી પૂરા ભારતમાં વખણાય છે. એક સમય હતો અહીંના કાંટાઉદ્યોગનો. 'જવ તલ ભાર અમે ઓછું ન કરીએ, પરભાતે પાછો લે...'ની જેમ, અહીંની સમતુલાએ માનવમનમાં પ્રામાણિકતાના ભાર–ઉભારને તોલમાપના ન્યાયનો એક વિશ્વાસ આપ્યો છે.

કબીરજીએ ઝીણી ચાદર વણતાં વણતાં – વણતાં વણતાં કે ગાતાં ગાતાં? ચાલતી સાળના ખટાકાના લયમાં જે સમાજનું આર્ષદર્શન કર્યું, મોહ, ત્યાગ અને ભક્તિ દ્વારા જૂઠ અને સત્યનો ભેદ બતાવ્યો, સમાજની ચિકિત્સા કરવાના બહાને નિદાન કર્યું કે – 'ઇન દોઉંન રાહ ન પાઈ...' અને પછી પંડિતોને ઉદ્દેશીને આર્દ્રસ્વરે કહે છે :

***'તેરા મેરા મનુઆઁ કૈસે એક હોઈ રે.***
***મૈં કહેતા હૌં આઁખિન દેખી, તૂ કહેતા કાગદ કી દેખી,***
***મૈં કહતા સુરઝાવનહારી, તૂ રાખ્યો ઉરઝાઈ રે;***

*મૈં કહતા તૂ જાગત રહિયો, તૂ રહતા હૈ સોઈ રે,*
*મૈં કહતા નિર્મોહી રહિયો, તૂ જાતા હૈ મોહી રે...'*

પાટપરંપરા અને ભજનોની રાહે ચાલતા અહીંના વણકરોએ ધાબળા-ધાબળી વણીને કેટલીય પોષરાત્રિમાં મનખાદેહને હૂંફ આપી છે! કહેવું જોઈએ કે સાવરકુંડલાએ ફક્ત ઈંગોરિયા જ નથી ફોડ્યા, સાહિત્ય, સંસ્કાર, શિક્ષણ અને સમાજસેવાની અહાલેક પણ સમયે સમયે પોકારી છે.

અમરેલી જિલ્લાની વાત કરીએ તો તેની અનેક વિશેષતાઓ છે. પરંતુ એના તીર્થસમાન કેટલાક વ્યક્તિવિશેષોને યાદ કરીએ તો આપણું માથું ગૌરવભેર ઊંચકાય છે. બધાં નામોની પરિક્રમા કરીએ તોય ઘણો સમય જાય. આમ છતાં – સંતકવિ મૂળદાસબાપા, કવિ કલાપી, કવિ કાન્ત, ઝવેરચંદ મેઘાણી, ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતા, લોકવાર્તાકાર કાનજી ભુટા બારોટ, અભિનેત્રી દીનાબહેન પાઠક અને 'છ અક્ષરનું નામ' એટલે કવિ રમેશ પારેખ.

સેવાની આ અહાલેકનું ઝળહળતું ઉદાહરણ લલ્લુભાઈ શેઠ છે. એ સિવાય સાવરકુંડલાના પહેલા સ્વાતંત્ર્યસેનાની એવા મણિભાઈ ત્રિવેદી, અમૂલખભાઈ ખીમાણી, હીરાભાઈ મગિયા, અમુભાઈ ગાંધી, અમૃતલાલ શામજી ગાંધી (વકીલ), પતુભાઈ ખીમાણી, છબીલદાસ જમનાદાસ ગાંધી, ડૉ. પ્રફુલ્લભાઈ શાહ, ડૉ. ઉષાકાન્ત વોરા, ધીરુભાઈ ઘેલાણી, ભાનુભાઈ ત્રિવેદી, ડૉ. નંદલાલ માનસેતા, કેશુભાઈ ભાવસાર, ભક્તિરામબાપુ, જયંતકુમાર દાણી, નંદલાલ હરિયાણી, હરિભાઈ ત્રિવેદી, નવીનચંદ્ર રવાણી, તાપીદાસ ગાંધી અને વિનુભાઈ ગાંધી, પ્રતાપભાઈ કાણકિયા જેવા અનેક કાર્યકરો થયા. કદાચ કોઈનું નામ રહી જતું હોય તો ક્ષમા કરશો. પણ આ બધાએ પોતાનાં તપોબળને આધારે સાવરકુંડલાને શિક્ષણ, આરોગ્ય અને સંસ્કારનું ધામ બનાવ્યું છે. એમનાં વિવિધ કાર્યોને જોઈએ ત્યારે ખ્યાલ આવે કે પોતાના સમયથી કેટકેટલું આગળનું તેઓ જોઈ શકતા હતા! એમની આ પરિપક્વ સમજણને આધારે જ લલ્લુભાઈએ પોતાને કેળવણીપ્રધાન બનતા અટકાવ્યા હતા!

આ સેવાવૃક્ષનું એક ઉત્તમ ફળ છે વિદ્યાગુરુ ફાઉન્ડેશન. એક શિક્ષક શું કરી શકે? અથવા એક શિક્ષકનું હોવું એટલે શું? એવો પ્રશ્ન આપણી જાતને પૂછીએ તો એના સગડ આ ફાઉન્ડેશન સુધી પહોંચે. ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી હરેશભાઈ મહેતા તો આપણે અહીં એમનું નામ ઉચ્ચારીએ તોય સંકોચાઈ જાય એવા વિનમ્ર સેવાભાવી છે. 'ભદ્રંભદ્ર'થી શરૂ થયેલી આપણી હાસ્યયાત્રાનો એક નમણો, નાજુક છતાં મજબૂત મુકામ એટલે વિદગ્ધમૂર્તિ રતિલાલ બોરીસાગર. પહેલાં તો આ ફાઉન્ડેશનના નામમાં રતિલાલ બોરીસાગરનું નામ જોડવાનો સંકલ્પ એમના વિદ્યાર્થીઓએ સેવેલો, પરંતુ બોરીસાગર જેનું નામ, એવું થવા ન દે. એમણે વિદ્યા અને ગુરુને જ મહત્ત્વ આપ્યું. આ ફાઉન્ડેશન દ્વારા હૉસ્પિટલ ચલાવવામાં આવે છે એનું નામ પૂ. બાપુના હસ્તાક્ષરમાં લખાયું છે : 'શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર'. મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલને બદલે આરોગ્યમંદિર! જ્યાં કેસથી માંડીને ઑપરેશન સુધીની સેવાઓ તદ્દન મફત છે. ન માની શકાય, પણ હકીકત છે કે ત્યાં કેશ કાઉન્ટરનું અસ્તિત્વ જ નથી. પૂ. બાપુની પ્રેરણા અને પ્રાર્થના આ ફાઉન્ડેશનનો આત્મા છે. જોગીદાસે ભલે કીધું કે હવે કુંડલા ન ખપે, પણ અમને તો સાવર ને કુંડલા બેય ખપે!

આ તો થઈ શારીરિક સુખાકારીની વાત, પરંતુ આપણી મુક્ત એવી વૈચારિક, સંવેદનાત્મક મૂડીને પણ જાળવવી પડશે ને? આપણા સાહિત્ય-સંસ્કારના વારસાને પણ જીવને સાટે જાળવવો-જોગવવો પડશે ને? સૌથી મોટી કટોકટી છે તે તો સંવેદનાની છે. આપણી આજુબાજુ જે કંઈ અનિષ્ટ બને છે તેનાથી આપણું હૃદય વિચલિત તો નથી થતું, પણ નોંધેય નથી લેતું એ બાબત સમાજની બધિરતાને ચીંધે છે. પ્રત્યેક કળાઓ આપણને જીવતા ને કૂણા રાખવામાં મદદ કરે છે. અહીં, આપણે સહુ શબ્દસેવીઓ છીએ એ નાતે આ વાતને ઘૂંટવા માટે કળામંડળો, સાહિત્યસંસ્થાઓ, પરિસંવાદો, સંપાદનો, કાર્યક્રમો, વિદ્યાવ્યાસંગ, આવાં જ્ઞાનસત્રો ને આવાં અધિવેશનો છે. આવું કરવાથી ભલે થોડો સમય તો થોડો સમય પણ જાગૃતિ આવે છે અને એ નિમિત્તે ઉચ્ચ મૂલ્યો અને જીવનરીતિનો મહિમા થાય છે, ઇષ્ટની સ્થાપના થાય છે. વારંવારની આવી પરિક્રમાથી ચૈતસિક શુદ્ધિ પણ આવતી હોય છે.

સાહિત્યક્ષેત્રે પણ સાવરકુંડલા પાછું નથી. મેરના મણકા જેવા રતિલાલ બોરીસાગર તો ખરા જ ખરા, પણ આ માળાના અન્ય મણકાઓ છે – મનુભાઈ ભટ્ટ, પન્ના નાયક, નટવર ગાંધી, સંજુ વાળા, ભરત વિંઝુડા, મનસુખ સલ્લા, વસંત જોષી, દિલીપ વ્યાસ, કિશોર વ્યાસ, કેસર મકવાણા, કિશોર જોશી અને આપણા આ સમીર ભટ્ટ જેવા અનેક નાનામોટા સાહિત્યસર્જકોએ ભાષા-સાહિત્યની બનતી સેવા કરી છે. આવી એક સંસ્કારવતી ને તપવતી ભૂમિ ઉપર ગુજરાતી સાહિત્ય પરિષદને લઈ આવવાનું કાર્ય આ સહુ મહાનુભાવોએ કર્યું છે. પરિષદ પ્રત્યેની, બોરીસાગરસાહેબની અને બોરીસાગરસાહેબ પ્રત્યે ફાઉન્ડેશનની શુભનિષ્ઠાનું આ પરિણામ છે. પૂ. મોરારિબાપુએ ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી આશીર્વચન આપવાનું સ્વીકાર્યું તે પણ આપણી સાત્ત્વિક ઉપલબ્ધિ છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સંસ્થાને ધબકતી રાખવી અને સંભાળવી એ એક પડકાર છે. કોઈ પણ સંસ્થા કે સંગઠન એની પ્રવૃત્તિથી અને એના સામાજિક અનુબંધથી ઓળખાય છે. જાણીએ છીએ કે લોકશાહી ઢબે, પુનરોચ્ચાર કરીને કહું તો, લોકશાહી ઢબે સતત ચાલતી પ્રવૃત્તિ લાંબે ગાળે પરંપરા બને છે, એટલે કશાનો પણ આરંભ કરતી વખતે આવતી કાલની એની પ્રસ્તુતતાનો પણ વિચાર કરવો રહ્યો. સંસ્થાનો જે ઘડીએ સમાજ સાથેનો નાતો તૂટ્યો કે ઢીલો પડ્યો સમજો કે સંસ્થાનાં મૂળ ઉદ્દેશોમાં ગાબડું પડ્યું! આવાં ગાબડાં ન પડે એ જોવાની જવાબદારી સામૂહિક મથામણ ઉપરાંત સહુ હોદ્દેદારો અને સભ્યોની છે. મતમતાંતરોને કારણે, ચૂંટણીટાણે સ્પર્ધાનો અને મહત્ત્વાકાંક્ષાનો ભાવ હોય એ સ્વાભાવિક છે. મહત્ત્વાકાંક્ષા આપણને આગળ લઈ જાય છે અને સ્પર્ધા ઉત્તમનું ચયન કરવામાં મદદરૂપ બને છે. આ આખીયે પ્રક્રિયા બદલાતા સમયની વાસ્તવિકતાના સ્વીકારની સાથોસાથ આવનારાં પરિણામો-પડકારોને ઓળખવા માટે પણ હોય છે. છેવટે આપણો સહુનો ઉદ્દેશ શો છે? પલકવાર માટે પણ એ બાબત ન ભૂલીએ તો સંસ્થાના ખરા વિકાસને કોઈ રોકી શકે નહીં.

ગોવર્ધનરામની તાલબંધ અને તાલભંગવાળી વાત મને જચી ગઈ છે. એમાંના વૈશ્વિક સંદર્ભને ઘડીભર બાજુએ મૂકીને મારી રીતે અર્થઘટન કરું તો, ચૂંટાયેલો સભ્ય જ્યાં સુધી એમ સમજે કે એક સમૂહના પ્રતિનિધિ તરીકે હું અહીં છું અને એ સમૂહ વતી મારે 'ની ર ક્ષી ર'નો વિવેક કરીને, માત્ર અને માત્ર ગુણવત્તા અને સાહિત્યિક-સંદર્ભ સાથે વ્યાપક રીતે

કાર્ય કરવાનું છે ત્યાં સુધી તાલબંધ, અકબંધ. જે ક્ષણે જમણા પગના અંગૂઠેથી કળિપ્રવેશ થયો ને એમ લાગે કે આ બધા તો મારા અનુચરો છે અથવા સમષ્ટિગત વિચારણાને બદલે વ્યક્તિગત આકાંક્ષાઓ લક્ષ્ય બને, નિજી સ્વાર્થો ચિત્તના કેન્દ્રમાં આવે ત્યારે જે થાય તે તાલભંગ! મૂર્તિદેવી પુરસ્કાર નિમિત્તે, પ્રથમ 'અસ્મિતાપર્વ'માં પૂ. મોરારિબાપુએ મનુભાઈ પંચોળી 'દર્શક'નું અભિવાદન કર્યું હતું. તે વખતે મનુદાદાએ કનૈયાલાલ મુનશીની નવલકથા 'પાટણની પ્રભુતા'નો હવાલો આપીને એક પ્રસંગ યાદ કરેલો. જેમાં, મુંજાલ એક જૈન મુનિને ઉદ્દેશીને કહે છે : 'ઉપાશ્રયમાં જાઓ મહારાજ! હું કંઈ વાણિયાના પ્રતિનિધિ તરીકે અહીં નથી બેઠો. હું તો પટ્ટણીનો પ્રતિનિધિ છું.' ધર્મનિરપેક્ષવાળી વાત તો ૧૯૭૬માં ઇન્દિરા ગાંધીના સમયમાં આવી. આર્ષદ્રષ્ટા મુનશીએ આ વાત ૧૯૧૬માં કરેલી! કોઈ પણ ક્ષેત્રમાં તાલભંગ પણ અધૂરી કેળવણીની જ નિશાની ગણાય. એવું કહેવાય છે કે કોઈ પણ દેશની લોકશાહીને પુખ્ત થતાં ઓછામાં ઓછાં સો વર્ષ લાગે. આપણે પંચોતેરનાં થયાં. લોકશાહીની પ્રક્રિયા ભલે ધીમી દેખાય પણ એનાં મૂળ ઘણાં ઊંડાં હોય છે.

આ પરિષદનું પણ કેવું છે ખબર છે? એનાં મૂળ ઊંડાણમાં ધીરે ધીરે ખસે છે. એ અંગે હું વધુ કંઈ કહું તે કરતાં આપણા કવિ માધવ રામાનુજનું ગીત વધારે સારી રીતે કહે છે :

'મૂળ તો ભીનું ભીનું ખસે,
પાણી, પવન અને મન જેવું,
એ ધસમસ ના ધસે...

કદી નથી જોવાનાં જેને એને માટે ઝૂરે,
પાણી, પોષણ, પ્રેમ જે કહો – પળે પળે એ પૂરે;
માટીના મૂંઝારા વેઠે, અંધારામાં વસે...

કણકણમાંથી પોષણ ખેંચી રહ્યું હશે શી રીતે?
કોમળ કહેવું કેમ, ઝૂઝતું ભીતર એ જે રીતે!
ટોચ સુધી પહોંચાડે જીવન,
કયા શ્વાસ એ શ્વસે....

રૂપ અસલ ધરતીનું અંદરથી ઉપર એ લાવે,
સૌન્દર્યોનાં મૂળ રહસ્યો કદી બ્હાર ના આવે!
ધરતીનાં હૈયાંમાં કેવા દિવ્ય સર્જકો વસે...
મૂળ તો ભીનું ભીનું ખસે,

પાણી પવન અને મન જેવું,
એ ધસમસ ના ધસે... (અનહદનું એકાંત, પૃ.૮૨)

કોઈ પણ સંસ્થાનું બંધારણ, તે તો માર્ગદર્શન આપનારી રેખાઓ છે. એમાં કશું જડબેસલાખ નથી હોતું, કેમ કે બંધારણ પણ આપણે અને આપણા આચાર માટે ઘડેલું હોય છે. એમાં મૂળ ભાવના કે હાર્દ છે તે તો ભાષા-સાહિત્યના વિકાસને અંગે છે, સમાજને સાહિત્ય સાથે અને સાહિત્યને સમાજ સાથે જોડી રાખવાની વાત છે. સાહિત્યના શબ્દસંસર્ગથી સમાજ સંસ્કારી અને સંવેદનશીલ બને છે. તો સામે પક્ષે, સમાજમાં બનતી

અવનવી ઘટનાઓ, વિચારણાઓ અને ધારણાઓ કળાની શરતે સાહિત્યનું હાર્દ બને છે. કોઈ એક ઇલાકો પોતાને સ્વતંત્ર માને તો બહુ મોટી ગરબડ થાય. કેમ કે બંનેને એકબીજાનો પવિત્ર કહી શકાય એવો આધાર હોય છે, એકબીજાની ગરજ હોય છે. આ સંસારને એક મહાકાય સાંચા રૂપે જોઈએ તો સાહિત્ય અને કળાઓ તેનું ઊંજણ છે.

મહામંત્રીએ પ્રવૃત્તિની વિગતો આપેલી જ છે એટલે હું એમાં નથી જતો, કેમ કે એ બધું તો જાહેર ફરજના ભાગ રૂપે થયું છે. પણ, પરિષદની કેટલીક પરંપરાઓ જૂની અને દૃઢ થયેલી છે. લોકો પણ એ પરંપરાને એના અવિભાજ્ય અંગ તરીકે ઓળખે છે. જાહેરમાધ્યમો અને ત્વરિત સંક્રમણના વિકાસનો આપણને છેલ્લાં વર્ષોમાં ઘણો પરિચય થયો છે, એનાં સારાંમાઠાં પાસાં-પરિણામોનો આપણને અંદાજ છે. પણ, એથી સાહિત્યના પ્રકાશનની પ્રવૃત્તિ છોડવા જેવી નથી. ઉત્તમ પુસ્તકો આજે પણ વંચાય છે અને ખરા રસિકોની પિપાસાને તોષે છે. વળી, આપણું ગ્રંથાલય એટલું સમૃદ્ધ છે કે માગો તે સંદર્ભ લગભગ તો મળી જ રહે. હવે ગ્રંથાલયના આશ્રયે પણ ઘણી પ્રવૃત્તિઓ થાય તે આપણે જોઈશું. સાહિત્યના પ્રવાહને વહેતો અને તાજો રાખવા માટે પ્રગટ થતાં સાહિત્યની ભલે પ્રતિભાવાત્મક, પણ સમીક્ષા કે નોંધ ત્વરિત ગતિએ થતી રહે તો આપણે સમય સાથે તાલ અનુભવીએ. અલગ અલગ નિમિત્તે, લોકો સમક્ષ આપણા સાહિત્યકારો સતત નવું નવું ને નવી રીતે રજૂ કરતા રહે તો પરંપરા વ્યાપક અને મજબૂત બને. એ કામ આપણે સાતત્યની રીતે કરવાનું રહે છે. પૂર્વે શ્રી રસિકલાલ પરીખે કહેલી વાત – ‘ગુજરાતી સાહિત્ય પરિષદ સાહિત્યકારો, સાહિત્યરસિકો અને સાહિત્યજિજ્ઞાસુઓનો સમૂહ છે, તેનું મંડળ છે.’ આજે પણ ખ્યાલમાં રાખવાની છે. વળી, નર્મદે આપણને ‘મંડળી મળવાના લાભ’ તો કહ્યા જ છે.

માત્ર ઓળખીતાંપાળખીતાં જ નહીં, ખરા સાહિત્યરસિકો કે જે સાહિત્યસંગ માટે, ગમતાં પુસ્તકો માટે, ઉત્સુક અને વ્યાકુળ છે તેઓને પરિષદ પ્રતિ આકર્ષવા અને સહયોગી બનાવવાનું કાર્ય પણ મોટું છે. જેટલી સંખ્યા વધશે તેટલી ભાગીદારી વધશે એ જાણીતી બાબત છે. ગુજરાત અને ગુજરાત બહારની નાનીમોટી સાહિત્યસંસ્થાઓ પણ વિવિધ ઉપક્રમમાં પરિષદ સાથે જોડાય છે, મદદરૂપ થાય છે. થોડો આર્થિક ભાર પણ ઉપાડે તો પ્રચાર-પ્રસારનું કામ વધારે ગતિ પકડે. આ માટે પરિષદનાં જ્ઞાનસત્રો અને સંમેલનો ઉપરાંત પ્રસંગાધારિત કાર્યક્રમો ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કરતા રહ્યા છીએ. ખાસ તો ભગિનીસંસ્થાઓ સાથે નવેસર તાલમેલ રચીને વ્યાપક સમૂહ લગી પહોંચવાનો પુરુષાર્થ આદરવો પડશે. આ થઈ બહારની વાત, પણ માતૃભાષાસમેત અંદરખાને આપણે સંશોધનો, નવા નવા પ્રકલ્પો અને વૈવિધ્યપૂર્ણ સંપાદનો કરીને અગાઉનાં સાહિત્યને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જાળવી રાખવાની કામગીરી સતત ચલાવવાની થશે. ‘ગુજરાતી કવિતાચયન’ અને ‘ગુજરાતી નવલિકાચયન’ પણ મહત્ત્વની પ્રવૃત્તિ છે. આવાં કાર્યો ગુજરાતી ભાષા અને સાહિત્યના વર્તમાનનો સાચો પરિચય વ્યાપક સમાજને કરાવશે અને સમાજ તરફથી યોગ્ય પ્રતિસાદ પામવામાં નિમિત્ત બનશે એવો વિશ્વાસ છે. અત્યાર સુધી આપણે જે જરૂરી હતો એ વ્યાપ તરફ ધ્યાન આપ્યું છે. હવે ઊંડાણની દિશામાં ડગ માંડવાનાં થાય છે.

જેમણે પ્રત્યેક ગુજરાતીમાં ‘સદાકાળ ગુજરાત’નું દર્શન કરેલું એ કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારે ચૌદમા અધિવેશનના પ્રમુખપદેથી કહેલું : ‘શુદ્ધ સાહિત્ય તો નાતજાતના

કોઈ પણ ભેદથી અલિપ્ત છે અને અલિપ્ત જ હોવું જ જોઈએ. ધર્મવાદ, રાજકારણ વગેરેમાં ભેદ હોઈ શકે, પણ સાહિત્યમાં એટલે એક જ ભાષાના સાહિત્યમાં તો શું પણ દુનિયાની તમામ ભાષાઓનાં સાહિત્યોમાં તો નાતજાતનો કે કોઈ પણ જાતનો ભેદ પૂર્વકાળમાં ગણવામાં આવ્યો નથી કે હાલમાં પણ તે ગણાતો નથી, કારણ કે સાહિત્ય એ માનવમાત્રની સંસ્કૃતિનું, તેની પ્રવૃત્તિનું ને પ્રગતિનું, તેની આશાઓનું અને તેના ધ્યેયોનું દર્શન છે.' (પરિષદ-પ્રમુખોનાં ભાષણો, પૃ.૩)

યાદ રાખીએ કે આ વિધાન ૧૯૪૧માં, એટલે કે આઝાદીપૂર્વે થયેલું છે. સમયને વિકાસનો એક માપદંડ માનીને એના અજવાળામાં આજના સાહિત્યસંદર્ભને જોઈએ તો ખબરદારના એકેએક શબ્દની અર્થસ્થાપના એના મૂળ અર્થથી દૂર ગયા વિના કરવાની થાય. સામ્પ્રતના શબ્દનો મહિમા કરીએ એટલો ઓછો, પણ એ ફક્ત સામ્પ્રતને જ યથાતથ ઉજાગર કરતો હોય ને શુદ્ધ સાહિત્યના ઊર્ધ્વલલિતગુણથી ઘણી રીતે વેગળો થતો જતો હોય તો એ શબ્દને સામ્પ્રતના લાંબા ગાળાના પ્રતિનિધિની ઓળખ આપવાનું જરા અઘરું બને. આપણે એમાં શાશ્વતીની શોધ કરવાની હોય છે. વળી કવિશ્રી તો એમ પણ ઉમેરે છે કે એણે નાતજાતના ભેદથી પણ અલિપ્ત હોવું જોઈએ. સાંસ્કૃતિક સંદર્ભમાં - નાતજાત, રીતિરિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, ઉત્સવો, લાગણીઓ વગેરે જીવનનો એક વાસ્તવઅંશ હોવાથી અને સાહિત્યકાર પણ એમાં મનુષ્યલેખે સહભાગી હોવાથી જરૂર સંમિલિત હોય, કારણ કે એ એનો પ્રથમનો અનુભવ છે. ધર્મવાદ અને રાજકારણ વગેરે જાહેરક્ષેત્રો માટે એવા ભેદનો મુલાયમ સ્વીકાર થયો જ છે, પરંતુ સાહિત્યે તો એ ડહોળા જળમાંથી માથું ઊંચકીને સૂર્ય તરફ મીટ માંડવાની છે. એમણે એક જ ભાષાના સાહિત્યની વાત નથી કરી, દુનિયાની ભાષાઓને પણ ખબરદારીપૂર્વક આવરી લીધી છે. અલિપ્ત શબ્દનો અર્થવ્યાપ આપણને સર્જનાત્મક શબ્દ પાડતાં પહેલાં ક્ષણ વાર રોકાવાનું કહે છે.

વ્યાપક અર્થમાં - રાજકારણ, સમાજકારણ અને ધર્મકારણનો છોછ રાખ્યા વિના, સક્રિયતા દાખવ્યા છતાં સાહિત્યનાં ઉત્તમોત્તમ ધોરણોની ભેળસેળ ન થવા દેનારા, વળી સાહિત્યને દશાંગુલ ઊર્ધ્વ સિદ્ધ કરનારા સાહિત્યકારોનાં ઉદાહરણો શોધવા દૂર જવું પડે એમ નથી, દેશ અને દુનિયામાં બહુ મોટા ગજાના સાહિત્યકારોએ રાજકારણ કે જાહેરજીવનમાં કોઈ ને કોઈ તબક્કે સક્રિય ભૂમિકા ભજવી છે. એ જ રીતે, જાહેરજીવનના અનેક મહાનુભાવોએ સાહિત્યક્ષેત્રે પણ ઉત્તમ અને ઉમદા પ્રદાન કર્યું છે. દુનિયાભરમાં જ્યાં જ્યાં ગુલામી હતી ત્યાં બંડ પોકારનારો તો સાહિત્યનો શબ્દ જ હતો ને? દુનિયાના અનેક રાજસત્તાના પલટામાં જનઆંદોલનો જેટલો જ સાહિત્યનો પણ હિસ્સો છે. તરત જે નામો સૂઝે છે એમાં ગાંધીજી, ચર્ચિલ, ઓક્તોવિયો પાઝ, વકલાવ હાલેવ, બેન્જામિન ડિઝરાયેલી, જવાહરલાલ નહેરુ, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, અરુણ શૌરી અને મનુભાઈ પંચોળી 'દર્શક' વગેરેએ ક્યાંક ને ક્યાંક સક્રિય રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને પોતાના શબ્દ દ્વારા પણ સમાજને બહેતર કરી બતાવ્યો છે. તો સામે પક્ષે પ્રજાના હૃદયમાં અંકિત થયેલા સાહિત્ય શબ્દને રાજ્યાશ્રય કે લોકાશ્રય તો જે તે સમયની રાજસત્તાઓએ જ આપેલો ને? આજે પણ કોઈ સાહિત્યકાર કે કળાકારને રાષ્ટ્રીયસન્માન પ્રાપ્ત થાય છે ત્યારે આપણા હૃદયમનમાં ઉમંગ ચડે છે, રોમાંચિત થવાય છે; એ જ બતાવે છે કે સમાજ અને સાહિત્ય તદ્દન સ્વતંત્ર નથી, પૂરક છે. એટલે પારસ્પરિક સંબંધ

તો અનિવાર્ય છે. પરંતુ તાત્ત્વિક અર્થમાં બંનેએ પોતપોતાની અલિપ્તતા બરકરાર રાખવાનો આદર્શ પણ ભૂલવા જેવો નથી.

નવસો ને ચોવીસ વર્ષે સોમનાથની જાહોજલાલી આપણને પાછી મળી એમાંય રાજકારણીઓ અને શબ્દના બંદાઓનો સંકલ્પ હતો એ પણ સ્મરણમાં રહે. આપણા સ્વાતંત્ર્યસેનાનીઓમાં પણ કેટલા બધા કવિઓ હતા! સાહિત્યકાર કનૈયાલાલ મુનશીની સાક્ષીએ તે વખતના ઉપ-પ્રધાનમંત્રી સરદાર પટેલે વિશ્વકર્માની ભૂમિકા ભજવી હતી. સરદારની હાજરી વિના આજના સોમનાથ મંદિરની કલ્પના કરવાનું શક્ય નથી. એટલે કે સાંસ્કૃતિક ધરોહરને બચાવવા-સંવર્ધવાની કામગીરીને પણ એક ઉત્તરદાયિત્વ રૂપે જોઈ શકાય. એવા સંદર્ભે જ, આપણી સંસ્કૃતિનું, પ્રવૃત્તિનું ને પ્રગતિનું ધ્યેયદર્શન થઈ શકે. સાહિત્યકાર પોતાના સર્જન દ્વારા સમાજની માનસિકતા અને વર્તન-વ્યવસ્થા ઉપર, સૂક્ષ્મ છતાં બહુ મોટો પ્રભાવ પાથરતો હોય છે. એ રીતે 'અલિપ્ત' શબ્દ એના તમામ અર્થમાં વિશેષ ઉપયોગી બની રહે છે. તાદાત્મ્યપૂર્ણ તાટસ્થ્ય અને તાટસ્થ્યપૂર્ણ તાદાત્મ્યની ઊંડી અપેક્ષા એમાં પડેલી છે.

બહુ જ ટૂંકા ગાળામાં એ પ્રતીતિ થઈ ચૂકી છે કે બીજી કોઈ પણ સંસ્થાને મુકાબલે, ગુજરાતી સાહિત્ય પરિષદ પાસે લોકોની અપેક્ષા ઘણી વધારે છે. હોવી પણ જોઈએ. તેમ છતાં, એ ન ભૂલીએ કે આ અપેક્ષા જગાવનાર પણ આપણી પરિષદ જ છે! કેમ કે, માનવસર્જિત કે કુદરતસર્જિત વિષમ પરિસ્થિતિઓ આવી છે, ત્યારે પરિષદે ભલે નાની, પણ પોતાની એક ભૂમિકાની મર્યાદામાં રહીનેય સમાજને કોઈ ને કોઈ સંદેશો, સંવેદનાનો આદર્શ કે મૂલ્યલક્ષી વિધાનવાક્યો આપ્યાં છે. લાલબત્તી હાથ ધરીને દિશાસૂચન પણ કર્યાં છે.

ગુજરાત સાહિત્ય અકાદમીને સ્વાયત્ત કરીને લોકશાહી ઢબે ચાલુ રાખવાની માગણીને પણ દોઢેક દાયકા ઉપરાંતનો સમય થયો છે. ચૂંટાયેલી સરકાર, પોતાની નીતિરીતિ અનુસાર નિર્ધારિત કાર્યક્રમ અને પોતાની વિચારસરણી મુજબ વહીવટ-વ્યવસ્થા કરે તે લાજિમ છે. લોકશાહીએ આપેલો એ અધિકાર છે. પરંતુ, અન્ય બોર્ડ-કૉર્પોરેશનની માફક સાહિત્ય અને કળાઓની અકાદમીઓને પણ એ જ નીતિથી ચલાવે તો એમાં સૂક્ષ્મ પ્રકારે કળાઓની સ્વાયત્તતા અળપાય છે. આજે દેશમાં બહુ ઓછી સાહિત્ય અકાદમી પાસે પોતાનું ભવન હશે. ગુજરાત સાહિત્ય અકાદમીને પોતાનું 'ઝવેરચંદ મેઘાણી ભવન' છે એ ઘટના મોટી અને અભિનંદન આપવા લાયક છે. હવે સાહિત્યજગતના આત્માની અને આંતરિક લાગણીની કાળજી લેવાય તો સારું. કોઈ પણ સર્જક-કળાકાર અને એને પ્રોત્સાહન આપનાર સંસ્થા-સંગઠન એટલા માટે સ્વાયત્ત હોવાં જોઈએ કેમ કે એનાથી કર્મઠસમાજનું દર્પણ બને છે. દર્પણ જેટલું ચોખ્ખું એટલું ચિત્ર સ્પષ્ટ. સાહિત્ય આપણી સમક્ષ કેટલીક બાબતો કળાની રીતે ઉજાગર કરે છે અને એમાં ઘણું ઘણું સામાજિક તથ્ય-સત્ય પણ હોય છે. જે આવનારા સમયને વિચારભાથાં ઉપરાંત સાત્ત્વિક મનોરંજન, ભાવરેચન અને દિશાદોર પણ આપે છે.

પરંતુ, કોઈ બાબતનું લાંબા ગાળા સુધી હકારાત્મક નિરાકરણ ન જ આવે ત્યારે એ પ્રશ્નને સંસ્થાગત મર્યાદાથી ઉપર ઊઠીને વ્યાપક સમાજ પાસે લઈ જવો જોઈએ. એ ન્યાયે, આપણે પ્રતિનિધિરૂપ બીજી સાહિત્યસંસ્થાઓ અને સાહિત્યકારો પાસેથી માર્ગદર્શન મેળવ્યું છે. સ્વાયત્તતાની વાતે તો લગભગ એકમતી છે, કેમ કે અગાઉ આપણે સ્વાયત્તતાનું માળખું

જોયુંજાણ્યું છે. તેમ છતાં, અસહકારની બાબતે દ્વિધા પ્રવર્તે છે. જ્યાં સુધી બંધારણીય રીતે, સર્વસંમતિથી કે બહુમતીથી નવું કોઈ નીતિનિર્ધારણ ન થાય ત્યાં સુધી જે તે વખતના ઠરાવોનું પાલન કરવા આપણે સહુ બંધાયેલા છીએ. આ કોઈ એક ભાષાનો કે કોઈ એક કળાનો પ્રશ્ન નથી. સમાજની જાગ્રત સંવેદના અને એની પ્રતિક્રિયાની અભિવ્યક્તિનો પ્રશ્ન છે. બદલાતા સમાજમાં એકલાં શિંગડાં માંડવાથી બધું ઊકલી જાય એવું પણ નથી. આવા સંજોગમાં, અસહકાર બરકરાર રાખીને પણ, મૂળભૂત વિભાવનાને હાનિ ન પહોંચે એ રીતે સમન્વય સાધીને વૈમનસ્ય ઓછું થાય એવા પ્રયત્નો સર્વપક્ષે હાથ ધરવા જોઈએ. આ સમન્વય ઉપરછલ્લો ન રહેતાં, સ્વાયત્તતાના આગ્રહને મજબૂત બનાવે એ દિશાનો અને દ્વેષરહિત હોય તે અપેક્ષિત છે. જાણીતી વાત છે કે એક હાથે તાળી નથી પડતી.

કોઈ એક જ પ્રશ્નમાં પરિષદ અટવાયેલી નથી, એવું પાલવે પણ નહીં. પરિષદપ્રવૃત્તિના અહેવાલ પછી આપને એ પણ ખ્યાલ આવ્યો હશે કે કેટલી બધી દિશાઓમાં કામ થઈ રહ્યું છે. આપણી સમક્ષ બીજાં અનેક કાર્યો રાહ જોતાં ઊભાં છે. અમુક પ્રશ્નો સમગ્ર ગુજરાતના, ગુજરાતી ભાષા-પ્રેમીઓના અને કળાઓના પોષનારાઓના, કહો કે સાહિત્યિક નિસબત, લોકશાહીની પાકી સમજ તથા બૃહદ્ અર્થમાં સ્વાતંત્ર્ય ઝંખનારાઓના પણ છે. સ્વાભાવિક જ એમાં સ્વેચ્છાચારને સ્થાન ન હોય. પરિષદ તો સાહિત્યિક, સામાજિક નિસબત અને જાગૃતિની સદી જૂની પ્રજાકીય સંસ્થા છે. પોતાના દાયરામાં રહીને એક પ્રતિનિધિની ભૂમિકા અદા કરે એ જ વાજબી ગણાવું જોઈએ. આટલાં વર્ષની મથામણ પછી સમજાયું છે કે આ ભૂમિકા ઉત્તમ અને ઠાવકી રીતે અદા કરવા માટે પણ મોટા ફલકની એટલે કે અન્ય સંસ્થાઓની ભાગીદારી, તાકાત, સમજ, કાર્યનિષ્ઠા અને સદ્ભાવનાની જરૂર છે.

ગયા વર્ષે, ગુજરાતી સાહિત્ય પરિષદ, દ્વારા 'સાહિત્ય અને સમૂહ માધ્યમો' તથા એ.આઈ. વિષયે આખા દિવસનો પરિસંવાદ યોજાયો હતો. વિવિધ બેઠકોના પાંચ સંચાલકો ઉપરાંત બારેક વિષય-નિષ્ણાતોએ પૂરા ઉમંગથી ભાગ લીધો. એમાં મેં પ્રશ્ન પૂછ્યો હતો કે તમે એ.આઈ. દ્વારા સાચું-ખોટું બધુંય લાવશો, પણ સંવેદના અને માનવીય ભાવો ક્યાંથી લાવશો ? વર્ષો પહેલાં ડૉ. કુમારપાળ દેસાઈ પરિષદમંત્રી હતા ત્યારે જરા જુદા પ્રકારે એક પરિસંવાદ થયેલો અને એનું 'સાહિત્ય અને પત્રકારત્વ' એ નામે પુસ્તક પણ પ્રગટ થયેલું. આજે આટલાં વર્ષ પછી પણ સાહિત્ય અને અન્ય માધ્યમો વચ્ચેના સંબંધો વિશિષ્ટ અને વિલક્ષણ બની રહ્યા છે. સાહિત્યને ઊડવા માટે સમૂહમાધ્યમની પાંખની આવશ્યકતા છે અને સમૂહમાધ્યમે આંતરિક સમૃદ્ધિ મેળવવા સાહિત્યની ઉપાસના કરવી અત્યંત જરૂરી છે. અલબત્ત, સમૂહમાધ્યમનું ક્ષેત્ર વિશાળ અને બહુઆયામી છે તે પણ સ્વીકારવું રહ્યું. આ બધા તાણાવાણા સમજવાનો સમય હવે આવી ગયો છે.

આમ જોઈએ તો સાહિત્ય પણ સમૂહમાધ્યમનો જ એક ભાગ છે. પરંતુ સાહિત્યમાં સર્જનાત્મકતાનો મહિમા છે, જ્યારે માધ્યમોમાં માહિતી, સાચી, સચોટ અને સમયસરની હોય તે અનિવાર્ય બને છે. સમાજમાં બનતી ઘટનાઓની નોંધ લેવા તથા તેનું વિશ્લેષણ કરવા માટે માધ્યમો પાસે મર્યાદિત સમય હોય છે જ્યારે સાહિત્યકાર પાસે પ્રમાણમાં જે તે બાબતે ચિંતન-મનન કરવાનો ઠીકઠીક સમય હોય છે. પરંતુ બંનેનું લક્ષ્ય તો પ્રત્યાયન અને પ્રસાર-પ્રચારનું જ રહે છે. મૂળ વાત તો એ જ છે કે દરેકને વ્યક્ત થાવું છે, પ્રતિભાવ આપવો છે. અહીં આપણે માહિતી અને સર્જનાત્મકતાનો ભેદ પણ કરવો જોઈશે.

સાહિત્ય અને સાહિત્યકારોએ ફક્ત અને ફક્ત પુસ્તક કે મુદ્રણમાધ્યમમાં બંધાઈ રહેવાની જરૂર નથી. જો મોટા સમૂહ સુધી પોતાની વાત પહોંચાડવી હશે તો એણે પણ ઇન્ટરનેટ ટૅક્નૉલૉજીનો લાભ લેવો પડશે. હવે આપણી પાસે દૃશ્ય અને શ્રાવ્ય બંને માધ્યમો હાથવગાં છે. કોઈ પણ વ્યક્તિ ઘડીના છઠ્ઠા ભાગમાં, કોઈનો પણ સહારો લીધા વિના પૂરા વિશ્વ સમક્ષ ખડી થઈ શકે છે. પોડકાસ્ટ અને યૂટ્યૂબે અનંત શક્યતાઓ ખોલી આપી છે. અલબત્ત, એડિટિંગનો મહિમા એથી ઓછો નથી થતો, બલકે વધે છે. પોતાના પલંગમાં આડા પડ્યાં પડ્યાં લિજ્જતથી પુસ્તક વાંચવાના આનંદની તોલે બીજું કશું જ ના આવે એ વાત સ્વીકારીને પણ પુસ્તક સિવાયનાં માધ્યમોનો ઉદારદિલે સ્વીકાર કરવો જ રહ્યો. આઇપેડ કે મોબાઇલના સ્ક્રીન ઉપર પણ હવે સરળતાથી પુસ્તક વાંચી શકાય છે. ફિલ્મનાં ગમતાં દૃશ્યો કે ગીતો વારંવાર જોઈ શકાય છે. ખરું તો એ છે કે એક જમાનામાં જે અત્યંત દુર્લભ અને મોંઘાં ગણાતાં એ સાધનો અત્યારે આપણી આંગળીના ટેરવે રમી રહ્યાં છે. પ્રશ્ન તો એ પણ છે કે રમી રહ્યાં છે કે રમાડી રહ્યાં છે? બીજું એક સશક્ત માધ્યમ છે ફિલ્મ. આપણા સર્જકે ઉત્તમ સાહિત્યની ખેવના કરવી હશે ને લોકો સુધી પહોંચવું હશે તો ફિલ્મ દ્વારા પહોંચવાના કેડા પકડવા પડશે. હમણાં, વીસમી નવેમ્બરે, ગુજરાતી સાહિત્ય પરિષદમાં ‘કવિ કાન્ત’ નામે એક દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી. સુરતના યુવા ફિલ્મસર્જક જય ખોલિયાએ ઘણું મોટું સાહસ કર્યું ને એવો જ મોટો અભ્યાસ પણ કર્યો. ચાવંડ, મુંબઈ અને ભાવનગર તો ખરાં જ, પણ તે સિવાય ઠેર ઠેર ફરીને એમણે શક્ય એટલા દસ્તાવેજો ભેગા કર્યા. ફિલ્મમાં એનો એકદમ ઉચિત કહેવાય એવો વિનિયોગ પણ કર્યો એ પણ એક સારી શરૂઆત છે. હવે ફિલ્મનિર્માણ એટલું અઘરું કે મોંઘું પણ નથી. મતલબ કે સાહિત્યસર્જકે પણ પોતાની માનસિકતા બદલવી પડશે.

માત્ર અને માત્ર માહિતી આપનારાઓએ પણ પોતાની મર્યાદાઓ સમજી–સ્વીકારીને ભાષા સાથેનો ઘરોબો મજબૂત કરવો પડશે. સાહિત્યનુ સેવન કરવું પડશે. ઉચ્ચારોમાં સ્પષ્ટતા અને ચોકસાઈ લાવવાં પડશે. બોલી અને માન્યભાષા બાબતે સ્પષ્ટ થઈ જવું પડશે. આજે આપણે જોઈએ–સાંભળીએ છીએ, આકાશવાણી, ટેલિવિઝન કે ખાનગી ચૅનલોના ઉદ્‌ઘોષકો પાસે અમુક અપવાદો બાદ કરતાં, સારી અને અસરકારક કહી શકાય એવી ભાષા રહી નથી. ઉચ્ચારો બાબતે તો જાણે કોઈ સભાનતા બચી જ નથી, એટલું જ નહીં, પોતે કોઈ ભૂલ કરી રહ્યા છે એવો બોધ પણ રહ્યો નથી. કેટલાક મૂળાક્ષરો તો જાણે નાબુદીની દિશામાં જઈ રહ્યા છે. છેવટે તો ભાષા એ આપણું સાધન છે. પ્રત્યેક માધ્યમને ભાષાની ગરજ તો રહેવાની જ. કદાચ અત્યારે સહુથી વધુ જુલમ થાય છે તે ભાષા ઉપર થાય છે. સંસ્કૃત કે અંગ્રેજીની પીઠિકા વિનાની ભાષામાં બરકત ક્યાંથી આવે? આપણે સપાટબયાની, એકધારાપણું અને નકલખોરીથી બચવાનું છે. લપટા–ચીકણા શબ્દોના સંયોજનને સાહિત્ય માની લેવાથી છાસમાં પાણીનો જ વધારો થશે.

સમૂહમાધ્યમોને ઉત્તમ સાહિત્ય અને એવી જ ભાષા વિના નથી ચાલવાનું. તો સામે પક્ષે સાહિત્યકારો અને સાહિત્યસ્વરૂપોએ પણ કેટલાક છોછ દૂર કરવા પડશે. અખબારનવેશોએ પણ બદલાતા સાહિત્યની તાસીર–તસવીર સમજીને કૉલમબાજીની કળાઓ અને માપદંડો બદલવાં પડશે. છપાશે તે વંચાશે જ, અથવા કૉલમનું આ લોલમલોલ રૂપ જ આખરી છે એવા ખ્યાલમાંથી પણ વહેલી તકે બહાર આવવું જોઈશે.

સમૂહમાધ્યમનાં સાધનોના ઘોડાઓને દોડતા રાખવાની સાથોસાથ મજબૂત લગામ પણ રાખવી જોઈશે નહીંતર એ ઘણું બધું ભરખી જાય એ દિવસો દૂર નથી.

ગુજરાતી સાહિત્યમાં ગ્રંથાવલોકન અને ગ્રંથસમીક્ષાની સમસ્યા મોટી છે. ઉત્તમ અને નોંધપાત્ર પુસ્તકોની સમયસર અને સાચી નોંધ ન લેવાય તો એ પણ એક સામાજિક અપરાધ છે. આપણે ત્યાં ગ્રંથાવલોકન અને સમીક્ષાનાં બે સામયિકો થઈ ગયાં. એક યશવંત દોશીનું 'ગ્રંથ' અને બીજું રમણ સોનીનું 'પ્રત્યક્ષ'. બંને સામયિકોએ પોતાના સમયમાં ઘણી જાગૃતિ દાખવીને તાટસ્થ્યપૂર્વક, સેંકડો પુસ્તકોની નાની-મોટી સમીક્ષાઓ આપણને આપી છે. આ સમીક્ષાઓ દ્વારા એમણે સાહિત્ય-પ્રવાહોને તારવવાની દિશા પણ ચીંધી હતી. છેલ્લા ઘણા વખતથી આપણે જોઈ રહ્યા છીએ કે ઉત્તમ પુસ્તકોની સમીક્ષા થતી નથી. જે સમીક્ષાઓ થાય છે તેમાં પણ અપવાદોને બાદ કરતાં, શરમાશરમી અને અંગત પ્રાપ્તિઓનાં લેખાંજોખાંના હિસાબે અને ધોરણે થતી જણાય છે.

આ સમસ્યાનો અનેક રીતે ઉકેલ આવી શકે. પુસ્તકની યોગ્યતા પ્રમાણે - સાભાર સ્વીકાર, એકાદ ફકરાના પરિચયાત્મક લઘુલેખો, ટૂંકાં અવલોકનો, સમીક્ષાઓ અને દીર્ઘ અભ્યાસલેખો દ્વારા પુસ્તકોને આપણે ઓળખી શકીએ. કોઈ નબળા પુસ્તકની સમીક્ષા થઈ જશે તો બહુ મોટો અનર્થ નહીં થાય, કેમ કે સમયની ચાળણીનું બળ મોટું હોય છે પરંતુ કોઈ યોગ્ય પુસ્તક સમીક્ષાવિહોણું રહી જશે તો પછી એને મુખ્ય પ્રવાહમાં બેસાડવાનું અઘરું થઈ પડશે. ગુજરાતી સાહિત્ય પરિષદે પણ આ દિશામાં એક નવું અને મહત્ત્વનું ડગ ભર્યું છે. 'સમીક્ષા' નામનું વાર્ષિક સામયિક શરૂ કર્યું છે. એ નિમિત્તે વર્ષભરમાં પ્રગટ થયેલાં મહત્ત્વનાં પુસ્તકોને તારવી શકાશે. જે સાહિત્યસમાજ પોતાની ભાષાના વિશિષ્ટ ગ્રંથોનું યોગ્ય અધ્યયન, સમીક્ષા-અવલોકન નથી કરતો એ છેવટે વૈચારિક દારિદ્ર્યને વરે છે.

ઓગણીસસો બાવનમાં નવસારી ખાતે, અઢારમા સંમેલનમાં પ્રમુખશ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાએ 'સ્ત્રીસાહિત્ય'ને અંગે કરેલા ઉદ્‌ગારો આ રહ્યા : 'છેલ્લાં ત્રીસેક વરસથી ગુજરાતી સ્ત્રીઓનો વધી રહેલો મનોવિકાસ એ આપણી પ્રગતિનું શુભચિહ્ન છે. સ્ત્રીસાહિત્ય પણ ઠીક વિકસ્યું છે. પણ શિક્ષિત સ્ત્રીઓ જેટલી વધતી જાય છે તેના પ્રમાણમાં સ્ત્રીઓના સાહિત્યસર્જનમાં હજી વિવિધતા વધી નથી. વાર્તાઓ લખાય છે પણ સ્ત્રીઓને રસ પડે એવા બીજા વિષયોના લેખો ઓછા દેખાય છે. આપણી પદવીધારી સ્ત્રીઓએ લેખનકળામાં હજી જોઈએ તેટલો રસ લીધો નથી.' (પરિષદ પ્રમુખોનાં ભાષણો, ભાગ-૨, પૃ.૧૩૯) એમણે આ લખ્યું તે પછી આજે સિત્તેર વર્ષ બાદ પણ પરિસ્થિતિમાં બહુ ઓછો ફેર પડ્યો છે.

એક વાત તો નક્કી છે કે સમાજના અનેક સ્તરે, સ્ત્રીઓને જે અનુભવ થાય છે તે જ અનુભવ પુરુષને થતો નથી. વિશેષમાં સ્ત્રી પાસે એક વધારાની, ન દેખાય એવી જ્ઞાનેન્દ્રિય હોય છે જેના કારણે પોતાના સંદર્ભે, આજુબાજુના વાતાવરણને સમજવામાં એને વાર લાગતી નથી. પુરુષ સાથેના સંબંધમાં અને એ રીતે પૂરા સમાજ સાથેના વ્યવહારમાં સ્ત્રી, પ્રગટ કે અપ્રગટ રીતે જે માન-અપમાન-શોષણ વગેરેનો અનુભવ કરે છે તે અનુભવ યથાતથ કાગળ ઉપર ઉતારે તોય ખળભળ મચી જાય! કેમ કે એમાં જિવાતા જગતનું નગ્નવાસ્તવ પ્રગટ થાય. પરંતુ સારી કે વરવી વાસ્તવિકતાનું નર્યું વર્ણન એ ઇતિહાસ બની શકે, પણ એ 'સાહિત્ય' બને કે કેમ? એ પ્રશ્ન પણ થવો જોઈએ.

બીજું, પ્રત્યેક લેખિકાની પોતાની પ્રકૃતિ પ્રમાણેની, પ્રગટ થવાની એક આગવી અનોખી રીત હોય છે. દરેક વખતે ઇબ્સનની નોરા જ પ્રગટી આવે એવું અપેક્ષિત નથી. સાહિત્યમાં ક્યાંક જીજાબાઈ, કુમુદ, રોહિણી, કોકિલા કે અમૃતાનાં વૈવિધ્યને પણ સ્થાન હોવાનું. છેવટે તો આ સમાજ લાગણીના પાયા ઉપર જ ઊભો રહ્યો છે અને રહી શકે. સમજાય એવું છે કે લાગણી અને પ્રેમની દુનિયામાં સ્ત્રી પાસે જે સંવેદનતંત્ર છે તે બીજા કોઈ પાસે નથી. એટલે, સહજ રીતે જ પ્રશ્ન ઉદ્ભવે કે સ્ત્રીને પોતાને જે રીતે પ્રગટવું છે અથવા પ્રગટવું જોઈએ એ પ્રકારે પૂરી સર્જનાત્મકતાથી પ્રગટી શકે છે ખરી ? કે પછી એણે પોતે જ આંકેલી મર્યાદા કે સમાજે સીધી કે આડકતરી રીતે આંકી આપેલી કોઈ મર્યાદાઓ એની અભિવ્યક્તિ ઉપર પ્રભાવક બને છે ? લેખિકાને ખરેખર જે કહેવું છે તે જ કહી શકે છે કે પછી ભળતુંસળતું કહીને કે દિશાનિર્દેશ કરીને અટકી જાય છે ? સમાજે સામાન્ય રીતે આંકી આપેલી આચારસંહિતા એની અભિવ્યક્તિમાં નિર્ણાયક બનીને નિયંત્રક તો નથી બનતી ને ? વર્તમાન સમયની સ્ત્રીઓની સામે જે જે મૂંઝવણો છે તે તો પ્રગટ થવી જ રહી, પણ હરસિદ્ધભાઈકથિત ‘લેખનકળા’ શબ્દ ભૂલવા જેવો નથી.

અત્યાર સુધી દલિતસાહિત્યમાં તકવંચિત સમાજ, સ્ત્રીઓનું શોષણ, આર્થિક શોષણ, અસ્પૃશ્યતા, અપમાન, અસમાનતા જેવી પરિસ્થિતિઓનું વર્ણન અને વ્યથા આપણે અનુભવ્યાં છે. પરંતુ છેલ્લા ત્રણ-ચાર દાયકામાં પરિસ્થિતિ ઘણી બદલાઈ છે. અપવાદો બાદ કરતાં, પહેલાં જેવી આભડછેટ હવે રહી નથી. નોકરીઓમાં અગ્રતાક્રમ મળતો થયો છે. સામાજિક ધોરણ ઊંચાં આવ્યાં છે. શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. આવા સંજોગોમાં હવે દલિતસાહિત્યનાં નવાં સ્થિત્યંતર કયાં હોઈ શકે તે પણ વિચારવું રહ્યું. કારણ કે હવે એમના સંઘર્ષની તાસીર બદલાઈ છે. એમાં પણ બૌદ્ધિક અભિગમ સાથે વાસ્તવનો સામનો કરવાનો સમય આવી રહ્યો છે.

એવું જ બાળસાહિત્યના ક્ષેત્રનું છે. આજના બાળમાનસને અનુરૂપ સાહિત્ય સર્જાય છે ખરું ? એ બાળકની ભૂમિકાએ જઈને આપણે વિવિધ માધ્યમો દ્વારા સર્જનાત્મક રીતે કલ્પનાશીલતા, ઉચ્ચ આદર્શ, રાષ્ટ્રભાવના, કુટુંબભાવના અને લાગણી વગેરે હકારાત્મક વાનાં પહોંચાડવાનાં છે.

અમદાવાદમાં, ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા અધિવેશનના પ્રમુખપદેથી, કાકાસાહેબ કાલેલકરે ૧૯૫૯માં એટલે કે છાસઠ વર્ષ પહેલાં જણાવ્યું હતું કે –‘હમણાં એક નવો સવાલ જાગ્યો છે. કેટલાક લોકો તકરાર કરવા લાગ્યા છે કે આપણા સાહિત્યમાં છીછરું, ટાયલું સાહિત્ય એટલું વધી પડ્યું છે કે લોકોમાં ઊંડા વિચાર કરવાની કે સમજવાની શક્તિ ક્ષીણ થતી જાય છે. આ તકરાર હમણાં હમણાં જ ઊઠી છે. એણે હજી બરાબર રૂપ પકડ્યું નથી. લોકોનું ધ્યાન એ તકરાર તરફ પૂરતું ગયું પણ નથી.’ (પરિષદ પ્રમુખનાં ભાષણો, ભાગ-૨, પૃ. ૨૩૭)

આપણે કાકાસાહેબને કહીએ કે એ વખતે જે બાબતે બરાબર રૂપ પકડ્યું નહોતું અને જેના તરફ લોકોનું પૂરતું ધ્યાન ગયું નહોતું તે બધું જ અહીં, આજના સાહિત્યજગતમાં પૂર્ણપણે પ્રકાશી રહ્યું છે અને દૃઢ પણ થઈ રહ્યું છે. સાહિત્યને નામે લોકો ‘છીછરું અને ટાયલું’ ચલણી સિક્કાની જેમ બધાં જ માધ્યમોમાં રેલાવી રહ્યા છે, રોજેરોજના ફોટાઓ સાથે આભાસી શબ્દોની ભરમાળ ચાલે છે. ઘણી બધી વિચારસરણીઓવાળા તો તે

સિવાયના ‘નિરુદ્દેશે’ લખાયેલાં લાલિત્યને તો સાહિત્ય તરીકે સ્વીકારવા પણ તૈયાર નથી. આપ કહો છો એ પ્રકારના સાહિત્યની ખૂબ કદર થાય છે. જો અત્યારનો સમાજ કદાચેય એની કદર કરવાનું ભૂલી જાય કે રખેને એ દિશામાં મોડો પડે તો લાઇક કરનારા અને ફોલો કરનારા કાગારોળ મચાવીને, અનધિકૃત ચર્ચાઓ કરીને, ધાક-ધમકીઓ આપીનેય એવા સર્જનહારાઓને ફૂલમાળાઓ પહેરાવવા દોડી જાય છે.

પર્યાવરણની આપણે શી દશા કરી છે એ પણ જોવું રહ્યું. પૃથ્વીને આપણે અંદરથી પોલી કરી રહ્યા છીએ. નદીઓને આપણે રેતીની લકીરમાં ફેરવી દીધી છે. વિકાસને નામે વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છીએ. જંગલો અને પહાડો નાશ પામી રહ્યાં છે. પાણીનો દુરુપયોગ, હવામાં પ્રદૂષણ અને સિમેન્ટ કૉંક્રિટનાં જંગલો આપણને નિર્ભેળ કુદરતનાં સૌન્દર્યથી ઘણે દૂર લઈ ગયાં છે. પૃથ્વી તો પૃથ્વી, પણ આકાશનેય છોડ્યું નથી. અવકાશમાં કેટલો બધો કચરો તરી રહ્યો છે તે દેખાય ભલે નહીં, પણ છે તો ખરો જ. વસુંધરાની વંદના કરવાને સ્થાને આપણે એને વેડવામાં કંઈ જ બાકી રાખ્યું નથી. હવે ખમૈયાં કરવાનો સમય આવી ગયો છે. નહીંતર કુદરતી આફતોથી આપણને કોઈ બચાવી શકશે નહીં. રણમાં મીઠી વીરડી જેવું, વૃક્ષોનું વાવેતર અને જતન કરવાનું કાર્ય રાજકોટની સંસ્થા સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા થઈ રહ્યું છે તે નોંધપાત્ર છે. આવાં તો હજી હજારો ટ્રસ્ટ ઊભાં થાય તોય પહોંચી વળાય એમ નથી.

સાહિત્યના વર્તમાનને પ્રગટ કરતી વખતે, નવોદિતથી માંડીને સ્થિર જ્યોત જેવા સર્જકો-વિવેચકો, જે તે સાહિત્યમાં પ્રગટ થતાં વર્તમાનપત્રો-સામયિકો, સાહિત્યિક સંસ્થાઓની મુખ્ય-ગૌણ પ્રવૃત્તિઓ, એમાં થતી સ્થાપના-ઉથાપનાઓ, સમાજ સાથેનો અનુબંધ વગેરે બાબતો મહત્ત્વની બની રહેતી હોય છે. કેટલાક ફક્ત નિજાનંદે જ શબ્દ સાથે કામ પાડતા હોય છે તો વળી કેટલાક બીજું કશુંક સિદ્ધ કરવા માટે શબ્દનો સહારો લેતા હોય છે. કોઈના પણ વિચારોને પોતાના ગદ્યપદ્યમાં ઢાળી દેવાનું આસાન થઈ ગયું છે. એ રીતે જોઈએ તો ‘લલિત’ની વ્યાખ્યા વિસ્તરી છે અને શબ્દેશબ્દ જાણે કે પોતાની કિંમત માગી રહ્યો છે ! આ સમયમાં સાચા સર્જકનો કે વિચારકનો અવાજ ક્ષીણ થતો અનુભવાય છે. જે એક પણ ટોળામાં નથી એને માનવજાતનો વેરી સમજી લેવાનું ચલણવલણ વધતું જાય છે. માનવી સ્વતંત્ર પણ હોઈ શકે અથવા એ આપણાથી જુદું વિચારતો હોય એવો ખ્યાલ ભૂંસાતો જાય છે. કમ્પ્યૂટરના સ્ક્રીન ઉપર કીડીની હારની જેમ ‘તમે કહ્યું તે સાચું સાજન તમે કહ્યું તે સાચું’ની વિચારવિહીન કૉમેન્ટ્સ લાઇન લગાડે છે. સાચા અને ખોટા બંનેમાં અંગૂઠો દેખાડે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ગાંધીનગર અધિવેશનના પ્રમુખસ્થાનેથી બોલતાં નારાયણભાઈ દેસાઈએ ત્રણ સોપાનોની વાત કરી હતી : ‘ત્રીજું સોપાન આપણું ઓશિયાળાપણું કાઢવાનું છે – ખાસ કરીને શાસન પ્રત્યેનું ઓશિયાળાપણું. શાસન આપણને આર્થિક મદદ આપતું હોય, માન-મરતબા કે પુરસ્કારો આપતું હોય તો એની ગરજે આપે. તેથી આપણે આપણી સ્વતંત્રતા ગીરવી મૂકી ન શકીએ. શાસનની દેખીતી ભૂલો કે ઇરાદાપૂર્વક શાસને ભરેલાં ખોટાં પગલાં અંગે આંખ આડા કાન કરવા, ચૂપ થઈને બેઠા રહેવું કે એ પોતાનો વિષય નથી એમ માનીને મૌન જાળવવું એ બધું ઓશિયાળાપણામાં આવી જાય. ઓશિયાળી વ્યક્તિ પોતે તો પોતાનું સન્માન ગુમાવે જ છે, પણ જેની તે

ઓશિયાળી બને છે તેને પણ નૈતિક રીતે નીચે લાવે છે. બીજાને હીન દેખાડનાર અથવા બીજા પ્રત્યે તુચ્છકારભર્યો વ્યવહાર કરનાર પોતે કદી નૈતિક રીતે ચડિયાતો સિદ્ધ થતો નથી. હેઠે જ પડે છે. (પરિષદ પ્રમુખનાં ભાષણો ભાગ-૩, પૃ. ૪૦૪)

ઉપરના ફકરાના અજવાળામાં જોઈએ તો એક વાત તરત સમજાશે કે જે સહજ રીતે જ આપણો અધિકાર છે એને માટે કોઈનાય ઓશિયાળા બનીએ છીએ ત્યારે આપણે સ્વમાન તો ક્યાંય દૂરની વાત, પણ પહેલપરથમ તો આપણું તેજ ગુમાવીએ છીએ. બીજી વાત નિહિત છે તે પ્રતિબદ્ધતાની છે. એક વખત આપણે કોઈ સંસ્થા કે સંગઠન સાથે જોડાવાનું નક્કી કરીએ ત્યારે એ જાણી લેવું જોઈએ કે પોતાની અંગત માન્યતાઓ અને સિદ્ધાંતોને આ વાત અનુકૂળ છે કે નહીં? વ્યક્તિની પોતાની ભાવનાઓ વિકસિત થવાની સાથોસાથ સમષ્ટિનું વ્યક્તિત્વ દૃઢ અને મજબૂત બને છે કે નહીં? અને આ બંનેના મેળમાં સામાજિક ઉત્થાનનો સિદ્ધાંત અને માનવમૂલ્યો જળવાય છે કે નહીં? એક જ સમયમાં બે વિપરીત ધ્રુવો વચ્ચે આપણે ઝોલાં તો નથી ખાતા ને? સારાં કાર્યો બદલ આર્થિક સુવિધાઓ, માન-મરતબા કે પુરસ્કારો તો કોને ન ગમે? ગુણગ્રાહી સમાજનું એ મહત્ત્વનું લક્ષણ છે કે યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે પોંખે. પરંતુ એ લેતી વખતે આપણું સ્વાતંત્ર્ય ગીરવે જાય ત્યારે જરા વાર થોભીને વિચારવું પડે. સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા આ બે શબ્દો મહત્ત્વના છે. સામાન્ય રીતે આપણને આવી ભાવનાઓનું જતન કરવાનું ગમતું હોય છે. એવું કરીએ ત્યારે આપણામાં રામ હજી જાગે છે એનો અહેસાસ થાય છે.

વ્યક્તિગત ધોરણે, પોતાની નિસબતથી તો વિદ્વાનો કાર્ય કરતા જ હોય છે, પરંતુ હવે તાબડતોબ, સામૂહિક રીતે, યુનિવર્સિટીઓ કે સંસ્થાગત ધોરણે જુદા જુદા અને લાંબા ગાળાના પ્રકલ્પો કરવાનો સમય પાકી ગયો છે. સાહિત્યના અધ્યાપકો, સંશોધકો, વિવેચકો, આસ્વાદકો વર્તમાન સાહિત્યનો આયનો તો જુએ જ, પણ સાથોસાથ આ ધૂળધોયાનું કામ પણ ઉપાડી લેવું રહ્યું. આ માટે સાહિત્યની જીવતીજાગતી નવી પેઢીને પણ આ કહેવાતાં જૂનાં સાહિત્યની ગલીઓમાં હરતીફરતી કરવી પડશે. સમાજના લાંબું જોનારા અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓએ આ માટે પોતાનો ઇસ્કોતરો ઉઘાડો મૂકવો પડશે. આ બધું છતાં, મને ગુજરાતના સામુદાયિક ડહાપણમાં વિશ્વાસ છે કે આવનારા સમયમાં સારાં-નરસાં તત્ત્વોનો ભેદ કરીને, પોતાની સંવેદનાત્મક ચેતનાના કેન્દ્રરૂપ ગુજરાતી સાહિત્ય પરિષદને તે આંતરબાહ્ય બંને રીતે જાળવી પણ લેશે અને મજબૂત સમૃદ્ધિ પણ આપશે.

જોતજોતાંમાં બીજું વર્ષ પણ વીતી ગયું. હજી તો મહુવામાં યોજાયેલું જ્ઞાનસત્ર, છાજલી કર્યા વિનાય નજરે તરવરી રહ્યું છે ત્યાં તો આ જ્ઞાનસત્રેય આવી ગયું! આપણે આ અઢી દિવસ સાથે રહેવાના છીએ, સંવાદ કરવાના છીએ. કેટલાકનો પારાયણપાઠ થશે, કેટલુંય નવું જાણવાનું મળશે. કંઈ નહીં તોય પરસ્પરની સંનિધિ નવી દિશા ખોલવામાં મદદરૂપ થશે. અંતે કવિશ્રી 'ઉશનસ્' સાહેબને સંભારીને મારું વક્તવ્ય પૂર્ણ કરું છું.

કોક જણે તો કરવું પડશે ભાઈ!
એક જણે તો કરવું પડશે ભાઈ!
કશુંયે ના કરવાની કેવી તામસ આ હરીફાઈ?
કોક જણે તો કરવું પડશે ભાઈ!

■

## ઝૂર | પ્રફુલ્લ રાવલ

આ જો આથમતા સૂરજની આંખોમાં વિલાતું નૂર
ભીનો ધીમો તરડાયેલો સંભળાશે મારો સૂર
આ જો આથમતા સૂરજની આંખોમાં વિલાતું નૂર

રાતદિવસ લયવિલયની અવનવી છોળનાં જોયાં રૂપ
ટાણેકટાણે મનને મારી રહેવું પડે છે ચૂપ
કેવા નસીબે પ્રિયજનથી રહેવાનું આવ્યું છે દૂર
આ જો આથમતા સૂરજની આંખોમાં વિલાતું નૂર

વર્ષા પાછળ છુપાતી શીતળતા કેવી યાદો લાવે
વીતેલી વાતો લલચાવી પાછી એવી તાવે
આથમતો સૂરજ જાણે હળવેથી કહેતો 'તું ઝૂર'
આ જો આથમતા સૂરજની આંખોમાં વિલાતું નૂર

## ગઝલ | જિતેન્દ્ર પ્રજાપતિ

### દીવા !

કર્યા'તા, આપણે એકાંતમાં સંવાદના દીવા,
હજી પ્રગટી રહ્યા છે એ તમારી યાદના દીવા.
તમારા હાથથી પામ્યા'તા જે સોગાદના દીવા,
બધા નિસ્તેજ લાગ્યા છે મને એ બાદના દીવા.
કશું નહોતું; ફક્ત એક ફૂલ દીધું'તું તમોને મેં;
અને મારી વિરુદ્ધ પ્રગટ્યા'તા કૈંક ફરિયાદના દીવા.
હજુ પણ આંચ એની આંખને બાળ્યા કરે છે રોજ,
હજુ પ્રગટી રહ્યા છે આંસુના વરસાદના દીવા.
જોઉં છું વાટ કે પ્રગટી જશે ક્યારેક કાનોમાં;
ભલે બૂઝવ્યા છે સંજોગે તમારા સાદના દીવા !

# બે સૉનેટ | રામચન્દ્ર પટેલ

## ૧. દર્શન

(વસંત-મૃદંગ)

ઊભો થઈ ફરું હું.... ખેતર ચાર શેઢે,
આવી નજીક હળવે અડી જાય કોઈ!
લાગી રહે, દશદિશા અતિ રમ્ય રમ્ય!
બેસી પડું સીમમહીં, ધરું ધ્યાન યોગમાં–
જોયા કરું મિહિર-ચંદર પાદચિહ્નો
કેવી સદા વિહરતી જતી આદિમાતા?
ને રેશમી વસન-વાદળનું પ્હેરી...
સોના કિનાર ચમકાવતી આભ વીજ...
જો રાત હોય ઘનઘોર તમિસ લોઢ
ભીંસી પડે તક્ષક ત્રાટક દંતદંત ત્યાં
આવી ચઢે મયૂર પિંછલ વર્ણ મેઘ
ફૂટે તૃણેતૃણ પરે શિવ-શંખ ડૂંડાં.
બ્રહ્માંડ એક અણમોલ નક્ષત્રવાસ.
એમાં ફરે... પૃથવી સર્જતી જીવશ્વાસ.

*

## ૨. પ્રભા

(વસંત-મૃદંગ)

શોધ્યા કરીશ નહિ, એ નથી ક્યાંય વિશ્વમાં–
શું નૃત્યમગ્ન હતી? ઘૂઘરું સાજ ગુંજતાં
ફેંકેલ દૃષ્ટિ નમણી દ્યગ, મોરપિચ્છ શી
સ્પર્શી ઠરી નસનસે; રગકુંભ કાળજે.
હું એકલો ગૃહદ્દુવાર બહાર બંધક
અંધાર પૂંઠ ભણકાર સિવાય કોય ના.
ગુંજી પડ્યું રટણ-દર્શન નિત્ય મસ્તિષ્કે.
મેળાપ કાજ ભટકું... થઈ આગિયો ઊડું...
ઘૂમું બધે... મરુથલે બળું, વેળુ ઓઢું.
વીંધી વનેવન, નદીજળ, પ્હાડ ખીણમાં
ઊભા રહી સતત આદરું શંખઘોષ...
વીતે ભલે યુગયુગો સ્મૃતિબિંબ સાચવું.
એ નૃત્યમાં ધરીય તારકદીપ માથે;
ગાતી પ્રભા પૃથવીની શિવ-સ્તોત્ર સાથે.

## સુખના પગમાં... | ભગીરથ બ્રહ્મભટ્ટ

### (૧)

સુખના પગમાં પવનપાવડી દુઃખના ઘોડા લૂલા
અત્તરિયાં સુખ પળમાં ઊડી ઉરને કરે અટૂલાં

મૂંગામંતર ફૂલ કદી ના
સુખનાં ઢોલક પીટે
સાંજ થતાંમાં સૂરજ સાથે
માયા સઘળી મીટે
સુખ સરનામાં ઠાલી ભ્રમણા દુઃખના મારગ ખુલ્લા

સમય સુખનો રાઈ જેવડો
પર્વત દુઃખના મોટા
ધીરઘરેલાં જળતળિયાનાં
પાણી પર પરપોટા
ઘડી સુખની સરકી જાતી ઝૂલતા દુઃખના ઝૂલા...

### (૨) કાવ્યાવતરણ

ચંદન શબ્દો ઉર ઓરસિયે સુખડ માફક ઘૂંટ્યા જી
કોરા કોરા કાગળિયા પર તિલક-તણખા ફૂટ્યા જી.

વર્ણોના એ મંદિરિયામાં
મૂરત મોંઘી મલકે જી
અબીલગુલાલ, કંકુ છાંટે
અર્થો અંદર હરખે જી
દીપ પ્રગટતાં જ્યોતિ સાથે રંગરાગ કૈં છૂટ્યા જી

કર્પૂર સરખો ધૂપ જલે છે
કાગળકાયા મ્હેંકે જી
લાભશુભના બાજઠિયા પર
આરત ઉરની ગ્હેંકે જી
શિખર ઉપર ધજા ફરકતી સૂર નિગમના લૂંટ્યા જી.

## નાભિચક્ર | આકાશ નાયક

તલ્લીન તત્ કારે
શહેર છૂટ્યું જંગલ છૂટ્યું
અંબર ઊંચા પર્વત છૂટ્યા
અવકાશ ભેગું તારામંડળ
છૂટ્યું આગિયા જેમ મારું એકાંત
ઝબક્યું
થયો અંતે આરંભ

વિલંબિત થાટે
વરાળ થીજી વાદળ થયા
વચવચમાં મૌન ચળક્યું
સોંસરી ઊતરી વીજરેખા
અવકાશી પડળ છલાંગી
વધ્યો આમ અનંતમાં...

નાભિચક્રે જાગૃત થઈ
કુંડલિની
શ્વેત ઓરડો શ્વાસ અધ્ધર
અપાર ત્રિતાલ ગતિએ
અંજાઈ આંખો લયતાલની સ્થિતિ ને
પ્રચંડ
શક્તિ
એવું આ દિવ્ય તેજ સામું
ઊભું
સ્પર્શ વિનાનું આકાર
વિહોણું
શું આ જ હશે બ્રહ્મજ્ઞાન?

## આંખથી ચાખો | શિવજી રૂખડા

ખાલી ખોબો ખખડે એમાં અંજલિ પાણી આપો,
શબરી ચાખે બોરની પેઠે એમ આંખથી ચાખો.

પગલાંની માથે હું પગલાં પાડું અને પડછાયે પરોવાઈ જાઉં,
ઓગળી જાવાના ઓરતા ઓરીને એમાં તો વલોવાઈ જાઉં,
અહીંથી ઉશેટીને હળવે, હળવે પછી હરખેથી રૂદિયામાં સ્થાપો,
શબરી ચાખે બોરની પેઠે એમ આંખથી ચાખો.

મખમલી રૂનાં પૂમડાં છો તમે એમાં અત્તર બનીને ફોરમાઉં,
વ્હાલપની મઘમઘતી ફોરમ લપેટીને વારે વારે હરખાઉં,
પંડની પીડા બધી પરહરી જાય ને જન્મારો જાય એમ આખો,
શબરી ચાખે બોરની પેઠે એમ આંખથી ચાખો.

## સૉનેટ | રૂડાભાઈ બોચિયા

### ખોંખારો

ટાઢો છાંયો ઘર ધબકતાં ખોરડાં ખાનદાન;
કાવ્યાનંદે પરબ ટહુકે ઢોલિયા હોય ઢાળ્યા.
દોડી ભેટે સુખ અવસરે જો મહેમાન ભાળ્યા.
મોટો મોભો મુખ મલકતાં મીઠડાં માન-પાન.

કાંબી, તોડા ઉપર કડલાં બેરખા ચોટલેથી;
ઈંઢોણીએ રતન ચમકે બેડલાં હેતભીનાં.
હૈયાં રેડી પનઘટ પરે પાણિયારાં સલિલાં.
શેરી શોભા રૂમઝૂમ થતી ગામને ઓટલેથી.

કુંભી વંજી ખકડ ખખડે ખોખરાં સાવ ખોખાં;
કાયા કૂડી તરસ બુભુક્ષા જેમ દુષ્કાળ સૂકો.
ને મોભેથી નળિયાં ખસિયાં મોભિયાં સાવ ભૂકો.
ભીંતો રોડાં તરડ તતડે ઠીકરાં ઠામ બોખાં.

ભાળ્યું જ્યારે ઊજડ ઘરને આયખું હાથતાળી,
ખોંખારોને સ્મૃતિ વડીલની ખંડ ખંડેર ભાળી.

# બે કાવ્યો | હાર્દી ભટ્ટ

## (૧)

તેનાં બોલેલાં વાક્યોમાંથી અક્ષરો લઈ,
હું ચણું છું એક નવું ઘર.
રોજ સામાન ગોઠવું,
અને તે વેરવિખેર કરી નાખે.
હું તો પેલી ગરોળીની જેમ માત્ર તાક્યા કરું તેને
અને જ્યારે તે છેલ્લો પ્રહાર કરે અને કહે,
“આ મોબાઇલ, ચાર્જર, ચાવી અને બૅગ...,
કંઈ રહી તો નથી ગયું ને!”,
એને કેવી રીતે કહું કે,
મને દેખાય છે,
તેં રોકી રાખેલો છે જે
તે તારી આંગળીના ટેરવાએ
પડું પડું થઈ રહેલો પેલો,
‘અબ્રાહમ મૅસ્લો’ના જરૂરિયાતોના કોટિક્રમનો
ત્રીજો સિદ્ધાંત.
અને હવે,
તેની ટચલી આંગળીના નખની કરચ લઈ,
હું પૂરું છું, ઘરની તિરાડો.

## (૨)

ઘણી વખત સાંજ ભયંકર કંટાળાજનક લાગતી હોય છે.
અઢળક કામ વચ્ચે, ‘કંઈ જ સૂઝતું નથી’ની આંટીઘૂંટી જાતને ગોંધી રાખે છે.
વળી બાકી રહી ગયું હોય એમ લાગણીઓ પર પણ લીલ જામી જાય છે.
અને હા, પેલા શૂન્યાવકાશમાં આઘે સુધી કંઈક તાકી રહેતી આંખોને કેમ ભુલાય!
દૂરનું જોવા ટેવાઈ ગયેલી આંખો ક્યારેક નજીક સાથે અન્યાય કરતી હોય તેવું સતત લાગ્યા કરે છે.
મારી બાલ્કનીમાંથી કેટલાંય દૃશ્યો રોજ આકાર લે છે.
માનો હાથ છોડાવી ભાગતું બાળક,
લાલ કપડું બાંધેલા માટલા કુલ્ફીની લારીની ફરતે વળતું ટોળું,

બૂમો પાડતાં કૂદતાં ટાબરિયાંઓ,
કેટલીય ખુશ તો કેટલીય નાખુશ મુખમુદ્રાઓ,
સામે ઓટલે બેઠેલું અલગારી કાળું કૂતરું,
ધગધગતો રસ્તો,
અને, સ્હેજ દૂર કરિયાણાની દુકાને બેઠેલા વૃદ્ધ પસાકાકા.
બધા કહે છે કે ડોસો ખોટી મહેનત કરે છે,
એના તો બંને દીકરાય વિદેશમાં છે.
કાકા ક્યારેક તેમની સાથે એક નાની દીકરીને લઈને આવતા,
તે હંમેશાં ઢીંગલી જોડે રમતી હોય.
સંધ્યાકાળે દુકાન બંધ કરીને કાકા, ઢીંગલી, ઢીંગલીની ઢીંગલી અને
લાકડી ઘર તરફ જતાં હોય.
આજે પેલી શૂન્યાવકાશવાળી સાંજ હતી.
દૂરનું જોતાં જોતાં કંઈક નજીકનું દેખાઈ ગયું.
હા, મારી બાલ્કનીમાંથી દેખાતું એ જ આંબલીનું ઝાડ.
આજે અચાનક નજર ગઈ તેના સુકાઈ ગયેલા થડની બખોલમાં.
મને ખ્યાલ તો હતો જ કે વૃક્ષો પરોપકારી હોય છે.
પેલા દહાડિયા કામે જતાં પહેલાં પોતાનો સામાન ત્યાં મૂકતા હતા,
વિમલના જૂના પણ મજબૂત થેલામાં ભરીને.
અને,
અમસ્તાં જ મારાથી પેલી દુકાને જોવાઈ ગયું...

# બે ગઝલ | ડૉ. માર્ગી દોશી

## અટકી જવું પડે

પ્રગટો અને તરત ઠરી અટકી જવું પડે.
કેવો આ પ્રેમ! વિસ્તરી, અટકી જવું પડે!

ઇચ્છા તો છે અતીતમાં રહીને જીવું, મરું
પણ થોડું થોડું ખોતરી અટકી જવું પડે.

એનો અભાવ જીવ લે એવો બની ચૂક્યો
કહે છે હૃદય કે “છોકરી, અટકી જવું પડે.”

હોવાપણું જ એનું ઘણું ખુશબૂદાર છે,
સૂંઘીને ફક્ત હાજરી અટકી જવું પડે.

એથી વધુ શું હોય મહોબતનું દર્દ કે
કેવળ કરી બે શાયરી અટકી જવું પડે.

સુખ ઝાંઝવા બનીને નિસાસા ભરે સતત,
મનમાં હરણને ચીતરી અટકી જવું પડે.

પહોંચી ગયા ઝડપથી શિખર પર પછી તો શું?
છેલ્લું સફળ કદમ ભરી અટકી જવું પડે.

‘હદપાર’ જેવું કંઈ ન મળે શબ્દકોશમાં
સપનામાં પણ લીટી કરી અટકી જવું પડે.

*

## ‘બિસ્તર’ થાય છે

વહેમ પાળે છે કરચલીઓ કે ઉંમર થાય છે,
પીઢ સમજણનાં ત્વચા પર સેંકડો ઘર થાય છે

એકતરફી ક્યાં કશું ચાલે આ દુનિયાદારીમાં!
થઈ રહ્યું છે જે અહીં કેવળ પરસ્પર થાય છે

છે મિલન બે આત્માનું – અર્થ આ પહેલાં હતો,
હમણાં હમણાં પ્રેમનો અનુવાદ ‘બિસ્તર’ થાય છે.

મોત લાગે છે ભયંકર પણ અસલમાં છે નહીં,
એક ઘરથી બીજા ઘરમાં જીવ હરફર થાય છે.

બનતી ઘટના કે પ્રસંગો કંઈ અમસ્તું હોય નહિ,
જે ઉધારી હોય બાકી એ જ સરભર થાય છે.

જે મુજબની અંધભક્તિ જોઈ છે યાત્રાસ્થળે
આસ્થાનો ત્યાં સમાનાર્થી છૂપો ડર થાય છે.

રોજ તોડું છું ઇરાદા જાત પર શંકા કરી,
આ રીતે મારો જ મારાથી અનાદર થાય છે!

# ખંડકાવ્ય | હરીશ શાહ

## (૧) પ્રણયની રાહે......

### અનુષ્ટુપ

દિશાઓ વ્યસ્ત છે કેવી, શોધવા ચાહતી તને,
જુદાઈ છે હવે વેરી, ઋતુ એવું કહે મને
ચાલે છે ચરણો મારા, યંત્રવત્ બધું ખરું
ખયાલો આવતાં તારાં, આંખોનાં છળથી ડરું.

### સ્રગ્ધરા

આંસુ કેવાં વહેતાં, ખળખળ જળને, પાંપણે માન આપી,
દા'ડા દુઃખે રહેતા, પળપળ સ્થળનાં, આંગણે શાંતિ પામી.
શેનાં લીધે ઊડે છે, અટકળ બદલી, સાખવી આ પ્રણાલી,
વારે વારે ધરો છો, ભર જળ મટકી, લાગતી જેમ કાણી.

આંધી આભે ઉડાડે, પવન સભર એ, સામટાં કેમ સ્વપ્નો,
બાંધે સૌને અતાગે, પલક ઝપકમાં, બંધ હો જેમ નૈનો.
ભાળે ક્યાંથી જવલ્લે ખબર નજરને, શક્યતા ચાહવાની,
શાને લાગે બહાનાં લખાશે પ્રણય સનદમાં ભવ્યતા ઝંખવાની.

### શાર્દૂલવિક્રીડિત

કેવા ઢાળ મળે મને સતત આ, કેમે કરી પ્હોંચવું,
એનું નામ હશે કદાચ અઘરું, જાતે ચઢી ખેડવું,
આવી સંધિ સમી ઘડી સમયની, તે મંથનો પૂછતાં,
મારાં પૂર્ણ થતાં જતાં કથન તો, બંધો થકી છૂટતાં.

જેના હાલ મળે કહે સ્મરણને, પોતે થજો સારથિ,
કેવાં જાણતલો મળે મરણને, રાખે વ્યથા જાગતી.
વિશ્વાસે શર તાકિયું વલણનું, જાણી કરી છોડતા.
સંજોગો ધબકી રહ્યા હૃદયના, વાણી થકી બોલતાં,

### મંદાક્રાન્તા

કેવો આજે સજળ ઘરમાં આંખનો ત્યાંય પ્હેરો,
લાગે મિથ્યા દિન શિથિલ એ ભાળશું આ ચહેરો?
તંદ્રા નિદ્રા અલગ સમયે આવતી જે મળેલી,
વાતો પાછી ગડમથલમાં છૂટતી જે કહેલી.

### શિખરિણી

સહારો છે ભાળ્યો, સઢ અનિલ સાથે ફરકતા,
ઊઠે છોળો એવી જલધિભર કાંઠે ઊભરતાં.
દિને આભે જોયાં ખગ કવન ગાતાં વિહરતાં
છતાં ના હો તૃપ્તિ, યુગ સમય સાથે પ્રસરતા.

### મંદાક્રાન્તા

જાવું પાછું અલગ થઈને આવશું લક્ષ્ય સાધી,
કેવું તેનું મુખ ઉગમણું નિશ્ચયો છોડ ત્યાંથી.
સાથે હૈયાં ઉભય સપનાં આવતાં જે સજોડે,
કોની હોવી સમજ સરખી પાછલી સૌ વખોડે.

### શિખરિણી

યથા સાન્નિધ્યે આ અવધિ પણ ભાળે મધુરતા,
હવે આવે ધીમે રજનિ સુણવાને બધિરતા.

## ગઝલ | રીના વી. પરીખ

શ્રદ્ધા-ધરમનાં, લાજ-શરમનાં અલગ અલગ,
સ્ત્રી એના પાલવે ભરે ટાંકા અલગ અલગ.

એ 'હા' કહે તો 'ના' થતી ને 'ના' કહે તો 'હા',
કેવી રીતે કરું હું આ 'હા'-'ના' અલગ અલગ.

તારી છે ડાયરી અને તારું લખાણ છે,
સરખી મહેક આપશે પાનાં અલગ અલગ.

તારા નગરમાં એટલે ભૂલા પડાય છે,
એક જ જગાના હોય છે નક્શા અલગ અલગ.

સાથે રહ્યાં છતાં કદી ભેટી શક્યાં નહીં,
એક જ મકાનના હતા પાયા અલગ અલગ.

જો બહાર કોઈ દૃશ્યમાં વૈવિધ્ય ના રહ્યું,
પ્રત્યેક બારી પર કર્યા પડદા અલગ અલગ.

આળસના, સ્તબ્ધતાના, ઉદાસીના, બીકના,
ભેંકાર મનમાં થઈ ગયાં જાળાં અલગ અલગ.

જો ચીસ કોઈ અવગણું, તૈયારી આપજે,
દરરોજ સાંભળી શકું પડઘા અલગ અલગ.

ગમતાં જ હો બધાં તો એ વાત છે જુદી.
ગમશે જો કોઈ એક, થશે ચર્ચા અલગ અલગ.

# ક્લિનો મારીઓ | પ્રવીણ પંડ્યા

જીમ્મી પટેલની વાઈફે દીકરાનો હવાલો આપી આગ્રહપૂર્વક કહ્યું;
–એ કહે છે તો મંગાવી આપોને
છોકરાઓ ટૅક્નૉલૉજીમાં આપણાથી એડવાન્સ હોય છે
આમ જ નવી નવી ચીજોથી એકવેન્ટ થતાં હોય છે
એના ફ્રૅન્ડ્સને ત્યાં પણ આ હોમ એપ્લાયન્સીસ છે જ
ને આપણે ત્યાં ન હોય તો આપણે બૅકવર્ડ ન લાગીએ?
આ બૅકવર્ડ ન લાગવા માટે તો ‘જયરામ’ જીમ્મી થયો હતો
એટલે હવે પાછા પડવાનો સવાલ જ નહોતો
એણે હાઉસ ક્લીનિંગ રોબો માટે ઑનલાઇન ઑર્ડર પ્લેસ કરી દીધો.
પહેલાં તો એ આખા ઘરમાં
એકેએક ખૂણે ફર્યો
એક એક ચીજ પાસે ઊભા રહી
સરકારની ગાઇડલાઇન પ્રમાણે
જેમ અધિકારી
દેશવાસીની નાગરિકતા ચકાસે
એમ ઓળખાણ માગી
અને પોતાની મેમેરીમાં એની નોંધ કરી,
જેમ સર્વેયર મૅપિંગ કરે
એમ આખા ઘરનું મૅપિંગ કર્યું
હવે આ ઘર
એનાં ફાયબરના દેહમાં અંકાઈ ગયું હતું
કોઈ દેશના નકશાની જેમ.
કૉન્વેન્ટ કલ્ચરમાં મોટા થતા દીકરાએ એનું નામ
ક્લિનો મારિઓ રાખ્યું
અને પછી મલકાઈને કહ્યું;
મારા ફ્રૅન્ડ એલિસે,
એના આ ક્લીનિંગ રોબોનું નામ
સાફર મરામત ખાન રાખ્યું છે!
એ નાઇટમાં ઑટોમૅટિકલી આખા હાઉસને ક્લીન કરશે
પછી પોતાના ચાર્જિંગ સ્ટેશને જઈ ઊભો રહી જશે–
કચરો ડિપૉઝિટ કરશે
પોતા કરવાનું વૉટર જાતે ચેન્જ કરશે
ધિસ ઇઝ ઑસમ!
સહુએ મોંઘેરા મહેમાન ક્લિનો મારિઓનું સ્વાગત કર્યું.
એ રાતના અંધારે પણ ક્યાંય અથડાયા વિના ફરી શકે છે

ફર્નિચરની નીચે જઈને આખા ઘરમાં સાફ-સફાઈ કરી શકે છે,
ક્યારેક અડધી રાતે એનો હુંઅમ્ હૂંઅમ્ એવો રડવાનો અવાજ આવે
એ લાલચોળ થઈ ગોળ ગોળ ફરવા લાગે
ત્યારે દીકરો જાગીને
ખૂબ ચિંતાપૂર્વક એને હાથમાં ઊંચકી લે છે
એના નીચેના ભાગમાં ફસાયેલી બૉલપેનની રિફિલ કાઢીને
પિતા ઉપર ચિડાઈને બોલે છે;
'શીટ યાર પાપા, આમ આ બધું ફ્લૉર પર ન રાખો
યસ્ટર ડે મોમની સેફટી-પિનના કારણે ક્લિનો કન્ફ્યુઝ થયો હતો અને એરર આવી હતી !'
માણસની ભૂલને કારણે મશીનમાં એરર આવે છે!
કેટકેટલી ભૂલોથી ભરેલી છે આ માણસ નામની પ્રોડક્ટ!
હવે ઘરમાં જમીન ઉપર છૂટથી ચીજ-વસ્તુઓ રહી શકતી નથી
બધાની નજર જમીન પર જડાઈ ગઈ છે
સહુ ભૂલ્યા વગર નીચે પડેલી નડતરરૂપ ચીજોને ઉઠાવી લે છે
જેથી ક્લિનો મારિઓને તકલીફ ન પડે!
તકલીફ ત્યારે થઈ જ્યારે ગામડેથી દાદીમા આવ્યાં
સાથે સાથે નાનીમોટી કેટલીયે ચીજ-વસ્તુઓ લાવ્યાં
ભરત-ગૂંથણ કરવાના અણીદાર સોયા
મોતી-કોડીઓ અને દોરાના દડા
કોકડીઓ અને કાતર
સૂડી અને સોપારી
પૂજાની આચમની અને ટબૂડી
કાળા પાંચિકાના શિવલિંગ અને શાલિગ્રામ
પિત્તળનાં નાનકડાં બાળગોપાળ અને નંદી
માળા અને ગૌમુખી
મંદિરે લઈ જવાની પરચૂરણ-
દાદી ગમે ત્યાં ભોંય પર આ બધું ભૂલે
અને ક્લિનો મારિઓ માટે અકસ્માતના રસ્તાઓ ખૂલે
એટલે હુંઅમ્ હૂંઅમ્ કરી એ અડધી રાતે પોક મૂકે !
પૌત્ર દાદી ઉપર ચિડાઈને
શીટ યાર દાદી, શીટ યાર દાદી - જેવાં વેણ કાઢે
દાદીનું કાળજું જાણે કોઈ ધારદાર દાતરડાથી વાઢે.
ગયે વખતે આવ્યાં ત્યારે
એમની પાસે બેસી કલાકો સુધી ફૉક ટેલ્સ સાંભળતો પૌત્ર
હવે દાદીના ખાંસવાથી પણ અકળાતો હતો
દાદી તો દાદી
એ દાદીની એકેએક ચીજ-વસ્તુઓ સામે કતરાતો હતો
દાદીની પૂજાની ઘંટડી

અને પૌત્રની ગિટાર વચ્ચેના ફ્યૂઝનમાં ખટરાગ આવી ગયો
ક્લિનો મારિઓ વિચારે
હું નવાણિયો નાહકનો વચમાં આવી ગયો!
દાદી પોતાનાં ઘરબાર મૂકી પોતરા માટે જ આવતાં હતાં
બાકી એમને મહાનગરનાં હવાપાણી ધોળા ઘરમેય ક્યાં ફાવતાં હતાં?
રસ્તા પર જાય તોય
-ડોશીમા ડોશીમા આઘા ખસો
નહિતર મોટરમાં કચડાઈ જશો-નો કકળાટ
અને હવે ઘરમાંય
ડોશીમા ડોશીમા આઘા ખસો....
પોતાનાને નડતરરૂપ થવાની પીડા જો અસહ્ય હોય છે
તો પોતાનાઓથી દૂર ખસી જવાનું દુઃખ એનાથી પણ વસમું હોય છે
અને એ એથીયે મોટી હૃદયવિદારક વ્યથા તો છે ઘરડાપો
જેમાં સગાવહાલાં-સંતાનો તો ઠીક પણ પોતાનાં અંગોય અનાથ બનાવી મૂકે!
જેમ ક્લિનો મારિઓ રાતના અંધારે કચરા-પોતાં કરે છે
એમ દાદી મુક્તિ માટે માળા ફેરવ્યા કરે છે.
દાદી દીકરાના ઘરમાં છે
પણ પોતરાના મનની બહાર છે
સંબંધોમાં ફેલાતી ચુપકીદી
ચઢી ન શકાય એવો સીધો પહાડ છે,
થોડા દિવસ પછી
-ગામનું ઘર ધૂળ ખાતું હશે
જરી હાથફેરો કરી આવું
ફરીને વળી પાછી આવીશને,
એમ કહી દાદી ગામડે ચાલ્યાં ગયાં.
મોડી રાતે
ઘરમાં કચરા-પોતાં કરતાં કરતાં
ક્લિનો મારિઓ કદાચ દાદીને મિસ કરતો હતો
એના રડવાનો અવાજ સાંભળી પૌત્ર આવ્યો
અટકી પડેલા ક્લિનો મારિઓની તપાસ કરી
તો એની અંદરથી દાદીનાં ભરતકામની ચાર-પાંચ કોડીઓ મળી.
પૌત્ર હાથમાં કોડીઓ રમાડતો ઊભો હતો અડધી રાતે દાદીને યાદ કરતો
દાદી ગામડે અડધી રાતે જાગતી હતી પૌત્રની યાદમાં
ક્લિનો મારિઓ,
બંનેની સ્મૃતિમાં કચરા-પોતાં કરતો કરતો ફર્યા કરતો હતો
રાતભર....

■

# પ્રતિકાર

સંજય ચૌધરી

દૂરથી આવતો અને વધતો જતો ખળભળાટ સંભળાતાં તે સફાળો જાગી ગયો અને ઘરના આગલા ભાગમાં આવેલા તેના ડિજિટલ રૂમમાં પ્રવેશ્યો. અર્ધ-વર્તુળાકાર દીવાલ પરના જુદા જુદા સ્ક્રીન તરફ જોવા લાગ્યો. તેમાં દૂર દૂર આવેલાં સંશોધન માટેનાં ખેતરોમાં ઊંચા ઊંચા અને કતારબંધ ગોઠવેલા વિવિધ પ્રકારના ક્યારા દેખાઈ રહ્યા હતા. કેટલાક ભાગ તરફ ઝીણવટથી જોવા માટે બોલીને આદેશ આપ્યો. તેને થયું કે બહાર આકાશમાં ખળભળાટ હજી વધી રહ્યો છે. તેણે રૂફટૉપમાંથી જોયું તો લાગ્યું કે કાળાં ઘેરાં વાદળોમાંથી આરપાર થવા માટે સૂર્યનાં કિરણો મથી રહ્યાં હતાં. ફરી માવઠું થશે કે શું? વિવિધ ક્યારા પર ગોઠવેલા સ્પ્રિંકલર, ડ્રીપ તથા ફૉગર આપમેળે ચાલુ ના થાય તે માટે કંટ્રોલ ટર્મિનલના માઇકને ઑન કરીને તેણે કમાન્ડ આપ્યો. તરત જ વળતો મૅસેજ આવ્યો, ‘આજથી ત્રણ દિવસ માટે આ તમામ બેડમાં પાણી નહીં આપવામાં આવે.’

પાંચ કિલોમીટર બાય સાત કિલોમીટરના સંશોધન માટેના ખેતર માટેની આગવી ડિજિટલ વૉલ પરના બધા જ સ્ક્રીન સામે જોઈ રહ્યો. વિવિધ છોડ પર ઇન્સ્પેકશન માટે બે દિવસ પહેલાં ઉતારેલા રોબૉટ્સની ટીમ એકધારું કામ કરી રહી છે. કોઈ કોઈ રોબો વચ્ચે વચ્ચે બીજા સામું જોઈને ઇશારા કરી રહ્યા છે તો કોઈ કોઈ રોબો સતત પોતાનું કામ કરી રહ્યા છે. આ વિશાળ ખેતરના અલગ અલગ ભાગનું સ્ટેટસ વાંચવાને બદલે સાંભળવા માટે ટેકસ્ટ ટુ સ્પીચ માટેનું બટન દબાવ્યું. એક પછી એક સૂચનાઓ સંભળાતી રહી. ત્યાં ઘરની ઉપરની બાજુએ એકદમ અવાજ વધી જતાં તેને થયું કે શું ડ્રૉનના પંખાનો (propellers) ફરફરાટ છે? કદાચ ખેતર પરથી ડ્રૉનનું ટોળું પસાર થઈ રહ્યું હોય. અવાજ એકદમ વધતો ગયો. તે આકાશને વિવિધ ઍંગલથી દેખાડતા સ્ક્રીનની નજીક ગયો. તેણે ધ્યાનથી જોયું તો દેખાયું કે તેના ઘર ઉપર જ ડ્રૉન ઊતરી રહ્યાં છે. તેણે કંટ્રોલ સ્ક્રીન પર જોયું તો સંદેશો ઝબકી રહ્યો હતો, “તમે તાત્કાલિક ઘરની બહાર આવો.” તે જરા ચોંકી ગયો. હજી ડગલુંય ભરે તે પહેલાં તો મોટેથી સૂચના સંભળાઈ, “વિનાવિલંબે ઘરની બહાર આવીને દરવાજાની સામેના કિયોસ્ક પાસે ઊભા રહો.”

તે રઘવાયો થઈ ઘરની બહાર આવ્યો અને ઉપર જોયું તો સહેજ ગભરાઈ ગયો. તે મનમાં ને મનમાં બોલી ઊઠ્યો, “આ ડિસ્ટ્રિક્ટ રોબો આજે અહીં ક્યાંથી?” તે તાકીને ઉપર જોઈ રહ્યો.

એક મહાકાય ડ્રૉન પર ડિસ્ટ્રિક્ટ રોબો ઊભો હતો અને તેની આસપાસ વર્તુળાકારે બારેક ડ્રૉન ઊભા હતા. તે દરેક ડ્રૉન પર રોબો કૉપ ઊભા હતા. ડિસ્ટ્રિક્ટ રોબોએ

પોતાના ડ્રૉનને નીચું કર્યું, તેના મકાનના ધાબાની સપાટીએ લાવીને ઊભું રાખ્યું. તેની સાથે સાથે તમામ બારેય ડ્રૉન નીચે આવ્યા. તેમના પંખાના ફરફરાટથી જમીન પરનાં પાંદડાં વગેરે ઊડવા લાગ્યું. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેની સામે તાકીને જોયું અને તેના ઘેઘૂર અવાજમાં જણાવ્યું,

"મહાશય, તમે કેમ વારંવાર પ્રોટોકૉલનો ભંગ કરો છો? તમને અગાઉ એક નહીં બે વાર ફાઈનલ નોટિસ આપવામાં આવી છે. છતાં પણ, તમે કેમ સમજતા નથી?" તે ડિસ્ટ્રિક્ટ રોબોની આંખમાં આંખ મિલાવીને જોઈ ના શક્યો. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેનો અવાજ થોડોક હળવો કરીને કહ્યું, "જુઓ, તમને કૃષિક્ષેત્રે સંશોધન માટે રાષ્ટ્રપતિ દ્વારા બે વાર સર્વોચ્ચ ઍવૉર્ડ મળ્યા છે. બંને વાર તેમના વતી ઍવૉર્ડ એનાયત કરવા માટે હું જ ખાસ આવ્યો હતો. પણ..." થોડીક વાર અટકીને બોલવાનું ચાલુ રાખ્યું,

"મારી સામે જુઓ. તમે શા માટે આ રીતે ફિલ્ડ રોબો સાથે બિનજરૂરી વાત અને ઇશારા કર્યા કરો છો? તમને તો ખબર છે કે માણસો સાથે વાત કરતા રોબોના તમામ સંદેશા તેમ જ ચહેરાના કે શરીરના કોઈ પણ ઇશારાનો અર્થ અમારી સિસ્ટમ થોડીક જ સેકંડમાં પકડી પાડે છે."

તે કંઈક બોલવા માગતો હતો પણ ડિસ્ટ્રિક્ટ રોબોનો તંગ ચહેરો અને ગુસ્સાભરેલી આંખો જોઈ બોલી ના શક્યો અને બે ડગલાં પાછો પડી ગયો.

"ડૉ. રુદ્રદત્ત, તમે આવું ફરી કરશો તો હું આવું કે ના આવું અને માત્ર મારો એક આદેશ જ પૂરતો છે. આ બારમાંથી કોઈ એક જ આવશે. આસપાસના વિસ્તારમાં નિયમ કે પ્રોટોકૉલનો ભંગ કરનાર સાથે તેમણે શું શું કર્યું છે તેની તમને જાણ નથી?"

બાકીના બારેય રોબો કૉપને ઉપર ઊડવાનો ઇશારો કર્યો અને સહેજ હળવેથી બોલ્યો, "ડૉ. રુદ્રદત્ત, તમને ક્લાઈમેટ રેસિસ્ટન્સ ટિસ્યૂ કલ્ચરના સંશોધન માટે અહીં મૂકવામાં આવ્યા છે. તેને આગળ વધારો ને! આખા બ્રહ્માંડને તેની જરૂર છે."

કોણ જાણે કેમ પણ ડ્રૉનનું ટોળું આવ્યું ત્યારના તેના પંખાના અવાજ કરતાં તેઓ ઉપર ઊડ્યા ત્યારે અવાજ વધારે ખળભળાટ કરતો ગયો તેવું તેને લાગ્યું.

તે ત્યાં જ ઊભો ઊભો વિચારવા લાગ્યો. શું છેલ્લા થોડાક દિવસ દરમ્યાન તેણે ફિલ્ડ રોબો સાથે કરેલી વાતો તથા કંટ્રોલ ટર્મિનલ પરથી જે સંદેશાઓ મોકલ્યા હતા તેના કારણે ડિસ્ટ્રિક્ટ રોબો તેની ટીમ લઈને આવ્યો હતો? અને તે પણ આ રીતે વાત કરવા માટે?

*

થોડા મહિનાથી તે અકળાયેલો રહેતો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી લગભગ ચારસો ચોરસ કિમીના આ વિસ્તારમાં તે અને તેનો મિત્ર જ રહેતા હતા. અગાઉ તો કંટ્રોલ ટર્મિનલ પર તેના મિત્રના કોઈ કોઈ વાર સંદેશા આવતા રહેતા હતા. જોકે તમામ સંદેશા એડિટ થયેલા હતા. ત્રણ-ચાર મહિનાથી તેના મિત્રનો એક પણ સંદેશો આવી નથી રહ્યો! શું થયું હશે તેનું? કે પછી તે પણ ચાલી નીકળ્યો હશે બીજી કોઈ ગૅલેક્સી પર કાયમી વસવાટ કરવા માટે?

ત્રણેક દિવસ પહેલાં ફિલ્ડ રોબો આવ્યો હતો. તેને માટે એક મહિનાના ખાવાપીવાનો માલસામાન તથા દવાઓ લઈને. તે અચાનક જ પૂછી બેઠો, “અરે યાર, ત્રણેક વર્ષ પહેલાં તો અમને છૂટ હતી આસપાસના વિસ્તારમાં ફરવાની. હવે તો મારાં ખેતરોની બહાર પણ નથી નીકળી શકતો. જેવો મારા મિત્રને ત્યાં જવા માટે ખેતર બહાર જવા પગ મૂકું છું કે તરત જ રોબો કૉપ તેના ડ્રૉન પર પ્રગટ થઈ જાય છે અને ચેતવણી આપે છે, “તમારા માટે બહાર જવું સુરક્ષિત નથી. તમારા કૅમ્પસની અંદર જતા રહો.”

ફિલ્ડ રોબો તેની સામું જોતો રહ્યો. થોડીક વારમાં બે રોબો કૉપ અલગ અલગ દિશામાંથી પસાર થઈ ગયા.

“મને ખબર છે, તું કશું નહીં બોલે. આજ સુધી તું કશું ખાસ બોલ્યો નથી. માત્ર કામથી કામ. સાવ જ રોબો! થોડા મહિના પછી તો તારો વિસ્તાર પણ બદલાઈ જશે. તારી બદલી થાય તે પહેલાં થોડીક મદદ તો કર મને.”

“તમને બધી જ ખબર છે, ડૉ. રુદ્રદત્ત. પૃથ્વી પરનાં લગભગ બધાં જ કામ હવે રોબો કરે છે. જે પણ માણસનાં બધાં કામ રોબો કરતા થઈ જાય તે માણસનું શું થાય છે તે કોણ નથી જાણતું?”

તે થોડો ઢીલો થઈ ગયો. તેની પાસે જઈને તેના ખભા પર હાથ રાખીને ફિલ્ડ રોબો બોલ્યો, “જુઓ, તમે ચિંતા ના કરો. તમે ક્લાઇમેટ રેસિસ્ટન્સ ટિસ્યૂ કલ્ચરના આધારે વિવિધ પાકનાં બિયારણો તૈયાર કરો છો તેનું જટિલ જ્ઞાન ઍગ્રિકલ્ચરલ રોબોની ચીપમાં હજી સુધી સેટ નથી થતું. આમ તો તમે આ બધું જાણો છો. આ માટેનો ટ્રેનિંગ ડેટા સેટ અને નૉલેજ ગ્રાફ એટલા જટિલ છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું કોઈ પણ એન્જિન તેને સંપૂર્ણ રીતે સમજી શક્યું નથી. બાકી આ રોબો સરકાર તમને પણ એક દિવસ...”

તે બોલી રહે તે પહેલાં તેણે જોયું તો ઉપર ચાર રોબો કૉપ ધીમી ગતિએ તેમના ડ્રૉન પર બેસીને પસાર થઈ રહ્યા હતા. ફિલ્ડ રોબોએ તેમની સામું પોતાનો હાથ હલાવ્યો.

એકદમ ગંભીર બની જઈને ફિલ્ડ રોબો બોલ્યો, “મારે એક ખાસ વાત કહેવી જોઈએ. અમારી રોબોની જનજાતિમાં મારા જેવા રોબો સૌથી જૂની ટૅક્નૉલૉજીના બનેલા છે. બાયૉલૉજિકલ મટીરિયલના વિકાસ પછી તો છેલ્લાં પાંચ-સાત વર્ષમાં બની રહેલા રોબોના શરીરનાં તમામ અંગો માણસોના શરીર જેવાં છે અને તેમની માફક જીવન જીવે છે. તમે જે ખાસ અનાજની વેરાયટી તૈયાર કરો છો તેના આધારે આ રોબોનો ખોરાક તૈયાર થાય છે.” સહેજ અટકી જઈને બોલ્યો, “તેઓ યુવાન થશે એટલે એકમેક સાથે તથા જરૂર પડ્યે માણસો સાથે પણ સમાગમ કરશે. આ પેઢીના રોબો પોતે જ પોતાની વસતિ વધારતા જશે.” થોડી વાર માટે બંને એકમેકની સામે જોઈ રહ્યા.

“ડૉ. રુદ્રદત્ત, તમે સમજી શકો છો કે આ નવી પેઢીના જૈવિક રોબોને અમારી જૂની પેઢીના મિકૅનિકલ રોબોને સાચવવાનું નહીં ગમે.”

તે ફિલ્ડ રોબોને પૂછી બેઠો, “ધ્યાનથી સાંભળ. તું કોઈક રીતે આ આખા વિસ્તારનું નેટવર્ક બંધ થઈ જાય તેવું ના કરી શકે? માત્ર પંદરેક મિનિટ માટે. તેટલી વારમાં આ કૅમ્પસમાંથી બહાર નીકળી જઈ ડોકિંગ સ્ટેશન પહોંચી જઈશ અને એકાદ ડ્રૉનને ઍક્ટિવેટ કરી લઈશ અને પલાયન થઈ...”

તેને અટકાવીને ફિલ્ડ રોબો બોલ્યો, "મને લાગે છે કે આપણી આ વાતોનો સારાંશ હેડ ક્વાર્ટરના કંટ્રોલ રૂમમાં પહોંચી ગયો હશે. મને આ બાજુ મોકલશે તો હું આવીશ. નહીંતર..." તેટલું બોલતાં ફિલ્ડ રોબોનો અવાજ રડમસ થઈ ગયો. તે રુદ્રદત્તની સામું જોયા વિના તરત જ તેના ડ્રૉનની ઝડપ વધારીને આકાશમાં અદશ્ય થઈ ગયો.

*

બેત્રણ દિવસ પછી તેની લૅબના મોટા સ્ક્રીન પર વીડિયો ક્લિપ્સ જોતો હતો. તે યાદ કરી રહ્યો કોવિડ ૧૯ મહામારીના દિવસોને. તે દિવસોમાં તેનાં લગ્ન થયાં હતાં અને હનીમૂનના દિવસો બરાબર માણે તે પહેલાં જ કોવિડ મહામારીએ દુનિયાનો ભરડો લીધો હતો. તે પછીનાં દસેક વર્ષમાં તો મૅન્યુફૅક્ચરિંગ, સપ્લાય ચેઇન, લૉજિસ્ટિક્સ તથા ટ્રાન્સપૉર્ટેશન જેવાં ક્ષેત્રોમાં ડ્રૉન અને રોબોનો ઉપયોગ વધવા લાગ્યો હતો. તે પોતાની રિસર્ચ લૅબમાં પણ જાતે ઍસેમ્બલ કરેલા રોબોનો ઉપયોગ કરવા લાગ્યો હતો. પ્લાન્ટ ટિસ્યૂના વિવિધ સેમ્પલો પર જાતજાતનાં કુદરતી રસાયણોનો છંટકાવ કરવા માટે ડ્રૉનનો ઉપયોગ કરતો અને રોબો વિવિધ ડ્રૉનનું સંચાલન કરતા. તેણે તૈયાર કરેલાં પ્લાન્ટ ટિસ્યૂ કલ્ચર આગવાં હતાં. એક દિવસ તે તેની રિસર્ચ લૅબમાં કામ કરતો હતો ત્યાં તેની પર હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીમાંથી ફોન આવ્યો, "ડૉ. રુદ્રદત્ત, તમે બને તેટલા જલદી દિલ્હી આવો અને સેન્ટ્રલ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર તરીકેનો ચાર્જ સંભાળી લો."

*

તેનાં લગ્નનાં લગભગ બારેક વર્ષ પછી દીકરીનો જન્મ થયો હતો. તેને લઈને ફરવા નીકળે ત્યારે ઠેર ઠેર જોવા મળતા રોબો દીકરીને દેખાડતો. ટ્રાફિક જંકશન પર ઊભેલા ટ્રાફિક રોબો, આઇસક્રીમ વેચતા રોબો, બગીચામાં બાળકોની ટ્રેન ચલાવતા રોબો, સલૂનમાં નાનાં બાળકોના વાળ કાપતા રોબો, વિમાન ઉડાડતા રોબો. દીકરી કાલીઘેલી ભાષામાં પૂછતી રહેતી, "ડેડી, આ બધા રોબોના મમ્મી-પપ્પા ક્યાં છે?"

તે વખતની સરકારોને માણસોની વફાદારી તથા કાર્યક્ષમતા પ્રત્યે અવિશ્વાસ વધતો ગયો હોય કે કેમ પણ ડિફેન્સ, લૉ ઍન્ડ ઑર્ડર, સંશોધન, ટ્રાન્સપૉર્ટેશન વગેરે ક્ષેત્રોને લગભગ રોબોના હવાલે જ કરી દીધાં હતાં. થોડા થોડા દિવસે ટીવી તથા સોશિયલ મીડિયાની ચૅનલો પર એક જ વાતની ચર્ચાઓ ચાલ્યા કરતી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના જમાનામાં કંપનીઓ વિવિધ ક્ષેત્રોનાં કામો માટે અલગ અલગ પ્રકારના વિશિષ્ટ રોબો તૈયાર કરી રહી છે. જે તે ક્ષેત્રનું જ્ઞાન રોબોની ચીપ્સમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી રહ્યું છે. ટૂંક સમયમાં રોબો માણસોની માફક જ બોલતા થઈ જશે તથા પોતે જ પોતાને રિચાર્જ કરી શકશે. તેમને માણસો પર ખાસ આધાર રાખવો નહીં પડે.

તેની દીકરીના શાળાપ્રવેશની ઉજવણી માટે તે ત્રણેય જણા મંગળ પર જઈ આવ્યા હતા. તે અવકાશયાનને ઉડાડનાર રોબો વિશે તેની દીકરીએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું હતું કે, "બેટા, હવેની દુનિયા બાયૉલૉજી, મેડિસિન અને એન્જિનિયરિંગના સમન્વયની છે. તને ગમે તો આવા વિષયો ભણજે."

*

કોવિડ ૧૯ પછી પંદેરક વર્ષે આવેલી નવી મહામારી દરમ્યાન માણસો તથા રોબોએ સાથે મળીને સરકાર બનાવી હતી. સંયુક્ત સરકારના કાર્યકાળમાં એક પછી એક વિકરાળ મહામારીની આગાહીઓ સતત આવ્યા જ કરતી હતી. ટીવી તથા મીડિયાની ચર્ચાઓ સાંભળતાં સાંભળતાં તે વિચારતો કે શું આવી વાતો સરકાર અને કંપનીઓ સાથે મળીને તેમના નિષ્ણાતો દ્વારા ફેલાવી રહી છે? જેને આર્થિક રીતે પરવડે તેમ હતું તેવા લોકો અવકાશયાનમાં બેસીને બીજા ગ્રહો પર સ્થળાંતર કરી રહ્યા હતા. તેની પત્ની અને તેણે સાથે મળીને નક્કી કર્યું કે દીકરીના ભવિષ્ય માટે બીજી ગૅલેક્સીના ગ્રહ પર જઈને સ્થાયી થવું અને તે માટે તેણે એડવાન્સમાં બુકિંગ કરાવી દીધું.

સંયુક્ત સરકારની રચનાનાં દસેક વર્ષમાં તો રોબોએ માણસોને મંત્રીમંડળમાંથી કાઢી મૂક્યા અને પોતાની સરકાર રચી દીધી. બીજા ગ્રહ પર જવા માટે તેણે રિસર્ચ લૅબમાંથી રાજીનામું આપ્યું ત્યારે રોબો સરકારના વડાએ તેની સાથે વીડિયો કૉલ કરીને કહ્યું હતું, “ડૉ. રુદ્રદત્ત, તમે વિશિષ્ટ સંશોધક છો. આ વિશ્વને તમારા જ્ઞાનની જરૂર છે. કેટલાંક વર્ષો તમે અમારી સાથે રહો અને તમારું જ્ઞાન અન્ય સંશોધકો સાથે મળીને વિકસાવો.”

તેણે પત્નીને સમજાવી. “જો, તમે બંને અત્યારે શાંતિથી નીકળો અને બીજા ગ્રહ પર જઈને ધીરે ધીરે ગોઠવો. અહીં રિસર્ચનાં પરિણામ બરાબર આવે એટલે તરત જ હું તમારી પાસે આવી જઈશ.” તેની પત્ની તથા દીકરીને જ્યારે તે અવકાશયાનમાં મૂકવા ગયો ત્યારે તેમની સામે એકીટશે નજરે જોતો જોતો સાવ સૂનમૂન થઈને ઊભો રહેલો. તેને થયું કે આંસુ જાણે કે બહાર નીકળવાને બદલે અંદર ઊતરી ગયાં હતાં.

*

પત્ની અને દીકરી અન્ય ગ્રહ પર પહોંચી ગયાં તે પછી બે-ત્રણ વર્ષ સુધી તેમની સાથે નિયમિત રીતે વીડિયો દ્વારા અને તે પછી સંદેશાઓ દ્વારા આપ-લે થયા કરતી હતી. અન્ય ગ્રહો પર અનાજ, ફળ, શાકભાજી મોકલી શકાય તે પ્રકારની આગવી વેરાયટી તૈયાર કરવા માટે પ્લાન્ટ ટિસ્યૂ કલ્ચર અંગે વિશેષ સંશોધન માટે વિશાળ જગ્યાની જરૂરિયાત હોવાથી રોબો સરકારે તેની લૅબ તથા તેને અહીં દૂરના સ્થળે ખસેડી દીધાં હતાં. તે ઘણી વાર વિચારતો રહેતો. મારી લૅબને ખસેડતાં પહેલાં મને પૂછવામાં પણ ના આવે? રોબો સરકાર માટે મારા જેવા માણસનું આટલું જ મહત્ત્વ?

*

એક નવી મહામારીની શરૂઆત થતાં જ માણસો જાણે કે અદશ્ય થઈ ગયા કે રોબો સરકારના તંત્રએ તેમને અદશ્ય કર્યા તેની આજ સુધી કોઈને ખબર પડી નથી. છેલ્લાં દસેક વર્ષથી તે અને તેની રિસર્ચ લૅબ અહીં જ છે.

રિસર્ચ ફાર્મમાં ફરતાં ફરતાં કે ડિજિટલ રૂમમાં બેઠાં બેઠાં તે વિચારતો રહેતો, “હવે તો મિત્રનો પણ સંદેશો આવતો નથી કે નથી તેને મળવા જઈ શકતો. અત્યારે દુનિયામાં માણસો હશે તોપણ કેટલા હશે? અને તે પણ ક્યાં ક્યાં હશે? માણસોને શોધવા હોય તો કેવી રીતે શોધવા?”

અચાનક તેના મનમાં વિચાર આવ્યો. હવે મોટા ભાગનો ખોરાક રોબો માટે જ તૈયાર થતો હોય તો તમામ પ્રકારના પાક નિષ્ફળ જાય તેવું ના કરી દઉં? તે પોતે અંદરથી ધ્રૂજી

ગયો. શું આ જ એકમાત્ર રસ્તો રહ્યો છે? કમને પણ ભવિષ્યની બેચના ટિસ્યૂ કલ્ચર કોઈ પણ વાતાવરણમાં ટકી ના શકે તે માટે ફૉર્મ્યુલાઓ બદલી નાંખવા માટે સિસ્ટમમાં કમાન્ડ આપ્યા. તરત જ સ્ક્રીન પર સંદેશા આવવા લાગ્યા. “તમારા દ્વારા સુધારેલી તમામ ફૉર્મ્યુલા અગાઉની માન્ય ફૉર્મ્યુલા કરતાં મૂળભૂત રીતે અલગ અને ખોટી છે. તેને રિજેક્ટ કરવામાં આવે છે.” તે ચોંકી ગયો. મારા જ્ઞાનના આધારે તૈયાર કરેલી પદ્ધતિ હવે મને ખોટો સાબિત કરી શકે છે! તો હવે આ તંત્રને કેટલા દિવસ મારી જરૂર રહેશે?

*

તે ઊભો થયો અને થોડાં વર્ષો પહેલાં તેની પત્નીના આવતા રહેતા સંદેશા ડિજિટલ આર્કાઇવમાંથી શોધી કાઢ્યા. કંટ્રોલ ટર્મિનલ પર તે સંદેશાઓના નેટવર્ક રૂટને ચકાસવા લાગ્યો. અલગ અલગ કમાન્ડ આપીને તે કલાકો સુધી તેના સંદેશાઓ નેટવર્કમાં આગળ જાય તે માટે મથતો રહ્યો. પત્નીના જૂના સંદેશાના જવાબ મોકલવા માટે પ્રયત્નો કરતો રહ્યો. કદાચ એકાદ સંદેશો તેની પત્ની સુધી પહોંચી જાય! તેના તમામ સંદેશા નેટવર્કમાંથી રિજેક્ટ થઈ રહ્યા છે અને તે સંદેશા ના મોકલે તેવા ચેતવણી દર્શાવતા જવાબ સ્ક્રીન પર આવતા રહ્યા. થોડીક વારમાં તેનું કંટ્રોલ ટર્મિનલ લૉક થઈ ગયું. તેની પર સંદેશો આવ્યો, “તમે ફરીથી પ્રોટોકૉલનો ભંગ કર્યો છે. આ અક્ષમ્ય ગુનો છે.” તે બીજું કશુંય વિચારે તે પહેલાં તેના ઘરની ઉપર મહાકાય ડ્રૉનના પંખાનો ફરફરાટ એકદમ વધી ગયો. તેને ડિસ્ટ્રિક્ટ રોબોનો ઘેઘૂર અને કડક અવાજ સંભળાયો, “તમે તાત્કાલિક ઘરની બહાર આવીને દરવાજાની સામેના કિયોસ્ક પાસે ઊભા રહો.” તે ઘરની બહાર જઈને ઊભો રહ્યો. ડિસ્ટ્રિક્ટ રોબોએ તેના માથા સામે બરાબર તાકીને લેઝર ગન ધરી. તે સહેજ પણ હલ્યા વગર ડિસ્ટ્રિક્ટ રોબો તેની ગનની ટ્રિગર દબાવે ત્યાં સુધી તેની આંખોમાં બરાબર તાકીને ઊભો રહ્યો.

■

**(૧૯~૨૧ ડિસેમ્બર દરમિયાન સાવરકુંડલા મુકામે યોજાયેલ ૩૫મા જ્ઞાનસત્રની બેઠકો જોવા માટે આ QR કોડ સ્કેન કરો.)**

# ભૂખ

રાજુલ ભાનુશાલી

"અમ્મી, સવારના મને ભી વહેલા જગાડી દેજે. હું ભી અબ્બુ સાથે જઈશ." ઈમરાન હળવેકથી બોલ્યો. એના માથા પર ફરતો સાયરાનો હાથ થંભી ગયો. એની આંખમાંથી વહેતાં આંસુ બંધ થવાનું નામ નહોતાં લેતાં. પણ ઈમરાન શાંત હતો. હોઠની આજુબાજુ હજુ ઘણા સોજા હતા. એને કેટલી પીડા થતી હશે તે વિચારીને સાયરાનું હૃદય બેસી જતું હતું. એણે ઈમરાનને છાતીસરસો ચાંપી દીધો.

'મેરા લાડલા.' એ બોલી.

સાયરાને થોડાક કલાકો અગાઉનું દૃશ્ય યાદ આવ્યું. અહેમદ ઘેર નહોતો. ઈમરાન એકદમ બેકાબૂ થઈ ગયો હતો. એ પગ પછાડીપછાડીને ખાવાનું માંગી રહ્યો હતો. ઘરમાં કશું જ નહોતું. બે દિવસથી એના પેટમાં અન્નનો એક્કેય દાણો ગયો નહોતો. સાયરાને પોતાની લાચારી પર ખૂબ ગુસ્સો આવી રહ્યો હતો.

"આજે અબ્બુ કુછ ન કુછ જરૂર લાવશે, આવતા જ હશે જો.." એણે ઈમરાનને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ આઠદસ વર્ષનું બાળક એટલુંય નાદાન ન હોય કે એને સરળતાથી ફોસલાવી શકાય.

"અકીલના અબ્બુને કામ મળ્યું તો મારા અબ્બુને કેમ નથી મળતું?" એનું મોઢું ફૂલી ગયું હતું.

"અકીલની અમ્મીએ આજે ચાવલ પકાવેલા અને બધાએ પેટ ભરીને ખાધેલા એવું એ કહેતો હતો." આ બોલતી વખતે ઈમરાનના પેટમાં વળ ખાતી ભૂખ એની આંખોમાંથી ડોકાઈ રહી હતી.

સવારના પાડોશમાં રહેતો રઝાક પીઠ પર કટ્ટો લાદીને લઈ આવેલો એ સાયરાએ જોયું હતું. તો એ કટ્ટો ચાવલનો હતો! અત્યારે આ ઘડીએ એની નજર સામે સવારે જોયેલું એ દૃશ્ય ફરી ઊપસી આવ્યું. ઓછામાં ઓછા પચ્ચીસેક કિલો તો હશે જ! આટલા બધા ચાવલ એને ક્યાંથી મળ્યા હશે? છેલ્લા કેટલાક દિવસોથી વખત ખરાબ ચાલી રહ્યો હતો. ચારે બાજુ લાયલાય લાગી હતી. આવામાં મજૂરી તે ક્યાંથી મળે? રોજ કમાઈને રોજ ખાવાવાળાની માઠી દશા બેઠી હતી. અહેમદ કેટલાય દિવસથી "ફિકર નહીં કરતી. ઇન્શાલ્લાહ, આજે તો કંઈક મેળ થઈ જ જશે. આતા હું," કહીને સવારે ઘરેથી નીકળતો તે રાત્રે ખાલી હાથ પાછો આવતો. બે દિવસથી તો ઈમરાને પણ કશું જ નહોતું ખાધું. અહેમદ આજે પણ સવારથી નીકળ્યો હતો. 'એ આવે તો ક્યાંકથી બે ચમચી શહેદ લઈ

આવી દે..' સાયરાના મનમાં સાંજથી આ જ વિચાર વારંવાર આવી જતો ને એ વારંવાર આસમાન તરફ જોઈને દુઆ માંગી લેતી. એનાથી તો અત્યારે બહાર નીકળી શકાય એમ હતું જ નહીં. શહેદ મળી ગયું હોત તો ઇમરાનને ચટાડી શકાયું હોત. એને થોડીઘણી તો રાહત મળતે!

"યા અલ્લાહ, રહેમ કર." ફરી એક વાર એ બબડી.

આજની રાત જાણે કે કયામતની રાત હતી. ચોતરફ સૂનકાર હતો. સિતારા પણ આજે વધુ ફિક્કા લાગી રહ્યા હતા. સાયરાએ આંખો મીંચી દીધી. ગાલ પર આંસુઓના ડાઘા પડી ગયા હતા. હાથપગ સુન્ન થવા લાગ્યા હતા. તંદ્રામાં ન જાણે કેટલો સમય વીતી ગયો. બિસ્તર પર પોઢેલા ઇમરાને પડખું ફેરવ્યું. અચાનક એની આંખો ખૂલી ગઈ. ત્રણેક દિવસ પહેલાં ભરબજારે પેલા માણસને બુકાનીધારી વ્યક્તિએ છરો હુલાવી દીધેલો તે એણે પોતાની આંખે જોયેલું. એ પછી આખો દિવસ ઊલટીઓ કરીકરીને અધમૂઈ થઈ ગયેલી. એ દિવસ પછી પોતે ઘરની બહાર નહોતી નીકળી. અત્યારે પણ ફરી એક વખત એની આંખ સામેથી તે દૃશ્ય પસાર થઈ ગયું. એને થયું કે જાણે પોતે જિન્દા નથી. એણે હાથ હલાવવાની કોશિશ કરી. એવું લાગ્યું કે હાથ છે જ નહીં. પેલા માણસની જેમ એ પણ પણ ક્યાંક.. એણે ફરી એક વાર જોરથી હાથ હલાવવાનો પ્રયત્ન કરી જોયો. હાથ હલ્યો, પછી પગ. ધીમે ધીમે આખું શરીર શરીરમાં પાછું ફર્યું. એ જિન્દા હતી! એણે ઇમરાનના માથે હાથ મૂક્યો. ઇમરાનની આંખો બંધ હતી. હૃદય પરનો ભાર હવે પોપચાં પર પણ વર્તાઈ રહ્યો હતો. ભારેખમ થઈ ગયેલાં પોપચાંને એણે જોરથી ભીંચ્યાં અને ખોલ્યાં. અહેમદ આવે એટલે એને કહીશ કે સવારે રઝાકભાઈજાનને પેલા કટ્ટા વિશે પૂછે.

"સૂઈ ગયો બેટા?" સાયરાએ હળવેકથી પૂછ્યું, પરંતુ ઇમરાને જવાબ ન આપ્યો. એના ગુલાબી ગાલ ધોળી પૂણી જેવા થઈ ગયા હતા. થઈ જ જાયને! બે બે દિવસ બાળકને અન્નનો એક દાણો ખાવા ન મળે તો એ ફિક્કું થઈ જ જવાનું ને? આ સિતારાઓની માફક! અડધાથી ઉપરની રાત વીતી જવા આવી હતી પણ હજુ અહેમદ આવ્યો નહોતો. એ આવે ને દરવાજે ટકોરા મારે તો એના અવાજથી ઇમરાન જાગી ન જાય એની સાયરાને ફિકર થઈ. એ દરવાજાની પાસે જઈને બેસી ગઈ જેથી અહેમદ આવે તો તરત દરવાજો ખોલી શકાય. સાયરાને સમજાઈ રહ્યું હતું કે કદાચ આજે પણ કશો મેળ નથી થઈ શક્યો! અહેમદ સાજોસારો પાછો આવી જાય તોય ઘણું. આ વિચાર આવતાં જ એ થથરી ગઈ. સમય એવો હતો કે અફવાઓ બધે જ દાવાનળની માફક ફરી વળતી અને વચ્ચે જે આવે એને અડફેટે લઈ લેતી. આસમાન ધુમાડાથી અંધારાતું રહેતું. દિવસનાય જાણે રાત પડી ગઈ હોય એવું લાગતું.

"સાયરા.." બારણું વીંધીને અહેમદનો દબાયેલો સ્વર અંદર આવ્યો. સાયરાએ ઝડપથી ઊભા થઈને દરવાજો ખોલ્યો. અહેમદ હજુ અંદર આવ્યો ન આવ્યો ને તે એને વીંટળાઈને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. અહેમદે બેચાર ક્ષણ એની પીઠ પસવાર્યા કરી.

"આજે કંઈ મેળ નથી થઈ શક્યો. ઇન્શાઅલ્લાહ, કાલે પાક્કું કુછ ન કુછ લઈ આવીશ." એણે સાયરાને સાંત્વના આપવાનો પ્રયત્ન કર્યો.

"અહેમદ, ઇમરાન.." સાયરાથી માંડ આટલું બોલી શકાયું.

"શું થયું?" એ દોડીને ઊંઘતા ઇમરાન પાસે ગયો અને એના શરીર પર હાથ ફેરવવા લાગ્યો. ઊંઘમાંય ઇમરાનના ઊંહકારા શમ્યા નહોતા. એનું ધ્યાન ઇમરાનના સોજી ગયેલા હોઠ પર ગયું. હોઠની આજુબાજુની મુલાયમ ચામડી પણ તતડી ગઈ હતી.

"આ શું થયું?" અહેમદના અવાજમાં રહેલી કડકાઈથી સાયરા કંપી ઊઠી.

"વો...વો..." એના મોઢામાંથી શબ્દો નહોતા નીકળી રહ્યા.

"અબ બકો ભી.. શું થયું મારા દીકરાને?" ઇમરાનના અવાજમાં હવે ફિકર ભળી.

સાયરા એના પગ પાસે બેસી ગઈ.

"વો.. વો.. મીર્ચ.." એ માંડ માંડ બોલી શકી.

"વો.. વો.. ક્યા?" અહેમદને સમજાઈ નહોતું રહ્યું કે સાયરા શું કહી રહી છે!

"એણે.. એણે.. મીર્ચ ખાઈ લીધી." ડૂસકાં શમવાનું નામ નહોતાં લઈ રહ્યાં તોય સાયરા બોલે જતી હતી.

"આજે અકિલના ઘરે ચાવલ બન્યા હતા. બધાએ પેટ ભરીને ખાધું. અકિલે જ ઇમરાનને કહ્યું. મેં સવારના રઝાકભાઈજાન પીઠ પર કટ્ટો લાદીને લઈ આવેલા એ જોયેલું. ત્યારે મને સમજાયું નહોતું કે એ કટ્ટામાં શું છે. પણ ઇમરાને ચાવલની વાત કહી ત્યારે સમજાયું. પછીથી જ્યારે હું ગુસલખાનામાં ગઈ હતી ત્યારે એણે મીર્ચ ખાઈ લીધી. બીજું કશું તો ઘરમાં હતું નહીં."

અહેમદ પણ રડી પડ્યો. એણે ઇમરાનના કપાળ પર હાથ મૂક્યો. કપાળ ખાસ્સું ગરમ હતું. સાયરાની વાત હજુ પૂરી નહોતી થઈ.

"માંડ હમણાં એની આંખ લાગી છે. આખો દિવસ પીડાથી પગ પછાડતો રહ્યો, પણ રડ્યો નહીં. કહેતો હતો અકિલના અબ્બુને કામ મળી ગયું તો મારા અબ્બુને કેમ નથી મળતું?" આટલું બોલવામાં સાયરાને હાંફ ચડી ગઈ.

અહેમદ ઊઠ્યો અને નલકામાંથી પાણીનું પવાલું ભરીને સાયરાને આપ્યું. સાયરાએ બે ઘૂંટડા પાણી પીધું.

"આપ સવારના રઝાક ભાઈજાનને મળજો અને પૂછજો કે ચાવલ ક્યાંથી મળ્યા." પછી સાયરા તો ચૂપ થઈ ગઈ પણ ઘરમાં એનાં ડૂસકાં અને ઇમરાનના ઊંહકારાના પડઘા મોડે સુધી પડતા રહ્યા. અહેમદ નાનકડી બારીમાંથી આસમાનને જોતો રહ્યો. ચાંદ પશ્ચિમની તરફ ઊતરી ગયો હતો. કોઈ પણ ઘડીએ એનો રંગ લાલ થઈ જશે અને એ છુપાઈ જશે. લાલ રંગ. મીર્ચનો રંગ પણ લાલ જ હોય છે ને! અહેમદનું મન ઇમરાનની પીડા વિશે વિચારીને ફરી આહત થઈ ગયું. સવાર પડે એટલે રઝાક સાથે વાત કરવાનું એણે નક્કી કર્યું.

રાત તંદ્રામાં પસાર થઈ રહી હતી. છેવટે દરેક વસ્તુ ધીમે ધીમે કુમળા તડકામાં ડૂબવા લાગી. એ જ કુમળા તડકાએ બારીમાંથી ઘરમાં પગપેસારો કર્યો અને અહેમદની આંખ ખૂલી ગઈ. દિવસ ઊગી ગયો હતો. સાયરા બાજુમાં નહોતી. ઇમરાન હજુ સૂતો હતો. એના હોઠનો અને આજુબાજુનો ભાગ હવે કાળો પડી ગયો હતો. એ આજે વધુ કમજોર

લાગી રહ્યો હતો. એની મોટી મોટી આંખો પર પડેલાં પોપચાંમાં જાણે સો મણનો ભાર હોય અને એ એનાથી ખમાતો ન હોય તેમ એનો આખો ચહેરો તંગ હતો. અહેમદના કપાળ પરથી પસીનાના રેલા ઊતરી રહ્યા હતા. એને લાગ્યું જાણે લાલ મીર્ચ ખાવાથી જે બળતરા થાય એવી બળતરા સૂરજમાંથી નીકળી રહી છે અને પોતે એમાં બળી રહ્યો છે. એ ઊભો થઈ ગયો. ગુસલખાનામાં જઈને મોઢા પર પાણીની બેચાર છાલક મારી. કોગળા કર્યા અને બે ઘૂંટડા પાણી પીધું. સાયરા પાણીનો લોટો લઈને બહાર ઊભી હતી. એણે જોયું કે અહેમદે નલકામાંથી જ પાણી પી લીધું છે એટલે એ ચૂપચાપ ત્યાંથી પાછી વળી ગઈ. અહેમદ દરવાજા પાસે આવ્યો. જૂતામાં પગ નાખતાં એણે બૂમ પાડી, “હું રઝાકને ત્યાં થતો આવું..” અને બહાર નીકળી ગયો.

સાયરાની આંખોમાં આશાનાં આંજણ અંજાયાં. એ આવીને દરવાજા પાસે બેઠી.

“યા અલ્લાહ, રહેમ કર.” એણે ફરી એક વાર દુઆ કરી. રઝાક ભાઈજાન પાસેથી કંઈક જાણકારી તો મળશે જ. એણે આવેલા વિચારને વારંવાર ઘૂંટ્યા કર્યો.

* * *

રૂમાલની નાનકડી પોટલી હળવેકથી થડા નીચે સરકાવી અહેમદ માથું નીચે કરીને ઊભો રહ્યો.

ઇશાક શેઠે પોટલી ઉપાડી. કાલે રાત્રે જ્યારે પાડોશમાં રહેતો રઝાક ચાવલનો કટ્ટો પીઠ પર લાદીને લઈ આવેલો એવું સાયરાએ કહેલું ત્યારે પહેલાં તો અહેમદને નવાઈ લાગેલી. આવા માહોલમાં રઝાકને આટલા બધા ચાવલ ક્યાંથી મળ્યા હશે! કંઈક કામ મળ્યું હશે. પોતાનેય બે દાણા કમાઈ શકાય એનો કંઈક રસ્તો મળશે એ વિચારીને સવાર સવારમાં જ એ રઝાકના ઘરે પહોંચી ગયેલો.

“પેલી નુક્કડ પર ઇશાક શેઠની દુકાન છેને ત્યાં અપની બહાદુરીની વારતા બયાં કરવાની અને ચાવલનો કટ્ટો લઈ આવવાનો.” બોલતાં રઝાક ખંધું હસેલો.

પોતે એક પણ શબ્દ બોલ્યા વિના ઊભો થઈ ગયેલો.

“સાથમેં સબૂત લે જઈઓ મિયાં,” પાછળથી રઝાકનો અવાજ અહેમદની પીઠ પર અથડાયો હતો. અહેમદને લાગ્યું જાણે એની પીઠ પર સોળ ઊપસી આવ્યા છે. એ ઝડપથી ત્યાંથી રવાના થઈ ગયેલો.

એને હજુ પણ નહોતું સમજાઈ રહ્યું કે એના શહેરમાં આ શું થઈ રહ્યું હતું! જોકે અત્યારે તો ઇશાક શેઠ ચાવલ આપશે એવી આશાથી એમની સામે ઊભો હતો. ‘એક બાચકો પંદરેક દિવસ ચાલી જશે. ત્યાં સુધી અહીંથી નીકળવાની કંઈક વ્યવસ્થા તો થઈ જ રહેશે.’ વિચારતાં એણે આંખોના ખૂણેથી ઇશાક શેઠ તરફ નજર કરી.

“ઔરત! વૈસે ઉંગલી જિંદા થી તભી કાટીં યા મારને કે બાદ?” ઇશાક શેઠે આંખ મીંચકારતાં પૂછ્યું.

“જિંદા થી તભી માલિક..” અહેમદ સાચવીને બોલ્યો. અવાજમાં સહેજ પણ કંપ આવી જાય અને ઇશાક શેઠ ચાવલ આપવાની મનાઈ કરી દે તો!

“કાફીર..” બોલતાં ઇશાક થૂંક્યો.

"વહાં અંદર હૈ. પચાસકા લે જા.." ઈશાકે ગોદામ તરફ આંગળી ચીંધી.

અહેમદ ગોદામની અંદર આવ્યો. જલદી ઘરે પહોંચવું હતું. એને સાયરાની ચિંતા થઈ રહી હતી. એની આંગળીમાંથી ઘણું લોહી વહી ગયેલું. એણે પચાસ કિલોનો કટ્ટો ઉપાડીને પીઠ પર લીધો અને બહાર આવ્યો.

ઈશાક હજુય પેલી પોટલીથી રમી રહ્યો હતો. અહેમદની નજર થડા પર પડેલા જૂના છાપાની થપ્પી પર પડી. પહેલા પાના પર દેખાતા ગુંબજના ફોટા પર નજર પડી ન પડી અને એણે ફેરવી લીધી.

"અલ્લાહાફિસ.." બોલીને એ ઝપાટાબંધ ત્યાંથી રવાના થઈ ગયો.

■

રાજ્યપ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહીં પણ થોડેઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે. અને તેથી એ પ્રયોગોની મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી. પણ મારા આધ્યાત્મિક પ્રયોગો, જે હું જ જાણી શકું અને જેમાંથી મારી રાજ્યપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પણ ઉદ્ભવી છે, તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું. જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં તો ફૂલણશીને સ્થાન જ નથી. એમાંથી તો કેવળ નમ્રતાની જ વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# વિષાદ ઉપનિષદ

મૂળ અંગ્રેજી લેખક : ભારતી મુખરજી * અનુવાદ : નીતા શૈલેશ

(તારીખ : ૨૨મી જૂન, ૧૯૮૫ના રોજ કૅનેડાના ટોરોન્ટોથી ભારત જવા નીકળેલી કનિષ્કના નામની ઍર ઇન્ડિયાની ફ્લાઇટ નંબર ૧૮૨ આયર્લૅન્ડના દરિયાકાંઠે પહોંચતાંમાં ધડાકાભેર તૂટી પડી. એમાં ૩૨૯ નિર્દોષ લોકોનાં મોત થયાં. આમાં મોટા ભાગના કૅનેડિયન ભારતીયો હતા. આ દુર્ઘટના માટે કૅનેડિયન સરકારની નબળી સુરક્ષાવ્યવસ્થા અને ખાલિસ્તાનીઓનું કાવતરું જવાબદાર હતાં. આ વાર્તાની નાયિકા એવી સ્ત્રીના વિષાદનું વર્ણન કરે છે જેનો પતિ અને બે બાળકો એ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યાં છે. નાયિકા અને એની જેવી અનેક વ્યક્તિઓ આ પરિસ્થિતિનો સામનો કરી અને પોતાનાં જીવન નવેસરથી ગોઠવવાના પ્રયત્નો કરે છે. આ વાર્તા એમનાં સગાંવહાલાંઓની આશા-નિરાશા વચ્ચે ઝૂલતી એમની જિંદગીનું સંયત કલમે હૃદયંગમ વર્ણન કરે છે. વાર્તાનું ઝીણવટભર્યું વાંચન કરનારાને એનું મૂળ શીર્ષક Management of Grief સાર્થક લાગશે. ગુજરાતી મૂળનાં, હાલ કૅનેડામાં વસતાં જાણીતાં અનુવાદક નીતા શૈલેષે 'પરબ'ની ખાસ વિનંતીને માન આપીને આ અનુવાદ કરી આપ્યો છે એ માટે એમનો આભાર : સંપાદક.)

એક અજાણી સ્ત્રી મારા રસોડામાં દેશી ઢબે ચા બનાવી રહી છે. ઘણી બધી અજાણી સ્ત્રીઓ મારા રસોડામાં ગુસપુસ કરતી હરફર કરી રહી હતી. એ લોકો બધા ડ્રૉઅર ખોલ-બંધ કરતા'તા, મારા સ્ટોરરૂમમાં ખાંખાં-ખોળાં કરતા'તા, પણ કોઈ ચીજ ક્યાં મૂકી હશે એ માટે મને ન પૂછવું પડે એવો પ્રયત્ન કરી રહ્યા'તા. એ લોકો મને મારા દીકરાના બાળપણની યાદ અપાવતા હતા, ખાસ કરીને મધર્સ ડેની અથવા તો વિક્રમ અને હું ખૂબ થાક્યા હોઈએ ત્યારે છોકરાઓ જાડી જાડી, ઢંગધડા વગરની આમલેટો જાતે બનાવી લેતા. મને જાણે મારાં પોતાનાં બાળકોનો અવાજ સંભળાતો જ ન હોય એવો ડોળ કરીને હું પથારીમાં પડી રહેતી.

ઇન્ડો-કૅનેડિયન સોસાયટીના ખજાનચી ડૉ. શર્મા મને ઓરડાની બહારના હૉલ-વેમાં ખેંચી લઈ ગયા, એમને જાણવું છે કે મને પૈસાની કંઈ ચિંતા તો નથી ને. એમનાં પત્ની હજી હમણાં જ બેઝમેન્ટમાંથી ખાલી કપ અને ગ્લાસની ટ્રે લઈને ઉપર આવ્યાં હતાં, એમણે ડૉ. શર્માને છણકો કરતાં કહ્યું, "બિચારી શ્રીમતી ભાવેને આ બધી ફાલતુ વાતો કરીને હેરાન ન કરો." એમનું પેટ એટલું મોટું દેખાતું હતું કે જાણે ડૉક્ટરે આપેલી તારીખ ઉપર દિવસો ચડી ગયા હોય. મેં એને કહ્યું કે એણે વજનદાર ચીજો ન ઊંચકવી જોઈએ. એણે હસતાં હસતાં કહ્યું, "શૈલા, આ પાંચમું છે." પછી એણે એક બાર-પંદર

વર્ષના છોકરાને એના શર્ટની ચાળથી પોતાના તરફ ખેંચ્યો. એ છોકરાએ પોતાના માથા પરથી વૉકમૅન નીચે સરકાવ્યું. એ પેલીનાં ચાર બાળકોમાંથી જ એક હોવો જોઈએ, એ બંનેનાં કપાળ એકસરખાં ઉપસેલાં અને ખરબચડાં હતાં. માએ સવાલ કર્યો, “સ્પેશિયલ બુલેટિન બહાર પડ્યું?” પેલા છોકરાએ ફરીથી હેડફોન્સ ચડાવી દીધા. “મા, એ લોકો ઉડાઉ વાત કરે છે. એ લોકો કહે છે કે આ એક અકસ્માત હોઈ શકે છે કે પછી કોઈ આતંકવાદીનો બૉમ્બ.”

આખી સવાર છોકરાં ગણગણ્યા કરતાં’તાં, ‘શીખ બૉમ્બ, શીખ બૉમ્બ.’ પુરુષો એ શબ્દો વાપર્યા વિના જાણે એ લોકો સાથે સહમત હોય એમ પોતાનાં માથાં ધુણાવ્યા કરતા’તા. એ શબ્દ બોલે એટલે શ્રીમતી શર્મા પોતાનું કપાળ કૂટ્યા કરતાં’તાં. ચાલો, એટલું તો સારું થયું કે એ લોકોએ હવે અવકાશી કાટમાળ અને રશિયન લેઝર વિશે તો વાત કરવાનું બંધ કર્યું.

રસોડામાં બે રેડિયા પર અલગ અલગ સ્ટેશનો વાગતાં’તાં. ઉપલા માળની બેડરૂમોમાંથી કોઈક એ રેડિયા નીચે લાવ્યું હોવું જોઈએ. જ્યારથી બાથરોબ પહેરેલી કુસુમ મારા ઘરની ઘાસવાળી લૉન પર દોડતી દોડતી મારી પાસે આવી ત્યારથી હું દીકરાઓની રૂમોમાં ગઈ નથી. મેં જ્યારે દરવાજો ખોલ્યો ત્યારે એ એવી વિચિત્ર દેખાતી’તી કે મને હસવું આવી ગયેલું.

નાનકડા રૂમના મોટા ટીવી પર અમેરિકન ચૅનલો અને કેબલનાં સ્ટેશનો બદલાયા કરતાં’તાં.

એક પુરુષ કડવાશથી ગાળ બોલી ઊઠ્યો, “જાણે કશું જ ન થયું હોય એમ આ ધર્મગુરુઓ કેવી રીતે આ બકવાસ ચલાવ્યા કરતા હશે?” મારે એને કહેવું’તું કે, આપણું એટલું મહત્ત્વ જ નથી. તમે એના દર્શકોને જુઓ, એમના આ ભૂરા ડગલાવાળા ધર્મગુરુને અને એના સુંદર સફેદ વાળને જુઓ, ભૂરા આકાશ નીચે વાવેલા ખજૂરીના ઝાડને જુઓ, એ લોકોને કોઈ વાતની પડી જ નથી.

ફોન સતત રણક્યા કરે છે. ડૉ. શર્માએ મામલો સંભાળી લીધો છે. એ કહ્યે રાખે છે, “અમે એની સાથે જ છીએ. ડૉક્ટરે એને શાંત પાડવાની ગોળીઓ પણ આપી દીધી છે. હા, હા, એ ગોળીઓની અસર પણ થઈ રહી છે.” મને નવાઈ લાગે છે કે શું ખરેખર આ ગોળીઓથી શાંતિ મળતી હશે! શાંતિ નથી, આ તો મૃત્યુની સ્તબ્ધતા છે. હું હંમેશાં મારી લાગણીઓ પર કાબૂ રાખી શકું, પણ એને દબાવી રાખી શકતી નથી. અવાજો મારા સુધી પહોંચે છે પણ મારું શરીર તંગ થઈ ગયું છે, હું બૂમો પાડવાની તૈયારીમાં છું. મારી આજુબાજુ થઈ રહેલા આ અવાજો મને સંભળાય છે. મને મારા દીકરાઓ અને વિક્રમની બૂમો સંભળાય છે, “મમ્મી, શૈલા!” અને પેલા હેડફોન્સની જેમ એમની બૂમો મને વીંટળાઈ વળે છે.

પેલી સ્ત્રી પાણી ઉકાળતાં ઉકાળતાં એની વાત વારંવાર કર્યા કરે છે, “સૌથી પહેલાં મને સમાચાર મળ્યા. તમે માનશો? સવારના છ વાગ્યા પહેલાં મારા કઝીને હેલિફેક્સથી ફોન કર્યો’તો. એ સવારના પ્રાર્થના કરવા ઊઠ્યો’તો અને એનો દીકરો મેડિકલમાં એડમિશન મેળવવા માટેની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. અને એણે એક રોક સંગીતની ચૅનલ પર

સાંભળ્યું કે કોઈક પ્લેનને કંઈક થયું'તું. એ લોકોએ કહ્યું કે પહેલાં એ રડાર પરથી ગુમ થઈ ગયું, જાણે કે કોઈ મોટા રબરે એની નજીક જઈને એને ભૂંસી ન નાંખ્યું હોય. એના પપ્પાએ મને ફોન કર્યો, એટલે મેં એને કહ્યું, 'કંઈક અશુભ થયું છે? એટલે તું શું કહેવા માંગે છે? અપહરણ થયું છે એવું કહેવા માંગે છે?' અને એણે કહ્યું, "બહેન, હજી સુધી કોઈ વાતની ખાતરી નથી થઈ. પણ તારા પાડોશમાં તપાસ કર, કારણ કે એનાં ઘણાં આ પ્લેન પર હોવાં જોઈએ. એટલે મેં બિચારી કુસુમને તરત જ ફોન કર્યો; મને ખબર હતી કે કુસુમના પતિ અને એની દીકરીએ ગઈકાલે જવા માટેનું બુકિંગ કરાવ્યું'તું."

કુસુમ મારી જ ગલીમાં, પણ સામેની બાજુએ રહે છે. એને અને સતીશને અહીં રહેવા આવ્યાને હજી એક મહિનો પણ થયો નથી. એ લોકો કહેતા'તા કે એમને મોટી જગ્યાની જરૂર હતી. આ બધા જ લોકો, શર્માનું કુટુંબ અને ઇંડો-કૅનેડા સોસાયટીના અન્ય મિત્રો એ લોકોના નવા ઘરની પાર્ટીમાં આવ્યાં હતાં. સતીશ અને કુસુમે જાતે જ ઘરની ગેસ-ગ્રિલ પર તંદૂરી બનાવ્યું'તું. બધા ધોળિયા પાડોશીઓએ પણ પોતાની ડિશો ભરી-ભરીને લાલ, શેકાયેલા, રસ-સભર ચિકનની મજા માણી હતી. એમની નાની દીકરીએ નૃત્ય કર્યું હતું અને અમારા દીકરાઓએ પણ ટીવી પર ચાલતી સ્ટેનલી કપની મૅચ છોડીને, કમને પણ હાજરી આપી હતી. બધાએ પોતાનાં આલબમો માટે અને સામાજિક અખબારો માટે ફોટા પણ પાડ્યા હતા – અમારામાંના એક પરિવારે ટોરન્ટોમાં સારું નામ કાઢ્યું હતું – હવે મને નવાઈ લાગે છે કે એમાંના કેટલાક ખુશખુશાલ ચહેરાઓ હવે કાયમ માટે જતા રહ્યા હશે! કુસુમ મને પૂછતી હતી, "જો ભગવાને બધું પાછું જ લઈ લેવું હોય તો એ આપણને આ બધું આપતો જ કેમ હશે?"

મેં ડોકું ધુણાવ્યું. શેતરંજી મઢેલા દાદરા પર અમે નાનાં બાળકોની જેમ એકબીજાનો હાથ પકડીને બેઠાં હતાં. મેં કહ્યું, "મેં એને એક વાર પણ નહોતું કહ્યું કે હું એને પ્રેમ કરું છું." મારો ઉછેર એક સારા ઘરની સ્ત્રીની જેમ થયો હતો. એટલો સારી રીતે કે મને મારા પતિને નામ દઈને બોલાવવાનું પણ યોગ્ય લાગતું નહોતું.

કુસુમે કહ્યું, "કંઈ વાંધો નહીં, એ જાણતા જ હતા. મારા પતિને પણ ખાતરી હતી. એ લોકોને પ્રતીતિ હતી. આ નવા જમાનાની છોકરીઓએ એવું કહેવું પડે, કારણ કે એ લોકોની લાગણીઓ બનાવટી હોય છે."

કુસુમની દીકરી પેમ એક બગલથેલામાં થોડી વસ્તુઓ લઈને દોડતી આવી. એણે હજી સુધી એનો મેકડોનાલ્ડ્ઝનો ડ્યૂટીનો યુનિફૉર્મ જ પહેરેલો હતો. "મમ્મી, તારે તૈયાર થઈ જવું જોઈએ." એ અધીરાઈથી બોલી, એ થોડી ચિડાયેલી પણ હતી. "થોડી જ વારમા એક રિપોર્ટર અહીં આવી પહોંચશે."

"શા માટે?"

"તારે આ તારા બાથરોબમાં જ એની સાથે વાત કરવી છે?" એ એની માના લાંબા વાળ ઓળવા લાગી. આ એ જ છોકરી હતી જે હંમેશાં કંઈક ને કંઈક તકલીફ ઊભી કર્યા કરતી. એ કૅનેડિયન છોકરાઓ સાથે ફર્યા કરતી અને મૉલમાં ભટકતી રહેતી, ચુસ્ત સ્વેટરો ખરીદતી. પેમની દૃષ્ટિએ એની નાની બહેન બહુ ડાહી-ડમરી હતી; અરે, એનો

અવાજ પણ એટલો મીઠો હતો કે જ્યારે ઇથિયોપિયાના રાહતફંડ માટે ભજન ગાયેલ ત્યારે મારા કંજૂસ પતિએ પણ સો ડૉલરનો ચેક લખી આપેલો, એ પણ પેલા પ્લેનમાં હતી. એ દાદા-દાદી સાથે જુલાઈ-ઑગસ્ટની રજાઓ ગાળવાની હતી. પેમને જવું જ નહોતું એટલે એણે કહ્યું'તું કે એના કરતાં તો એ મેકડોનાલ્ડ્ઝમાં વેઇટ્રેસની નોકરી કરશે. એ એમ પણ કહેતી, "જો મુંબઈ અને વન્ડરલૅન્ડમાંથી એકની જ પસંદગી કરવાની હોય તો હું વન્ડરલૅન્ડ જ પસંદ કરું."

કુસુમે બૂમ પાડી, "મને એકલી છોડી દે. તને ખબર છે મારે હમણાં શું કરવું છે? જો મારે તને સાચવવાની ન હોય ને તો હું હમણાં જ ગળે ફાંસો ખાઈ લઉં."

પેમનો યુવાન ચહેરો દર્દથી ઝંખવાઈ ગયો. "થૅન્ક્સ! હું ક્યાં તને રોકું છું."

સગર્ભા શ્રીમતી શર્માએ પેમને શાંત પાડી, "તારી માને એકલી છોડી દે. શ્રીમાન શર્મા રિપોર્ટરોનું ફોડી લેશે અને ફૉર્મ્સ પણ ભરી દેશે. એ લોકોને જે કહેવાનું હશે એ પણ એ જ કહી દેશે."

પેમ અટકી નહીં. "તમને એમ છે કે મને ખબર નથી કે મમ્મી શું વિચારી રહી છે? પેલી કેમ જતી રહી, એ જ એ વિચારે છે. આ કેટલી વિચિત્ર વાત છે! મારી નાની બહેન જીવતી રહી હોત અને હું મરી ગઈ હોત તો સારું, એવું મારી મમ્મી ઇચ્છે છે."

કુસુમનો ગરમ ધ્રૂજતો હાથ મારા હાથમાં હતો. અમે દાદરા પર જ બેસી રહ્યાં.

એ જ્યારે પણ આવતી એ પહેલાં મને ફોન કરીને પૂછતી કે મારે કોઈ વસ્તુની જરૂર છે? એનું નામ જુડિથ ટેમ્પલટન છે અને એ રાજ્ય સરકારમાં નોકરી કરે છે. મેં એને સવાલ કર્યો, "બહુસાંસ્કૃતિક વિભાગમાં'?" એણે કહ્યું, "થોડા ઘણા અંશે એમ કહી શકાય. પણ આમ જુઓ તો અમારું કાર્યક્ષેત્ર ખાસ્સું વિસ્તૃત છે." એણે કહ્યું, "મને એવું કહેવામાં આવ્યું છે કે પ્લેન પરના ઘણા લોકોને તમે ઓળખતા હતા. તમે કદાચ અન્ય લોકો સુધી પહોંચવામાં મને મદદ કરી શકો...?"

એણે મને ચાનું પાણી મૂકવા અને બેઠકખંડ ઠીકઠાક કરવાનો સમય આપ્યો. કુસુમના ઘરની પાર્ટીમાંથી વધેલા થોડા સમોસા મારી પાસે હતા, મને થયું, લાવ, થોડા તળી નાંખું. પણ પછી તરત જ થયું, મારે શા માટે આ મુલાકાત લંબાવવી જોઈએ?"

એના અવાજ પરથી લાગતી હતી એના કરતા તો હકીકતમાં આ જુડિથ ટેમ્પલટન ઘણી યુવાન છે. એ ભૂરો સૂટ, સફેદ શર્ટ અને ટપકાંવાળી ટાઈ પહેરે છે. એના સોનેરી વાળ કાપીને ટૂંકા કરેલા છે, ઘરેણાંમાં એણે માત્ર મોતીની લટકતી બુટ્ટી પહેરેલી છે. એની કોર્ડોવાન બ્રીફકેસ ચમકતા ચામડાની બનેલી છે અને એ મોંઘી હશે એવું લાગે છે. એ એની બૅગને ખોળામાં રાખીને બેઠી. એ જ્યારે ઘરની આગલી બારીમાંથી બહાર રસ્તા પર જોઈ રહી હતી ત્યારે એની આછી ભૂરી આંખોમાં જાણે એના કૉન્ટેક્ટ લેન્સ તરી રહ્યા હોય એવું લાગતું હતું.

મેં એને પૂછ્યું, "મારી પાસેથી તમને કેવી મદદ જોઈએ છે?" એણે ઔપચારિકતાથી ચા લેવાની ના પાડી. પણ મેં આગ્રહ કર્યો, ચા સાથે થોડાં વાસી બિસ્કિટનો પણ.

એણે કબૂલ કર્યું, "મને કોઈ અનુભવ નથી. જોકે હું એમ.એસ.ડબલ્યુ. ભણી છું, અને મેં અકસ્માતના ભોગ બનેલાઓ સાથે કામ પણ કર્યું છે. પણ, આટલી મોટી દુર્ઘટનાનો મને કોઈ અનુભવ નથી."

મેં પૂછ્યું, "કોને હોય?"

"-અને તેમાંય પાછી સંસ્કૃતિ, ભાષા અને રીતરિવાજોની ગૂંચવણો." કોઈકે કહ્યું, "શ્રીમતી ભાવે થાંભલા જેવાં અડીખમ છે, એટલે કે, તમે આની સાથે વધારે સ્વસ્થતાથી કામ પાર પાડી રહ્યા છો."

એ આગળ ઝૂકી અને એણે મારો હાથ પકડવાની ચેષ્ટા કરી એટલે કદાચ મારી ભ્રમરો વંકાઈ હશે. "શ્રીમતી ભાવે, હું આશા રાખું છું કે તમે મારા કહેવાનો અર્થ સમજી શકો છો. તમારી જેમ જ આ શહેરમાં સેંકડો લોકો આ દુર્ઘટનાનો ભોગ બન્યા છે. એમાંના અમુકને તો ઇંગ્લિશ બોલતાંય આવડતું નથી. એવીય કેટલીક વિધવાઓ છે કે જેમણે ક્યારેય પૈસાનો કોઈ વહીવટ કર્યો નથી અથવા બસમાં મુસાફરી કરી નથી. અને કેટલાંક વૃદ્ધ મા-બાપો છે જેમણે હજી સુધી કંઈ ખાધું પણ નથી, અરે, હજી સુધી તેઓ પોતાના બેડરૂમમાં પુરાઈ રહ્યાં છે. અમુક ઘરો અને ઍપાર્ટમેન્ટોમાં લૂંટફાટ થઈ છે. અમુક પત્નીઓ તો હજીય સનેપાતની અવસ્થામાં જ છે. અમુક પતિઓને ઊંડો આઘાત લાગ્યો છે અને તેઓ પરમ વિષાદની અવસ્થામાં છે. અમારે મદદ કરવી છે, પણ અમારા હાથ બંધાયેલા છે. અમારે અમુક લોકોને પૈસા વહેંચવા છે, એનાં કાનૂની કાગળિયાં પણ છે – આ બધું જ થઈ શકે એમ છે. અમારી પાસે દુભાષિયા પણ છે. પણ દર વખતે અમે એ લાગણી ક્યાંથી લાવીએ? શ્રીમતી ભાવે, અમારે ચૂક નથી કરવી, અને એટલે જ અમે તમારી મદદ માંગી રહ્યા છીએ."

મેં કહ્યું, "તમે એમ કહેવા માંગો છો કે, હવે વધારે ભૂલો નથી કરવી, બરાબર ને?"

એણે જવાબ આપ્યો, "પોલીસને લગતી વાતો મારા હાથમાં નથી હોતી."

મેં કહ્યું, "હું કંઈ પણ કરું એનાથી કોઈ ફરક પડવાનો નથી. અમારે બધાંએ અમારી પોતપોતાની રીતે જ આ દુ:ખ જીરવવાનું છે."

"પણ તમે ઘણી સ્વસ્થતાથી એમ કરી રહ્યાં છો. બધા લોકો કહે છે કે, શ્રીમતી ભાવે બધામાં સૌથી વધારે મજબૂત છે. કદાચ બીજા લોકો તમને જુએ, તમારી સાથે વાત કરે, તો કદાચ એમને થોડી રાહત મળે."

"મિસ ટેમ્પલટન, તમે જે લોકોને સનેપાત થયો છે એમ કહો છો, એ લોકોની સરખામણીમાં તો હું બહુ વિચિત્ર, બહુ ખરાબ વર્તન કરી રહી છું. મારે એમને કહેવું છે કે મારી ઇચ્છા છે કે હું ચીસો પાડું, અન્નનો દાણોય મોંમાં ન મૂકું, ઓન્ટારિયો સરોવરમાં ચાલતી જતી રહું, એકાદ પુલ પરથી કૂદી પડું. એ લોકો કંઈ મને પ્રેરણારૂપ નથી ગણતા. હું પોતે પણ મારી જાતને આદર્શ તરીકે નથી સ્વીકારતી.

"હું વિચિત્ર છું. જે કોઈ વ્યક્તિ મને ઓળખતી હશે એ હું આવું વર્તન કરી શકું એવું વિચારતી પણ નહીં હોય. આ ભયાનક જડતા મારામાંથી ક્યારેય નહીં જાય."

એણે મને પૂછ્યું કે અમારે બધાંએ જે લાંબી મુસાફરીએ જવાનું છે, ત્યાંથી પાછા ફર્યા બાદ શું એ મને ફોન કરી શકે છે? મેં કહ્યું, "હાસ્તો, હા, ગમે ત્યારે કરજોને."

ચાર દિવસ બાદ કુસુમને મેં એક ખડક પર પલાંઠી મારીને બેઠેલી જોઈ, એ આયર્લૅન્ડના અખાત તરફ તાકી રહી હતી. એ કંઈ બહુ મોટો ખડક નહોતો, માત્ર એની ટોચ પાણીની સપાટીની ઉપર દેખાતી હતી. બસ, અમે એ લોકોની આટલા નજીક જ જઈ શકવાનાં હતાં. જૂન મહિનાના પવનની લહેરખીને કારણે એની સાડીમાં હવા ભરાઈને ફુગ્ગા જેવી થઈ ગઈ હતી, અને એના ઘૂંટણ સુધીના વાળનો ચોટલો ખૂલીને વિખેરાઈ ગયો હતો. ભરતીને કારણે જાણે કોઈ દરિયાઈ પ્રાણી ફસાઈને રઘવાયું થઈ ગયું હોય એવો એનો દેખાવ હતો.

કુસુમ મારા ઘરની લૉન પર અથડાતી, કુટાતી, બૂમો પાડતી દોડી આવી હતી, એ વાતને હવે એક સો કલાક થઈ ચૂક્યા હતા. હૉસ્પિટલમાં રાહ જોતાં જોતાં અમે કેટલીય વાતો સાંભળી હતી. પોલીસો, રાજદૂતો અમને વાતો કર્યા કરતા'તા, એમને લાગતું કે અમે મજબૂત છીએ. એ લોકોને એમ હતું કે વધુ જાણકારી અમને દુઃખ સહન કરવામાં મદદ થશે. કદાચ એમ થતુંય હશે. મને ખબર છે કે અમુક લોકો અજાણ રહેવાનું પસંદ કરતા હોય છે, અથવા તો એ લોકો પોતાને જે માનવું હોય એ માને છે. એ લોકો કહે છે કે પ્લેનના બે ટુકડા થઈ ગયા હતા. બધાં તરત જ બેભાન થઈ ગયાં હશે. કોઈએ કોઈ યાતના ભોગવવી નહીં પડી હોય. મારા દીકરાઓએ ત્યારે જ સવારનો નાસ્તો પતાવ્યો હશે. એ લોકો બંનેને પ્લેન પર ખાવાનું ગમતું, એમને નાનકડી થાળીઓ અને છરી-કાંટા બહુ જ ગમતા. ગયા વરસે તો એ લોકોએ પ્લેનમાંથી મળેલી મીઠા-મરીની ડબ્બીઓ પણ સાચવી રાખી હતી. અડધો જ કલાક સલામત પસાર થઈ ગયો હોત તો એ લોકો હિથરો પહોંચી ગયા હોત.

કુસુમ કહે છે કે આપણે આપણા નસીબમાં જે લખ્યું હોય એ ભોગવવું પડે છે. એ કહે છે કે પ્લેનમાંના એ બધા જ લોકો – અમારા પતિ, મારા બંને દીકરા, એની કોકિલકંઠી દીકરી, એ બધા જ હિન્દુઓ, ખ્રિસ્તીઓ, શીખો, મુસલમાનો, પારસીઓ અને નાસ્તિકો – એ બધાના ભાગ્યમાં આ સુંદર અખાત પર એકસાથે જ મરવાનું લખ્યું હતું. ટોરન્ટોના એક સ્વામી પાસેથી એને આ જાણવા મળ્યું હતું.

તો મારી પાસે મારી ઊંઘની ગોળીઓ, વેલિયમ હતી.

અમે છ 'સંબંધીઓ' – બે વિધવા અને ચાર વિધુર – એ હૉસ્પિટલમાં બેસીને મરેલાના ફોટા જોવા કરતાં આખો દિવસ આ પાણી પાસે જ બેસી રહેવાનું જ પસંદ કર્યું. હવે એ લોકો અમને 'સંબંધીઓ' કહે છે. એ લોકો અમારા તરફ ખૂબ સહાનુભૂતિ દર્શાવે છે, આઇરિશ લોકો બહુ સમજુ છે. કોઈ વાર આ સમજણ એટલે પ્રવાસીઓને મફતમાં પેલા અખાત સુધી બસમાં લઈ જવાની સગવડ કરી આપવી, જેથી કરીને અમે અમારા પ્રિયજનોને પારદર્શક મોજાંમાં કે વિવિધ આકારનાં વાદળોમાં જોઈ શકીએ.

હું અહીં ને અહીં મરી પણ જઈ શકું, અને તેય સંતોષપૂર્વક.

"ત્યાં, પેલું શું છે?" એ ત્યાં ઊભીઊભી હાથ ઊંચાનીચા કરે છે અને એક ક્ષણ માટે મને મોજાંની વચ્ચે ડૂબકાં ખાતા માથાનો એક આકાર દેખાયો. એ પાણીમાં એક પથ્થર ઉપર ઊભી છે. ભરતીનાં પાણી ઊતરી ગયાં છે અને મોજાંની ઉપર એક ગોળ, કાળો, માથાના કદનો પથ્થર દેખાય છે. એ પાછી ફરે છે, એની સાડીમાંથી પાણી નીતરે છે અને એનું મોઢું આશાને કારણે બદલાઈ ગયું છે; જેવું સો કલાક પહેલાં મારું હતું એવું જ – હું હજી હસતી'તી – મને ખબર હતી કે આવો કોઈ કારમો કરુણ પ્રસંગ જ કોઈ એક રવિવારની સવારના છ વાગ્યામાં બે સ્ત્રીઓને એકબીજાની નજીક લાવી શકે. એનું મોં ખાલીપાથી લબડી પડ્યું હતું.

એણે લંબાવીને કહ્યું, "શૈલા, આ પાણીમાં આપણો મોક્ષ તરત થઈ જશે."

મેં કહ્યું, "એવું ન થાય. આપણે આપણો વારો આવે એની રાહ જોવી પડે."

મેં ચાર દિવસથી ખાધું નથી, મેં મારા દાંત પણ સાફ કર્યા નથી.

એણે કહ્યું, "મને ખબર છે. હું મારી જાતને કહું છું કે, મને શોકાતુર થવાનો હક્ક જ નથી. એ લોકો આપણા કરતાં વધારે સારી જગ્યાએ છે. અમારા સ્વામીજી કહે છે કે, મારે એમના માટે આનંદ અનુભવવો જોઈએ. અમારા સ્વામીજી કહે છે કે, આપણે વિષાદ અનુભવીએ એ તો આપણા સ્વાર્થીપણાની નિશાની છે."

કદાચ હું સ્વાર્થી છું. સ્વાર્થી બનીને હું કુસુમથી છૂટી પડીને દોડી જાઉં છું. સેન્ડલથી પાણી ઉડાડતી હું પાણીની કોરે પથ્થર પર જતી રહું છું.

મારા બંને દીકરા કાટમાળની નીચે દટાયેલા ન હોય તો? એ લોકો એક માઈલ ઊંડા પાણીમાં ભૂરા ખડક હેઠળ દબાયેલા ન હોય તો? આટલાં જોરથી મોજાં ઊછળે છે, ને કદાચ...

હવે મેં મારી એક સારી સાડી ખરાબ કરી નાંખી. ઘૂંટણ સમાણાં પાણીમાં કુસુમ પણ મારી પાસે આવી ગઈ છે, મને તો આ પાણી સ્વિમિંગ પુલ જેવું લાગે છે. હું પાણીમાં સ્વસ્થ રહી શકું છું, મારા પતિ મારા હાથ પકડતા હોય અને મારા દીકરાઓ મારા મોઢા પર પર પાણી ઉડાડે – ખાસ એ જોવા માટે કે હું કેવી બૂમાબૂમ કરું છું.

"કુસુમ, તને યાદ છે – મારા દીકરાઓ કેવા સરસ તરવૈયા હતા?"

એણે કહ્યું, "મેં મેડલો જોયા છે."

પેલા વિધુરોમાંના એક, મોન્ટ્રિયલના ડૉ. રંગનાથન ચાલીને અમારા તરફ આવે છે, એમણે એમના જોડા એક હાથમાં પકડેલા છે. એ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છે. હોટલમાં કોઈકે કહ્યું'તું કે એમના કામને લીધે એ સમગ્ર વિશ્વમાં જાણીતા છે, ફિઝિક્સ અને ઇલેક્ટ્રિસિટીનું કંઈક સાથે હોય એવું. એમણે એમના પરિવારના ઘણા સભ્યો ગુમાવ્યા છે, વર્ણન ન કરી શકાય એટલા. ડૉ. રંગનાથને સૂચવ્યું, "જો નસીબદાર હોય તો કોઈ સારો તરવૈયો કોઈ ટાપુ પર સલામતીપૂર્વક પહોંચી પણ શકે. અહીં આજુબાજુ એટલા બધા ખડકો છે કે એવું બને એ શક્ય છે."

મેં ડૉ. રંગનાથનને મારા મોટા દીકરા વિનોદની વાત કરતાં કહ્યું, "તમે માત્ર કહેવા ખાતર તો નથી કહેતા ને? એ તો ગયા વરસે ડાઇવિંગ પણ શીખતો હતો."

એમણે કહ્યું, "મા-બાપની ફરજ છે કે એ લોકો આશા રાખે. જ્યાં સુધી બધી જાંચ-પડતાલ પૂરી ન થાય ત્યાં સુધી નિરાશ થવાનું કોઈ કારણ નથી. મેં જાતે પણ આશા છોડી નથી."

કુસુમ ફરીથી ધ્રુસકે ચડી ગઈ. એમણે પોતાનો બીજો હાથ કુસુમના બાવડા પર મૂકીને કહ્યું, "અરે બહેન."

પછી એમણે મને પૂછ્યું, "વિનોદની ઉંમર કેટલી છે?" એ પણ બોલવામાં અમારા સૌની જેમ જ સાવચેત હતા – 'છે', 'હતી' નહીં.

"ચૌદ. ગઈકાલે એ ચૌદનો થયો હોત. એના પપ્પા અને કાકા એને તાજમાં લઈ જવાના હતા અને એની વર્ષગાંઠની મોટી ઉજવણી કરવાના હતા. હું એ લોકો સાથે ન જઈ શકી, કારણ કે મને મારી નક્કામી નોકરીમાંથી જૂન મહિનામાં બે અઠવાડિયાંની રજા ન મળી શકી." હું એક ટ્રાવેલ એજન્ટને ત્યાં બિલ પ્રોસેસ કરવાનું કામ કરું છું. જૂનમાં ઘણા લોકો ભારત જતા હોય છે.

ડૉ. રંગનાથને એમના સૂટના જૅકેટનાં ખિસ્સાં બહાર ખેંચીને ઉલટાવી નાંખ્યાં. એમાં ચીમળાયેલાં ગુલાબ હતાં. ગુલાબી રંગનાં ઘેરાં ગુલાબ પાણી પર તરવા લાગ્યાં. એ ગુલાબ એમણે કોઈના બાગની વંડીની વેલ પરથી તોડ્યાં'તાં. અને એ માટે એમણે માલિકની રજા પણ નહોતી લીધી. પણ હવે અહીંના સ્થાનિક અખબારમાં એ વિશે એક લેખ પણ આવ્યો છે – એમાં કહેવામાં આવ્યું છે કે, જો તમે કોઈ ભારતીયને જુઓ તો એને ફૂલો આપજો.

એમણે કહ્યું, "ચૌદ વરસનો મજબૂત યુવાન પોતાને તેમ જ પોતાનાથી નાનાને ય સલામત સ્થળે ખેંચી લઈ જઈ શકે."

મારા દીકરાઓની ઉંમરમાં ચાર વરસનો તફાવત હતો, પણ એ લોકો એકબીજાની ખૂબ જ નજીક હતા. વિનોદ ક્યારેય મિથુનને નિરાશ ન કરે. જોકે આમ તો એ મૂર્ખામીભર્યું જ લાગે પણ મેં વિચાર્યું કે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગને કારણે આ માણસને બ્રહ્માંડના મહત્ત્વનાં રહસ્યો વિશે કદાચ વધારે ખબર હશે, ખાસ એવાં રહસ્યો જે મારા કામનાં હોય. રાહતથી મારું માથું હળવું થઈ ગયું. અને કદાચ એટલે જ મારા દીકરાઓના ફોટા જેમના મૃતદેહો મળી ગયા હોય એમના ફોટાને ગૅલરીમાં નથી મૂક્યા. મેં કહ્યું, "કેવાં સુંદર ગુલાબ છે."

"મારી પત્નીને ગુલાબી ગુલાબ ખૂબ ગમતાં. મારે દર શુક્રવારે ગુલાબી ગુલાબનો ગુચ્છ ઘરે લાવવો જ પડતો. અને હું એને કહેતો, આપણાં લગ્નને વીસથીય વધુ વરસ થઈ ગયાં હોવા છતાં હજી તને શા માટે મારા પ્રેમનો પુરાવો જોઈએ છે? એમણે એમનાં પત્ની અને ત્રણ બાળકોને ઓળખી બતાવ્યાં હતાં. અને મોન્ટ્રિયલના અન્ય પરિવારોને પણ, જે બધા સાથે જ હતા, અને એમનામાંથી કોઈ પણ બચ્યું નહોતું. પછી એ ફિક્કું હસ્યા અને કિનારા તરફ ચાલવા લાગ્યા. પછી એકાએક મારા તરફ ફરીને એમણે મને પૂછ્યું, "શ્રીમતી ભાવે, તમારે તમારા પ્રિયજનો માટે ગુલાબ પધરાવવાં છે? મારી પાસે હજી બે મોટાં ગુલાબ બચ્યાં છે."

પણ મારી પાસે બીજી વસ્તુઓ હતી જેને મારે તરતી મૂકવી હતીઃ વિનોદનું ખિસ્સામાં સમાઈ જાય એવું કેલ્ક્યુલેટર; મારા મિથુન માટે એણે અડધું-પડધું રંગેલું બી-૫૨નું મૉડલ. એ લોકોને એમના પોતાના ટાપુ પર એ બધાની જરૂર પડશે. અને મારા પતિ માટે? એમના માટે શાંત, પારદર્શક પાણીમાં હું એક કવિતા તરતી મૂકીશ, જે મેં ગઈકાલે હૉસ્પિટલમાં લખી'તી. આખરે એમને મારી એમના તરફની લાગણી વિશે ખ્યાલ આવશે.

ડૉ. રંગનાથને કહ્યું, "જો, જો, ગબડતા નહીં, પથરા બહુ જ લપસણા છે." એમણે મારા તરફ એમનો એક હાથ પણ લંબાવ્યો.

બસનો સમય થઈ ગયો છે, હૉસ્પિટલના બાંકડા પર ઝડપથી પાછા પહોંચી જવાનો.

કુસુમ પેલા નસીબદારોમાંની એક હતી. એ નસીબદારો પ્લેનમાં અહીં આવ્યા, તેમણે પોતાના પ્રિયજનોને ઓળખી લીધા અને અંતિમ વિધિ માટે એમનાં પાર્થિવ શરીરોને લઈને ભારત જવા રવાના થયા. પાણીની સપાટી પર ખેંચાઈ આવેલા પુરુષોમાં એક સતીશ પણ હતો. હિથરો ઍરપૉર્ટની એક ઑફિસની દીવાલો પર અને અહીં હૉસ્પિટલમાં અમે જે ફોટા જોયા, એમાં મોટા ભાગના ફોટા સ્ત્રીઓના હતા. એક સાધ્વીએ મને કહ્યું કે, સ્ત્રીઓના શરીરમાં વધુ ચરબી હોય છે એટલે એમનાં શરીર આસાનીથી તરતાં રહી શકે છે.

આજે મને રસ્તા પર એક ખલાસીએ ઊભી રાખી. એણે પેલા શરીરોને બોટમાં ચડાવ્યાં'તાં. મારામાં કેટલી હિંમત છે એનો ક્યાસ કાઢવા એણે મારા મોઢા સામે જોયું. જ્યારે પહેલી વાર શાર્ક માછલીઓએ દેખા દીધી'તી, ત્યારે એ પાણીમાં હતો. હું જરાય હચમચી નહીં, અને એ રડી પડ્યો. મેં એને કહ્યું, "કંઈ વાંધો નહીં, તમારો આભાર." મેં ડૉ. રંગનાથન પાસેથી શાર્ક માછલીઓ વિશે સાંભળ્યું'તું. એમના સ્વસ્થ મગજમાં એમ હતું કે વિજ્ઞાનથી સમજ આવે છે અને ડર જતો રહે છે. એ તો શાર્કની પ્રકૃતિ છે. જેમ દરેક હરણ માટે એક શિકારી હોય છે અને દરેક માછલી માટે એક માછીમાર.

આઈરિશ લોકો જરાય શરમાળ નથી હોતા, એ લોકો મારા તરફ ધસી આવે છે અને અમુક તો રડતા પણ હોય છે. આવી જાતનું વર્તન ટોરન્ટોના રસ્તા પર થાય એવી કલ્પના પણ ન કરી શકાય. આ બધા જ અજાણ્યા લોકો હતા, મને એ બધાની લાગણી અડી ગઈ. એમાંના અમુક લોકો ફૂલો લઈને ચાલતા હતા, અને જો કોઈ પણ ભારતીય દેખાય તો એને એ લોકો ફૂલો આપતા હતા.

બપોરે જમ્યા પછી એક પોલીસ મારી પાસે આવ્યો, એની સાથે મારે સારો પરિચય થઈ ગયો'તો. એણે કહ્યું કે એને વિનોદ જેવું કંઈક જડ્યું છે. હું એને સમજાવવા લાગી કે વિનોદ કેટલો સરસ તરવૈયો છે.

ફોટો ગૅલરીમાં ડૉ. રંગનાથન મારી આગળ ચાલવા લાગ્યા, "તમે ઇચ્છો છો કે તમે ફોટા જુઓ ત્યારે હું તમારી સાથે હોઉં?" આ બાબતે એ એક વૈજ્ઞાનિકની તટસ્થતાથી વાત કરતા'તા અને હું એમનો આભાર માનું છું. આ એક નવો જ દૃષ્ટિકોણ છે. એમણે કહ્યું, "આ લોકોએ કમાલ કરી છે, આપણે એમના ઋણી છીએ."

પહેલાં એક-બે દિવસ તો એક સમયે આપણને આપણા પ્રિયજનોના એકાદ-બે ફોટા જ બતાવતા હતા; હવે એ લોકો અધીરા થયા હતા – એ લોકોએ બધી જ સંભાવનાઓ તપાસી લેવી હતી.

ફોટામાંનો છોકરો ઘણો વિનોદ જેવો દેખાતો'તો, એ જ મેધાવી આંખો, એ જ કમાનની જેમ વંકાયેલી ભમ્મરો. પણ આ છોકરાના હાવભાવ... અરે એના ગાલ પણ ફૂલી ગયા'તા, પહોળા પહોળા અને પોચકા. મેં બીજા ફોટા પર નજર માંડી. બીજા પાંચ છોકરા વિનોદ જેવા જ લાગતા'તા.

મને સાંત્વના આપવા માટે જે સાધ્વીને રોકવામાં આવી હતી એ પહેલા ફોટાને આંગળીના ટેરવાથી ઘસવા લાગી. "જુઓ બહેન, જ્યારે એ પાણીમાં લાંબો સમય રહે, ત્યારે થોડા વધારે જાડા દેખાય. પહેલા જ દિવસે ચામડીની નીચેનાં હાડકાં તૂટવા લાગે. તમારી યાદદાસ્તથી એ મુજબ ચકાસવા માંડો એ અગત્યનું છે."

"આ એ નથી, હું એની મા છું. મને ખબર પડે."

ગૅલરીના પાછળના ભાગમાંથી ડૉ. રંગનાથને બૂમ પાડી, "હું આને ઓળખું છું! અને આને પણ!" મને લાગે છે કે એમને ખબર પડી ગઈ લાગે છે કે, મારે મારા દીકરાઓને શોધવા જ નથી. "આ લોકો તો કુટ્ટી ભાઈઓ છે. એ લોકો પણ મોન્ટ્રિયલના જ હતા." મારે રડવું નહોતું. હું ગદ્ગદ થઈ ગઈ'તી. હોટેલમાં મારી બૅગ મારા દીકરાઓનાં કોરાં કપડાંથી ભરચક પડી હતી.

પોલીસ પણ રડવા લાગ્યો, "હું દિલગીર છું. બહેન, હું ખરેખર ખૂબ દિલગીર છું. મને ખરેખર એમ જ લાગ્યું'તું કે, અમને એના જેવું જ દેખાતું કંઈક જડ્યું'તું."

આગળ સાધ્વી અને પાછળ પોલીસ — એમની વચ્ચે પોતાનાં બાળકોનાં શરીરોને પામ્યા વગરનાં અમે કમનસીબો - અમે બધાં એ કામચલાઉ ગૅલરીમાં કતારબદ્ધ ચાલતાં હતાં.

અમારામાંથી મોટા ભાગના લોકો વાયા આયર્લૅન્ડ ભારત જતા હતા. કુસુમે અને મેં મુંબઈ માટેની સીધી ફ્લાઇટ લીધી હતી, જેથી કરીને હું એને કસ્ટમ્સમાંથી ઝડપથી બહાર નીકળવામાં મદદ કરી શકું. પણ અમારે એક ગણવેશધારી સાથે દલીલમાં ઊતરવું પડ્યું. એના મોઢા પર મોટી મોટી ફોલ્લીઓ હતી. જેમ જેમ અમે એની સાથે દલીલ કરતાં ગયાં, તેમ તેમ એની ફોલ્લીઓ પરસેવાથી ભરાઈને ઊપસવા લાગી. એણે કુસુમને લાઇનમાં ઊભા રહેવા કહ્યું, કારણ કે એનો બૉસ ચા પીવા ગયો'તો. અને એણે જાતે કોઈ જવાબદારી લેવી નહોતી. પણ કુસુમ એની માલિકીની શબપેટીઓને આંખથી અળગી કરવા માંગતી નહોતી અને હું કુસુમને છોડીને જવા માંગતી નહોતી, ભલે ને મારાં વૃદ્ધ મા-બાપ ભયંકર ગરમીમાં પાર્કિંગ લૉટમાં મારી રાહ જોતાં હોય.

"સાલા હલકટ!" પેલા ફૂટું ફૂટું થતી ફોલ્લીઓવાળા પર હું બરાડી ઊઠી. બીજા યાત્રીઓ પણ અમારી નજીક આવી ગયા. "તને એમ લાગે છે કે અમે એ શબપેટીઓમાં કોઈ પ્રતિબંધિત ચીજો ભરી લઈ જઈને દાણચોરી કરી રહ્યાં છીએ!"

એક સમયે અમે સારી રીતે ઉછેર પામેલી સંસ્કારી સ્ત્રીઓ હતી; અમે માથું ઢાંકેલું રાખતાં, અમારા અવાજ શરમાળ અને મીઠડા હતા.

ભારતમાં હું ફરીથી ધનવાન, માંદાં માતા-પિતાની એકની એક દીકરી બની ગઈ. પરિવારના જૂના મિત્રો સાંત્વન આપવા આવતા રહ્યા. એમાં અમુક શીખ પણ હતા.

એમને જોઈને હું અજાણતાં અચાનક જ સંકોચાઈ જતી. મારાં માતા-પિતા પ્રગતિશીલ વિચારોવાળાં હતાં. અમુક ચોક્કસ લોકોને કારણે એ લોકો આખી જમાતને બદનામ નહોતા કરતા.

જોકે કૅનેડામાં હવે જુદી જ વાત હતી.

મારી માએ મને આજીજી કરી, “હજી થોડું રોકાઈ જા. કૅનેડા ઠંડો પ્રદેશ છે. તારે ત્યાં એકલા શું કામ રહેવું?

ત્રણ મહિના પસાર થઈ ગયા. પછી વધુ એક મહિનો પસાર થયો.

એ લોકોએ વિરોધ કર્યો, “વિક્રમે તને બધું છોડી ન દેવા દીધું હોત.” એ લોકો મારા પતિને નામથી જ બોલાવતાં. ટોરન્ટોમાં એણે પોતાનું નામ બદલીને ‘વિક’ કરી દીધું’તું, જેથી કરીને એની ઑફિસના લોકોને એ ‘ક્રિસ’ અથવા ‘રોડ’ જેવું સહેલું પડે.

“તને ખબર છે, મૃત લોકો કંઈ આપણાથી છૂટા નથી પડી જતા.”

મારી નાની એક પૈસાદાર જમીનદારની ફટવેલી દીકરી હતી. એ સોળ વરસની ઉંમરે જ્યારે વિધવા થઈ ત્યારથી કટાઈ ગયેલી બ્લેડથી પોતાનું માથું મૂંડતી. મારા નાના બાળપણમાં થયેલા ડાયાબિટીસને કારણે ઓગણીસ વરસની ઉંમરે ગુજરી ગયેલ અને નાની પોતાની જાતને બુંદિયાળ ગણવા માંડેલાં. મારી મા તો એનાં મા-બાપ વગર જ ઊછરેલી, એના મામાએ જાણે એની સાથે કોઈ લેવાદેવા જ ન હોય એવી રીતે એને ઉછેરેલી. એના પોતાના વિશાળ ઘરની પાછળ એક નાનકડી ઓરડીમાં એની મા રહેતી અને ખાવાનું ઘરના નોકરો સાથે ખાતી. મારી મા તદ્દન તર્કવાદી બની ગઈ’તી. મારાં મા-બાપને બુદ્ધિહીન તિરસ્કાર પ્રત્યે નફરત હતી.

જમીનદારની એ દીકરીને વૈદિક વિધિઓમાં જડ વિશ્વાસ હતો તો સામે પક્ષે મારાં મા-બાપે બંડ પોકારેલું. હું એ બંને વિચારધારાઓ વચ્ચે ફસાયેલી હતી. છત્રીસ વરસની ઉંમરે બધું ફરીથી શરૂ કરવા માટે મારી ઉંમર ઘણી વધારે કહેવાય, અને બધું છોડી દેવા માટે હું હજી ઘણી નાની ગણાઉં. મારા પતિના આત્માની જેમ હજી પણ હું એ બંને દુનિયા વચ્ચે તરફડું છું.

અમે ચૂપચાપ ફર્યા કરીએ છીએ. અમે અમારા નોકરો અને ગરીબ સગાં-વહાલાંઓના કાફલા સાથે મુસાફરી કરતા રહીએ છીએ. પર્વતો પર અને દરિયાકિનારે. ધૂળિયા જિમખાનાની ક્લબોમાં પત્તાંથી અમે બ્રિજની રમત રમ્યા કરીએ છીએ. બાંડા ટટ્ટુઓ પર, પર્વતની ઊબડખાબડ કેડીઓ ચડતા રહીએ છીએ. ચા પીતાં પીતાં બોલરૂમોમાં નૃત્યો કરતાં રહીએ છીએ. અમે પહેલાં ક્યારેય નહોતા જઈ શક્યા એવાં યાત્રાનાં સ્થળોએ પણ ગયાં. વારાણસી, કાલીઘાટ, હૃષીકેશ, હરદ્વાર. જ્યોતિષીઓ અને હસ્તરેખાશાસ્ત્રીઓ મને શોધી કાઢતા અને પૈસા માંગીને મને મારી ગ્રહદશા જણાવવા માંગતા.

અમારામાંના વિધુરોને તો નવી નવી કન્યાઓ પણ બતાવવામાં આવી રહી હતી. એ લોકો પણ એમના રિવાજો, મા-બાપના અને મોટા ભાઈઓના અધિકારો, આજ્ઞાનું ઉલ્લંઘન નહોતા કરી શકતા. એ લોકોએ લગ્ન કરવાં જ જોઈએ, એક પુરુષની ફરજ છે કે એ એની પત્નીની સારસંભાળ લે. આ નવી પરણેતરો પણ વિધવાઓ હતી, એમને

બાળકો પણ હતાં, એ લોકો નિરાધાર હતાં, પણ સારા ઘરનાં હતાં. એ સ્ત્રીઓમાં સારી, પ્રેમાળ પત્નીઓ બનવાની ક્ષમતા હતી, પણ પુરુષો એમને નકારતા. ભારતની એ તૂટક તૂટક ફોનલાઇનો પરથી અમુક પુરુષો મને પણ ફોન કરતા. ચાળીસેક વરસની ઉંમરના એ ભણેલા-ગણેલા સફળ પુરુષો કહેતા, "મને બચાવી લો, મારાં મા-બાપ મારાં લગ્ન ગોઠવી રહ્યાં છે.' જોકે પછી એક જ મહિનામાં એ લોકો પોતાના એક પરિવારને દફનાવીને, એક નવી પરણેતર અને અન્ય કોઈ તૂટેલા પરિવારના સભ્યોને લઈને કૅનેડા પાછા ફરતા. એ બધાની સરખામણીમાં હું થોડીક નસીબદાર ગણાઉં. એક કમનસીબ વિધવા માટે કોઈએ પતિની સગવડ કરવી નહોતી પડી.

પછી આ છ મહિનાની યાત્રાના ત્રીજા દિવસે, હિમાલયની તળેટીના એક ગામના કોઈ અવાવરું મંદિરમાં ફૂલો અને મીઠાઈનો પ્રસાદ ચડાવી રહી હતી ત્યારે મારા પતિ મારી પાસે ઊતરી આવ્યા. ત્યાં એક અઘોરી સાધુ જીવડાંને કારણે કાણાં પડી ગયેલો ચોગો પહેરીને બેઠો હતો, એની બાજુમાં જ એ પલાંઠી મારીને બેઠેલા. છેલ્લી વાર જ્યારે મેં વિક્રમને બાથ ભરી હતી, ત્યારે એણે જે વનીલા સૂટ પહેરેલો, એ જ સૂટ એણે અત્યારે પણ પહેરેલો હતો. પેલા સાધુએ ઘીના દીવામાં ફૂલની પાંખડીઓ પધરાવી. એ સંસ્કૃતમાં મંત્રો બોલતા બોલતા પોતાના મોઢા પરથી માખીઓ ઉડાડી રહ્યો હતો. મારા પતિએ મારો હાથ એમના હાથમાં લીધો. એમણે શરૂ કર્યું, "તું સુંદર છે. તું અહીં શું કરે છે?" મેં પૂછ્યું, "શું હું અહીં રહી જાઉં?" એ માત્ર હસ્યા પણ એમની છબી ધૂંધળી થવા માંડી હતી. "આપણે બંનેએ જે આદર્યું હતું એ તારે પૂરું કરવું જ જોઈએ." એમના મોઢા પર કોઈ દરિયાઈ વનસ્પતિ વીંટળાયેલી નહોતી. અમે જ્યારે બીજા લોકોને ઈર્ષ્યા આવે એવા એક પરિવાર તરીકે અમારા બે માળના ગુલાબી મકાનમાં રહેતાં હતાં, ત્યારે એ જેટલી ઝડપે બોલતા હતા, એટલી જ ઝડપથી બોલ્યા. એ તો જતા રહેલા. બારીઓ વગરના પૂજાના એ ઓરડામાં અગરબત્તીઓ અને ઘીના દીવાનો ધુમાડો હતો. એક પરસેવાવાળા હાથે મારું બ્લાઉઝ ઝાલવાનો પ્રયત્ન કર્યો. મેં જરાય ચીસ ન પાડી. પેલા સાધુએ એનો ચોગો ઠીકઠાક કર્યો. પેલા દીવા તતડી ઊઠ્યા. અમે જ્યારે એ મંદિરની બહાર નીકળ્યાં ત્યારે મારી માએ કહ્યું, "ત્યાં અંદર તને કંઈ વિચિત્ર અનુભવ થયો?''

મારી માને ભૂતપ્રેત, સ્વપ્નાદેશ, પવિત્ર પુરુષો અને ધાર્મિક સંપ્રદાયોમાં જરાય વિશ્વાસ નહોતો.

હું જૂઠું બોલી, "ના, કંઈ જ નહીં."

પણ એને ખાતરી થઈ ગઈ હતી કે હવે થોડા જ દિવસોમાં હું ત્યાંથી નીકળી જઈશ.

કુસુમે એનું ઘર વેચવા કાઢ્યું છે. એને હરદ્વારમાં એક આશ્રમમાં રહેવું છે. હરદ્વાર જઈને રહેવાનો વિચાર એના સ્વામીનો હતો. એના સ્વામી બે આશ્રમ ચલાવે છે, એક હરદ્વારમાં અને એક અહીં ટોરન્ટોમાં.

મેં એને કહ્યું, "આમ ભાગી નહીં જા."

એણે કહ્યું, "હું ભાગી નથી જતી. હું તો મારી અંદરની શાંતિ મેળવવા માટે મથી રહી છું. તને એમ લાગે છે કે તારી કે પેલા રંગનાથનની – બેમાંથી એકેયની હાલત મારા કરતાં વધારે સારી છે?"

પેમ કેલિફૉર્નિયા રહેવા જતી રહી. એણે કહ્યું કે એને કંઈક મૉડલિંગ કરવું'તું. એણે કહ્યું કે એને જ્યારે એના પોતાના ભાગની વીમાની રકમ મળશે, ત્યારે એ હોલિવુડમાં યોગા અને એરોબિક્સનો એક સ્ટુડિયો કરશે. એ મને એવા બીભત્સ ચેનચાળા દર્શાવતા પોસ્ટકાર્ડો મોકલતી કે મારાથી એ બધાને દેખાય એમ કૉફી ટેબલ પર મૂકવાની હિંમત પણ થઈ શકે એમ નહોતું. એની મા એનાથી તેમ જ દુનિયાથી અલગ થઈ ગઈ હતી.

બાકીના અમે બધાએ એકબીજાનો સંપર્ક છોડ્યો નહોતો, મૂળ વાત જે હતી એ આ હતી. ડૉ. રંગનાથન કહેતા કે, હવે આપણી પાસે માત્ર વાતો જ બચી છે. એ પણ એમનાં સગાં-વહાલાંનો વિરોધ કરીને એકલા જ મોન્ટ્રિયલ આવીને પોતાની નોકરીએ પાછા વળગી ગયેલા. એ કહેતા કે, સગાંઓ સાથે વાતો કરવા કરતાં આપણે બધા એકબીજાં સાથે વાતો કરીએ એ જ વધારે સારું છે. અમે બધા ઓગળીને એક જ બીબામાં ઢળી ગયા છીએ.

એ મને મોન્ટ્રિયલથી અઠવાડિયે બે વાર ફોન કરે છે. દર બુધવારે રાત્રે અને રવિવારે બપોરે. એમની નોકરી હવે ઓટાવામાં બદલાવાની છે. પણ ઓટાવા તો સો માઈલથીય વધારે દૂર થાય. એટલે એમણે દરરોજના બસો વીસ માઈલ ગાડી ચલાવવી પડશે. એ પોતાનું ઘર વેચવા તૈયાર નથી. એ કહે છે કે આ ઘર તો મંદિર છે; અને એમના માસ્ટર બેડરૂમનો કિંગ સાઇઝનો પલંગ એક પૂજનીય જગ્યા છે. એ જાતે તો હવે એક નાનકડા ફોલ્ડિંગ ખાટલા પર સૂઈ રહે છે – એક ભક્તની જેમ.

થોડાં સગાં-વહાલાં હજી પણ અત્યંત ભાવુક છે. જ્યુડિથ ટેમ્પલ્ટનની એ નામસૂચિમાં જેમને મદદની જરૂર છે એ અને જેમણે 'સ્વીકારી લીધું છે' એ, બંને પ્રકારના લોકોની સંખ્યા લગભગ સરખી જ છે. સ્વીકાર એટલે હવે તમે તમારા પરિવારની વાત કરતી વખતે ભૂતકાળનો ઉપયોગ કરો છો, અને તમારી પોતાની હવે પછીની જિંદગી માટે આગળ વધવા માટેની સક્રિય યોજના બનાવો છો. સેનેકા અને રાયરસન કૉલેજોમાં અમુક કોર્સ છે, જેમાં અમે દાખલ થઈ શકીએ છીએ. એની ચળકતી ચામડાની બ્રીફકેસમાં એ કૉલેજોના કૅટલૉગ્ઝ છે, જેમને કોઈ સાંકૃતિક સંસ્થાઓની જરૂર હોય એના કૅટલૉગ્ઝ પણ છે. હું એને કહું છું કે એણે ખૂબ અસરકારક રીતે કામ કર્યું છે.

એ મને જવાબ આપે છે, "આ વિષાદ ઉપનિષદ સમજવા માટેનાં પુસ્તકોમાં એમાંથી પસાર થવાના વિવિધ સ્તરો હોય છે – નકાર, નિરાશા, સ્વીકાર, પુનઃનિર્માણ." મને ખબર છે કે એને મારામાં વિશ્વાસ છે. હું એવા થોડાક લોકોમાંની એક છું, જેમના જીવનનો એમનાં દુઃખોએ વિકૃત રીતે ભરડો નથી લઈ લીધો. એણે એક ચાર્ટ બનાવ્યો છે અને એને સમજાયું છે કે, એ દુઃખદ ઘટનાના છ મહિના પછી અમારામાંનું કોઈ વાસ્તવિકતાનો અસ્વીકાર નથી કરતું, પણ અમારામાંના માત્ર થોડાક જ ફરીથી બેઠા થઈ રહ્યા છે. અમે 'હતાશાપૂર્વક સ્વીકાર' કરવા સુધી જ પહોંચીને અટકી ગયા છીએ. ફરીથી ગોઠવાવા માટે બીજાં લગ્ન કરી લેવાં એ એક મોટું પગલું છે (જોકે એને એક વાતની નવાઈ લાગે છે કે, અમુક પુરુષોએ કેટલી ઝડપથી નવા પરિવારોને સ્વીકારી લીધા છે) જ્યારે પોતાનું ઘર વેચી નાંખવાથી કે પછી નોકરી બદલી લેવાથી પણ સ્વસ્થ રહી શકાય છે.

જ્યુડિથ ટેમ્પલ્ટનને હું કઈ રીતે કહું કે મારો પરિવાર મને વીંટળાઈ વળ્યો છે અને કોઈ દંતકથાનાં પાત્રોની જેમ એ લોકો પોતાના આકારો બદલતા રહે છે! એ મને સ્વસ્થ

અને સ્વીકાર કરનાર તરીકે જુએ છે, પણ એને ચિંતા છે કે મારી પાસે નોકરી નથી, કોઈ કારકિર્દી નથી. મારા સૌથી વધુ નજીકના મિત્રોની હાલત તો મારાથી પણ ખરાબ છે. હું એને કહી નથી શકતી કે દિવસ હોય કે રાત, હું તો રોમાંચિત જ રહું છું.

એ જે પરિવારો સુધી પહોંચી નથી શકતી, ત્યાં પહોંચવા માટે એ મારી મદદ માંગી રહી છે. એજિનકોર્ટમાં એક પરિવાર રહે છે, મા-બાપને પંજાબના એક ગામડામાંથી અહીં લાવવામાં આવ્યાં એના થોડા જ અઠવાડિયામાં એમના બે દીકરા મરી ગયા છે. એ લોકોના નામ પરથી મને ખ્યાલ આવે છે કે એ લોકો શીખ છે. જ્યુડિથ ટેમ્પલ્ટન એક દુભાષિયા સાથે એમની પાસે બે વાર જઈ આવી છે. એમણે એ લોકોને આયર્લૅન્ડ જવા માટેની પ્લેનની ટિકિટો, બૅંકનાં ફૉર્મ્સ માટે તેમ જ પાવર ઑફ એટર્નીનાં ફૉર્મ્સ આપવા માટે પ્રયત્નો કર્યા છે, પણ એ લોકો કોઈ પણ જગ્યાએ સહી કરવાની ના જ પાડે છે, અને એમના નાનકડા ફ્લૅટમાંથી પણ બહાર નીકળવાની ના પાડે છે. એમના દીકરાઓના પૈસા બૅંકમાં અટવાઈને પડ્યા છે. એમના દીકરાઓએ મૂડીરોકાણ માટે જે ફ્લૅટો રાખ્યા હતા, એના ભાડૂતોએ એ જગ્યાઓની હાલત બિસમાર કરી નાંખી છે, એનું ફર્નિચર પણ વેચી ખાધું છે. પેલાં મા-બાપને એ ડર છે કે, જો એ લોકો કોઈ પણ કાગળ પર સહી કરશે કે કોઈના પણ પૈસા સ્વીકારશે, તો એ કંપની કે દેશનો એમના પર ઉપકાર થયેલો ગણાશે. એ લોકોને ડર છે કે, પ્લેનની બે ટિકિટોના બદલામાં, એમણે પહેલાં ક્યારેય જોઈ પણ નહોતી એવી જગ્યાએ એ લોકો પોતાના દીકરાઓને વેચી રહ્યા છે.

એ બહુમાળી ઇમારતમાં મોટા ભાગના ભારતીય અને વેસ્ટ-ઇન્ડિયન લોકો રહેતા હતા. જોકે કેટલાક પૂર્વના દેશોના લોકો પણ હતા. અહીંથી નજીકમાં નજીકના એ બસસ્ટૉપ પર સાડીમાં સજ્જ એવી સ્ત્રીઓની લાંબી લાઇન લાગી હતી. પાર્કિંગ લૉટમાં છોકરાઓ ક્રિકેટની પ્રૅક્ટિસ કરી રહ્યા હતા. મકાનની અંદર કાંદાના વઘારના ધુમાડા, ભારતીયોની ખાસિયત ગણી શકાય એવી ઘીમાં કંઈક તળાવાની વાસથી મારી આંખો મીંચાઈ જતી હતી. પણ જ્યુડિથ ટેમ્પલ્ટન એ લોકોને યંત્રવત્ માહિતી આપ્યે જતી હતી. આ બિચારા વૃદ્ધો પર એમની રહેવાની જગ્યા અને એમને મળતી બધી જ સેવાઓ ગુમાવી બેસવાના આરે હતા.

મેં એને કહ્યું, “એ લોકો શીખ છે. એ લોકો મારા જેવી એક હિન્દુ સ્ત્રીની સામે મન નહીં ખોલે અને મારે પણ એને કહેવું’તું કે, હું હવે ગમે તેટલો પ્રયત્ન કરું કે મારે એવું ન કરવું જોઈએ, તોપણ હવે મને જેવા દાઢી કે પાઘડી દેખાય કે હું તરત જ સાબદી થઈ જાઉં છું. એક સમય એવો પણ હતો કે જ્યારે આ નવા દેશમાં અમે બધા એકબીજાનો વિશ્વાસ કરતાં, એ વખતે તો અમને માત્ર ચિંતાઓ આ નવા દેશ વિશે જ હતી.

આ બંને ઓરડામાં અંધારું હતું અને ગૂંગળામણ પણ થતી’તી. બત્તીઓ બુઝાયેલી હતી અને કૉફીટેબલ પર એક તેલનો દીવો બળી રહ્યો હતો. પેલાં વાંકાં વળી ગયેલાં ડોસીમાએ અમને અંદર આવવા દીધાં. એમના પતિ પોતાના તેલવાળા કમ્મર સમાણા વાળ ઉપર એક સફેદ પાઘડી વીંટાળી રહ્યા’તા. એ તરત જ રસોડામાં જતા રહ્યા અને મને તરત જ ભારતીય ઘરોમાં ખાસ સાંભળવા મળે એવો પરિચિત અવાજ સંભળાયો – નળના પાણીની ધારથી ચાની તપેલી ભરાતી’તી.

ડરના માર્યા કે પછી ચેક લખવાની અણઆવડતને કારણે એ લોકોએ પોતાના ઘરનાં વીજળી, પાણીનાં બિલો ભર્યાં નહોતાં. ફોન તો જતો જ રહ્યો'તો, પણ હવે વીજળી, ગૅસ અને પાણી પણ જવાની તૈયારીમાં હતાં. એમણે જ્યુડિથને કહ્યું કે એમના દીકરાઓ જ બધી સગવડ કરશે. એ લોકો બહુ સારા છે, એ લોકો કમાતા રહ્યા છે અને એમણે હંમેશાં મા-બાપનું ધ્યાન રાખ્યું જ છે.

અમે હિન્દીમાં થોડી વાતચીત કરી. એ લોકોએ અકસ્માત બાબતે કંઈ જ ન પૂછ્યું, અને મનેય સમજાયું નહીં કે મારે એ વાત કાઢવી જોઈએ કે નહીં. એ લોકો જો એમ માનતા હોય કે હું અહીં એક દુભાષિયા તરીકે જ આવી છું, તો એ લોકોને અપમાન લાગે. ટોરન્ટોમાં હજારો પંજાબીભાષી શીખ લોકો છે, જે આ કામ વધારે સારી રીતે કરી શકે. અને એટલે મેં એ વૃદ્ધાને કહ્યું, "મેં પણ મારા દીકરાઓને અને પતિને આ અકસ્માતમાં ગુમાવ્યા છે." એમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. પેલો પુરુષ જાણે આશીર્વાદ આપતો હોય એમ કંઈક ગણગણ્યો, એણે કહ્યું, "જેણે જોડી જોડી એણે તોડી."

મારે કહેવું છે, "પણ માત્ર માણસો જ પાછું કાંઈ કંઈ આપ્યા વગર ઝૂંટવી લે." મેં કહ્યું, "આપણે એ સમજવું જોઈએ." હવે પેલી વૃદ્ધાએ જવાબ આપ્યો, "પણ એ કોણ કરી શકે? એકલો માણસ તો આ બધું નથી કરતો." એની આ વાતને એના પતિએ સમર્થન આપ્યું.

જ્યુડિથે બૅંકનાં કાગળિયાં, પૈસા છોડાવવાનાં કાગળિયાં વિશે પૂછ્યું, રાજ્યના ટ્રસ્ટીઓના પેનના એકમાત્ર લસરકાથી એમનાં બિલો ભરાઈ જાય, અને એમને દર મહિને પેન્શન પણ પહોંચી જાય.

મેં એ લોકોને પૂછ્યું, "શું તમે લોકો આ બહેનને ઓળખો છો?"

પેલા પુરુષે ટેબલ પરથી હાથ ઊંચક્યો, હાથને ફેરવ્યો અને મને જવાબ આપતાં પહેલાં પોતાના હાથની આંગળીઓ ગણી લીધી. "આ છોકરી હંમેશાં અહીં આવતી હોય છે, અમે એના માટે ચા બનાવીએ અને એ અમારા માટે સહી કરવાનાં કાગળિયાં મૂકી જતી હોય છે." એમણે ઓરડાના ખૂણામાં પડેલા કાગળના ઢગલા પર નજર ફેરવી. "હવે થોડા જ સમયમાં અમારી ચા ખૂટી જશે, પછી તો એ જતી રહેશે ને?" વૃદ્ધાએ ઉમેર્યું, "મેં મારા પાડોશીને પૂછ્યું'તું પણ કોઈને ત્યાં કોઈ અંગ્રેજ મુલાકાતીઓ આવતા નથી, અમે શું ખોટું કર્યું છે?"

હું એમને સમજાવવાનો પ્રયત્ન કરું છું, "એ તો એનું કામ કરે છે. સરકારને ચિંતા છે. થોડા સમયમાં જ તમારી પાસે રહેવાની જગ્યા નહીં હોય, વીજળી નહીં હોય, ગૅસ..., પાણી..."

"સરકારને એના પૈસા મળી જશે. આને કહો કે એ ચિંતા ન કરે. અમે આબરૂદાર લોકો છીએ."

હું સમજાવવાનો પ્રયત્ન કરું છું કે સરકાર એમને પૈસા આપવા માંગે છે, એમની પાસેથી કંઈ લેવા નથી માંગતી. એ પુરુષ પોતાના હાથ ઊંચા કરે છે. એ કહે છે, "એ લોકોને લઈ જવા દો. અમને તો એની આદત છે. કંઈ વાંધો નહીં."

એની પત્ની કહે છે, “અમે મજબૂત માણસો છીએ. એને કહી દો.” એનો પતિ પૂછે છે, “આ બધાં મશીનો કોને જોઈએ છે? આમેય આ બધું સ્વાસ્થ્ય માટે તો સારું નથી જ, આ ચમકતી લાઇટો, ગરમીના દિવસોમાં ઠંડી હવા, ઠંડો ખોરાક, ગૅસની ચાર-ચાર જાળીઓ. ભગવાન જ બધું પૂરું પાડશે, સરકાર નહીં.” મા કહે છે, “જ્યારે અમારા દીકરા પાછા આવશે...” એનો પતિ દાંત કચકચાવે છે, અને કહે છે, “ચાલો, બહુ થયું.”

જ્યુડિથ વચ્ચે બોલે છે, “તમે એમને સમજાવી શક્યાં?” એ શાંત ફ્લૅટમાં એની ચામડાની ચમચમતી બ્રીફકેસના પટ્ટા ખૂલે ત્યારે તડાફડી ફૂટતી હોય એવો અવાજ કરે છે. એ કાનૂની કાગળિયાંનો થોકડો વચ્ચે કૉફીટેબલ પર મૂકે છે, “એ લોકો પોતાનું નામ ન લખી શકતા હોય તો માત્ર એક ચોકડી મારી દેશે તોપણ ચાલશે – મેં એ લોકોને એ કહ્યું જ છે.”

હવે પેલી વૃદ્ધા રસોડામાં સરકી ગઈ અને પછી આવી ત્યારે એના હાથમાં ચાની કીટલી અને બે કપ હતા.

જ્યુડિથે હસતાં હસતાં મને કહ્યું, “આપણે કોઈક રીતે એમના મન સુધી જો પહોંચી શકીએ તો... ચા માટે એમનો આભાર માનજો. એમને કહો કે એ લોકો બહુ માયાળુ છે.”

મેં જ્યુડિથ સામે ડોકું ધુણાવ્યું અને પેલા લોકોને હિન્દીમાં કહ્યું, “ચા માટે એ તમારો આભાર માને છે. એ એવું માને છે કે તમે સારી યજમાનવૃત્તિ કરી જાણો છો, પણ એને જરાય ખ્યાલ નથી કે આ બધાનો શો અર્થ છે?”

મારે કહેવું છે કે એની ઠેકડી ઉડાડો. મારે કહેવું છે કે મારા દીકરા અને મારા પતિ પણ મારી સાથે જ છે, પહેલાં કરતાં પણ વધારે. હું પેલા વૃદ્ધની આંખોમાં જોઉં છું અને એનો ગરીબડો સંદેશો વાંચી શકું છુંઃ આ સ્ત્રીની હું જેટલી રક્ષા કરી શકું એટલી મેં કરી છે. મારી પાસે પણ હવે માત્ર એ જ બાકી રહી છે. તમારે મને જે આપવું હોય એ આપો અને મારી પાસેથી જે લઈ લેવું હોય એ લઈ લો, પણ હું એ કંઈ માટે ક્યાંય સહી નહીં કરું. અને હું એવો ખોટો ડોળ પણ નહીં કરું કે હું એ બધું સ્વીકારું છું.

ગાડીમાં બેસીને જ્યુડિથ બોલી, “તું જુએ છે ને કે, મારે શું શું કરવું પડે છે? મને ખાતરી છે કે એ લોકો બહુ પ્રેમાળ છે, પણ એ લોકોના જીદ અને અજ્ઞાનથી હું ગાંડી થઈ ગઈ છું. એ લોકો એમ માને છે કે, જાણે એ લોકો એમના દીકરાઓના મૃત્યુ માટેના હુકમ પર સહી કરી રહ્યા છે, બરાબર ને?”

હું બારીની બહાર જોઈ રહી છું. મારે એને કહેવું છે, “અમારામાં મા-બાપની ફરજ છે કે આશા ના છોડે.”

“જો શૈલા, હવે પછી આપણે જે સ્ત્રી પાસે જઈ રહ્યાં છીએ, એ બહુ જ ખરાબ હાલતમાં છે. એ દિવસ-રાત રડતી જ રહે છે, કોઈ પણ જાતની મેડિકલ મદદ લેવા એ તૈયાર જ નથી. આપણે કદાચ...”

મેં કહ્યું, “મને સબ-વે પર ઊતરી જવા દે.”

એની ભૂરી આંખો મારી સામે તાકી રહી, “શું બોલી? ફરી વાર બોલ તો?”

એ બહેરી તો નહોતી જ, માત્ર એને ખાતરી નહોતી થતી, પણ ગલીના નાકે એણે મને ઊતરવા માટે ગાડી ધીમી પાડી, એનો અવાજ મને સંભળાયો, “મેં કંઈ એવું કહ્યું? મેં કંઈ કર્યું?”

હું એને દસ રીતે જવાબ આપી શકી હોત, પણ મેં એને જવાબ ન આપવાનું પસંદ કર્યું.

“શૈલા, આપણે આ વિશે વાત કરવી જોઈએ.” મેં એ સાંભળ્યું અને ધડામ દઈને ગાડીનો દરવાજો બંધ કર્યો.

એક નવા દેશમાં, એક પત્ની અને મા પોતાની નવી જિંદગી શરૂ કરે છે, એમાં એ જિંદગી કપાઈને ટૂંકાઈ જાય છે, અને તે છતાંય એનો પતિ એને કહે છેઃ આપણે જે શરૂ કર્યું હતું એ પૂરું કર. અમારા જેવા લોકો રાજકારણથી દૂર રહ્યા અને પૃથ્વીના બીજા છેડે આવ્યા, જેથી કરીને ધાર્મિક અને રાજકીય કજિયાઓથી દૂર રહી શકાય, અને આ નવી દુનિયામાં એનાથી જ મરવાનું? હવે મને ખબર જ નથી પડતી કે અમે શું શરૂ કર્યું હતું અને કેવી રીતે એ પૂરું કરવાનું હતું? હું સ્થાનિક અખબારોના તંત્રીઓ અને રાજ્યસભાના સભ્યોને પત્રો લખું છું. હવે એ લોકો કબૂલે છે કે, એ એક બૉમ્બ હતો. તમારે કંઈક બદલાવ આવે એવું કરવું છે? તો ઝુંબેશ ચલાવવાની મહેનત કરો. મારી ઝુંબેશમાં જોડાઓ. ભારતીય મતદારના મનમાં અવઢવ ઊભી કરો.

મારા પતિનો વકીલ મને ટ્રસ્ટ બનાવવામાં મદદ કરે છે. વિક્રમ સારી બચત કરી જાણતો અને સાવચેતીપૂર્વક મૂડીરોકાણ પણ કરતો. એણે અમારા બંને દીકરાઓની કૉલેજ અને હૉસ્ટેલની ફી માટે બચત કરી રાખી હતી. અમારા ગુલાબી ઘરને મેં એની ખરીદ કિંમત કરતાં ચાર ગણી કિંમતે વેચી દીધું, અને મેં શહેરમાં એક નાનકડો ફ્લૅટ લઈ લીધો. હું કોઈ સંસ્થામાં દાન કરવાનું પણ વિચારી રહી છું.

ભરશિયાળામાં અમે ટોરન્ટોમાં છીએ. અહીં આકાશ ભૂખરું છે અને ફૂટપાથો બર્ફીલી છે. હું ઘરની અંદર જ રહીને ટીવી જોયા કરું છું. હું મારી પરિસ્થિતિનો તાગ લઈ રહી છું. આટલાં વરસો પહેલાં અમે જે શરૂ કર્યું હતું એ પૂરું કરવા માટે મારે કેવી જિંદગી જીવવી જોઈએ? કુસુમે મને હરદ્વારથી લખ્યું હતું કે, હવે એની જિંદગી શાંત થઈ ગઈ છે. એણે સતીશને જોયો અને એની દીકરીને પણ ફરીથી ગાતી જોઈ છે. કુસુમ જાત્રાએ નીકળી હતી, અને એક ગામમાંથી પસાર થતી વખતે એને એક નાનકડી છોકરીનો અવાજ સંભળાયો, એ એની દીકરીનું પ્રિય ભજન ગાઈ રહી હતી. એ સંગીત સાંભળતી સાંભળતી હિમાલયની તળેટીના ગામડામાં એક ઝૂંપડી સુધી પહોંચી ગઈ. ત્યાં અદ્દલોઅદ્દલ એની દીકરી જેવી જ દેખાતી એક નાનકડી છોકરી ચૂલા માટે કોલસા પેટાવવા પંખો નાંખી રહી હતી. જેવી એ ત્યાં દેખાઈ કે પેલી છોકરીએ ‘મા’ એમ બૂમ પાડી, અને પછી એ ભાગી ગઈ. તને શું લાગે છે?

મને લાગે છે કે, હું માત્ર એની ઈર્ષ્યા જ કરી શકું એમ છું.

પેમ કેલિફૉર્નિયા પહોંચી જ નહીં, એ મને વેનકુવરથી કાગળ લખે છે. એ એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં કામ કરે છે, ત્યાં એ ભારતીય તેમ જ અન્ય પૂર્વના દેશોની છોકરીઓને મેક-અપ માટે સલાહ-સૂચનો આપે છે. ડૉ. રંગનાથને એમની રોજેરોજની

આવજાવ છોડી દીધી છે, એમણે એમનું ઘર અને નોકરી જતાં કર્યાં છે, એ ટેક્સાસમાં ભણાવે છે, જ્યાં કોઈને એમના ભૂતકાળની ખબર નથી, અને એમણે જાતે સોગંદ લીધા છે કે એ જાતે કોઈને વાત નહીં કરે. હવે એ દર અઠવાડિયે એક જ વાર ફોન કરે છે.

હું રાહ જોઉ છું, સાંભળતી રહું છું અને પ્રાર્થના પણ કરું છું, પણ વિક્રમ મારી પાસે પાછો આવતો નથી. રાતના મને જે અવાજો આવતા હતા અને જે આકારો દેખાતા હતા, એ થોડાં અઠવાડિયાં પહેલાં એકાએક જ બંધ થઈ ગયા. હું એને એક સંકેત ગણું છું.

ગયા અઠવાડિયે એક દિવસ સરસ તડકો હતો. હું યંગ સ્ટ્રીટ પર મારું એક નાનકડું કામ પતાવીને પાછી આવતી હતી. મારું ઘર ઓન્ટારિયો હાઉસ ઑફ પાર્લમેન્ટ અને ટોરન્ટો યુનિવર્સિટીની બરાબર વચ્ચે છે. એ દિવસે બહુ ઠંડી નહોતી, પણ પાંદડાં વગરના ઝાડ તરફ મારું ધ્યાન ગયું. મેં રસ્તા પરના પથરા પરથી નજર ઉઠાવીને ઝાડની ડાળીઓમાંથી ચોખ્ખા ભૂરા આકાશ તરફ જોયું. મને લાગ્યું કે જાણે કોઈ વિશાળ પદાર્થે ખખડાટ કર્યો, અને મેં એકાદ મિનિટ માટે કંઈ અવાજ આવે એની રાહ જોઈ. પણ કંઈ ન થયું.

મેં પૂછ્યું, "શું?"

પછી હું રસ્તામાં ઊભી રહી ગઈ. મારી નજર સામે ઉત્તર દિશામાં ક્વીન્સ પાર્ક હતું અને પશ્ચિમ દિશામાં યુનિવર્સિટી દેખાતી હતી, અને મેં છેલ્લી વાર મારા પરિવારજનને કહેતા સાંભળ્યા. એ લોકોએ કહ્યું, "તારો સમય આવી ગયો છે. જા, બહાદુર બની જા."

મને ખબર નથી કે, મેં શરૂ કરેલી આ મુસાફરી ક્યાં પૂરી થશે. મને ખબર નથી કે, હું કઈ દિશામાં જઈશ. મેં બાગના બાંકડા પર એ પડીકું મૂકી દીધું, અને હું ચાલવા માંડી.

■

મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. એટલે જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન અને બુઢ્ઢાં કરે છે અને કરી શકે છે તે જ વસ્તુઓનો આ કથામાં સમાવેશ થશે. આવી કથા જો હું તટસ્થ ભાવે, નિરભિમાનપણે લખી શકું તો તેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને સારુ કંઈક સામગ્રી મળે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' :**
**મહાત્મા ગાંધી**

# અમથો હલકારો

પંકજ ત્રિવેદી

'કંકુબઈ, એ કંકુબઈ...!' બહાર રસ્તા પરથી જ એક માણસ સાઇકલ લઈને નિશાળના પ્રાંગણમાં પ્રવેશતાં બૂમ પાડે. અવાજ સાંભળીને ત્રણ-ચાર વર્ષનો એક છોકરો નિશાળના આચાર્યના સરકારી ક્વાર્ટરમાંથી દોડતો બહાર આવે અને એ માણસના માથે બાંધેલા ખાખી રંગના ફાળિયાને ખેંચી કાઢે. એમાંથી સફેદ-કથ્થાઈ રંગના વાળ જાણે અચાનક ઊગી નીકળે અને હર્યાભર્યા ખેતરમાં લહેરાતા પાક જેમ પવનની લહેર સાથે ફરફરવા લાગે. એ પોતાના નાનકડા હાથથી એ માણસને મારવા લાગે. એ માણસ પણ ખરો ટીખળી. ખી...ખી...ખી... કરતો જાય અને ગોળ ફરીને મોકો મળતાં જ એ છોકરાને ઊંચકીને વહાલ કરે. આ નિત્યક્રમ થઈ ગયેલો.

ખાખી રંગનો કોટ અને નીચે સફેદ લેંઘો, પગમાં પીળા રંગના કેન્વાસના બૂટ, બિલકુલ પહેલાંના જમાનામાં પોલીસ પહેરતા તેવા! સાઇકલમાં એકેય પૈડા પર પંખા નહીં તો ચેઇન-કવર ક્યાંથી હોય? પાછળના કેરિયર પર ટપાલનો થેલો ગોઠવ્યો હોય. સુરેન્દ્રનગરથી રાજકોટ હાઈવે પર પસાર થતી અમુક ચોક્કસ બસમાં કંડકટર ટપાલનો થેલો લઈ આવે. હાઈવેની સામે પાર ગોદાવરી ગામે રહેતા અમથાલાલ ટપાલી 'ગોદાવરીના પાટિયે' ઊભા જ હોય, તે થેલો લઈ લે. પછી સાઇકલ પર લીમલી આવે. ચહેરા પર પાવડરને બદલે કાળી મેશ લગાડી હોય એવો રંગ. લાલ, ઝીણી આંખો, પીળા પીળા દાંત, એકવડિયો બાંધો અને માથાના અસ્તવ્યસ્ત વાળ પર બંધાયેલું પેલું ખાખી ફાળિયું.

એ વર્ષોમાં મારા બાપુજી પ્રાથમિક શાળાના આચાર્ય હતા. સાથે સાથે પોસ્ટનું કામ પણ સંભાળતા. અમથાલાલ લીમલી આવે પછી મારા બાપુજી પોસ્ટના થેલા ખોલી તમામ ટપાલો જોતા. એમાં નજીકના ગામ મુંજપર અને ચાણપરની ટપાલો પણ રહેતી. લીમલીમાં ટપાલો વહેંચ્યા પછી અમથાલાલ મુંજપર અને ચાણપર જતા. એ બપોરે ત્રણ વાગ્યે પરત આવે પછી નિશાળના શિક્ષકો સાથે બપોરની ચા પીવે, થોડો આરામ કરીને પોતાના ગામ ગોદાવરી જવા નીકળે.

એક વખત અમથાલાલને ખૂબ તાવ આવેલો. લગભગ પંદર દિવસ બીમાર રહ્યા હશે. એ દરમિયાન મારે ગોદાવરી જવાનું થયું. સાથે સાથે અમથાલાલને મળવાની ઇચ્છા પણ ખરી. શાળામાં જ એક શિક્ષક મફતભાઈ ઘાટલિયા હતા. એ પણ ગોદાવરી ગામના જ. એટલે એમની સાથે સાંજે સાઇકલ પાછળ કેરિયર પર બેસીને ગોદાવરી જવા નીકળ્યો. ગામના છેવાડે સાંકડી શેરીમાં થઈને અમે પસાર થયા. ત્યાં ઊંચા માટીના ટીંબા

પર ઢાળિયા જેવું નાનકડું મકાન દેખાયું. મકાન શું? ઝૂંપડું જ કહો ને! માટીના ટીંબા પર ચડતી વખતે પગ લપસી ન જાય એનું ખાસ ધ્યાન રાખવું પડે એમ હતું. ઉપર આવ્યા પછી થોડી સમથળ જમીન ગોળાકારમાં પથરાયેલી હતી. એ એમનું ફળિયું. સામે જ બારણું હતું. બહાર ઊભા ઊભા સૂતરની વાટવાળા દિવેલિયાના આછા અજવાળે મેં અંદર દૃષ્ટિ ધકેલી. નાનકડી ઓશરીમાં ડાબી તરફ ખાટલો ઢાળેલો હતો. એમાં અમથાલાલનાં પત્ની સૂતેલાં. એમના વિશે પહેલેથી જ 'પથારીવશ' છે એવું સાંભળેલું. જમણી તરફનો ખાટલો ખાલી હતો. ઓશરી પછી સીધું જ બારણું રસોડાનું હતું. અડધી ઓશરી જેવડી ઓરડી એટલે અમથાલાલનું રસોડું. અમથાલાલ ફૂંકણિયું લઈને ચૂલાને ફૂંકતા હતા. જેવી ફૂંક લાગી કે કપાસની સાંઠીઓ સળગવા લાગી. એની અગનજ્વાળામાં અમથાલાલનો કાળાશવાળો ચહેરો લાલાશ પકડી રહ્યો. થોડું ત્રાંબા જેવું એમનું શરીર. અમથાલાલે રોટલો ઘડીને તાવડીમાં મૂક્યો અને શેકતી વખતે કશુંક ગણગણવા લાગ્યા.

હું બહાર ઊભો ઊભો ચૂપચાપ જોઈ રહ્યો. અમથાલાલને આ સ્થિતિમાં જોઈ મને આશ્ચર્ય સાથે દુઃખ પણ થયું. એ વખતે જ બે નાનાં ટાબરિયાં છોકરાંઓ દોડી આવ્યાં. એમાંથી એક છોકરાને જોતાં દયા આવી. શરીર પર એકેય કપડું નહીં અને હાથ-પગ દોરડી, પેટ ગાગરડી જેવો ઘાટ. અમથાલાલે રોટલા બનાવી લીધા એટલે મેં બહારથી બૂમ પાડી;

'કંકુબઈ, એ કંકુબઈ...' મારો અવાજ સાંભળી દોડતા જ અમથાલાલ બહાર આવ્યા. મને જોતાં જ હર્ષથી આંખો ભીની થઈ ગઈ. મને ઊંચકીને ગોળ ગોળ ફર્યા. અત્યારે એમના માથા પર ફાળિયું નહોતું.

'તું અહીં ક્યાંથી?' એમને પૂછ્યું.

'તમને તાવ આવે છે ને એટલે મફતભાઈસાહેબ સાથે ખબર પૂછવા આવી ગયો. બાપુજીએ કહ્યું છે, કાંઈ કામકાજ હોય તો પૂછજે.'

'કામ તો કાંઈ નહીં પણ હજુ બે-ચાર દિ' નઈ અવાય. નબળાઈ બઉ છે...'

અમથાલાલના અવાજમાં ફેર લાગતો હતો. એમનાં પત્ની કાયમી બીમાર. કદાચ ટીબી હતો. નાના છોકરાઓ અને પોતે ગોદાવરીથી લીમલી, મુંજપર અને ચાણપર સુધી આવન-જાવનની નોકરી. બિચારા કરેય શું? આ બધું પેટ માટે જ છે ને? અમથાલાલની આર્થિક સ્થિતિ ખૂબ નબળી. એ જમાનામાં પગાર પણ કેટલો હશે? ઘર, વ્યવહાર અને દવાના ખર્ચને સામાન્ય માણસ કઈ રીતે પહોંચી શકે? તેમ છતાંય મને જોઈને એ ફરી ઘરમાં જતાં બોલ્યા; 'ઊભો રે'જે. આવું છું હોં...'

થોડી વારે પાછા આવીને એક રૂપિયાની નોટ એમના દીકરાના સમ આપીને મારા ખિસ્સામાં સરકાવી દીધી. મેં ખૂબ ના પાડી. એમને અતિ આગ્રહથી કહ્યું; 'મારી ગરીબીની મશ્કરી ન કરીશ. કંકુબઈ, લઈ લે આ રૂપિયો. તું ફરી ક્યારેય આવીશ...'

એમની વાત અને શબ્દોને હું બરાબર સમજ્યો નહોતો પણ આજે સમજાય છે. ત્યારે રૂપિયો કેવડો મોટો હતો! અમથાલાલ ખરેખર રડી પડ્યા. એમની આ સ્થિતિને સમજ્યા વગર પણ મને થયું કે અમથાલાલ રડે છે એટલે રૂપિયો લેવો જોઈએ. મેં પ્રેમથી લઈ લીધો. એ વખતે એમની ગરીબી જોઈને દુઃખી થઈ ગયેલો એમ નહીં કહું, પરંતુ

એ સ્થિતિમાંય એક રૂપિયો આપીને આંસુ સારતો માણસ જોયો એનું કુતૂહલ હતું. આમાં વિચિત્રતા લાગી પણ આ દુઃખની દવા પણ નહીં.

થોડા દિવસમાં બધું રાબેતા મુજબ ગોઠવાઈ ગયું. અમથાલાલની તબિયત સારી થઈ ગઈ. ફરી ઘાંચીના બળદ જેમ ગોદાવરી, લીમલી, મુંજપર અને ચાણપરના આંટા શરૂ થઈ ગયા.

એ દિવસોમાં એક ઘટના બની. સામાન્ય રીતે અમારા ગામમાં ટપાલ આવવાનો સમય થાય એ પહેલાં ગામના સરપંચ અને બે-ત્રણ બીજા માણસો આવીને બેસતા. ટપાલ તો બહાનું હતું, પરંતુ મારા બાપુજી સાથે અલકમલકની વાતો કરવા મળવું. એમના કોઈ પત્રો હોય તો ત્યાંથી જ પોસ્ટકાર્ડ કે કવર ખરીદીને જવાબ લખવો. કેટલાક મારા બાપુજી પાસે જવાબ લખાવતા. કોઈ દિવસ એવો નહીં કે ટપાલના સમયે ગામનો માણસ હાજર ન હોય. એક દિવસ સરપંચ ખોડુભા બાપુ અને બે-ચાર માણસો બેઠેલા. મારા બાપુજી સાથે વાતો ચાલતી હતી અને અમથાલાલ ટપાલ લઈને આવ્યા. એમને થેલો ટેબલ પર મૂક્યો.

થેલા પરના લાખના સીલને ખોલીને અંદર હાથ નાખ્યો તો બાપુજીના હોશ ઊડી ગયા. આ શું...? અંદર લીમલીની ટપાલ અને મુંજપર-ચાણપરના નાના થેલા હતા, પણ કેશબૅગ નહોતી. મારા બાપુજીએ અમથાલાલને પૂછ્યું. જવાબમાં અમથાલાલ બોલ્યા; ‘શા’બ, હું તો કંડકટરે જેવો થેલો દીધો એવો જ લઈને આવ્યો છું.’

મારા બાપુજી, અમથાલાલ અને સરપંચ સુરેન્દ્રનગરની મુખ્ય ટપાલકચેરીએ સાઇકલો લઈને આવ્યા. બધી વિગતે વાત કરી. પોલીસફરિયાદ થઈ. એ વખતના જમાદાર મંગલસિંહને તપાસ સોંપાઈ. મંગલસિંહે મારા બાપુજી અને અમથાલાલની પૂછપરછ કરી. એ વખતે સરપંચ ખોડુભા બાપુએ કહ્યું; ‘ટપાલનો થેલો મોટા શા’બે અમારી નજર સામે જ ખોલ્યો હતો. એ વખતે જ એમાં કેશબૅગ નહોતી. કેશબૅગ મુખ્ય કચેરીમાંથી જ ગુમ થઈ છે. બે-ચાર દિવસ અમે સૌએ ચિંતામાં વિતાવ્યા. અમથાલાલને તો જમાદાર મંગલસિંહે એવી ધમકી આપેલી કે એ રડી પડેલા. માત્ર મારવાનું જ બાકી હતું.

નિર્દોષ અમથાલાલ બોલ્યા; ‘શા’બ, રસ્તામાં મેં કંઈ ગોટાળો નથી કર્યો. થેલાને જેવો સીલ હતો એવો જ લઈને આવ્યો છું. ગામલોકો ને સરપંચ સામે જ મોટા શા’બે થેલો ખોલ્યો’તો. પેલેથી જ એમાં કેશબૅગ નો’તી. હું તો ગરીબ માણહ છું, પણ પૈસા હારું આવાં કાળાં કામ નો કરું.’

ગામલોકોએ પણ એમના નિર્દોષ હોવાનું લેખિત આપ્યું.

છેવટે તપાસ કરતાં ચોથે દિવસે જમાદાર મંગલસિંહના સમાચાર આવ્યા. એમણે બોલાવેલા એટલે તરત જ મારા બાપુજી સુરેન્દ્રનગર આવવા નીકળ્યા. બરાબર એ દિવસે જ અમારી જનોઈનો પ્રસંગ હતો. કંકોત્રીઓ તો અગાઉથી મોકલેલી. એમાં આ બધો ગોટાળો થયો. હું લગભગ પાંચેક વર્ષનો હોઈશ. એક તરફ જનોઈવિધિ ચાલતી હતી અને બીજી તરફ મારા બાપુજી સુરેન્દ્રનગરની મુખ્ય ટપાલકચેરીમાં હતા. જમાદાર મંગલસિંહ અને મુખ્ય પોસ્ટમાસ્તર બેઠા હતા. મારા બાપુજીએ પ્રવેશ કર્યો એ જોઈને બોલ્યા; ‘આવો સાહેબ, આવો. તમારો ચોર પકડાઈ ગયો છે હોં! જરાયે ચિંતા કરશો નહીં. અહીં મુખ્ય

કચેરીમાંથી જ એક માણસે આખી કેશબૅગ સેરવી લીધેલી. આવું આ અગાઉ બે ગામમાં પણ થયેલું. આ વખતે બરાબર ઝપટમાં આવી ગયો છે.'

મારા બાપુજીને શાંતિ થઈ. પોતાની સચ્ચાઈ અને પવિત્રતાએ જ ઉગાર્યો. એ તરત લીમલી આવવા નીકળતા હતા ત્યારે જમાદારે કહ્યું; "સાહેબ, આજે તો તમારા દીકરાઓને જનોઈ આપવાનો પ્રસંગ છે ને તમારે આવવું પડ્યું.' કહેતાં ખિસ્સામાંથી પચાસની નોટ કાઢીને બાપુજીને આપતાં કહ્યું; 'આ મારા તરફથી ચાંદલાના..."

ઘેર સૌ ચિંતાગ્રસ્ત ચહેરે બાપુજીની રાહ જોતા હતા. નિશાળના તમામ શિક્ષકો, સગાં-સંબંધી અને અમથાલાલ પણ ચિંતામાં હતા. સરપંચ પણ હાજર હતા.

આમ નોકરી દરમિયાન આફતમાંથી પાર ઊતરેલા અને પરિવારના સભ્ય જેવા અમથાલાલને જાણે ઘાત ગઈ. એમણે પૂરી ઈમાનદારીથી નોકરી કરી. મારા બાપુજીને પ્રમોશન મળ્યું અને અમે લીમલી ગામ છોડ્યું.

પછી તો અમથાલાલને ટીબી થયાના સમાચાર મળ્યા ત્યારે બે-ત્રણ વર્ષની નોકરી હતી છતાં છોડવી પડેલી. ધીમે ધીમે અમારો સંપર્ક પણ કપાઈ ગયેલો.

થોડાં વર્ષો પછી મફતલાલસાહેબ પાસેથી જાણવા મળ્યું કે અમથાલાલ ગુજરી ગયા. ટીબીએ ભોગ લીધો. આ સાંભળી હું રડી શક્યો નહોતો. સાંજે ધોળી ધજા ડૅમ ગયો. ડૅમની પાછળ જ ગોદાવરી ગામ છે. ઉનાળાની સાંજ. સંધ્યા અને સૂર્યનું પાણીમાં ઠરવું. બધું યાદ આવવા લાગ્યું. આજે સહજ આંસુ સરતાં રહ્યાં. જાત પર કાબૂ રાખી શક્યો નહીં. હૈયું હળવું થાય એટલું પોક મૂકીને રડ્યો. કારણ એટલું જ કે હજી ડૅમની પેલે પારથી કોઈ મને સાદ પાડતું હતું... 'કંકુબઈ, એ કંકુબઈ...!'

■

હાઈસ્કૂલના પહેલા જ યોગ્ય છે. કેળવણીખાતાના ઇન્સ્પેક્ટર જાઈલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમણે પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા. તેમાં એક શબ્દ 'કેટલ' (kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી. માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું ? મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાના પાંચે શબ્દ ખરા પડ્યા ને એકલો હું ઠોઠ ઠર્યો! મારી 'મૂર્ખાઈ' મને માસ્તરે પાછળથી સમજાવી; પણ મારા મન ઉપર તે સમજૂતીની કશી અસર ન થઈ. મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# હૉર્ન વગાડવાની ‘ટૉપ-ટેન’ રીતો

પરાગ ત્રિવેદી

ભગવાને જ્યારે પૃથ્વી પર વૃક્ષો, વનસ્પતિઓ, પક્ષીઓ, પશુઓ, મનુષ્યોને ઉત્પન્ન કર્યાં ત્યારે કોઈને નંબર ફાળવ્યા નહોતા. હજી પણ ભગવાન કોઈ વસ્તુને નંબર આપીને કે છાપીને પૃથ્વી પર મોકલતા નથી. પણ જ્યારથી મનુષ્યએ શૂન્યની શોધ કરી, ત્યારથી તેને નંબર વિના ચાલતું નથી. શરૂઆતમાં રોજબરોજના વ્યવહાર માટે, પછી વેપાર માટે, પછી મિલકત માટે, પછી સામ્રાજ્ય માટે અને એમ કરતાં કરતાં મનુષ્ય લગભગ બધા જ ક્ષેત્રમાં નંબર વાપરતો થઈ ગયો.

એમાં પણ છેલ્લા થોડા દસકાઓથી ‘ટૉપ-ટેન’ નંબરની પાછળ તો મનુષ્ય રીતસર ઘેલો બન્યો છે. ટૉપ-ટેન ગીતો, ટૉપ-ટેન ફિલ્મો, ટૉપ-ટેન બ્રાન્ડ્ઝ, ટૉપ-ટેન ક્રિકેટર/ટેનિસ ખેલાડી, ટૉપ-ટેન શહેરો, ટૉપ-ટેન ફરવાનાં સ્થળો, ટૉપ-ટેન હોટેલ્સ.. શું-શું ટૉપ-ટેન છે.. અથવા કહીએ કે શું ‘ટૉપ-ટેન’ નથી! હા, જેમ ‘ટૉપ-ટેન’ ધનવાનોનું લિસ્ટ બહાર પડે છે, એમ ટૉપ-ટેન ગરીબોનું લિસ્ટ બહાર નથી પડતું, એ અલગ વાત છે.

તાજેતરમાં મને મળેલી માહિતી અનુસાર એક ગ્રૂપના સભ્યોએ એકઠા મળી ‘ટૉપ-ટેન ગાળો’નું લિસ્ટ બનાવવાનું ચાલુ કર્યું હતું. પણ કઈ ગાળ ટૉપ-ટેનમાં લેવી ને કઈ ન લેવી - એ બાબતમાં તેમની વચ્ચે તીવ્ર મતભેદ થતાં તેઓ ખુદ ગાળાગાળી પર ઊતરી આવ્યા હતા, અને આમ આપણે એક દુર્લભ એવા ટૉપ-ટેન લિસ્ટથી વંચિત રહી ગયા. પણ ભવિષ્યમાં આવું ટૉપ-ટેન લિસ્ટ પણ મળશે, એવી આશા રાખી શકીએ.

મને થોડા વખત પહેલાં કોઈ ‘ટૉપ-ટેન’ લિસ્ટ બનાવવાનું મન થયું અને રસ્તા ઉપર વાહન ચલાવતા લોકોમાંથી પ્રેરણા લઈ મેં ‘હૉર્ન વગાડવાની ટૉપ-ટેન રીતો’નું લિસ્ટ તૈયાર કર્યું, જે અહીં રજૂ કરું છું. તમે મેં આપેલા ટૉપ-ટેન નંબરમાં તમારી રીતે ફેરફાર કરી શકો છો, મેં આપેલા નંબરને ફાઇનલ માની લેવાની જરૂર નથી. તો ચાલો, ટૉપ ૧૦ લિસ્ટને નંબર(૧૦)થી ચાલુ કરીએ.

નંબર (૧૦): કોઈ રસ્તા પર વાહન હંકારવાની સ્પીડલિમિટ કાર માટે ધારો કે ૭૦ કિ.મી./કલાક છે. પણ તમારે એ રસ્તા ઉપર ૧૦૦ કિ.મી./કલાકની ઝડપે ચલાવી કોઈ ચોક્કસ જગ્યાએ પહોંચવું છે. (અને ત્યાં જઈ પાનમસાલો ખાવાનું અતિ અગત્યનું કામ કરવાનું છે.) તો તમારે હૉર્ન વગાડવું જ રહ્યું, જોરશોરથી વગાડવું રહ્યું. આમ કરવાથી બીજાં વાહનોની ગતિ પહેલાં કરતાં પણ ઓછી થઈ જશે (બીકના માર્યાસ્તો) અને તમે વહેલાસર પાનમસાલો ખાઈ શકશો.

નંબર (૯) : ઘણી વખત રસ્તા ઉપર ભૂવો પડવાને કારણે, ગાયો-ભેંસો રસ્તા પર આવી જવાના કારણે, કોઈ વાહન અથડાવાને કારણે - એવાં વિવિધ કારણોસર ટ્રાફિક જામ થઈ જતો હોય છે. આવે વખતે મોટા ભાગના વાહનચાલકો શાંતિથી ઊભા રહી જાય છે અને ટ્રાફિક આગળ વધવાની રાહ જુએ છે. પણ તેઓ એ ભૂલી જાય છે કે ગીતાજીમાં આપેલ ઉપદેશ અનુસાર કર્મ તો કરતા જ રહેવું જોઈએ. પણ કંઈ બધા જ માણસો થોડા આટલા અકર્મણ્ય હોય! અમુક વાહનચાલકો ગમે તેવા ટ્રાફિકજામમાં પણ હૉર્ન મારવાનું ચાલુ જ રાખે છે. પીં પીં... પોં પોં... ભોં... ભોં... અને આમ કર્મ કરવાનું છોડતા નથી. અન્ય વાહનચાલકોને આનાથી હૉર્ન મારવાને બદલે તેમને માર મારવાની પ્રેરણા મળે છે, એમાં તે હૉર્ન મારનાર શું કરે!

નંબર (૮) : સ્કૂલ/હૉસ્પિટલ/નાનું ગામ જ્યારે હાઈ-વેને અડીને આવેલાં હોય ત્યારે એટલા ભાગમાં ૨૦-૩૦ કિ.મી./કલાકની સ્પીડલિમિટ હોય છે. પણ અમુક અસામાન્ય વાહનચાલકો આવી સૂચનાને 'ચૅલેન્જ' તરીકે લે છે અને વાહનો, વિદ્યાર્થીઓ, દર્દીઓ, ગામલોકો વચ્ચેથી વાંકાચૂકા કાવા મારતા દિવાળીમાં ફૂટતી હવાઈની જેમ નીકળી જાય છે. આવા કાવા જોવાના લહાવા તો જેણે લીધા હોય એ જ જાણે!

નંબર (૭) : આપણું શરીર અમૂલ્ય છે એ સૌ જાણે છે. બને ત્યાં સુધી એને ઘસારો ન પહોંચે એમ કરવું જોઈએ. અમુક લોકો આ બાબત ખૂબ સારી રીતે સમજે છે. કોઈને એમની ઘરેથી લઈને પછી કોઈ ત્રીજી જગ્યાએ જવાનું હોય અને જેને લેવા જવાનું હોય એ ફ્લૅટના પાંચમા-છઠ્ઠા માળે રહેતા હોય તો શું પોતાનું વાહન નીચે રાખી તેમને ઘરે બોલાવવા જવા? તેમનો મોબાઇલથી નો-રિપ્લાય થાય તો શું દાદરા/ લિફ્ટ ચડી પોતાના પગ/ શરીરને ઘસારો આપવો? ના-ના-ના! એવે સમયે નીચે જ રહી વાહનનું હૉર્ન જોરજોરથી વગાડવું એ જ ઉત્તમ રીત છે. ત્રણ-ચાર પાડોશીઓ પોતાની ગૅલરીમાં આવી કતરાતી નજરે જુએ એથી કંઈ આ હૉર્ન બંધ કરવાનું હોતું નથી. એ તો ત્યારે જ બંધ કરવાનું હોય છે જ્યારે જેને લેવા આવ્યા છે એ વિખરાયેલા વાળ અને અડધા મેકઅપ સાથે પોતાની ગૅલરીમાં આવી સરકસના જોકરની જેમ જોરજોરથી હાથ હલાવે.

નંબર (૬) : રસ્તો શાંત હોય, ટ્રાફિક ઓછો હોય, એકલદોકલ વાહન/ ચાલનારાઓ જતા હોય ત્યારે; તેમને ખબર ન પડે એમ, તેમની સાવ નજીક પોતાનું વાહન લઈ જઈ, પછી એકદમ જોરથી હૉર્ન વગાડી તેમને ભડકતા જોવાની શું મજા હોય છે! એવા શાંત અને ભેંકાર લાગતા રસ્તામાં બિચારો વાહનચાલક બીજું કરે પણ શું?

નંબર (૫) : વાહન ચલાવતા હોય ત્યારે જ, કે ટ્રાફિકજામમાં ફસાયા હોય ત્યારે જ કે કોઈને બોલાવવા હોય ત્યારે જ હૉર્ન વગાડી શકાય એવું નથી, હા! તમે તમારી જ સોસાયટી કે તમારા જ ઍપાર્ટમેન્ટમાં ઊભા છો. તમને કંટાળો આવે છે અથવા તમારી સાથે રહેલ બાળકને કંઈક નવું જોઈએ છે. અરે, મૂંઝાવ છો શું? હૉર્ન હાજર છે! તમારું મનોરંજન કરવા માટે, કંટાળો દૂર કરવા માટે, વિવિધ તાલમાં કે કોઈ તાલ વગર, ધીમે ધીમે ને જોરથી, એકધારું ને કટકે કટકે, ડોલતા ડોલતા ને ડાન્સ કરતા કરતા... વગાડો હૉર્ન! કોણ ના કહે છે? સોસાયટી/ફ્લૅટવાળા તો અમથાયે કચકચિયા હોય છે. કરવા દો કચકચ... તમતમારે હૉર્ન વગાડ્યા કરો અને તમારા કંટાળાને ભગાડ્યા કરો, બાળકનું મનોરંજન કરતા રહો..

નંબર (૪) : ટ્રાફિક-સિગ્નલની લાઇટ લીલી થાય ત્યારે વાહનને પહેલા ગિયરમાં ઉપાડવાના પ્રયત્નમાં ઘણાનું વાહન બંધ પડી જતું હોય છે. કોઈનું વળી સાંકડા રસ્તામાં

વધારે ટ્રાફિક વચ્ચે બંધ પડી જતું હોય છે. આવા વખતે પોતાનું બંધ પડેલું વાહન સાઇડમાં લઈ જવા કોઈ પ્રયત્ન કરે છે તો કોઈ ત્યાં જ ઊભા ઊભા વાહન ચાલુ કરવાની કોશિશ કરે છે. પણ આ સમય હૉર્ન વગાડવાના શોખીન માટે એકદમ યોગ્ય સમય છે. બસ, એ સમયે એનું વાહન બંધ પડેલા વાહનની પાછળની તરફ હોવું જોઈએ. ટેંટે.... પેંપે... પીં... ઉપરાઉપરી હૉર્ન માર્યા કરવાના. આમ અધવચ્ચે વાહન બંધ પાડી દેવાનો ગુનો પેલાથી થાય જ કેમ? તેને તો આટલી હૉર્ન-સજા કર્યે જ છૂટકો. આમ કરવાથી પેલાનું વાહન તો ચાલુ થવું હોય તો થશે, પણ તેના મોંમાંથી ગાલીપ્રવાહ તો ચાલુ થઈ જ જશે.

નંબર (૩) : ટ્રાફિક સિગ્નલ ૯૦ સેકન્ડ કે એનાથી વધુ સમય માટે બંધ થાય તો ઘણા લોકો પોતાનું વાહન બંધ કરી દેતા હોય છે. ઘણા વળી આમતેમ જોતા હોય છે. અમુક તો મોબાઇલ કાઢી વાત કરવા માંડતા હોય છે. હવે આ બધા લોકોને જો સિગ્નલ ખૂલવાની ૧૦ સેકન્ડ પહેલાં જાગ્રત ન કરવામાં આવે, તો સિગ્નલ ખૂલે ત્યારે તેઓ વાહન ચલાવી શકશે ખરા? ના, ના, ના! આથી, તેમને જાગ્રત કરવા માટે જ અમુક શાણા-સમજુ વાહનચાલકો સિગ્નલ ખૂલવાની ૧૦ સેકન્ડ પહેલાં જોરશોરથી હૉર્ન વગાડવાનું ચાલુ કરી દેતા હોય છે. આવા પરમાર્થીઓને નમસ્કાર.

નંબર (૨) : જીવનમાં અમુક લ્હાવા ગભરુ માણસો લઈ નથી શકતા, એના માટે બિન્દાસ્ત બનવું જરૂરી છે. દાખલા તરીકે ઇન્કમટૅક્સ ન ભરવાનો લ્હાવો, કસ્ટમ-ડ્યૂટી ચોરી કરવાનો લ્હાવો, લીધેલી લોન સમયસર ન ભરવાનો લ્હાવો વગેરે. આવો જ એક લ્હાવો છે રોંગ સાઇડમાં વાહન ચલાવવાનો લ્હાવો, હંમેશાં સાચી સાઇડમાં વાહન ચલાવનાર આ લ્હાવો શું જાણે!

તમારા વાહનના વર્તમાન સ્થાનથી રોડની સાચી સાઇડ સુધી પહોંચવા બહુ કે થોડું ફરીને જવું પડે એમ હોય, અને... અને... એવું ફરવાનો તમારો મૂડ ન હોય ત્યારે રોંગ સાઇડમાં (એટલે કે ભારતમાં 'રાઇટ' - જમણી સાઇડમાં) વાહન લઈ ધસી જવું એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આવા વખતે હૉર્ન વગાડવું અનિવાર્ય છે. અરે, વગાડવાનું શું? - હૉર્ન દબાવી જ રાખવાનું - તેના પરથી હાથ હટાવવાનો જ નહિ. સાચી સાઇડમાંથી આવતા વાહનચાલકોમાંથી બે ત્રણ ગભરાઈને ઊભા રહી જશે, એક-બે પડતા પડતા રહી જશે, ત્રણચાર બાઘાની જેમ તાકી રહેશે. ત્યાં સુધીમાં તો તમે તમારા ગંતવ્યસ્થાને પહોંચી ગયા હશો. બસ, હવે જવા દો સાચી સાઇડમાં!

નંબર (૧) : હૉર્ન કંઈ હંમેશાં પોતાની જાત માટે, પોતાની મજા માટે પોતાની સગવડ માટે જ નથી વગાડવાનું હોતું. ક્યારેક સામેવાળાની સલામતી માટે પણ વગાડવાનું હોય છે. તમે જે વાહન ચલાવી રહ્યા છો તેની બ્રેક સાવ ઓછી લાગતી હોય, ત્યારે સામેવાળા વાહનચાલક કે રાહદારીની સલામતી માટે હૉર્ન માર્યા કરવું જરૂરી બને છે. અમિતાભની ફિલ્મ 'ડૉન'ના પેલા પ્રખ્યાત ડાયલૉગની જેમ કહીએ, તો 'તમને ખબર હોય છે કે તમારા વાહનની બ્રેક સાવ ઓછી લાગે છે, તમારી સાથે તમારા વાહનમાં બેઠેલાને ખબર હોય છે કે બ્રેક સાવ નહિ જેવી લાગે છે. પણ અન્ય લોકોને (અને પોલીસને પણ) ખબર હોતી નથી કે તમારા વાહનની બ્રેક...' આવા વખતે તેમને સૌને બચાવનાર એક હૉર્ન જ છે. ઈશ્વર સૌને સલામત રાખે.

■

# વેલકમ વામનરાવ

('વામનરાવ નાઇટ્સ', લે. : રમેશ ર. દવે, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧, પ્ર. આ. ૨૦૨૪, પૃ. ૧૩૬, મૂલ્યઃ રૂ. ૨૪૦/-)

હરીશ ખત્રી

ઑફિસોમાં ટાઇપરાઇટરની ખટાખટનો જમાનો ક્યારનોય વીતી ગયો છે અને વિસરાઈ ચૂક્યો છે ત્યારે એ મશીનના એક રિપૅરરના જીવનનાં અનેકવિધ પાસાંને વિવિધ પાત્રો દ્વારા રજૂ કરીને લખાયેલ નવલકથા માટે એવું કહી શકાય કે આપણા સમાજરૂપી ટાઇપરાઇટરનાં વિવિધ અંગો(પાત્રો)ના ખોટકાઈ પડેલા ટાઇપરાઇટરને સમું કરીને તેને ચકાચક કામ કરતી દિશામાં વાળી શકાય એવું આ વિશેષ પ્રકારની કથનશૈલી ધરાવતી કથામાંથી ફલિત થતું જોઈ શકાય. આ નવલકથા એટલે રમેશ ર. દવેકૃત 'વામનરાવ નાઇટ્સ'. કથાના કેન્દ્રસ્થ પાત્ર વામનરાવના જીવનની વિવિધ લાક્ષણિકતાને પ્રસ્તુત કરવા માટે લેખકે ખપમાં લીધેલી લેખનશૈલી અલબત્ત રસપ્રદ અને કૌતુકપ્રેરક છે. દર શનિવારે રાતે વામનરાવની પરગજુતાને પ્રગટ કરતા અનેક પ્રસંગો જુદાં જુદાં પાત્રો દ્વારા ઉજાગર કરવાની રીતિ અને તેને માટે યોગ્ય એવું 'વામનરાવ નાઇટ્સ' જેવું ચોટડુક શીર્ષક પણ સહજ રીતે આ કથા વાંચવા પ્રેરે એવું છે. વળી, મુખપૃષ્ઠ પરની મીઠું હાસ્ય રેલાવતી સુંદર તસવીર પણ મુખ્ય પાત્રના આંતરિક વૈભવની સાથે બાહ્ય વૈભવનો અણસાર પણ સૂચક રીતે આપી દે છે.

પ્રથમ પ્રકરણમાં જ વામનરાવ પૂનમની રાતે રૂખડદાસની બે ઊંટગાડીમાં મિત્રોને બેસાડીને પિકનિક પર લઈ જાય છે. વામનરાવ સાથે ભાઈબંધી કેવી રીતે થઈ તેના જવાબમાં રૂખડદાસ તેમની કથની કહેવા લાગે છે. પોતે નવરંગપુરાની સોસાયટીના પ્લૉટમાં રહે છે એ જાણીને સૌને આશ્ચર્ય થાય છે. ત્યારે એ પ્લૉટ કેવી રીતે મળ્યો, પછી કેવી મુશ્કેલી આવી અને વામનરાવે તેનો પોતાની આગવી નાટકીય ઢબે કેવી રીતે ઉકેલ આણ્યો તેનું દિલચસ્પ નિરૂપણ વાચકને રસતરબોળ કરી દે છે.

ધીરજલાલ શેઠે મોંઘી ગાડી તો લીધી પણ ડ્રાઇવરનો મેળ પડતો નહોતો. ત્યારે વામનરાવ શેઠને ત્યાં ઘરકામ કરતા મોગજીને ડ્રાઇવર બનાવી દે છે. પણ શેઠાણીના કામનું શું? એનો પણ રસ્તો કાઢીને બધાંને ખુશ કરી દે છે! ગામડેથી અમદાવાદ આવેલાં અભણ લખમીમાને કાંઈક કામ કરવું છે. પરદુઃખભંજક વામનરાવ તેમને પોતાના ફટફટિયા પર બેસાડીને લઈ જાય છે ભદ્રના ચોકમાં અને બેસાડી દે છે હિંમતલાલની ચાની લારીની બાજુમાં, લોકોને ઠંડું પાણી પિવડાવવા.

વામનરાવની પહોંચ કાંઈ આવા સાધારણ માણસો સુધીની જ નથી, એનો પરચો આયોજક દેવાંગને અચંબો પમાડી દે છે જ્યારે એક 'ખાસ' વક્તા પોતાને બોલાવવા માટે વિનંતી કરે છે! અને એ વક્તા કોઈ જાતની હોહા વગર આવી પહોંચીને શ્રોતાઓને જબરું સરપ્રાઇઝ આપે છે – અરે, આ તો આપણા સીએમ વખતસિંહજી બાપુ! બાપુને નવાઈ લાગે છે કે એમના જેવા મોટા માણસ પાસે કોઈ માણસ ખાસ કામ વગર, માત્ર અલકમલકની વાતો કરવા આવે? પણ વામનરાવ જેનું નામ! એ તો મજેથી ચાની ચૂસકીઓ લેતા ગાર્ડનનાં ફૂલોની, સચિનની બૅટિંગની, ગિનેસ બુકના રેકૉર્ડની અને એવીતેવી વાતો કરે! અને પછી 'જય જય' કરીને ચાલ્યા જાય! આવા 'અસાધારણ' માણસ વિશે બોલવાની તક સી.એમ. પણ ગુમાવવા માગતા નથી.

પુરુષ હોય કે સ્ત્રી, જાતીય વૃત્તિ તેનામાં પ્રગટ કે પ્રચ્છન્નપણે રહેલી હોય છે. કેટલાક અણધાર્યા સંજોગોમાં જાતીયતાનો ભાવ ક્યારેક રોમાંચક તો કયારેક ક્ષોભજનક પરિસ્થિતિ પણ ઊભી કરે છે. વામનરાવ પણ આવા અનુભવોમાંથી બાકાત નથી. બ્યાસી વર્ષનાં શિક્ષિકા તર્પણા પંડ્યા સાઠેક વર્ષ પહેલાંની એક ઘટના યાદ કરે છે જ્યારે વામન સાતમા ધોરણનો વિદ્યાર્થી હતો અને શાળાના પ્રવાસમાં ગયો હતો. વામન તેમને દીદી કહેતો. એક સવારે શિક્ષક ભાનુભાઈ વામનને તર્પણાબહેનને બોલાવી લાવવા મોકલે છે. વામન તો દોડતો જઈને રૂમનું બારણું ખોલીને ગયો અંદર. બરાબર એ જ વખતે કાંઈક એવું દૃશ્ય સર્જાય છે કે વામન વળતો જ પાછો ભાગે છે! બે દિવસ સુધી એકમેકથી અળગા રહે છે પછી વામનને માથે હાથ મૂકીને આશ્વસ્ત કરે છે. મુંબઈથી ઘર છોડીને ભાગી છૂટેલી અમૃતા અમદાવાદ સ્ટેશને અચાનક વામનરાવને ભેટી જાય છે. આપણા પરગજુ રાવ તેને આશ્વાસન આપીને તેના આશ્રયની વ્યવસ્થા વર્કિંગ વિમેન્સ હૉસ્ટેલમાં કરી આપે છે. પછી તો કોચિંગ ક્લાસમાં કામ અને રહેવા માટે ભાડાનું મકાન પણ અપાવે છે. આમ, વામનરાવના ઉપકારવશ તેમને માટે એ કાંઈક કરી છૂટવા માગે છે. એમની આગળ 'સર્વસ્વ સમર્પિત કરીને' સંતોષ પામવાનો ભાવ જાગે છે. એક વાર મોડી સાંજે ઓચિંતા વામનરાવ તેને ત્યાં આવી ચઢે છે. પોતાનો દોષભાવ પ્રગટ કરતાં કહે છે કે આટલું મોડું તારે ત્યાં ન અવાય. પણ પછી તો કૉફી પીએ છે, માથે તેલ ઘસાવે છે અને સ્નાન પણ કરે છે. અમૃતાના કપાળ પર હોઠનો આછો સ્પર્શ પણ કરે છે. બંને પક્ષે ઉત્કટ ઇચ્છાનો ઉમળકો ઊભરાય છે અને પાછો શમી જાય છે. આ દરમિયાન બંને વચ્ચે એકમેક પ્રત્યે વ્યક્ત થતો આત્મીય ભાવ સરસ રીતે નિરૂપાયો છે.

એક વખત યુવાન મિત્રોની ડ્રિંક્સ પાર્ટીમાં આવી ચઢેલા વામનરાવ પછી તો ડ્રિંક્સ પીવાની શરતમાં જુવાનિયાઓને પણ હરાવી દે છે, પણ હવે ક્યારેય ન પીવાનું વચન તેમની પાસે લેવડાવે છે. જાતીય વૃત્તિની વાત ફરી એક પ્રકરણમાં આવે છે, પણ અહીં તે 'હોમોસેક્સ' રૂપે આવે છે. નવા નવા નોકરીએ લાગેલા પ્રકાશને મજબૂરીથી તેના શેઠની 'ભૂખ' સંતોષવી પડે છે. પ્રશ્ન વામનરાવ સમક્ષ મુકાય છે એટલે એમનું ફળદ્રુપ ભેજું કામે લાગી જાય છે. જોકે, સ્પષ્ટપણે કહે છે કે પોતે આવા સંબંધ પ્રત્યે આળા નથી. બસ, બંનેને એ ગમતું હોવું જોઈએ. ડૉક્ટરની મદદથી તેનો સુખદ ઉકેલ લાવે છે. મજાની વાત એ છે કે આ કથાનાં બધાં પાત્રો સભામાં મોજૂદ હોય છે!

હરિજન-સવર્ણ પ્રેમીઓનાં લગ્નનો મુદ્દો હોય કે પછી ખોટાં કાગળિયાં કરીને ફાર્મહાઉસ લેવાનું હોય કે કાંતિ જેવાની દાદાગીરી દૂર કરવાની હોય – વામનરાવ એટલે સર્વમિત્ર અને સર્વસહાયક, નોધારાના આધાર અને અલ્લાના બેલી, બધું એ જાણે અને બધું એમને આવડે! એટલે પ્રશ્ન થાય કે આટલો સારો, પરગજુ, નિઃસ્વાર્થી, સેવાભાવી માણસ અને એ પણ આ અમદાવાદમાં!

છેવટે, તેમના જૂના મિત્ર સફદરમિયાં દિલ્હીથી આવી પહોંચે છે. આટલે સુધી વાંચતાં વાચકના મનમાં જે કેટલાક સવાલો સળવળાટ કરતા હોય તેનો જવાબ વામનરાવ પાસે જાહેરમાં માગે છે. પોતાની નિરાળી જીવનરીતિ વિશે પછી નિરાંતે વાત કરીને તે પોતાના ચાહકોના કુતૂહલનો અંત લાવે છે.

આ કથામાં એક સ્ટોરીમાં અનેક સ્ટોરી અને દરેકનો એક તાંતણો વામનરાવ સાથે બંધાયેલો જોવા મળે છે. જુદાં જુદાં પાત્રો એક વ્યક્તિની પોતાના સ્વાનુભવ આધારિત છબી રજૂ કરે છે. અનેક પાત્રો મળીને એક ખાસ પાત્રના (કથાનાયકના) વ્યક્તિત્વને ઉજાગર કરે છે. અહીં કથાનાયક સાથે પ્રસંગોપાત્ત સંકળાયેલાં પાત્રો નાયકનું આગવું ચિત્ર પ્રગટ કરે છે. કોઈ ધારાવાહી સિરિયલની જેમ એક પછી એક પાત્રો આવે છે અને વામનરાવ અંગેનો પોતાનો અનુભવ, અહોભાવ અને પ્રભાવ રજૂ કરે છે. લેખકના અનુભવ અને સમાજના વિવિધ સ્તરના માણસોના ઝીણવટભર્યા નિરીક્ષણના પરિપાક રૂપે ઊંટગાડીવાળો રૂખડદાસ, શિક્ષિકા તર્પણા, કામવાળો મોગજી, કાઠિયાવાડી લખમીમા, મુખ્યમંત્રી વખતસિંહજી, અધ્યાપિકા અમૃતા, કૉલેજિયન છોકરાઓ, મહાચાલાક કાન્તિ, 'હોમોં'નો બંધાણી શેઠ, શામજી ઢોલી, સફદરમિયાં જેવાં પચરંગી પાત્રોનો મેળો જામતો અહીં જોવા મળે છે. દરેક પાત્ર વામનરાવ વિશેની પોતાના હૈયામાં ધરબાયેલી વાત આગવી લાક્ષણિકતા અને લહેજાથી, બોલી અને લઢણથી, લાગણી અને ભાવથી ભીંજાયેલા સ્વરે રજૂ કરે છે. આમ, અનેકવિધ પાત્રોનું ભાતીગળ વિશ્વ અહીં રચાઈ જાય છે જે ભાવકને અનોખા વૈવિધ્યનો રસાસ્વાદ કરાવે છે.

કથાની લેખનશૈલી સરળ અને રસ જાળવી રાખે એવી છે. સામાન્ય વાતચીત સાથે હળવી શૈલીમાં લેખક મુખ્ય વાત સુધી પહોંચવાની કેડી પર આગળ વધે છે. રોચક સંવાદો દ્વારા વાર્તાને વેગ આપી તેને આગળ ધપાવે છે. કથા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ વામનરાવની માનવતા, ભલમનસાઈ, પરગજુ સ્વભાવ, વ્યાવહારિક બુદ્ધિ, સાહસિક વૃત્તિ, વાક્પટુતાના કિસ્સા એક પછી એક ખૂલતાં જાય છે. આ સદ્ગુણો ક્યારેક ખૂબ ગળચટ્ટા લાગે છે. બહુ ગળ્યું ખાવાથી તેને માટે જેમ અણગમો થાય, એવું વામનરાવના ગુણાનુવાદથી અનુભવાય એવું બને!

અપ્રતીતિકરતાનો પ્રશ્ન પણ ઊભો થાય છે કે શું કોઈ એક વ્યક્તિમાં આટલા બધા સદ્ગુણો હોઈ શકે? દુર્ગુણ ભલે ન હોય, પણ એકાદો અવગુણ, સ્વભાવગત મર્યાદા, દુરાગ્રહ નહીં તોય પૂર્વગ્રહથી પણ સમૂળગો વંચિત કોઈ માણસ હોય એવું બને? વામનરાવના આદર્શ ચારિત્ર્યનું નિરૂપણ તેમના પ્રશસ્તિગાન જેવું બની રહે છે. અલબત્ત, આ એક નવલકથા છે અને લેખક તેમની કેફિયતમાં કહે છે કે "વામનરાવ મૂળે તો મારા બચપણના જિગરી દોસ્ત! એ દોસ્તીને લીધે જ મેં એમની સાથે 'ઊજળા પડછાયા ને કાળી ભોંય'ના ન્યાયે આ દુનિયાનું સઘળું જાણ્યું-માણ્યું ને વેઠ્યુંય છે." (પૃ. ૬,૭)

સફદરમિયાં જાણવા માગે છે કે તમારો પરિવાર આ જ શહેરમાં રહેતો હોવા છતાં તમે અલગ અને એકલા શું કામ રહો છો? આવા જીવનથી તમે ખુશ છો? જવાબમાં વામનરાવ મૂળ વાત માંડીને પોતાની કરમકથની રજૂ કરતાં કહે છે કે પિતાના શરાફીના ધંધામાં રસ ન હતો. એટલે ટાઈપિંગ શીખી ગયા અને નોકરીએ લાગી ગયા. સ્વભાવ એવો કે કોઈની વાતમાં હું માથું મારું નહીં અને પૂછ્યા વગર કોઈની વાતમાં દખલ કરું નહીં. સામે, પત્નીનો સ્વભાવ જ એવો કે વણમાગી સલાહ આપવા કાયમ નવરા અને તૈયાર. 'આવા ઉત્તરદખ્ખણ બે પૈડાંથી અમારા ઘરનું ગાડું સીધું ચાલે ખરું?' મનની મોજે જીવનારા મને આ બધું ફાવે નહિ. બસ, પછી તો રાતોરાત ઘરનાં પગથિયાં ઊતરીને ચાલ્યા ગયા. દીકરો નિપુણ હવે કહે છે કે આમ અલગ રહેવાની વાતે શરૂમાં લડ્યા પણ છીએ અને હિટલર જેવાં મારાં મમ્મીએ હવે સ્વીકારી પણ લીધું છે.

વામનરાવની કથની ગળે ઉતારતાં વાચકને તકલીફ થાય, કેમ કે પતિપત્નીના મિજાજ ઉત્તરદક્ષિણ હોય એવું તો સમાજમાં ઠેર ઠેર જોવા મળે છે. વળી, ઘરનાં સંતાનોને વેગળા મૂકીને સાવ અજાણ્યા લોકોની સમસ્યા દૂર કરવા હોંશે હોંશે દોડે એ કેવું? આવું ઊલટું વ્યક્તિત્વ ધરાવતા માણસની સંકુલ માનસિકતા કે દુનિયાથી ઊફરાં ચાલવાની તીવ્ર વૃત્તિની પાછળ તેમની કોઈ વિશેષ દૃષ્ટિ, નોખું જીવનદર્શન કે ઉચ્ચ આદર્શ રહેલો હોય એવું ફલિત થતું નથી. સર્વસાધારણ ગૃહસ્થ જીવન વિરુદ્ધ તેમના ચિત્તને પ્રેરતું કોઈ વિચારમંથન હોય એવું જણાતું નથી. સફદરમિયાંના સવાલો નિમિત્તે વામનરાવના મનમાં સ્થાપિત પડળો ખૂલશે અને તેમના મનોગતની સૂક્ષ્મતાને પ્રગટ કરશે એવી આશા બંધાય છે, પણ એ અપેક્ષા પૂરી થતી નથી. પરગજુ સ્વભાવવાળા એક સાધારણ માણસ બનીને તે રહી જતા હોય એમ લાગે છે. તેમનું કોઈ ઉદાત્ત વ્યક્તિત્વ નીખરી આવતું જણાતું નથી. આમ આ પાત્ર સંકુલ અને બહુઆયામી બનવાને બદલે કાંઈક અંશે સપાટ અને સીમિત બની રહે છે.

આમ છતાં, એક નોખા અભિગમ અને લેખનની વિશિષ્ટ તરાહ સાથે હળવાશથી આગળ વધતી નવલકથા તરીકે તેને જોઈ, માણી, અનુભવી શકાય એવી પ્રશંસાપાત્ર કૃતિ તે અવશ્ય બની છે.

હળવા ફૂલ જેવા સ્વભાવ અને મૈત્રીપૂર્ણ વ્યવહારથી વાચકને પણ વહાલા અને પોતીકા લાગે એવા મોજીલા વામનરાવનું સ્વાગત છે. વેલકમ વામનરાવ!

■

મને જો મારો પૂરો સમય યરવડામાં ગાળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હોત તો હું જરૂર ત્યાં જ આત્મકથા લખી શકત. પણ તેને પહોંચવાને હજુ મને એક વર્ષ બાકી હતું. તે પહેલાં હું કોઈ પણ રીતે આત્મકથાનો આરંભ પણ કરી શકું એમ નહોતું, એટલે તે રહી ગયું. હવે સ્વામી આનંદે ફરી પાછી એ જ માગણી કરી છે અને મેં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પૂરો કર્યો છે, તેથી આત્મકથા લખવા લલચાયો છું,

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# Greed Against Honour : એક મહત્ત્વનો અનુવાદ

**Greed Against Honor : The Battle of Bhoochar Mori by Ashok Meghani, Sarthak Prakashan, Ahmedabad, ૨૦૨૪, Pages ૧૫+૨૨૦, ₹ ૩૦૦/-, ઝવેરચંદ મેઘાણીની સમરાંગણ (૧૯૩૮) નવલકથાનો અનુવાદ**

સંજય સ્વાતિ ભાવે

**પ્રસ્તાવના :**

ઝવેરચંદ મેઘાણીની ત્રણ ઐતિહાસિક નવલકથાઓમાંથી પહેલી નવલકથા ‘સમરાંગણ’(૧૯૩૮)નો અંગ્રેજી અનુવાદ અમેરિકા-સ્થિત અશોક મેઘાણીએ Greed Against Honour નામે કર્યો. તેમણે The Battle of Bhoochar Mori પેટાશીર્ષક પણ આપ્યું છે. આ પડકારરૂપ અનુવાદ નવલકથાને પૂરેપૂરો વફાદાર હોવા ઉપરાંત રસાળ, પ્રવાહી અને તાજગીસભર છે. ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર ત્રીજાના ઈ.સ. ૧૫૬૧થી ૧૫૭૩ના શાસનકાળના બનાવો પર આધારિત આ નવલકથાને લેખકે ‘મારી એક અતિપ્રિય કૃતિ’ કહી છે. ઇતિહાસ, લોકકથા તેમ જ લેખકની કલ્પનાથી સર્જાયેલાં પાત્રો, રોમાંચક ઘટનાઓ, મનભર વર્ણનો અને સર્વત્ર સમૃદ્ધ ભાષાભિવ્યક્તિ વાચકને જકડી રાખે છે. જોકે કૃતિમાં અનેકાનેક સ્થાન એવાં છે જે વાંચતાં એમ લાગે કે એનો અંગ્રેજીમાં બિલકુલ અનુવાદ ન થઈ શકે, અથવા તો તે સંતોષકારક ન થઈ શકે.

• અનુવાદના નોંધપાત્ર અંશોના નમૂના :

અનુવાદના સંદર્ભે કૃતિની દુષ્કરતા અને અનુવાદની સફળતાનો નિર્દેશ કરતા કેટલાક અંશો અહીં રજૂ કર્યા છે. આ નમૂનાના અંશો અને તે પછીનાં લેખાંજોખાં માટેનાં ઉદાહરણો નવલકથાના પહેલા પ્રકરણ ‘‘જોરારનો’’ અને છેલ્લેથી ત્રીજા એટલે કે બત્રીસમા પ્રકરણ ‘સુરાપુરાનો સાથ’માંથી લીધાં છે. અનુવાદના અભ્યાસ-આસ્વાદ માટે બધાં પ્રકરણો નહીં, પણ ઉપર્યુક્ત બે પ્રકરણોનો આધાર સ્વીકાર્યો છે. આ બે પ્રકરણોના અનુવાદમાં અનુવાદકર્મની મોટા ભાગની લાક્ષણિકતાઓ જોઈ શકાય છે. અનુવાદનું પ્રકાશન અમદાવાદના ‘સાર્થક પ્રકાશને’ ૨૦૨૪માં કર્યું છે. કૃતિના પાઠ (text) માટે ‘ગૂર્જર’ પ્રકાશનના ૨૦૦૩ના પુનર્મુદ્રણનો ઉપયોગ કર્યો છે.

અંશ ૧ : પ્રકરણ ૧ ‘જોરારનો’ :

‘નાગમતી નદીનો એ રળિયામણો આરો હતો. ફરસી પહોળી છીપર પર બેઠી બેઠી ચાલીસેક વર્ષની એક આધેડ ઓરત પોતાના લાંબા હાથ હિલોળતી હિલોળતી અતલસનું

કાપડું ચોળતી હતી, ચોળાતા કમખામાંથી સફેદ ભૂતડાના દૂધવરણા રંગ સાથે પહેલકી ધોણ્યનો લાલ અતલસી રંગ ચૂઈચૂઈને નદીના પાણીમાં નીતરતો હતો, તેને પીવા ઝીણી ઝીણી માછલીઓ છીપર પર ટોળે વળતી હતી.' [પાનું ૩]

It was a beautiful spot on the bank of the river Nagmati. A fortyish woman sat on a wide stone slab and washed her laundry. Her arms swung in long strokes as she gently rubbed a glossy *atlas* silk blouse on the stone. The new blouse's red color ran, blended with the milk-white *bhootado* [a clay-like substance used for cleansing] and dipped into the river. The colourful drip attracted tiny fish to mill around the slab and jostle one another for a taste of it. ['*Jorarno*'p.૧]

<u>અંશ ૨ : પ્રકરણ ૩૨, 'સુરાપુરાનો સાથ'</u> :

'ભૂચર મોરીના મેદાનમાં તે વખતે પડકારા, કિકિયારા, ભલકારા અને દેકારા ઊઠતા હતા. ધૂંઆધાર જંબૂરા, કોકબાણ અને તોપો ચાલતાં હતાં. હાથી ને ઘોડા પટકાતા હતા.

ધૂંવાના ધુમ્મસને ભેદીને અંદર પેસતો કુંવર શું ભાળતો હતો ? એક પણ પીઠ ફરતી નહોતી. એક પણ ઘોડો ભાગતો નહોતો. હજારો જોદ્ધાઓની જાણે વાટ્યો વણાઈ ગઈ હતી. લલકાર કરતો એક એક નર આગળ કદમ માંડતો હતો.

ભૂચર મોરી! ઓ રમ્ય ભૂચર મોરી! [પાનું ૨૨૦]

The vast Bhoochar Mori field was booming with cries and challenges, screams of the injured, clangs of the weapons and other sounds of a fierce battle in progress. Smoking *Jamboora* missiles, *kokbans* [bow-shot arrows carrying hand-ignited explosive charge], and cannonballs were flying everywhere. Hit with such missiles, elephants and horses were toppling to the ground.

What did Prince Aja see when he penetrated that curtain of smoke on the periphery of the battlefield?

He did not see one person giving any ground, nor turning or running from the fight. Not one horse was backing away from the engagement. Thousands of foot soldiers from both sides were intertwined like the twisted cotton-wicks of an oil lamp. Psyching himself with cries of encouragement, each man was stepping only forward.

Bhoochar Mori! The bewitching Bhoochar Mori! ['Co-travellers on the Path to Paradise' p.૨૦૨]

અંશ ૩ : પ્રકરણ ૩૨, 'સુરાપુરાનો સાથ'

ઝબાઝબી : ઝબાઝબી : ઝબાઝબી : આયુધોના એવા અવાજોની વચ્ચે,શબોના ઢગોની હડફેટે, 'મળશું મળશું સુરાપુરાને દરબાર !' એમ લલકારતો કુંવર પોતાના પ્યારા દોસ્ત દફેદારના ઘોડાની લગોલગ જઈ પહોંચ્યો : 'દફેદાર! દફેદાર ! રંગ દફેદાર !' કુંવરે એને શત્રુઓના હાથીઓના તુંડ ભેદતો જોયો. [પાનું ૨૨૧]

Swoosh, clang...swoosh, clang, went the swords. In the midst of those sounds, weaving his way through the piles of dead bodies, telling the fighters 'We'll meet in Ma Ashapura's court', Prince Ajaji finally got right next to his dear *Dafedar's* horse and witnessed Nagado cracking the heads of Moghul elephants. [p.૨૦૩]

અંશ ૪ : પ્રકરણ ૩૨, 'સુરાપુરાનો સાથ'

'ખમા જનેતાને. નજરે જોયું છે આ પરદેશી દફેદારનું ધીંગાણું. કહીશ જગતને કે જનેતાના દૂધ અલેખે કદી જતાં નથી. કહીશ ખલકને કે જનેતાને હીણજો મા, નીકર જતે દા'ડે વસમા જવાબ જડશે.'

I salute the mother of this outlander Dafedar! I have watched him in battle with my own eyes. I will tell the world that a mother's milk never fails her offspring. I will tell the entire creation never to malign a mother, for a mother's milk will come back with terrible answers some day. [૨૨૪/૨૦૬, 'Co-travellers on the Path to Paradise' p.૨૦૨]

• 'સમરાંગણ' નવલકથા વિશે :

'સમરાંગણ'ની કથાની એક ધારામાં મુઝફ્ફર શાહની તખ્તનશીની, લડાઈઓ, પલાયન, બરતરફી, રાજપૂતો દ્વારા તેનું રક્ષણ અને આખરે તેની આત્મહત્યા જેવા બનાવોનો સમાવેશ થાય છે. ઉપરાંત તેમાં મુઝફ્ફરના શાસન દરમિયાન ગુજરાતમાં સત્તા માટે સૌરાષ્ટ્રના રજપૂતો, કાઠી દરબારો, વાઘેરો, મુસ્લિમો અને અમીરો જેવા સમુદાયો વચ્ચે ચાલેલી સત્તાની સાઠમારી તેમ જ મોગલ આક્રમણોને પણ આ ધારામાં સ્થાન છે. કથાની બીજી ધારા તે નાગની(અત્યારનું જામનગર)ના શાસક સતા જામ અને તેના કુંવર અજોજીની ગતિવિધિઓની છે. ત્રીજી ધારા સતા જામના બાહોશ વજીર, તેની પત્ની જોમાબાઈ અને નાનપણમાં વિખૂટા પડેલા તેમના પુત્ર નાગડાની છે. મુઝફ્ફરની જેમ બીજું અગત્યનું પાત્ર નાગડો એ જોગીઓની જમાતમાં ભળેલો અતિબળવાન અને મહાપરાક્રમી વીર છે. ઉપર્યુક્ત ત્રણેય ધારાઓનું પર્યાવસાન ભૂચર મોરીના યુદ્ધમાં થાય છે. 'સમરાંગણ'માં ઇતિહાસ,

લોકસાહિત્ય અને લેખકની સર્જક કલ્પનાનું સંયોજન થયું છે. તેનું વિવરણ જયંત કોઠારી સંપાદિત 'મેઘાણી વિવેચના-સંદોહ' ગ્રંથના બીજા ભાગમાં કૃષ્ણકાન્ત કડકિયાના લેખ 'સમરાંગણ : ઐતિહાસકતા અને કાવ્યાત્મકતા' પાનાં નંબર 73-78માં મળે છે.

આ નવલકથા અંગેનું એક દૃષ્ટિબિંદુ એ પણ છે કે ઝવેરચંદ મેઘાણીને કોમી સંવાદિતાનો ખ્યાલ અભિપ્રેત હોય તેવી કૃતિઓમાં 'સમરાંગણ' પણ છે. 'ફૂલછાબ' કાર્ટૂન કેસમાંથી સપ્ટેમ્બર ૧૯૪૧માં નિર્દોષ મુક્ત થયા બાદ તેમણે એક લેખમાં કહ્યું છેઃ 'ઇસ્લામ પ્રત્યે, મુસ્લિમ કોમ પ્રત્યે અને હિન્દુ મુસ્લિમ બિરાદરી પ્રત્યે કર્તાનાં એકધારા વલણની સિલસિલાબંધ અને અદ્યતન સાહેદી દેતાં આ સેંકડો પાનાં એક અવિચ્છિન્ન અને પ્રવાહબદ્ધ ભાવનાધારાને વહાવે છે.' મેઘાણી આ 'સેંકડો પાનાં' જે સાત કૃતિઓનાં હોવાનું ગણાવે છે તેમાં 'સમરાંગણ'નો પણ સમાવેશ છે.

ભૂચર મોરીની યુદ્ધકથા તેમ જ ધ્રોળના પાદરે આવેલું તેનું સ્થાનક ઝવેરચંદ મેઘાણીની સંવેદનાને હચમચાવી ગયું હતું. તેના વિશે લેખકે પુસ્તકના નિવેદન ઉપરાંત 'જન્મભૂમિ' અખબારના એક લેખ અને તેમના પ્રવાસ-પુસ્તક 'પરકમ્મા'માં આ મુજબ લખ્યું છે. તેઓ નોંધે છે : 'સૌરાષ્ટ્રમાં શહેનશાહ અકબરશાહે મોકલેલ સહુ પહેલી ચઢાઈ; અને અમદાવાદના અકબર-શત્રુ શાહ મુઝફ્ફર નહનૂના આશ્રયદાતા સોરઠી ઠાકોરો સાથે એ અકબર-ફોજના ભયાનક જુદ્ધનું નામ ભૂચર મોરીની લડાઈ. ભૂચર મોરી : કોઈ મહાકાવ્ય – મહાગાથાને દીપાવે તેવો મામલો અને એમાં નાયકપદે મૂકી શકાય તેવા સુરાપુરા લાડકપુત્ર નાગડા વજીર નામના જુવાન પાત્રની માવજત મેં 'સમરાંગણ'માં ઊઘડતા પાનાથી માંડીને કરી છે.'

પહેલા પ્રકરણમાં જોમબાઈ નાગમતી નદીને કાંઠે કપડાં ધોઈ રહી છે. તેનો દીકરો નાગડો તેને ધાવી રહ્યો છે. આ દૃશ્ય પાછળની લેખકે તેમની નોંધપોથીમાં કરેલી બીજરૂપ નોંધ પુસ્તકના નિવેદનના આરંભે મૂકી છે :

'જેસા વજીરની વહુ : થાન લબડે : લૂગડાં ધોવામાં અડચણ : પવર ખંભે નાગડો ધાવે પાછળ ઊભો ઊભો : જામ [સતા] : જેસા ડાડા, હી જોરાર કીંજે ઘરજી હુંદી? [એ 'જોરાર' કોની ઘરવાળી છે?]

[તૂટેલ આઉવાળી ભેંસ, ગાય 'જોરાર' – ઝોળાળ – જેના આઉને ઝોળ પડી ગયો હોય]'

આ નોંધને આધારે નવલકથાના પહેલા પ્રકરણમાં, હજૂરિયાઓ સાથે ઘોડેસવારીએ નીકળેલો જામનગરનો શાસક સતો જામ નાગમતી નદીને કાંઠે ઉપર્યુક્ત દૃશ્ય જોઈને પાકટ વયના જેસા વજીરને કચ્છની જાડેજી બોલીમાં વધુમાં પૂછે છે : 'હિ જોરારજો કેર?' અર્થ એ કે એ 'જોરાર' એટલે લબડી પડેલાં સ્તનવાળી સ્ત્રીનો છોકરો કોણ છે?' એટલું જ નહીં, પણ તે આ રીતે ધવડાવવા-ધાવવાની આખી ક્રિયાની મશ્કરી કરે છે. હીન પૌરુષી મનોદશાથી ગંધાતી અને અનેક ઘેરા મર્મવાળી અત્યંત sexist ટિપ્પણીથી જોમાબાઈ હળાહળ અપમાન અનુભવે છે. આ ટિપ્પણીમાં તેનાં સ્ત્રીત્વ અને માતૃત્વ, ઉપરાંત તેના સંતાનનું પણ અપમાન સમાયેલું છે.

મેઘાણીએ વજીરપત્ની જોમાબાઈની મનોસ્થિતિ બતાવી છે : 'બાઈને પાછળ દોડી જવાનું દિલ થયું, નાગડાને તેડીને ત્યાં પહોંચું, જાડેજા દરબારની સામે ઊભી ઊભી સંભળાવું, કે જોઈ લેજો આ જોરારનાને : નિહાળી નિહાળીને જોઈ લેજો. મારાં લબડતાં થાનને ધાવેલો આ બાળક એક દિવસ આ ગાળ બોલનારના ગળામાં પાછી ગળાવશે. એક દિવસ આ જોરારનો, ઢીલાં થાનનાં ધાવણનો હિસાબ ચૂકવશે.'

ભૂચર મોરીના સમરાંગણમાં નાગડો માના દૂધનો હિસાબ ચૂકવે છે. અકબરશાહની ફોજ સાથેની ભયંકર લડાઈમાં તે પ્રચંડ પરાક્રમ બતાવે છે. લડતાં લડતાં કપાઈ ગયેલા બંને હાથના ઠૂંઠાથી તે હાથીને હણે છે, અને પછી મોતને ભેટે છે. એને 'જોરારનો' ગણીને ઉતારી પાડનાર સતો જામ તો રણમેદાન છોડીને ભાગી ચૂકેલો હોય છે.

• 'જોરારનો' શબ્દના અનુવાદ વિશે :

પહેલા પ્રકરણનું નામ 'જોરારનો' એવું છે. રાજા ખુદ આ શબ્દ ઉપહાસ અને અપમાન તરીકે વાપરે છે. પછી તે એ જ અર્થમાં લોકમુખે ચઢે છે. નવલકથામાં એક કરતાં વધુ જગ્યાએ પાત્રોની વાતચીતમાં તેમ જ જુદા જુદા સંદર્ભે આ શબ્દ વપરાયો છે. અનુવાદકે લોકબોલીના એ શબ્દને બધે ત્રાંસા અક્ષરે (italics) એમ જ રહેવા દીધો છે. અલબત્ત તેની સમજૂતી લેખકના નિવેદન ઉપરાંત પહેલા પ્રકરણમાં પાઠ(text)ના હિસ્સા તરીકે પણ મળે છે. તે નીચે મુજબ છેઃ

બાઈએ ડોકું હલાવ્યું. એણે તો ઘોડેસવારોને ક્યારના ઓળખી લીધા હતા. હવે એ શબ્દોને પકડી રહી હતી : 'જોરારજો ! હિ જોરારજો કેર?' શબ્દો જાડેજી ભાષાના હતા. કચ્છી બોલીના એ ત્રણ બોલ આ પુત્રની માતાના કલેજામાં કટારી પેઠે રમી ગયા. ત્રણ જ પેઢીથી કચ્છની ધરા મેલી દેનારું એ ગામનું રાજકુળ હજુ જાડેજી ભાષા જ બોલતું હતું. 'હિ જોરારજો કેર?' [આ જોરારનો કોણ?] બાઈ સમજી ચૂકી. જોરાર એટલે એવી ભેંસ, કે જેને ઝાઝાં વેતર થઈ ગયાં હોય, ને ઝાઝી વાર વિયાવાથી જેનાં આંચળ કોથળી જેવાં બની ગયાં હોય. એ મહેણું દરબાર જ દઈ રહ્યા છે. એણે મને જોરાર કહી, એણે મારા છોકરાને 'જોરારનો છોકરો' કહી બદનામ દીધું. એણે મારી કાયા દેખી, ને મારાં શિથિલ અંગો દીઠાં. એ હસતો જાય છે, અને મારા ધણી, દરબારની વજીરાત કરતા પુરુષ, એ મૂંગે મોંયે સાંભળતા સાંભળતા કાં ચાલ્યા જાય છે ?

The older woman nodded. She had immediately recognized the riders. Now she was holding on to words : *'Jorarjo ! Hi Jorarajo ker ?'* The words were of Kachchhi language. Those last three words had stabbed the mother in her heart. Only three generations out of Kachchh, the ruling family of that town still spoke Kachchhi. *'Hi jorarajo ker ?* Who is that *jorar's* boy! The woman understood what that meant. *Jorar* is the Kachchhi word for a female water buffalo that has given many births and whose

udders hang down like empty sacs (sic) She was the object of that ridicule, that insult. It was Jam himself that voiced that insult to her. He called me *Jorar*, branded my son *Jorar's boy*. He eyed my body, observed my limp organs. He laughs at me, and my husband – the *Vajeer*, the chief advisor to the ruler - listens to the ridicule and says not a word? [pp ૪-૫]

અનુવાદનાં લેખાંજોખાં :

• ગુજરાતી શબ્દો માટે બિલકુલ નજીક પહોંચતા અંગ્રેજી શબ્દોના દાખલા :

છીપર slab of stones (પાના ક્રમાંક ગુજરાતીમાં ૪/અંગ્રેજીમાં ૧), ઘોરખોદિયું scavenger (૬/૩), હાડકાની કરચ bone chip(૬/૩),વેલડું covered wagon(૯/૫), નેજો flag (૨૧૮/૧૯૯), ઘોડવેલ a horse-drawn carriage (૨૧૯/૨૦૧), હરોળી front central position (૨૧૮/૨૦૦), ઝળમવાળો ટોપ pointed-crest steel helmet (૨૨૦/૨૦૧), ચંદેલી in the rear (૨૨૧/૨૦૨), ખાંભી memorial stone slab (૨૨૭/૨૧૮), હજીરો mortar platform (૨૨૭-૨૦૯), ખલક entire creation(૨૨૪/૨૦૬), ઠૂંઠા હાથ hand stubs (૨૨૩/૨૦૫)

• ગૂજરાતી શબ્દસમૂહો કે ઉપવાક્યો માટેના અંગ્રેજી શબ્દસમૂહો કે ઉપવાક્યોના દાખલા :

ભલે ને ધાવતો, મેં તો આને ઘડૂલે ઘડૂલે ઘટકાવવા દીધેલ છે Let him feed. I have fed him my milk by the pitchers (૫/૨), નાની સ્ત્રી વાત કઢાવતી હતી the young woman tried to pump the other to gossip (૫/૩), પછી એની છાતીનાં સરોવર સડીસડીને બેઠાં થતાં હશે ને? don't the reservoirs of milk in the mother's breast just addle and rise up? (૫/૩), દૂધમાં ઝબોળીઝબોળીને જીવતી મારે dunked and drowned in milk (૫/૩), એ દીકરીને તમે ક્યાંક આઘીપાછી કરી નાખી છે ...snuck her away (૬/૩), ચોળવા-મસળવામાં તેમ જ વાતોમાં મશગૂલ હતી completely absorbed in their rubbing, scrubbing and chatting (૭/૪), તેમાંના એકનો ઘોડો નાચકણી ચાલ કાઢતો, ચારેય દિશામાં ડાબલા અને ગરદન ઉછાળતો હતો One's horse danced as it trotted, tossed its neck around and kicked its hooves (૭/૪), branded બદનામ દીધું (૬/૫)

રણભેરી બજાવીને sounded horns(૨૧૭/૧૯૯), સખીઆતી allied group, helpers(૨૧૮,૨૨૧/૧૯૯,૨૦૨), ગાભરા બન્યા lost your nerve (૨૧૮/૨૦૦), હાકલા પડકારા grunting and challenges (૨૨૨/૨૦૩), પારોઠનાં પગલાં ભરે? backs from the battle? (૨૧૮/૨૦૦), ડંકતી કાયા severely wounded (૨૨૫/૨૦૬)

• શબ્દો અને શબ્દસમૂહોનો શબ્દશ : નહીં, પણ જરૂરિયાત મુજબ ફેરફાર સાથે અનુવાદના દાખલા :

આગલા જનમનો કોક અપવાસી જોગી a reincarnated holy man who had fasted to purify himself (૪/૧), ગાંડી deranged princess(૨૨૩/૨૦૪), બંદૂકના સૂચક ભડાકા કરીને (૨૧૭/૧૯૯) some musket shots fired as a signal, મને - મને - ઠેકાણે - રાવ I...I...my safety (૨૧૯/૨૦૦), ઈમાન honor and integrity (૨૧૯/૨૦૧), મિત્રોની સાથે જ મરણસજાઈઓ કરી chose to lie with friends in death (૨૨૨/૨૦૪), મોતની સેજ તળાઈ place of final rest (૨૨૪/૨૦૫), ગાળબેળ નથી દીધી never spoke evil (૨૨૫/૨૦૬), ઘામાં ચકચૂર badly cut up and is no more (૨૨૫/૨૦૭), મારી ઝટ સદગતિ થાય My soul will find peace then(૨૨૫/૨૦૭), અબોલ ગાંડી deranged woman (૨૨૬/૨૦૭).

• વાક્યોનો શબ્દશઃ નહીં, પણ જરૂરિયાત મુજબના ફેરફાર સાથે અનુવાદ

નાગમતી નદીનો એ રળિયામણો આરો હતો It was a beautiful spot on the bank of the river Nagmati(૩/૧)

મને કવરાવવી રે'વા દે Leave me in peace(૩/૧)

મરને ધાવી લેતો. તે ઘડીએ તો ધવરાવનારીનો રંગ રે'શે ને ! Let him feed now. Mother's milk will answer the call when the day of reckoning arrives (૫/૨)

એણે એકાદ બે વાર પાછળ નજર નાખી લીધી હતી He stole one or two backward glances.(૭/૪)

જેમ કોઈ પાકલ કેરીને વાંસડાની ઝોળીથી ઉતારી લ્યે તેમ તેગની પાંછીથી ઉતારી ધૂળ ચાટતો કર્યો The tip of his sword took the enemy's number two commander's head off the way a skilled harvester would pluck a ripe mango off the tree (૨૨૩/૨૦૩),

બારોટ શરીરને કડે કરી ઘોડે પલાણ્યા Barot spent the last drop of his energy and rolled into the saddle (૨૨૫/૨૦૭)

• પદ્યરચનાઓનો અનુવાદ :

બત્રીસમા પ્રકરણમાં લેખકે એક ગીતનું મુખડું અને દુહા મૂક્યાં છે.

સરાણિયણ બાઈના ગીતનું મુખડું આ મુજબ છે :

***કાટેલી તેગને રે***
***ભરોસે હું તો ભવ હારી*** [પાનું ૨૨૦]

*I pinned my trust*

*On a rusted sword*

*And lost everything in life.* [page ૨૦૨]

ભૂચર મોરીના યુદ્ધમાં એક પરાક્રમનું વર્ણન કરતો દુહો :

**અજમાલિયો અલંગે**

**લાયો લાખાહાર ધણી**

**દંતશૂળ પગ દે**

**અંબાડી હણિયા અહર.** [પાનું ૨૨૨]

*Ajmal a descendant of Rao Lakhaji*

*Has his horse rising up on its hind legs.*

*Steps up on the elephant's tusks, and*

*Slays the [Moghul] devil in the howdah.* [page ૨૦૩]

એક દુહો ભૂચર મોરીના ટીંબા પરની અજા કુંવરની સમાધ-દેરીની દીવાલ પર કોતરાયેલો છે.

**સંવતુ સોલ અડતાલીસે સાવણ માસ ઉદાર,**

**જામ અજો સુરપુર ગયા વદ સાતમ બુધવાર.**

**જેસો, ડાયો, નાગડો, મેરામણ, દલ,ભાણ,**

**અજમલ ભેળા આવટે પાંચે જોધ પ્રમાણ.**

**આજમ કોકો મારિયા સૂબા મન સાઈ,**

**દળ કેતાં ગારદ કરે રણ ઘણ રચાઈ.** [પાનાં ૨૨૬-૨૨૭]

In King Vikram's year ૧૬૧૭ and the tenth month of Shrawan,

Jam Aja rose to heaven on Wednesday, the seventh day of the dark half.

Jesa Vajeer, Daya Vajeer, Nagado, Maheraman and Dal Bhan

Great warriors them all, accompanied Ajaji to that heavenly abode.

They slew Azam Koka, the Moghul Governor before that,

In the big battle they fought, huge armies bit the dust. [p.૨૦૮]

• મૂળ પાઠથી સંપૂર્ણ અલગ અર્થને નિભાવતા અનુવાદના દાખલા :

'ખમા મારી મા! ખમા જોગમાયા' 'I salute you, Ma! You indeed are the Mother Goddess incarnate (૨૨૪/૨૦૬), 'દેવમુની' [રણમેદાન પર ઉમદા ઘોડાને કરવામાં આવેલું સંબોધન] The sagest of sages (૨૨૫/૨૦૭), વારણાં લ્યો, કુંવરીબા Pay your respect princess (૨૨૬/૨૦૭), the legend goes કહેવાય છે કે (૨૨૭/૨૦૮), સતીનો હાથ feminine hand (૨૨૭/૨૦૮)

• જેમનો અનુવાદ ઓછો બંધબેસતો તેવાં શબ્દો, શબ્દસમૂહો, ઉપવાક્યો, વાક્યો :

ગાંસડી a whole lot of clothes (૪/૨), સંસારના લાજમલાજા societal restrictions ((૫/૨), જાડેજી ભાષા Kachchhi language (૮/૪), માતાનું સ્તન એના બે હાથમાં મોરલી ઘાટનું બન્યું હતું The breast had taken on the shape of a snake charmer's bulbous shape (૫/૨), ધૂળમાં રોળાતાં હશે go to waste (૫/૩),

આપણી ફોજ તો ફાંકડી લડાઈ કરે છે Our side is doing very well in the battle (૨૧૯/૨૦૦), એ અમારું જ ઘર સમજજો Consider that as an extension of our own house (૨૧૯/૨૦૦), ઇતબાર image (૨૧૮/૨૦૧), આંખ્યું તો ગઈ છે મારી my vision is blurred (૨૨૧/૨૦૧૩), અર્ધ આંધળી દશા virtually blind (૨૨૧/૨૦૩), વિજેતા મુઘલો ખિજાઈને એ શબના મોંમાં ધૂળની ચપટી નાખતા ગયા One of the angry Moghuls picked up a handful of dirt and dumped it in the dead man's mouth (૨૨૩/૨૦૫), રૂડી મત સૂઝી મુંગલાને, ધરતી તારા નાગડાને ભળાવી મુંગલાએ What could be better than that ? The *Mungala* gave the land over to your Nagado (૨૨૫, ૨૦૬), નિશાનના ઘોષ સમા એ માનવગળાના અવાજને ઓળખીને intimately familiar with that voice (૨૨૫/૨૦૬), પાસે બેસી જઈ પાણી ટોયું put a cup of water to his lips (૨૨૫/૨૦૬), હું જનેતાની ગાળ નહીં ઉતારું તો સૂરજ ઊગશે કેમ? And I will get the blasphemy off the life-giver mother. If I don't do that, how will the sun rise tomorrow? (૨૨૬/૨૦૭)

• અમેરિકન ઇંગ્લિશ શબ્દપ્રયોગો :

અનુવાદકની નોંધના છેલ્લા ફકરામાં એક વાક્ય છે : ' I hope the American English usages in this translation do not bother the readers.' – ' આ અનુવાદમાંના અમેરિકન શબ્દપ્રયોગો વાચકોને ખટકશે નહીં તેવી આશા રાખું છું.' આ વાક્યથી જાગેલા કુતૂહલને કારણે અનુવાદમાં જોવા મળેલા અમેરિકન અંગ્રેજી શબ્દપ્રયોગો અલગ પાડ્યા છે. તે નીચે મુજબ છે :

- ધીંગામસ્તી મચાવી રહ્યો હતો making a racket (૩/૧) - ઇન્ટરનેટ પર મળતી Collins Dictionary બતાવે છે કે કે to make a racket એવો શબ્દપ્રયોગ

અમેરિકન અંગ્રેજીમાં થાય છે. બ્રિટિશ અંગ્રેજીમાં racket શબ્દ કોઈ પણ સંયોજન સાથે ધીંગામસ્તી મચાવવાના અર્થમાં ક્રિયાપદ તરીકે ભાગ્યે જ વપરાય છે.

- નેજો pennant (૨૨૦/૨૦૨) - ઝંડા કે ધ્વજ માટેનો આ શબ્દ અમેરિકાની રાષ્ટ્રીય રમત બેઇઝબૉલમાં વિશેષ વપરાય છે. બ્રિટિશ અંગ્રેજીમાં તેનો પ્રયોગ ઓછો થાય છે.
- લલકાર કરતો એક એક નર આગળ કદમ માંડતો હતો Psyching himself with cries of encouragement, each man was stepping only forward (૨૦૨/૨૨૦)

ઇન્ટરનેટ પર મળતી Collins Dictionary બતાવે છે કે કે to psyche એવો શબ્દપ્રયોગ અમેરિકન અંગ્રેજીમાં પાનો ચડાવવો, માનસિક રીતે તૈયાર થવું કે કરવું એ અર્થમાં ક્રિયાપદ તરીકે થાય છે. બ્રિટિશ અંગ્રેજીમાં આ શબ્દ ક્રિયાપદ તરીકે જવલ્લે જ વપરાય છે.

રંગ દેવમુની ! Attaboy, My sage! (૨૨૫/૨૦૭) - Collins Dictionary મુજબ આ શબ્દ અમેરિકન slang છે, જે પુરુષ કે પાળેલા પ્રાણીને બિરદાવવા માટે વપરાય છે. તે that's a boy or that's the boy શબ્દસમૂહનું લઘુસ્વરૂપ હોવાનું પણ ઉપર્યુક્ત શબ્દકોશ જણાવે છે.

• Overtranslation ના દાખલા :

આ નદી-કિનારાની ધ્રો-છવાઈ ધરતી પર એના અશ્વના ડાબલા અવાજ કર્યા વગર પડતા હોવા જોઈએ The grass-covered riverbank must have muffled the sound of hooves (૮/૫),

મને મારગ દ્યો Don't hog the path to heaven (૨૨૧/૨૦૨),

રમ્ય ભૂચર મોરી the bewitching Bhoochar Mori (૨૨૦/૨૦૨)

• પાદટીપો :

અનુવાદકે જે શબ્દો ગુજરાતીમાં જ ઇટાલિક્સમાં રાખ્યા છે તેના માટેની પાદટીપો આપી છે. તદુપરાંત તેમણે કેટલાંક વ્યક્તિવાચક નામો અને સ્થળનામો માટેની નોંધો પણ આપી છે. પહેલા અને બત્રીસમા પ્રકરણમાં જે શબ્દો માટે પાદટીપ મળે છે તેમાંના કેટલાક આ મુજબ છે : ભૂતડો, ઓઢણી, મા, સૂર્ય, પહોર, જન્નત, મામુ, કોકબાણ, મુંગલા, પિછોડી, મેરુ. 'નાગડો' નામ માટેની સમજૂતી આ મુજબ છે : A reference to the members of the Gorakhnathi sect of Jogis known as Naga Bawas.

૧. નવલકથાના પાઠ ઉપરાંત અનુવાદકે આપેલી અન્ય સામગ્રી આ મુજબ છેઃ પહેલી આવૃત્તિની પ્રસ્તાવના, લેખકે કરેલી બીજી આવૃત્તિ વેળાની નોંધ, 'સમરાંગણ' વિશે લેખકે 'જન્મભૂમિ' અખબારમાં, 'પરકમ્મા' નામના તેમના પ્રવાસ-પુસ્તકમાં અને ઉમાશંકર જોશી તેમ જ ધનસુખલાલ મહેતાને લખેલા પત્રોમાંથી અંશો, નવલકથામાં આવતાં સ્થળો બતાવવામાં આવ્યાં હોય તેવો ગુજરાતનો નકશો, ભૂચર મોરીના

સ્થાનકમાં ઊભેલા એક જોગીના પાળિયાના લેખકે ‘તાણેલા લીંટા પરથી’ સોમાલાલ શાહે બનાવેલા ચિત્રનો ફોટો, ભૂચર મોરીના સ્થળનો ફોટો.

૨. અંગ્રેજી વાચક ગુજરાતી, કચ્છી, કાઠિયાવાડી, હિન્દુસ્તાની શબ્દોનો સાચો ઉચ્ચાર જાણી શકે તે માટે diacritical marks એટલે કે ધ્વનિવિશેષચિહ્નોનો સાતત્યપૂર્વક ઉપયોગ થયો છે. (ધ્વનિવિશેષચિહ્ન શબ્દ સૌજન્ય, બાબુ સુથાર)

૩. અનુવાદમાંથી પડતા મુકાયેલા ગુજરાતી શબ્દો અને વાક્યોના દાખલાઃ

ચોળાતા કમખામાંથી સફેદ ભૂતડાના દૂધવરણા રંગ સાથે પહેલકી ધોણ્યનો લાલ અતલસી રંગ ચૂઈચૂઈને નદીના પાણીમાં નીતરતો હતો, (પાનું ૩) ‘પહેલકી ધોણ્યનો’ શબ્દપ્રયોગનું અંગ્રેજી અહીં નથી.

The new blouse's red color ran, blended with the milk-white *bhootado* [a clay-like substance used for cleansing] and dipped into the river (page ૧).

વચેટ સફીયાણી રાણીની જે દીકરી દૂધપીતી કરવા માટે તમને સોંપાઈ હતી The second queen's newborn daughter who was given to you to milk-drown(૬/૩), સફીયાણી શબ્દપ્રયોગનું અંગ્રેજી અહીં નથી.

‘શંકા ભૂત ને મનછા ડાકણ. મારી જાણે બલારાત’(પાનું ૬) આ વાક્યનો અનુવાદ થયો નથી.

ઉપરોક્ત મુદ્દો અભ્યાસના હિસ્સા તરીકે કર્યો છે.તેમાં અનુવાદકની પ્રામાણિકતા કે ક્ષમતા પર શંકા કરવાનો આશય નથી.

• અનુવાદકની વાત :

અનુવાદક તેમના નિવેદનમાં જણાવે છે કે ‘સમરાંગણ’ના અનુવાદનું સૂચન તેમના ભાઈ અને જાણીતા ગ્રંથજ્ઞ જયંત મેઘાણીએ કર્યું. અશોકભાઈનો પ્રતિભાવ હતો કે એ કૃતિનો અનુવાદ કરવાનું ‘ extremely difficult’ - અત્યંત મુશ્કેલ’ છે. એટલે જયંતભાઈએ મતલબનું કહ્યું કે, ‘અનુવાદ ખૂબ મુશ્કેલ છે એવું કારણ આપીને તું (અશોક) જ પાછો પડે તો બીજા કોઈ એમાં શા માટે પડે?’ જયંતભાઈનો કહેવાનો ધ્વનિ કદાચ એમ હતો કે ઝવેરચંદ મેઘાણીનો સક્ષમ દીકરો આ કામ ન ઉપાડે એ અપેક્ષિત નથી. અલબત્ત, અશોકભાઈએ ક્યાંય એ પોતે ઝવેરચંદ મેઘાણીના પુત્ર હોવાનો ઉલ્લેખ સરખો કર્યો નથી.

અનુવાદક આ પુસ્તકના અનુવાદને બે કારણોસર અત્યંત મુશ્કેલ ગણાવે છે. એક, એમને ‘સમરાંગણ’ સાથે લાગણીનું ખૂબ ઊંડું જોડાણ છે. બત્રીસમા પ્રકરણમાં મેઘાણીએ કરેલું ભૂચર મોરીના યુદ્ધનું વર્ણન વાચતાં એમનાં આંસુ રોકાતાં નથી. બીજું કારણ નવલકથામાં બોલચાલની ભાષાનાં તત્વો(colloquial elements)નું પ્રાચુર્ય છે. લેખક ઉર્દૂ, હિન્દી અને કચ્છી ભાષાઓ તેમ જ ગુજરાતી ભાષાની કાઠિયાવાડી અને અન્ય બોલીમાં સહજ વિહાર કરે છે. આવી ઇબારતવાળી કૃતિનો અનુવાદ કરવા તો ખમતીધર અમેરિકન લેખક જૉન સ્ટાઇનબૅક જ જોઈએ, એમ અનુવાદક માને છે. વર્ષોથી અમેરિકામાં રહેલા

એક સાહિત્યરસિક અને અભ્યાસી અશોકભાઈએ આપેલું સ્ટાઇનબૅક(૧૯૦૨-૧૯૬૬) નું નામ ભાષાના સંદર્ભે ઘણું સૂચક છે. નવલકથાલેખન માટે નોબેલ સન્માન મેળવનારા સ્ટાઇનબૅક શ્રમજીવી વર્ગના વાસ્તવવાદી આલેખન ઉપરાંત બોલચાલની ભાષાનાં તત્ત્વો (colloquial elements) તેમ જ અમેરિકન બોલીઓ(dialects)ના અસરકારક ઉપયોગ માટે જાણીતા હતા.

એટલે ગુજરાતી બોલચાલની ભાષાનાં તત્ત્વોને અંગ્રેજીમાં લઈ જવાની દૃષ્ટિએ અનુવાદની મૂળ કૃતિ સાથેની સરખામણીને અનુવાદક અસ્થાને ગણાવે છે : 'The second difficulty lies in the impossibility of transferring the colloquial elements that dominate the original. The author plies Urdu, Hindi, Kachchhi and various Gujarati and Kathiawadi dialects with effortless ease. I thought to myself that it would take Steinbeck to reproduce that in an English translation and that I certainly was not equal to that task. Any comparison, therefore between the original and my translation in this regard is entirely pointless.'

અનુવાદ માટેના સ્વાધ્યાય તરીકે અશોકભાઈએ ઐતિહાસિક સામગ્રીનો પણ ઉપયોગ કર્યો, અને તે પૂરી પાડનાર વ્યક્તિઓનો આભાર માન્યો છે.

અનુવાદકે આ પુસ્તકના અનુવાદના કાળક્રમ અને પ્રકાશન અંગે રસપ્રદ બાબતોનો નિર્દેશ કર્યો છે. જયંતભાઈએ ૨૦૦૨ની સાલના અરસામાં કરેલા સૂચનને પગલે ઇતિહાસના સ્વાધ્યાય સાથે ૨૦૦૫-૦૬ દરમિયાન અનુવાદનું કામ ચાલ્યું અને ૨૦૦૭ના જાન્યુઆરીમાં હસ્તપ્રત તૈયાર થઈ ગઈ. પણ એક યા બીજા કારણસર તે હસ્તપ્રત 'બાર વર્ષ' એમ ને એમ જ પડી રહી. તે દરમિયાન અશોકભાઈએ બીજાં ચાર પુસ્તકોના અનુવાદ કર્યા. પછી ૨૦૧૯ના આરંભે 'સમરાંગણ'ની પાછી ચાનક ચઢી અને કંઈક વધારે સંમાર્જન બાદ અનુવાદ તૈયાર થઈ ગયો, જે બીજાં ચારેક વર્ષ પ્રકાશકની રાહમાં પડી રહ્યો. પ્રકાશકની શોધ ૨૦૨૨માં 'સાર્થક' પ્રકાશને અનુવાદનો સ્વીકાર કર્યો ત્યારે પૂરી થઈ.

• <u>અનુવાદક વિશે</u> :

અશોકભાઈએ 'સમરાંગણ'માં અનુવાદકની નોંધમાં અછડતો ઉલ્લેખ કર્યો છે કે 'સમારાંગણ'ની હસ્તપ્રત કોઈક કારણસર બાજુ પર રહી ગઈ, અને તેમણે બીજા ચાર અનુવાદ કર્યા. નિવૃત્ત ઇજનેર અશોકભાઈએ છ ગુજરાતી પુસ્તકોનો અંગ્રેજી અનુવાદ અને એક અંગ્રેજી ગ્રંથનો ગુજરાતી અનુવાદ કર્યો છે. અનુવાદક તેમના ચાર બંધુઓની જેમ પોતાના કર્તૃત્વ વિશે ભાગ્યે જ કશું વાત કરનાર વ્યક્તિ છે. 'સમરાંગણ'ના અનુવાદમાં તેમણે પોતાનો પરિચય અને કામની વિગતો મૂક્યાં નથી. પણ સંશોધક-સંપાદક ઉર્વીશ કોઠારી તેમની પાસેથી તેમના પોતાના(અશોકભાઈના)અનુવાદકાર્ય વિશે એક લેખ લખાવી શક્યા છે, જે 'અનુવાદની કેડી પર' મથાળા હેઠળ 'સાર્થક જલસો' સામયિકના મે ૨૦૨૩માં બહાર પડેલા પુસ્તક ૧૮માં પ્રસિદ્ધ થયો છે. તેમાં તેમણે અનુવાદક તરીકેના પોતાના ઘડતર વિશે રોચક માહિતી આપી છે અને દરેક અનુવાદ વિશે રસપ્રદ નોંધ લખી છે.

અશોકભાઈ ઝવેરચંદ મેઘાણીની આ મુજબની કૃતિઓ અંગ્રેજીમાં લઈ ગયા છે : ‘સંત દેવીદાસ’-Saint Devidas (૨૦૦૦), ‘વેવિશાળ’-The Promised Hand (૨૦૦૨), ‘રંગ છે બારોટ’ અને ‘દાદાજીની વાતો’માંથી પાંચ પાંચ વાર્તાઓ-Folk Tales from the Bard’s Mouth (૨૦૧૬). આ દરેક વિશેની રસપ્રદ નોંધમાં તેમણે અનુવાદના નમૂનાના અંશો પણ ટાંક્યા છે. તેમાં લોકસાહિત્યના પદ્યનો અનુવાદ મળે છે, એટલે ‘સમરાંગણ’માં દુહાનો અનુવાદ વાંચતાં એ બાબત યાદ આવે છે.

મેઘાણી સાહિત્ય ઉપરાંત અશોકભાઈ અન્ય ત્રણ પુસ્તકોને અંગ્રેજીમાં લઈ ગયા છે : કાકાસાહેબ કાલેલકરનું ‘હિમાલયનો પ્રવાસ’ Himalaya : A Cultural Pilgrimage (૨૦૧૮), કાજલ ઓઝા-વૈદ્યની નવલકથા ‘દ્રૌપદી’ (૨૦૨૨) એ જ નામે, અને વિચરતી અને વિમુક્ત જાતિઓની વ્યથા-કથાઓનો મિત્તલ પટેલલિખિત સંચય ‘સરનામાં વિનાના માનવીઓ’ The People Without the Addresses (૨૦૨૩). આ અનુવાદનું જયંત મેઘાણીએ શરૂ કરેલું કામ તેમના અવસાન બાદ અશોકભાઈએ પૂરું કર્યું. અશોકભાઈને હાથે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં આવેલો ગ્રંથ તે રાજમોહન ગાંધીએ ઢસા-રાયસાંકળીના રાજવી દરબાર ગોપાળદાસનું જીવનચરિત્ર The Prince of Gujarat : The Extraordinary Story of Prince Gopaldas Desai ‘એક અનોખો રાજવી દરબાર ગોપાળદાસ દેસાઈ’ (૨૦૨૩).

અશોકભાઈએ એમના અનુવાદકાર્ય વિશે અચંબો પમાડે તેવી હકીકત જણાવી છે :‘શાળાનું ભણતર બધું જ ગુજરાતી માધ્યમથી થયેલું. અંગ્રેજી તો સાતમા ધોરણથી શરૂ કરીને વિષય તરીકે શીખવા મળ્યું. કૉલેજનું પહેલું વર્ષ પણ જેને એ સમયમાં ‘મગન માધ્યમ’ કહેવાતું એ, ગુજરાતીમાં થયું....એ પછીનો ઇજનેરી અભ્યાસ અંગ્રેજીમાં થયો, પણ ભાષા તરીકે અંગ્રેજી ભણવાનું બન્યું નહીં.’ અશોકભાઈ આગળ લખે છે : ‘આટલું બધું કહેવાનો આશય એ છે કે મારું અંગ્રેજી કોઈ પદ્ધતિસરના અભ્યાસથી શીખેલું નહીં, પણ મુખ્યત્વે મારા વાચનમાંથી ઘડાયેલું છે.’

• એક સમસ્યા :

કેટલીક કૃતિઓમાં જુદી જુદી બોલીઓ(dialect)નો કે ગ્રામીણ ભાષાનો ઉપયોગ થયેલો હોય છે, તો કેટલીક એમાં જ લખાયેલી હોય છે. આવી કૃતિનો અંગ્રેજી અનુવાદ થાય ત્યારે તે એકંદર સાંપ્રત અંગ્રેજીમાં હોય છે. ઉત્તમ અનુવાદકને હાથે કૃતિ વાચકને બરાબર પહોંચે પણ છે. પણ વાચકને પેલી બોલીનો અણસાર સુધ્ધાં આવતો નથી. એ તો સાંપ્રતની સ્ટાન્ડર્ડ અંગ્રેજીમાં જ કૃતિને વાંચે છે. અતિઆદર્શ પરિસ્થિતિ તો એ છે કે અનુવાદક પણ અંગ્રેજીની બોલી/બોલીઓનો ઉપયોગ કરે. લક્ષ્ય ભાષાની તેની કુશળતા એ સ્તરની હોવી ઘટે. જેમ કે, માછીમાર સમુદાયને કેન્દ્રમાં રાખતી કૃતિ હોય તો અનુવાદક લક્ષ્યભાષાની સાગરકાંઠાની બોલીનો ઉપયોગ કરે. આ એક મોટો પડકાર બની શકે.

બોલી ભાષા-dialect અને બોલચાલની ભાષાનાં તત્ત્વો-colloquial elementsના સંદર્ભે બે નોંધપાત્ર અનુવાદોમાં અનુવાદકોએ મહત્ત્વનાં નિરીક્ષણ આપ્યાં છે. ‘માનવીની ભવાઈ’નો અનુવાદ કરનાર વી. વાય. કંટક અને ‘આંગળિયાત’નો અનુવાદ કરનાર

રીટા કોઠારી બંને અનુવાદકની નોંધમાં જણાવે છે કે તેઓ dialect અને colloquial elementsની સાથે કામ પાડવામાં 'trepidation' એટલે કે ડર અનુભવે છે.

કંટક લખે છે : One addresses the task of rendering into English the idioms and the speech-tones of the well-grounded dialect of this novel of the Indian peasantry's life-style with considerable trepidation.

આ સમસ્યાનો એમણે કાઢેલો ઉકેલ આ મુજબ છે : The attempt here has been to retain if possible something of the native simplicity and force of the direct immediacy of utterance implicit in it. I am aware that howsoever one may try, the brevity, the compactness, the brilliant staccato effect are inevitably lost... I hope the Englishing conforms to the norm of the ordinary English that is current in India...'

રીટા કોઠારી લખે છે : I undertook the task tentatively and with trepidation. On occasions when it had seemed impossible to translate Charotari dialect and specificities of the rural ethos friends made useful suggestions.

અનુવાદક વધુમાં જણાવે છે : Dialogues in *Angaliyat* are dipped and colloquial, relying upon the immediacy of rural idioms and rhythms. No amount of translation theory could have provided a corresponding world-view or dialect in English.

રીટાબહેને કાઢેલો રસ્તો આ મુજબ છે : The English language had to be forced to learn a few new habits; I translated some Gujarati idioms literally. Moreover, people in the villages of Gujarat or an anywhere else for that matter do not speak in English. If they had to, what would be the register, I asked myself. Indianized English with shades of a Gujarati ethos perhaps?

અશોકભાઈ મેઘાણીનું એકંદર મંતવ્ય છે કે : 'મારા મનથી સારો અનુવાદ એ કે જે અનુવાદ છે એમ એની ભાષા પરથી કહી શકાય નહીં. અનુવાદકનો પ્રયત્ન એ આદર્શ તરફ જવાનો હોવો જોઈએ એમ હું માનું છું.'

ગુજરાતી સાહિત્યકૃતિઓના અંગ્રેજી અનુવાદનો જે ધોરણસરનો અને ઉપેક્ષિત રાશિ છે તેમાં ઝવેરચંદ મેઘાણીની 'સમરાંગણ' નવલકથાનો અશોક મેઘાણીએ Greed Against Honour નામે કરેલો અનુવાદ મહત્વનું ઉમેરણ છે.

■

# વીજળીના ચમકારે – ૧૨

દર્શના ધોળકિયા

***આતમ વીંધીને કડી આરતની પહેરી લઈ,***
***સોળે શણગાર થયા પૂરા.*** (ઊજમશી પરમાર)

કોઈ પણ સાચા કવિની જીવનશ્રદ્ધા તેને જીવનની પરમ ઉપલબ્ધિ તરફ લઈ જતી હોય છે. એ પરમ ઉપલબ્ધિનું લક્ષણ હોય છે પ્રસન્નતા, સ્વસ્થ જીવનદર્શન, ચેતનાનાં નીતર્યાં જળ દ્વારા પમાયેલી અખંડતા, સ્થિરતા. પ્રસ્તુત કાવ્ય કવિએ મેળવેલાં આવાં સ્થૈર્યનું કાવ્ય છે. ડૉ. ચન્દ્રકાન્ત શેઠે પણ આ વાતનો સ્વીકાર કરતાં આ કવિ માટે નોંધ્યું તેમ, સંવેદનપટુ કવિને ડગલે ને પગલે દૈવત દર્શન થતાં રહે. પ્રેમ હોય કે પ્રકૃતિ, સૌમાં એક પરમતત્ત્વનો પ્રકાશ ને પરમ ચેતનાનો પવન ન અનુભવાય તો જ નવાઈ'. પ્રસ્તુત કાવ્યમાં આ દૈવત, પરમતત્ત્વનો પ્રકાશ ને પરમ ચેતનાનો પવન કવિને પોતામાં પ્રકાશતો – ફરકતો અનુભવાયો છે.

જીવનની યાત્રાનાં એક પછી એક સોપાનો સર કરતો રહેલો કાવ્યનાયક આ યાત્રાને જાત ભણીની જાતરા સિદ્ધ કરતાં કરતાં છેલ્લે પગથિયે આવીને ઊભો રહ્યો ને પાછું વળીને જોતાં પોતે જે પ્રાપ્ત કર્યું તેનો તાળો મેળવતાં મેળવતાં પોતાનો દાખલો સાચો પડ્યાના આનંદની ક્ષણે ગાઈ ઊઠ્યો :

***'આતમ વીંધીને કડી આરતની પહેરી લઈ,***
***સોળે શણગાર થયા પૂરા.'***

પ્રભુ પાસે કંઈ એમ ને એમ થોડું જવાય છે? એ માટે તો કબીરે રસ્તો બતાવતાં જણાવ્યું તેમ, 'કર લે સિંગાર, સાજન ઘર જાના હૈ' એમ જવાનું છે, સોળે શણગાર સજીને. પ્રભુ માટે અભિસારે નીકળેલો નાયક અંતિમ શણગાર સજે છે આરતની કડી પહેરીને — પ્રતીક્ષાના અલંકારથી આત્માને વીંધીને. પરમતત્ત્વની પાસે પહોંચતાં પહોંચતાં એ વીંધાતો ગયો છે, રહ્યો છે પ્રભુપ્રાપ્તિનું પહેલું ને છેલ્લું શસ્ત્ર એવી શબરીની પ્રતીક્ષા બનીને. આ ક્ષણે જાતમાં ડોકિયું કરતાં એ ભાળી શક્યો છે તે આ :

***'શું કામે આદરવી જાતરા કે તીરથ સૌ પંડ્યમાં જ હાજરાહજૂરા'***

પરમ ને ચરમ તૃપ્તિનાં મૂળિયાં તો આ રહ્યાં! – માંહ્યલામાં જ. ચારે કોર ફેલાયેલી સુગંધનું મૂળ હૃદયારવિંદમાં જ. બહારની દોડાદોડ, તીર્થાટનની ઉપાધિની જરૂરત જ ન રહી. તે પોતે જ બન્યો તીર્થ. આ રીતે તીર્થરૂપ બનતી વ્યક્તિની ઓળખ શી? અહીં

કાવ્યનાયકે આવા જણનો પરિચય પોતા દ્વારા જ આપતાં કહ્યું તેમ એક રીતે એ આ દુનિયામાં બંધાયેલો લાગે, કામ કરતો દેખાય, હસે, રડે, ગાય પણ એ દેખાવા પૂરતું જ, અંદરથી એ તદ્દન મુક્ત.

પ્રીતમ પાસે પહોંચતી વ્યક્તિમાં શુષ્કતાનો તો સવાલ જ ઊઠતો નથી એ શણગાર સજીને જાય છે. એ શણગાર છે મીરાંની ભાષામાં 'સાધન ધીરજ ધ્યાન'. જાગૃતિ, અવધાન એની મોંઘેરી જણસ ને પ્રભુપ્રાપ્તિની કોઈકને જ જડે એવી કૂંચી. નિર્મળતા, સરળતા, સહજતા, અભેદ, અનાસક્તિ ને પ્રેમનો પારાવાર એણે ધારણ કરેલાં આભૂષણો. આ અલંકારોથી વિભૂષિત થયેલા આવા જણને પ્રભુ આશ્લેષમાં ન લે તો જ નવાઈ.

ને આ ક્ષણે કવિની કવિતાનો લય જીવનના લયમાં ફેરવાઈ ગયો. કવિનો વિલય થયો. લય ને વિલયના સંધાનની આ ક્ષણે કવિ ડૂબતાં ડૂબતાં ગાતો ગયો : 'ઉપર તળે સૌ જળ – થળ'.

■

આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિશે મારો દાવો છે.મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટનાં જ છે, એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે, એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે?

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' :**
**મહાત્મા ગાંધી**

# ..... બડે ઝોરો સે મનવાયા ગયા હૂં!

કિરીટ દૂધાત






૧૯૮૦ની આસપાસ અમદાવાદની એમ. જે. લાઇબ્રેરીના હિન્દી પુસ્તકોના ઘોડામાં ખાંખાંખોળાં કરતાં એક કાવ્યસંગ્રહ હાથે ચડે છે, 'વહ આદમી નયા ગરમ કોટ પહિનકર ચલા ગયા વિચાર કી તરહ' હિન્દી કાવ્યસંગ્રહોમાં આ સૌથી લાંબું શીર્ષક છે. કવિનું નામ છે વિનોદ કુમાર શુક્લ. (ગુજરાતી કાવ્યસંગ્રહનું સૌથી લાંબું શીર્ષક છેઃ 'સૂર્યના ગોળાને ભેદવા જતાં હું પોતે જ બળીને રાખ થઈ ગયો તો પછી આ જગત વિશે બહુ ઓછી આશા રહેશે', કવિ : 'નાગરાજ' ઉર્ફે નાનુભાઈ નાયક.)

તા. ૧/૧/૧૯૩૭ના રોજ મધ્યપ્રદેશ (હાલનું છત્તીસગઢ)ના રાજનંદગાંવમાં જન્મેલા આ સર્જક બહુ શાંતિભરી અને ફક્ત સાહિત્યને સમર્પિત જિંદગી જીવ્યા અને તા. ૨૩/૧૨/૨૦૨૫ના રોજ અવસાન પામ્યા. વ્યવસાયે એમણે કૃષિ વિદ્યાલયમાં અધ્યાપક તરીકે નોકરી કરી. શરૂમાં ઠીકઠીક ટીકાને પાત્ર બનેલા આ સર્જક જિંદગીનાં અંતિમ વરસોમાં ભાવકોનો અઢળક પ્રેમ અને જ્ઞાનપીઠ જેવું સર્વોચ્ચ સન્માન પામ્યા. ૧૯૫૮માં રાજનંદગાંવ એમની મુલાકાત મહાન હિન્દી કવિ મુક્તિબોધ સાથે થઈ. મુક્તિબોધે ૨૧ વરસના આ નવલોહિયા કવિનાં થોડાં કાવ્યો ભલામણ સાથે શ્રીકાંત વર્માને એમના મૅગેઝિન કૃતિમાં છાપવા મોકલ્યાં એ ક્ષણે એમનો સાહિત્યમાં પ્રવેશ થયો.

તો શું છે વિનોદ કુમારની કવિતાની લાક્ષણિકતા? પહેલું લક્ષણ છે, એમની લાઘવયુક્ત શૈલી જે અગાઉ મહાન હિન્દી કવિ શમશેર બહાદુર સિંહને અને કુંવર નારાયણને હસ્તગત્ હતી. જુઓ વિનોદ કુમારની એક અતિપ્રસિદ્ધ કવિતાની શરૂઆત,

हताशा से एक व्यक्ति बैठ गया था
व्यक्ति को मैं नहीं जानता था
हताशा को जानता था

અહીં દરેક પંક્તિ સ્વયં પર્યાપ્ત છે અને ત્રણેય પંક્તિ એકસાથે વાંચતાં કવિતા વાંચ્યાની અનુભૂતિ થાય છે. બીજું એક કાવ્ય

दूर से अपना घर देखना चाहिए
मजबूरी में न लौट सकने वाली दूरी से अपना घर
कभी लौट सकेंगे की पूरी आशा में
सात समुंदर पार चले जाना चाहिए
जाते जाते पलटकर देखना चाहिए
दूसरे देश से अपना देश
अंतरिक्ष से अपनी पृथ्वी....

અહીં हताशा को जानता था કે दूर से अपना घर देखना चाहिए કે मजबूरी में न लौट सकने वाली दूरी અને कभी लौट सकेंगे की पूरी आशा में જેવા 'સંક્ષિપ્ત એકાલાપ'માં અને સળંગ કાવ્ય તરીકે એમ બંને રીતે કવિતા સિદ્ધ થાય છે.

( ...कविता

घेराव में
किसी बौखलाए हुए आदमी का
संक्षिप्त एकालाप है : ધૂમિલ )

અહીં કવિતા 'સંક્ષિપ્ત એકાલાપ' તો રહે છે પણ ધૂમિલ'એ જોયેલી બૌખલાહટને બદલે એમનો સ્વર દૃઢ કવિસ્વર બનીને નિખરે છે. એટલે જ દરેક તબક્કે કડક ટીકા થવા છતાં એમણે એનો જવાબ વધુ સર્જન કરીને આપ્યો છે. એ જાણે છે કે શબ્દના શબ્દકોષીય અર્થ કરતાયે વિશેષ અર્થ જન્માવતી પોતાની કાવ્યબાની અને અનેક સ્તરે ચાલતી અભિવ્યક્તિ એટલી તો પોતીકી છે કે એને ધીરજથી જ સમજાય. કાવ્ય કે કથામાં એમની ચેતના એકસાથે ત્રણેય કાળમાં વિહરે છે! જુઓ,

जाते-जाते ही मिलेंगे लोग उधर के
जाते-जाते जाया जा सकेगा उस पार

जाकर ही वहाँ पहुँचा जा सकेगा
जो बहुत दूर संभव है

पहुँचकर संभव होगा
जाते-जाते छूटता रहेगा पीछे

जाते-जाते बचा रहेगा आगे
जाते-जाते कुछ भी नहीं बचेगा जब

तब सब कुछ पीछे बचा रहेगा
और कुछ भी नहीं में
सब कुछ होना बचा रहेगा।

એમની આવી અભિવ્યક્તિ ટેલિગ્રામ જેટલી સંક્ષિપ્ત અને સચોટ છે. એને છાપાની હેડલાઇનની જેમ વાંચવાની નથી.

મોટા ભાગના હિન્દી વિવેચકોને ભૂમંડલીકરણ, મુક્તબજાર વ્યવસ્થા, આર્થિક ઉદારીકરણ કે પૂંજીવાદ અને પૈતૃક સત્તાવ્યવસ્થા જેવા કાવ્યેતર શબ્દો જેના વિશે પ્રયોજી ન શકાય એવા કોઈ લખાણને સાહિત્ય સમજતા નથી. આવા વિદ્વાનોને વિનોદ કુમારની કવિતા પ્રતિબદ્ધ નથી લાગી. પણ,

जो मेरे घर कभी नहीं आएँगे
मैं उनसे मिलने
उनके पास चला जाऊँगा।

અહીં શ્રમિકોને અને એ બહાને કશું નિપજાવવામાં રત સમગ્ર મનુષ્યજાતિને મળવા જવાની કવિની ફરજ વિશે હોય કે પછી પ્રદેશવાદ પર તીખો કટાક્ષ કરતી એમની નીચે આપેલો કાવ્યાંશ હોય, એ પોતીકી રીતે પ્રતિબદ્ધ છે,

छत्तीसगढिया सबसे बढिया
सत्ता का दिया गया नारा
जीसमें सबसे बढिया होने का अहंकारी- गुरुर
और बाकीके खराब होने का बडा सवाल
इस नारे से छत्तीसगढिया गरीबको शायद
बढिया गरीब होने का संतोष मिलता हो!

*

યુગપ્રવર્તક હિન્દી કવિ અજ્ઞેયની જેમ વિનોદ કુમાર પણ કવિ-નવલકથાકાર છે. ૧૯૭૯માં એમની પ્રખ્યાત નવલકથા 'નૌકર કી કમીઝ'માં ભારતમાં છઠ્ઠા-સાતમા દાયકામાં નહેરુકથિત સામાજિક અને આર્થિક મૂલ્યો સિદ્ધ કરવાનું આખા દેશે જોયેલું સપનું ભાંગી પડવાથી જન્મેલી હતાશા છે. મણિ કૌલ જેવા સિદ્ધહસ્ત દિગ્દર્શકે એના પરથી સુંદર ફિલ્મ બનાવ્યા છતાં એના સર્જક હાંસિયામાં છૂટી ગયા. છેલ્લે એમને અપૂર્વ કીર્તિ મળી ૧૯૯૭માં પ્રસિદ્ધ થયેલી નવલકથા 'દિવાર મેં એક ખિડકી રહતી થી' દ્વારા. સુનિતા ચૌધરીએ એનો સરસ ગુજરાતી અનુવાદ કર્યો છે. આ નવલકથામાં કોઈ નાયક કે નાયિકા નથી. યુવાન દંપતી રઘુવર અને સોનસી પાત્રો કહેવાં પડે એટલાં સાધારણ છે. અહીં કૌટુંબિક કે દાંપત્યના ઝઘડા નથી. સાસુ-વહુની ઈર્ષ્યા નથી. શિક્ષણજગતનું રાજકારણ નથી, કહેવાતી રાજકીય સજગતા નથી. પૂર્વેની પ્રશિષ્ટ હિન્દી નવલકથાઓમાં છે એવું ઘણું..ઘણું નથી..નથી..નથી ગામડે માતા-પિતા અને નાનો ભાઈ ગામડે રહે છે. કથામાં રઘુવર એક કસ્બાની કૉલેજમાં ગણિતનો અધ્યાપક છે. એની પત્ની સોનસી સાથે મહિને ત્રીસ રૂપિયાના ભાડાવાળા મકાનમાં રહે છે અને કોઈ મહત્ત્વની ઘટના સિવાય અભાવો વચ્ચે જીવે જાય છે. સર્જકની કમાલ ત્યાં છે કે એમણે ભાડાના ઘરની એક

દીવાલમાં બારી હોવાની કલ્પના કરી છે. આ બારીની પેલે પાર સ્વપ્નભૂમિ છે જ્યાં ઇચ્છે ત્યારે જઈ શકાય. ત્યાં શું છે? એક તળાવ છે, એમાં કમળનાં ફૂલો છે જે સોનસી અને રઘુવરનાં શરીરના સ્પર્શથી ખીલે છે, પગદંડી છે, પક્ષીઓ છે, સંતાઈને બીડી પીવા ઝાડ પર ચડેલો એક કિશોર છે જે ત્યાં જ વસી ગયો છે. એક ઘરડી ડોશી છે જે ડાકણ નથી, પણ મા જેટલી પ્રેમાળ છે. ચાંદની રાતો છે. આવા અપાર્થિવ વાતાવરણમાં આકાર લેતો બંનેનો દેહરાગ છે. આ દંપતી માટે બારી સરરિયલ દુનિયા છે, ઘરેડમાંથી મળતો છુટકારો છે. ઘરનું બારણું વાસ્તવિક ભૂમિમાં ખૂલે છે તો બારી સપનાંઓની દુનિયામાં! રઘુવર કૉલેજે જાય છે તોપણ હાથી પર બેસીને, જેનો મહાવત સાધુ છે જે માથાભારે બાવા જેવો નહીં, પણ સંત સરીખો છે. કૉલેજના વિભાગાધ્યક્ષ અને આચાર્ય દુન્યવી ગણતરીવાળા છે. એ બંને રઘુવર હાથી પર નહીં સાઈકલ કે સ્કૂટર પર કૉલેજ આવે એમ ઇચ્છે છે પણ એને ઉગારી લે છે પેલી બારી. હાથી, તળાવ અને પગદંડી શું સૂચવે છે? અભાવપૂર્તિનું સાધન બિનજરૂરી સગવડો નહીં, પણ કુદરતનું સાંનિધ્ય અને માણસની હૂંફ છે. આ અર્થઘટન તાણીતૂસેલું લાગે તો છોડો, સર્જકે રચેલી દુનિયા રસતરબોળ કરી દે એવી છે. સામાન્ય લેખક છ-સાત પેજની ટૂંકી વાર્તામાં ફૅન્ટસીનું નિર્વહણ નથી કરી શકતો અને બધું અધવચ્ચે ફસડાઈ પડે છે એવામાં ૧૫૦ પેજ સુધી કથાને સરરિયલ-વાસ્તવિકતામાં રમતી રાખવી એ સર્જકની કમાલ છે.

*

કમલેશ્વર, ગોપાલ રાય અને નંદકિશોર આચાર્ય જેવા દિગ્ગજ વિવેચકોની ક્રૂર ટીકા અને વાચકોની બબ્બે પેઢીએ કરેલી અવહેલના છતાં વિનોદ કુમારની જનસ્વીકૃતિ ધીમી પણ મક્કમ ગતિએ વધી. એમને ૨૦૨૪નો જ્ઞાનપીઠ મળ્યો. તો બીજી તરફ માનવ કૌલ અને સૌરભ શુક્લાએ (આજકાલ બહુ બદનામ થયેલી) રીલ્સ દ્વારા સોશિયલ મીડિયા પર એમની તરફેણમાં ઝુંબેશ ચલાવી અને પહેલા mubi અને પછી યૂટ્યૂબ પર પ્રસારિત **ચાર ફૂલ હૈ ઔર દુનિયા હૈ** ડૉક્યુમેન્ટરીએ એમને અલ્પખ્યાતમાંથી, ખાસ તો યુવાનોમાં, પ્રખ્યાત બનાવ્યા. માનવ કૌલે નવા પ્રકાશક શોધીને અઢળક રોયલ્ટી અપાવી. પોતાનું અલગ સૌંદર્યશાસ્ત્ર રચવું સાહિત્યકારણમાં કેટલું કષ્ટદાયક છે એનો પુરાવો આપણા સમયમાં વિનોદ કુમાર શુક્લ છે. મને 'ફિરાક' ગોરખપુરીનો શેર યાદ આવે છે,

***'ફિરાક' કો અહલે સુખન કૌન માનતે થે***
***બડે ઝોરો સે મનવાયા ગયા હૂં!***

અહલે સુખન (કવિવર) વિનોદ કુમાર શુક્લને 'પરબ'ની વિનમ્ર શ્રદ્ધાંજલિ!

---

સોશિયલ મીડિયા પર ચાલેલી ઝુંબેશ અને રૉયલ્ટીની માહિતી આપવા માટે વાર્તાકાર મિત્ર નરેન્દ્રસિંહ રાણાનો આભારી છું.

■

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

**વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ અને વર્ષ ૨૦૨૪–૨૦૨૫ના પારિતોષિક અંગે**

એમ ચાર વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૨૫-૨-૨૦૨૬ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

૧. **શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક** : દર વર્ષ એક એમ કુલ ચાર વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨. **શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ઓમ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩. **શ્રી ઉમા–સ્નેહરશ્મિ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૪. **શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૫. **શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૬. **શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૭. **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૮. **શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૯. **શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૦. **શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્ય શાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૧. **શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક(કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૨. **શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૩. **શ્રી નટવરલાલ માળવી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૫. **શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૬. **શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા એકાંકી/નાટકસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૭. **શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૮. **શ્રી સદ્‌વિચાર પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૯. **શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૦. **શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૧. **શ્રી રમણલાલ સોની (બાળ-કિશોરસાહિત્ય) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૨. **શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૩. **ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એક એક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૪. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૫. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૬. **શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૭. **શ્રી દોલત ભટ્ટ પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૮. **શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ નવલકથાને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૯. **શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. કવિ**શ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૧. **શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૨. **શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૩. **શ્રી પ્રભાશંકર તૈરૈયા પારિતોષિક** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૪. **સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન'** : ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૫. **શ્રી બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક** : આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી. (વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫)

૩૬. **ગુજરાત દર્પણ પારિતોષિક** : (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫ દરમિયાન પ્રકાશિત થયેલા નવલકથાના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૭. **ધનરાજ કોઠારી પારિતોષિક** : પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે. (વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૪-૨૫)

૩૮. **શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યા પ્રેરિત પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે** : ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક. (વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૫)

૩૯. **ચિ. શિ. ત્રિવેદી પ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે** : ('પરબ' પ્રકાશિત) વર્ષ દીઠ શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક. (વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૫)

૪૦. **શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે** : ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક. (વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૫)

૪૧. **શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક વર્ષ ૨૦૨૩-૨૪-૨૫ માટે** : ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક. (વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૫)

૪૨. **શ્રી મોહનલાલ દવે 'જીવનપ્રકાશ' પારિતોષિક વર્ષ ૨૦૨૪-૨૫-૨૬ માટે : (ગ્રંથાવલોકન/ગ્રંથસમીક્ષા)**

■

## સાભાર–સ્વીકાર

* **કવિતા :**

**માર હલેસાં :** ભાર્ગવ ઠાકર. નવભારત સાહિત્યમંદિર, ૨૦૨૫. ડે. પૃ. ૧૦૩. રૂ. ૨૨૫. ૮૧ કાવ્યરચના અને બે આસ્વાદલેખોનો સંગ્રહ. * **ટેરવેથી ટસરું ફૂટી :** પ્રવીણચંદ્ર જેઠાલાલ આશરા, પ્રવીણ પ્રકાશન, પ્રા. લિ. ૨૦૨૩. ડે. પૃ. ૧૨૮. રૂ. ૧૫૦.૬૬ ભજન-ગીત અને ૬૪ ગઝલો અને ૩૪ ગઝલ-શાયરી અને ૩ દુહા-છંદ-મુક્તકોનો સંગ્રહ. * **મારી કલ્પનાની સફર :** આયુષ એ. દોશી, નેક્ષુષ સ્ટોરી પબ્લિકેશન, સુરત. ડે. પૃ. ૮૮. રૂ. ૨૦૦. ૭૨ કવિતાઓનો સંગ્રહ.

* **સંશોધન :**

**આદિવાસી ઓળખ અને અસ્મિતા :** ડંકેશ ઓઝા. ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૨૫. ડે. પૃ.૨૫૬. રૂ. ૩૫૦. (ઇતિહાસ, સંસ્કૃતિ, વ્યક્તિઓ અને સંસ્થાઓના સંદર્ભમાં).

* **સંપાદન :**

**ઘટ અને ઘડવૈયા :** તખુભાઈ સાંડસુર, પોતે, ૨૦૨૫. ડે. પૃ. ૮૮, રૂ. ૨૦૦. (શિક્ષક-શિષ્યનું વંદના અનુષ્ઠાન). * **ભારતીય નારીઓ-વિચારોથી વિજય સુધી** સંપાદક : પ્રા. સાગર ચોટલિયા, ડૉ. પ્રીતિ દવે, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૫. ડે. પૃ. ૧૩૨, રૂ. ૨૦૦. (શોધપત્ર સંચય). * **...ને, તમે યાદ આવ્યા :** સંપા. સદાશિવ વ્યાસ, શ્રી ગોપાલભાઈ રાવલ પરિવાર સુરેન્દ્રનગર, ૨૦૨૫. ક્રાઉન. પૃ. ૧૫૦. રૂ.-. શ્રી ગોપાલભાઈ રાવલ વિશેનો સ્મૃતિ અંક

* **અનુવાદ :**

**સફળતાની ચાવી :** મૌલાના વહીદુદ્દીન ખાન, અનુ. અહમદ ગિનાની, નિઝામુદ્દીન વેસ્ટ માર્કેટ, ન્યૂ દિલ્હી, ૧૯૨૦, ડે. પૃ. ૪૨૭. રૂ-. મૂળ ઉર્દૂ પુસ્તક રાઝ-એ હયાતનો ગુજરાતી અનુવાદ. * **યાદોં કે ઝરોખે સે :** નિરંજનસિંહ સૈલાની અનુ. આરતી કરોડે. અમદાવાદ. ૨૦૨૫. ડે. પૃ. ૧૧૬. રૂ. ૧૫૦. આત્મકથા. * **અરણ્યનો અધિકાર :** મહાશ્વેતા દેવી અનુ. સુકન્યા ઝવેરી, ગૂર્જર સાહિત્ય ભવન, સંવર્ધિત આ. ૨૦૨૫, ડે. પૃ. ૨૮૮, રૂ. ૪૨૫. આદિવાસી નેતા બિરસા મુંડાના જીવન આધારિત નવલકથા

■

## પરિષદવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

**નાટ્યકાર અનંગ મહેતાની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતી નાટકવિષયક વ્યાખ્યાનમાળા**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા નાટ્યકાર અનંગ મહેતાની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતી નાટકવિષયક વ્યાખ્યાનમાળામાં 'ગુજરાતી રંગભૂમિની ગઈ કાલ, આજ અને આવતીકાલ' વિષય પર શ્રી રાજેન્દ્ર બુટાલાએ વ્યાખ્યાન આપ્યું હતું.

**પારિતોષિક અર્પણ સમારંભ વર્ષ ૨૦૧૬–૨૦૧૭**

તા. ૧૨-૧૨-૨૦૨૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં જે અગાઉ કોરોનાકાળમાં બાકી રહી જવા પામેલ તે વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ દરમિયાન પ્રગટ થયેલાં કેટલાંક ચુનંદાં પુસ્તકોને-સર્જકોને પરિષદ દ્વારા પ્રાપ્ત થતાં વિવિધ પારિતોષિક અર્પણ સમારંભનો કાર્યક્રમ પરિષદ પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં પુરસ્કૃત સર્જકોને પારિતોષિક પ્રમાણપત્ર, સ્મૃતિચિહ્નો અને પુસ્તકથી પ્રમુખશ્રીના હસ્તે સન્માનવામાં આવ્યા હતા. મહામંત્રી સમીર ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રકાશનમંત્રી ભીખેશ ભટ્ટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**મનની મોજનીશી મણકો–૧૦**

તા. ૧૩-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, પ્રદાન ચૅરિટેબલ ટ્રસ્ટ કલાધામ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે મનની મોજનીશી મણકો-૧૦ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરતી મુનશી, કલ્યાણી કૌઠાળકર, શ્યામલ-સૌમિલ અને કમલ શાહે કવિતાનું ગાન અને પઠન કર્યું હતું. કાર્યક્રમની પરિકલ્પના શ્યામલ-સૌમિલ મુનશીએ કરી હતી.

**પાક્ષિકી**

તા.૧૩-૧૨-૨૦૨૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર સાગર શાહે એમની વાર્તા 'રિયુનિયન'નું પઠન કર્યું હતું. તા. ૨૭-૧૨-૨૦૨૫ના રોજ વાર્તાકાર સંજય પટેલે એમની વાર્તા 'કળા કરંતા મોરલા'-(હાસ્યકથા)નું પઠન કર્યું હતું.

**બાળ રંજન રંગારંગ સભા**

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ આયોજિત તા. ૨૭-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૪થી ૬ દરમિયાન 'બાળ

રંજન રંગારંગ સભા’ યોજાઈ હતી. આ સભામાં અવિનાશ પરીખ, કિરીટ ગોસ્વામી અને ડૉ. સ્નેહલ નિમાવત જેવા સાહિત્યસર્જકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના આંગણે અનોખો પરિસંવાદ : ‘નવો ફાલ’

ગુજરાતી સાહિત્ય પરિષદ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા તથા અક્ષરા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયોજિત સંગોષ્ઠિ ‘નવો ફાલ’ શીર્ષક નીચે, સર્જક અને સમીક્ષક વચ્ચે સંવાદનો એક નાવીન્યસભર એકદિવસીય પરિસંવાદ તા. ૨૮-૧૨-૨૦૨૫ના રોજ સવારે ૯-૦૦થી સાંજે ૫-૦૦ કલાકે, શ્રી અરવિંદ હૉલ, લેડીઝ કૅન્ટીન, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાં યોજાયો હતો.

આ પરિસંવાદમાં તાજેતરમાં પ્રકાશિત થયેલી કૃતિઓ વિશે એક મંચ ઉપર સમીક્ષા કરવામાં આવી. સર્જક પોતાની કૃતિનું પઠન કરે અને કેફિયત જણાવે. ત્યાર પછી વાચક/ સમીક્ષક એની ખૂબી અને સુધારાની શક્યતાઓ જણાવે. પ્રો. મહેશ ચંપકલાલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પરિસંવાદમાં અક્ષરાના પ્રમુખ અને ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી શ્રી ભરત મહેતાએ પરિસંવાદ વિશે વિગતસભર ભૂમિકા બાંધી અને ત્યાર પછી અલ્પા ગોહિલ અને જય મકવાણાના સંચાલનમાં સવારના સત્રમાં ત્રણ અને ભોજન પછીના સત્રમાં ત્રણ એમ કુલ છ કૃતિઓ વિશે ચર્ચા થઈ હતી. હિરેન દેસાઈની નવલકથા ‘રંભાસુર’ વિશે સાગર શાહે, પીયૂષ ઠક્કરનો કવિતાસંગ્રહ ‘ધીમું તબકતો ભૂખરો કોલસો’ વિશે શ્રી દીપક રાવલે, શ્રી ભરત જાદવનો નિબંધસંગ્રહ ‘પલાશનાં પુષ્પો’ વિશે શ્રી નૈષધ મકવાણાએ, નીતા જોશીનો વાર્તાસંગ્રહ‘ ‘ખુલ્લી હવા’ વિશે રાઘવ ભરવાડે, શ્રી બ્રીજેશ પંચાલનો કાવ્યસંગ્રહ ‘મૌનથી શબ્દમાં કાણું પડશે’ વિશે શ્રી અશ્વિન ચંદારાણાએ, દેવલ શાસ્ત્રીની નવલકથા ‘દસ્વીદાનિયા’ વિશે શ્રી મનાલી જોશીએ વાત કરી હતી. ફૅકલ્ટી ઑફ આર્ટનાં ડીન શ્રી કલ્પના ગવલીએ ઉદ્‌ઘાટનપ્રવચન કર્યું હતું. ‘નવો ફાલ’ શબ્દ સહેતુક મુકાયો છે. નવોદિત શબ્દ કરતાં વધુ અર્થસભર છે. અન્ય સમકાલીન સર્જકોના પરિપ્રેક્ષ્યમાં આપણું મૂલ્યાંકન થાય છે અને ખમતીધર સાહિત્યની નોંધ અન્યત્ર લેવાય છે. તેઓએ દરેક લેખકની કૃતિઓ પર જુદા જુદા દૃષ્ટિકોણથી ઉચિત માર્ગદર્શન આપ્યું હતું. જનજાગૃતિના સંયોજક મનહરભાઈ શાહ, શ્રી જયદેવ શુક્લ, શ્રી કાનજી પટેલ, શ્રી રાજેશ વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. એમ. એ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સહિત સો જેટલા ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. અનોખો અને નાવીન્યસભર પરિસંવાદનું આયોજન વખતોવખત થતું રહેશે એમ જણાવીને અક્ષરાના પ્રમુખ અને ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પ્રો. ભરત મહેતાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બુધસભા

ડિસેમ્બર મહિનાના ચાર બુધવાર અનુક્રમે તા.૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧-૧૨-૨૦૨૫ દિવસોમાં બુધસભા કાવ્ય કાર્યશાળા રાત્રે ૭ થી ૮ ભરાઈ હતી જેમાં નવોદિત કવિઓની કૃતિનો કાવ્યપાઠ અને તેના વિશે ચર્ચા કરવામાં આવી.

■

## સાહિત્યવૃત્ત

ઇતુભાઈ કુરકુટિયા

### ઓમ કૉમ્યુનિકેશન અંતર્ગત યોજાયેલા કાર્યક્રમો

તા. ૨૦-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગૌવર્ધન સ્મૃતિમંદિરમાં ‘પુસ્તકપરિચય’ કાર્યક્રમ અંતર્ગત શ્રી ધ્રુવ ભટ્ટના પુસ્તક ‘સમુદ્રાન્તિકે’ વિશે પ્રો. અજય રાવલે અને રાવજી પટેલના પુસ્તક ‘અંગત’ વિશે મણિલાલ હ. પટેલે આસ્વાદલક્ષી વક્તવ્યો આપ્યાં. તા. ૨૧-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, વર્ષ ૨૦૨૫ના લિટરેચર વિભાગના નોબેલ વિજેતા સાહિત્યસર્જક લાઝલો કાઝનાહોકાઇના પુસ્તક ‘સેટનટેન્ગો’ અને ‘મેલન્કલી ઑવ રેઝિસ્ટન્સ’ વિશે શ્રી પરેશ નાયકે વક્તવ્ય આપ્યું હતું. તા. ૨૧-૧૨-૨૦૨૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, શાસનસમ્રાટભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં ‘શબ્દસંપદા’ અંતર્ગત જૈન સાહિત્યસર્જક યશોવિજયનો ગ્રંથ ‘સમુદ્ર વહાણ સંવાદ’ વિશે પ્રો. ઋષિકેશ રાવલે અને વૃદ્ધિવિજયજીના જૈન સાહિત્યગ્રંથ ‘સૂરસેન રાસ’ વિશે પ્રો. અભય દોશીએ વક્તવ્યો આપ્યાં. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.

### ગ્રંથ પ્રાગટ્ય

તા. ૧૬-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૭-૩૦ કલાકે, નવભારત પબ્લિકેશન દ્વારા પ્રકાશિત કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટનાં ચાર પુસ્તકો ‘સહર્ષ’, ‘સાતત્ય’, ‘સરમાયા’ અને ‘સરગોશી’નું પૂજ્ય મોરારિબાપુના વરદ્ હસ્તે લોકાર્પણ પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઑડિટોરિયમ, રાજપથ રંગોલી રોડ, ‘‘EPIC’’ હૉસ્પિટલની સામે, બોડકદેવ, અમદાવાદમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ‘સહર્ષ’ વિશે વિનોદ જોશીએ, ‘સાતત્ય’ વિશે રઈશ મનીઆરે, ‘સરમાયા’ અને ‘ખરગોશી’ વિશે જનાબ શકીલ જમાલીએ વાત કરી હતી. તથા આ પ્રસંગે ‘સંગત’ પ્રેરિત કવિશ્રી રમેશ પારેખ કાવ્યસન્માન શ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટને અર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ ‘સંગત’ પ્રેરિત શ્રી રાસબિહારી દેસાઈ સંગીતસન્માન પૂજ્ય મોરારિબાપુના વરદ્હસ્તે શ્રી સૌમિલ મુનશી, શ્રી શ્યામલ મુનશી અને શ્રીમતી આરતી મુનશીને સંયુક્તપણે અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી તુષાર શુક્લએ શ્યામલ, સૌમિલ અને આરતી મુનશીની સંગીતયાત્રાની વાત કરી હતી. આ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રાસંગિક વક્તવ્ય હરિશ્ચંદ્ર જોશીએ આપ્યું હતું. શ્રી જયેશ શાહે સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી સૌમિલ મુનશી અને શ્રી હર્ષ બ્રહ્મભટ્ટે પ્રતિભાવ આપ્યો હતો.

■

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | | |
|---|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : | GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : | BANK OF INDIA |
| BANK ADDRESS | : | ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : | 200220100004869 |
| MICR CODE NO. | : | 380013006 |
| IFSC NO. | : | BKID0002002 |
| BRNCH CODE | : | 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

### પરબ અપીલ પેટે મળેલ દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| ૨. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૩. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૪. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૫. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૬. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૭. | ભરત પ્રેમશંકર યાજ્ઞિક | રાજકોટ | ૧૧,૧૧૧ |
| ૮. | પ્રીતિ અનુભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૯. | બિનીત મોદી (પરબ અપીલ પેટે) | અમદાવાદ | ૫,૧૧૧ |
| ૧૦. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૧૧. | ભરત એચ. દવે | જૂનાગઢ | ૩,૦૦૦ |
| ૧૨. | નવીનચંદ્ર ધામેચા | રાજકોટ | ૧,૧૦૦ |
| ૧૩. | હિતેન્દ્ર ટેલર | નવસારી | ૧,૧૦૦ |
| ૧૪. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૧૫. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| ૧૬. | મનસુખ સાવલા | જામનગર | ૫૦૦ |
| ૧૭. | સોમચંદ્ર એલ. શાહ | જામનગર | ૫૦૦ |
| ૧૮. | રૂપેશ વી. શાહ | જામનગર | ૫૦૦ |

### ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

### નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ
- જયશ્રી જિતેન્દ્ર ચૌધરી — બારડોલી
- ડૉ. હર્ષદ વી. કામદાર — અમદાવાદ
- કિશોર ડી. પ્રજાપતિ — બારડોલી
- હિતેશ એસ. વડાલિયા — જેતપુર
- ભાવેશકુમાર પી. બાભણિયા — અમદાવાદ
- રીટા બી. ભગૉરા — સુઘડ
- રીતુ આર. સોલંકી — છાલા
- પીયૂષ ડી. આચાર્ય — અમદાવાદ
- ડૉ. ભાર્ગવ પી. ભટ્ટ — મોડાસા
- ઋતા અમિત નાણાવટી — અમદાવાદ
- ચંદ્રશેખર હસમુખરાય પંડ્યા — વડોદરા
- વાઘજીભાઈ લાખાભાઈ લુહાર — રાજકોટ
- પ્રવીણ શનાભાઈ વાઘેલા — સબલપુર
- રાજેન્દ્ર બી. નાયક — પલસાણા
- સોનલ વી. ઐયર — અમદાવાદ
- દુર્ગેશ ઉપાધ્યાય — વડોદરા

# આ અંકના લેખકો

**Akash Nayak** : 1507/E-1, Solaris, Next to Kumkum Building, hdil loyot, Golbal City Virar (west) Mumbai-401303 M. 9870367766

**ઈતુભાઈ કુરકુટિયા** : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. મો. ૯૭૧૪૬૪૦૧૫૬

**કિરીટ દૂધાત** : એ/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. મો. ૯૪૨૭૩૦૬૫૦૭

**જિતેન્દ્ર પ્રજાપતિ** : મુ. પો. બગદાણા, તા. મહુવા, જિ. ભાવનગર-૩૬૪૧૪૫. મો. ૯૬૨૪૬૫૭૩૫૪

**ડૉ. દર્શના ધોળકિયા** : ન્યુ મિન્ટ રોડ, પૅરિસ બેકરી સામે, ભુજ-કચ્છ, ૩૭૦૦૦૧. મો. ૯૦૯૯૦૧૭૫૫૯

**Nita Shailesh** : toneetas@hotmail.com.

**પરાગ ત્રિવેદી** : એ-૮૦૧, સત્યમ્ સ્કાયલાઇન, એ.ઈ.સી. ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ મો. ૯૮૯૮૩૫૭૩૫૭ e.mail : ragsangmahek@gmail.com

**પંકજ ત્રિવેદી** : 'હર્ષ' ગોકુલપાર્ક સોસાયટી, ૮૦ ફૂટનો રસ્તો, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨. મો. ૮૮૪૯૦૧૨૨૦૧

**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦. મો. ૯૮૭૯૦૧૨૩૧૭૦

**પ્રવીણ પંડ્યા** : એચ/૯૦૧, સામ્રાજ્ય ફ્લૅટ્સ, ડ્રાઈવઇન રોડ, માનવમંદિર સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મો. ૯૪૨૬૭૦૦૯૪૩

**ભગીરથ બ્રહ્મભટ્ટ** : 'ગ્રેસ', પ્લૉટ નં. ૮૬૪, સરદારનગર સોસાયટી પાસે, મહાદેવ વિસ્તાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. મો. ૯૮૭૯૫૨૩૨૭૬

**ડૉ. માર્ગી દોશી** : એ/૩૦૩, સ્કારલેટ હાઇટ્સ, ગોપી ડાઇનિંગ હૉલ પાછળ, આનંદનગર ક્રૉસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૯૧૩૧૪૬૬૮૫

**Rajul Bhanushali** : 304, Poonamview, R. B. Mehta Road, Nr. Vikram circle, Ghat-kopar (E) Mumbai-400077.

**રામચંદ્ર પટેલ** : સી/૨૦૨, રિયલ લક્ઝુરિયા, આનંદનિકેતન સ્કૂલ પાસે, થલતેજ-શીલજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૯. મો. ૯૪૨૯૪૫૬૭૭૭

**રીના વી. પરીખ** : 'રાઘવ', ૧૫/૧૬, વૃંદાવન સોસાયટી, પૅલેસ રોડ, રાજપીપળા, જિ. નર્મદા. મો. ૯૯૨૫૯૪૫૭૪૫

**રૂડાભાઈ બોચિયા** : મુ. પો. રામપુરા, તા. થરાદ. જિ. વાવ, થરાદ-૩૮૫૫૬૬ મો. ૯૫૧૦૧૦૩૩૪૨

**શિવજી રૂખડા** : અમરપરા, આંખની હૉસ્પિટલ પાસે, બગસરા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૧૨૬૬૭૮

**સંજય ચૌધરી** : સી/૧૦, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૩૨૭૭૨૬૩૭૧ E-mail: srchaudhary@gmail.com

**સંજય ભાવે** : ૧૪૩, પારસકુંજ સોસાયટી, વિ.-૩, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૭૯૭૩૧૫૫૧

**હરીશ ખત્રી** : ૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ, સુંદરવન સોસાયટી, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭. મો. ૯૯૦૪૧ ૫૭૯૩૯

**હરીશ શાહ** : સી/૧૨-એ, ક્રિષ્નાવેલી ડુપ્લેક્સ, ભાવનાપાર્ક સામે, અમીન સર્કલ સામે, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૨૨. મો. ૯૮૭૯૫૦૩૩૬૨

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૯૪

**હાર્દી બી. ભટ્ટ** : ૫૭૧, ભાઈજી રાયજી ખડકી, પાલડી ગામ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૭૩૭૫૭૬૨૨૨ Email-hardibhatt9@gmail.com

# ગુજરાત વિશ્વકોશનું વિશિષ્ટ પ્રકાશન
# ૧૮૫૦થી અત્યાર સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની નારીપ્રતિભાઓનો ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ
# નારીકોશ




નારીજાગૃતિની બાબતમાં આવેલા પરિવર્તનનો આલેખ નારીકોશના ગ્રંથોમાંથી મળે છે. આ કોશ આજની પેઢીને ભૂતકાળમાં સ્ત્રીઓએ કરેલા નારીસંઘર્ષનો હૃદયસ્પર્શી ખ્યાલ આપશે.

— રેનાના જાબવાલા ('સેવા' ભારતનાં પ્રમુખ અને સામાજિક કાર્યકર્તા)

આ એક અત્યંત ભગીરથ કામ છે, આ કાર્ય સ્વયં એક સિદ્ધિ છે. એક વખત તમે વાંચવાનું શરૂ કરો પછી ઉઠવાનું મન નહીં થાય.

— જ્યોત્સ્નાબહેન યાજ્ઞિક (પૂર્વન્યાયાધીશ અને અગ્રણી કાયદાશાસ્ત્રી)

દરેક જાતિને, દરેક પેઢીને પોતાની ગૌરવગાથાઓ જાણવાની જરૂર હોય છે આજે નારીકોશ દ્વારા એ ગૌરવગાથાઓ સમાજને પ્રાપ્ત થશે.

— દેવાંગી ભટ્ટ જોષી (જાણીતાં લેખિકા અને રંગમંચનાં કલાકાર)

**૮ માર્ચ (મહિલાદિન) ૨૦૨૬ સુધી ૨૫ % વળતર**

**કુલ કિંમત રૂ. ૨૪૦૦/–નો સેટ**

**રૂ. ૧૮૦૦/– માં મળશે**

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

**૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**




પ્રાણપોષક આહાર માટે

## ગાંધીની ખોજ

વિપુલ કલ્યાણી ● કેતન રૂપેરા

2025, પૃ. 112, કાચું પૂંઠું, ₹ 100

**એક સાથે 5 નકલ ખરીદનારને**
**₹ 500ના બદલે ₹400માં**

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

**રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## નવલિકા-વાર્તાસંગ્રહો

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **રેત પર અક્ષર** (લઘુકથાસંગ્રહ) | રેખાબા સરવૈયા | ૨૨૦.૦૦ |
| **હેત-પ્રેત** (વાર્તાસંગ્રહ) | હેતલ પટેલ 'નિજાનંદી' | ૭૨૦.૦૦ |
| **મેઘધનુષનો આઠમો રંગ** (વાર્તાસંગ્રહ) (એજન્સી) | રામ જાસપુરા | ૨૦૦.૦૦ |
| **બોન્સાઈ** (દલિત વાર્તાઓ) (એજન્સી) | રામ જાસપુરા | ૨૦૦.૦૦ |
| **મનનો ઝરૂખો** (લઘુકથાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૦૫.૦૦ |
| **રમેશ ત્રિવેદીની પ્રતિનિધિ લઘુકથાઓ** (લઘુકથાસંચય) | સંપા. મોહન પરમાર | ૨૮૦.૦૦ |
| **ધારો** (વાર્તાસંગ્રહ) (એજન્સી) | રમણ 'નડિયાદી' | ૧૨૫.૦૦ |
| **બા વગરનું ઘર** (વાર્તાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૨૫.૦૦ |
| **આસપાસની વાતો** (વાર્તાસંગ્રહ) | શીતલ ગોસ્વામી | ૮૫.૦૦ |
| **એ હું જ છું** (વાર્તાસંગ્રહ) | અમિત શાહ | ૧૩૦.૦૦ |
| **પીઠી** (વાર્તાસંગ્રહ) | ધરમાભાઈ શ્રીમાળી | ૧૬૫.૦૦ |
| **મને સૂરજ થવાના કોડ** (એજન્સી) (વાર્તાસંગ્રહ) | કિરીટકુમાર પી. જોશી | ૧૮૦.૦૦ |
| **ઉષ્ટ્રાખ્યાન** (ટૂંકી વાર્તાઓ) | રમેશ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| **અનંત એકાંત** (વાર્તાસંગ્રહ) | અશોક જાની | ૧૬૦.૦૦ |
| **પૃથ્વી પહેલાનું અંધારું** (વાર્તાસંગ્રહ) | સતીષ વૈષ્ણવ | ૨૧૫.૦૦ |
| **લોહીનાં આંસું** (વાર્તાસંગ્રહ) | ફાધર વર્ગીસ પોલ | ૮૫.૦૦ |
| **ઊઘડતું આકાશ** (વાર્તાસંગ્રહ) | ઇન્દુ રાવ | ૧૫૦.૦૦ |
| **રણખજૂરીની છાયામાં** (વાર્તાસંગ્રહ) | મોહનલાલ પટેલ | ૧૯૫.૦૦ |
| **અયનાંત** (વાર્તાસંગ્રહ) | રશ્મિ શાહ | ૧૮૫.૦૦ |
| **બંધ બારણા** (વાર્તાસંગ્રહ) | ઘનશ્યામ દેસાઈ | ૧૩૦.૦૦ |
| **ક્ષણોનું આલ્બમ** (વાર્તાસંગ્રહ) | વીણાબહેન ઉપાધ્યાય | ૯૦.૦૦ |
| **આરસીમાં પ્રતિબિંબ** (વાર્તાસંગ્રહ) | જયંતિ એમ. દલાલ | ૧૩૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **બારી** (વાર્તાસંગ્રહ) | ફિલિપ ક્લાર્ક | ૮૦.૦૦ |
| **નકશીદાર નવલિકાઓ** (વાર્તાસંગ્રહ) | યોસેફ મેકવાન | ૧૧૦.૦૦ |
| **મારે કંઈક કહેવું છે** (વાર્તાસંગ્રહ) | ઈન્દુબહેન મહેતા | ૧૪૦.૦૦ |
| **પછીતના પથ્થરો** (વાર્તાસંગ્રહ) | હસુ યાજ્ઞિક | ૧૩૫.૦૦ |
| **આગાહી** (વાર્તાસંગ્રહ) | કેશુભાઈ દેસાઈ | ૧૨૦.૦૦ |
| **પ્રેમતીર્થ** (વાર્તાસંગ્રહ) | વિક્રમસિંહ પરમાર | ૬૦.૦૦ |
| **શ્વેતરંગ સમીપે ન જાવું** (હાસ્ય વાર્તાસંગ્રહ) | ખોડભાઈ પટેલ | ૧૦૫.૦૦ |
| **પાનખરમાં વસંત** (સંવેદનકથા) | ડૉ. પ્રદીપ પંડ્યા | ૭૦.૦૦ |
| **પોતાનું નામ** (વાર્તાસંગ્રહ) | સુવર્ણા | ૧૪૫.૦૦ |
| **ક્ષણનો ઝરૂખો** (વાર્તાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૪૫.૦૦ |
| **લુકિંગ ગ્લાસ** (વાર્તાસંગ્રહ) | મુકુન્દ પરીખ | ૫૦.૦૦ |
| **આમ અમસ્તા બેસવું** (વાર્તાસંગ્રહ) | રોહિત પંડ્યા | ૬૫.૦૦ |
| **હેપ્પી ક્રિસમસ એલી** (વાર્તાસંગ્રહ) | મનીષ મેકવાન | ૯૦.૦૦ |
| **ચુમ્માકા બદલા** (વાર્તાસંગ્રહ) | ખોડભાઈ પટેલ | ૯૫.૦૦ |
| **ટાંકણીનો છોડ** (વાર્તાસંગ્રહ) | મનીષી જાની | ૬૦.૦૦ |
| **એક પળ** (વાર્તાસંગ્રહ) | તરુલતા દવે | ૪૦.૦૦ |
| **દશ નારીચરિત** (વાર્તાસંગ્રહ) | રઘુવીર ચૌધરી | ૯૫.૦૦ |
| **વહેતું આકાશ** (વાર્તાસંગ્રહ) | મહેશ દવે | ૬૫.૦૦ |
| **કોમનમૅન** (વાર્તાસંગ્રહ) | હસમુખ પટેલ | ૯૦.૦૦ |
| **પરાયા મુલકમાં** (વાર્તાસંગ્રહ) | અનુ. વિજય શાસ્ત્રી /સૌ. દીપ્તિ શાસ્ત્રી | ૮૫.૦૦ |
| **આંખ આડે પાંપણ** (વાર્તાસંગ્રહ) | પ્રવીણ પટેલ /સૌ. દીપ્તિ શાસ્ત્રી | ૮૦.૦૦ |
| **કથાનગરી** (વાર્તાસંગ્રહ) (એજન્સી) | ફૂલચંદ માનવ, અનુ. આકાશ પટેલ | ૮૦.૦૦ |
| **સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ટૂંકીવાર્તા** (ટૂંકી વાર્તાસંગ્રહ) (એજન્સી) | સોમાભાઈ પટેલ | ૩૧.૦૦ |
| **ચુકાદો** (લઘુકથાસંગ્રહ) (એજન્સી) | મહેશ ‘સ્પર્શ’ | ૫૦.૦૦ |

સરળ પદ્ધત્તિથી ગૂર્જરનાં વિવિધ પુસ્તકો વિશે માહિતી મેળવવા તથા
ઘેર બેઠાં પુસ્તકોનો ઓર્ડર મોકલવા માટે અમારી નવી વેબસાઇટ
**www.gurjarbooks.com**

## આ પુસ્તકો તમારા પરિવારમાં હોવાં જ જોઈએ

## અમે મુસાફર

**લે. દિલીપ રાણપુરા । કિં. 170**




મુલ્લા નસરુદ્દીન વિશે અનેક રસપ્રદ અને હાસ્યસભર કથાઓ આપણે વારંવાર વાંચી છે અથવા સાંભળી છે. આ પુસ્તકમાં લેખકે નસરુદ્દીનનું સમગ્ર જીવનચરિત્ર આલેખ્યું છે. મુલ્લા નસરુદ્દીન કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા, તેઓ મહાન સૂફી હતા. આચાર્ય રજનીશ તો મુલ્લા નસરુદ્દીનની અનેક પ્રસંગકથાઓ પોતાનાં પ્રેરક વક્તવ્યોમાં માર્મિક રીતે વારંવાર રજૂ કરતા હતા. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનું પુસ્તક કદાચ આ એકમાત્ર છે.




## અમારું રક્તરંજિત વતન

**લે. રાહુલ પંડિતા, અનુ. જેલમ વ્હોરા । કિં. 300**

શું તમે કાશ્મીરી પંડિતોના સ્થળાંતર પાછળનાં કારણો અથવા કાશ્મીરી પંડિતોની વર્તમાન પરિસ્થિતિ વિશે જાણવા ઇચ્છો છો? ૧૯૯૦માં, ખાસ કરીને ૧૯ જાન્યુઆરીની આસપાસ, જ્યારે કાશ્મીરી પંડિતોને આતંકવાદી જૂથો દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમને કાશ્મીર ખીણમાંથી ધમકીઓ, હત્યાઓ અને બળજબરીથી સ્થળાંતરનો સામનો કરવો પડ્યો હતો. આના કારણે આ પ્રદેશમાંથી આશરે ૧,૦૦,૦૦૦થી ૧,૪૦,૦૦૦ કાશ્મીરી પંડિતોનું સામૂહિક સ્થળાંતર થયું હતું. ૧૯ જાન્યુઆરી, ૧૯૯૦ની ઘટનાઓ મસ્જિદો અને શેરીઓમાંથી ધમકીભર્યા સૂત્રોચ્ચાર દ્વારા ચિહ્નિત કરવામાં આવી હતી, જેમાં પાકિસ્તાન અને ઇસ્લામના ગુણગાન અને હિન્દુ ધર્મ વિરુદ્ધ કાશ્મીરી પંડિત સમુદાયને ત્યાંથી ચાલ્યા જવા માટે પ્રેરવામાં આવ્યો હતો. ૨૧ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ થયેલા ગાવકદલ હત્યાકાંડે પરિસ્થિતિને વધુ વણસી, જેના પરિણામે સેંકડો કાશ્મીરી મુસ્લિમ વિરોધીઓ મૃત્યુ પામ્યા.

કાશ્મીરની આ ઐતિહાસિક કરુણાંતિકાનો આંખે-દેખ્યો અહેવાલ રજૂ કરતું પુસ્તક.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001 મો.: 9227055777
9662275777 E-mail: goorjar@yahoo.com Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન: 26934340
E-mail: gurjarprakashan@gmail.com ❑ website: www.gspbooksmall.com

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઇન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઇન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +112178991163.
bharattrivedi@sbcglobal.net



# ઓમ કૉમ્યુનિકેશન

**રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ**

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

**માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.**

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮૦G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

**– મનીષ પાઠક**
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

**બૅન્કની વિગત :**

| | |
|---|---|
| Name | : OM COMMUNICATION |
| Bank Name | : Punjab National Bank |
| Branch | : Sola Road. |
| A/c. No. | : 3937000100083947 |
| IFS Code | : PUNBO393700 |
| Address | : 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 98250 46684 |

મૂળ લેબેનોનના ખલીલ જિબ્રાન કવિ અને કલાકાર જીવ અને ઈ.સ. ૧૮૯૩માં અમેરિકા જઈ વસે છે. સંવાદશૈલીમાં લખાયેલું 'ધ પ્રોફેટ' પુસ્તક તેમણે માત્ર પંદર વર્ષની વયે લખેલું જે દસ વર્ષ અપ્રગટ રહ્યું. જીવન અને જગતનું ઊંડું, વ્યાપક અને પરમ સત્ય દર્શાવનાર આ પુસ્તકનો કિશોર મશરૂવાળાએ 'વિદાયવેળાએ' શીર્ષકથી અને ધૂમકેતુએ 'જિબ્રાનની જીવનવાણી' તરીકે પ્રગટ કરેલો. નીના ભાવનગરીએ 'જીવનપાથેય' શીર્ષકથી ભાવાનુવાદ આપ્યો છે.

**– સંધ્યા ભટ્ટ**

ફ્રેન્ચ સાહિત્યમાં અસ્તિત્વવાદી વિચારસરણીના પ્રતિનિધિ સાહિત્યકાર ઝ્યાં પૉલ સાર્ત્રેનો જન્મ પેરિસ, ફ્રાન્સમાં ૨૧ જૂન, ૧૯૦૫માં થયો. તેમના લેખન અને જીવનદર્શનનો વીસમી શતાબ્દીના સાહિત્ય પર ગાઢ પ્રભાવ પડ્યો. જ્યારે તે સોરબોર્નમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમનો સંપર્ક પોતાની સહપાઠી, સિમોન દ બઉવા સાથે થયો. સમગ્ર જીવન તેઓ એકબીજાના સહચર રહ્યા. અલબત્ત તેમણે લગ્ન ન કર્યા. સાત્રે અનેક નાટકો લખ્યા જેનો સમાજ પર બૃહદ પ્રભાવ પડ્યો. ૧૯૬૪માં તેમને નોબેલ પુરસ્કાર મળ્યો, પણ તેમણે એમ કહીને તેનો અસ્વીકાર કર્યો કે તેની કિંમત તેમની નજરમાં એક કોથળો બટેટાથી વધારે નથી. ૧૫ એપ્રિલ, ૧૯૮૦ના તેમનું અવસાન થયું.

**– હરેશ ધોળકિયા**

ઈ.સ. ૧૮૭૭માં જર્મનીમાં જન્મેલા હરમાન કાર્લ હેસ કવિ, લેખક અને પેઇન્ટિંગમાં રસ ધરાવતા જગવિખ્યાત સર્જક છે તેમને ૧૯૪૫માં તેમના સમગ્ર સાહિત્ય માટે નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું. આ સર્જકની વિશ્વવિખ્યાત કૃતિ 'સિદ્ધાર્થ' ઈ.સ. ૧૯૨૨માં જર્મન ભાષામાં પ્રકાશિત થઈ. ત્યાર બાદ ૧૯૫૧માં તેનો અંગ્રેજી અનુવાદ પ્રગટ થયો. જગતની મોટા ભાગની ભાષાઓમાં અનુદિત આ કૃતિ ભારતમાં પણ વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં અનુદિત થઈ છે. આ કૃતિનો ગુજરાતી અનુવાદ ડૉ. રવીન્દ્ર ઠાકોરે કરેલો છે. ભારતીય તત્ત્વજ્ઞાનનો વારસો અને તેમાં ઊંડો રસ ધરાવનારા હરમાન હેસે આકૃતિમાં માનવની 'સ્વ' શોધની આખી પ્રક્રિયા અદ્ભુત રીતિથી આલેખી છે.

**– ડૉ. પ્રવીણ વાઘેલા**

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

# પૂછતાં નર પંડિત

વ્યક્તિ જો પ્રશ્ન પૂછે તો, તેનું અજ્ઞાન એક જ વાર જાહેર થાય પણ પૂછે જ નહીં તો, તે કાયમ માટે અજ્ઞાની રહે! પૂછવું તો જોઈએ જ. વળી, પુછાયેલા પ્રશ્ન મૂળમાં જે જિજ્ઞાસા હોય તેનું સમાધાન મળે છે, સંશયનું નિરાકરણ થાય છે. જે વ્યક્તિને પૂછવામાં આવે તેની ચેતનાનાં આવરણ ઘટ્યાં હોય તો, પૂછનારને નિઃસંશય કરે છે. માત્ર બુદ્ધિની ચબરાકી હોય તો નિરુત્તર કરી દે. નિરુત્તર કરવું સહેલું છે; નિઃસંશય બનવું અઘરું છે. આપણે સંશયરહિત બનવાનું છે.

'પૂછતાં નર પંડિત' એ કહેવત પ્રમાણે જે પૂછે તે પંડિત બને. ઉત્તર આપી નિઃસંશય કરનારનો જેમ મહિમા છે, તેમ શુદ્ધ જિજ્ઞાસાથી પૂછનારને પણ સાચા દિલથી બિરદાવવામાં આવે છે. પુણ્યશ્લોક શ્રી આનંદઘનજી મહારાજે ગાયું છે :

'ધન્ય તું આતમા, જેહને એહવો પ્રશ્ન અવકાશ રે!'

જેના હૃદયમાં શાંતિનું સ્વરૂપ શું છે! મનને કેવી રીતે ઓળખી શકાય! આ પ્રશ્ન પુછાયો અને પૂછનાર ઉપર આનંદઘન મહારાજની કૃપા વરસી પડી.

'પ્રશ્ન કોને ન થાય?' ઉત્તર છે : સર્વજ્ઞને પ્રશ્ન ન થાય અને મૂર્ખને ન થાય! આપણે વચ્ચે છીએ; તેથી કુતૂહલ કે કૌતુકના પ્રશ્નો નહીં પણ તાત્ત્વિક જિજ્ઞાસાના પ્રશ્નોનાં સમાધાન મેળવી જ્ઞાનદશાને સાધ્ય બનાવીએ.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

## બીજું શું કરીએ? હા! કરવા જેવું બીજું છે

વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર શ્રી ધ્રુવકુમાર ભટ્ટ પોતાની શૈલીમાં વાતો કરતા હોય ત્યારે, એક પ્રસંગ કહેતા હોય છે :

વલ્લભવિદ્યાનગરમાં એક સવારે નવના સુમારે હું રિક્ષામાં જઈ રહ્યો હતો. રસ્તામાં એક દુકાનના ઓટલા પાસે દશ-બાર વર્ષના બે છોકરા ઝગડતા હતા, લડતાં હતાં; એક-બીજાનાં ખમીસ ખેંચતા હતા. મેં જોયા. રિક્ષા ઊભી રખાવી. નીચે ઊતરીને બન્નેને છોડાવ્યાં.

પૂછ્યું : *કેમ ઝગડો છો? ચાલો છૂટા પડી જાઓ. આવું ઝગડવાનું હોય?*

છોકરા કહે : *ઝગડીએ નહીં, તો બીજું શું કરીએ?*

ધ્રુવકુમાર કહે કે, મારા મનમાં ઝબકારો થયો!

છોકરાઓને મેં સાથે લીધા. કંપાઉંડ વાળવાના કામે લગાડ્યા. ધીરે ધીરે ઠીક થયા.

મેં જ્યારે એ વાત સાંભળી ત્યારે, મારા મનમાં એકસાથે કેટલી બધી વ્યક્તિઓ હાજર થઈ. કેટલી બધી! સાવ નિરર્થક, રાખ અને ધૂળ જેવા કામમાં, જીવનના કીંમતી દિવસો વેડફતા આ મનુષ્યોને જોઉં એટલે હતાશા અનુભવાય અને આ વાક્ય યાદ આવી જ જાય : *બીજું શું કરીએ!*

ઉત્તમ માણસો, ઉત્તમ પુસ્તકો મળે તો જીવનનું ઉત્તમ ધ્યેય જોવા મળે.

ખાવું-પીવું એ જ જીવન નથી. તુચ્છ અને ક્ષણિક દુન્યવી બાબતોમાં અટવાયા વિના પરોપકાર, સદાચાર, જ્ઞાનોપાસના, સંગીત, ચિત્રકળા, અધ્યાત્મ જેવા કોઈ ને કોઈ ઉચ્ચ ધ્યેય પ્રતિ નજર માંડે તો પુરુષાર્થને સવળી ગતિ મળે. જીવનની સાર્થકતાનો અહેસાસ થાય. ઉચ્ચ અને ઉદાત્ત ધ્યેય વિનાનું જીવન, જીવન જ નથી. મનુષ્યનું જીવન-જળ, આવળ-બાવળ-બોરડી માટે વેડફવા નથી.

જેનાથી કલ્પવૃક્ષ સીંચી, ઉછેરી શકાય તે બાવળ-થોર માટે ન વપરાય.

ઉત્તમ પુરુષોનાં જીવનચરિત્રોનાં વાચન અને અનુસરણથી જીવનને ધ્યેય સાંપડે.

આપણે એવા ઊંચા ધ્યેય માટે જીવવાનું શરૂ કરીએ.

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

**અમદાવાદ**

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી ‘પાટ’ પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)




‘મહાપંથ’ અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, ‘મહાપંથ’ લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ ‘લોકધર્મ’ તરીકે પણ ઓળખાય છે.

---




## શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

‘શબ્દમૂળની શોધ’ [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

---




## બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

**સંપાદક : રમણ સોની**

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

**PARAB 2026 January**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**

₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**